ધર્યો શ્વેત વારાહ વપુ, કમળાપતિ કિરતાર. ૨

ઢાળ—પદ ૨

હાંરે હો સ્તવન કરત ઠાડે અજ ઇશ્વર, જોરી જુગલ પુટપાની હો;
અખિલાધાર અખિલ કારણ હરિ, મમ કરૂણા ઉર આની હો. સ્તવન૰ ૧
હાંરે હો દીનાનાથ દરશ અતિ અદ્‌ભૂત, દેખ્યો સુન્યો ન કાન હો;
સદા સ્વતંત્ર કરો જો ચાહો, સુખ સ્વરૂપ ભગવાન હો. સ્તવન૰ ૨
હાંરે હો એક અનેક રૂપ ધરી વિચરો, નટ માયા જ્યું નાથ હો;
મુક્ત કોટી કોઈ પાર ન પાવે, ધરે ચરણમાંહિ માથ હો. સ્તવન૰ ૩
હાંરે હો દિવ્ય સદા સાકાર નરાકૃતિ, સોઇ ભક્ત હિતકારી હો;
પ્રેમાનંદકે અસુર વિનાશન, ધરો વિવિધ છબી ન્યારી હો. સ્તવન૰ ૪

દોહા—

ધારો રૂપ અનેક પ્રભુ, સ્થળચર જળચર માંય;
હરો કષ્ટ નિજ ભકતકો, ભકત વત્સળ સુરરાય. ૧
અબ યહ ધર્યો વિપુલ વપુ, જેહિ કારણ જગદીશ;
સમરથ સોઈ સત્ય કરો, નિરખું નયન ભરી ઈશ. ૨

ઢાળ—પદ ૩

હાંરે હો કિયો શબ્દ કંપાય તનુ હરિ, ગર્જી મહા ભયભીત હો;
કંપિ અવની આકાશ દિશો દિશ, નભગતિ ભયે વિપરીત હો કિયો૰ ૧

હાંરે હો અધ:પતન ભયે ઉડુપ નિકર અતિ, વિષમ ગતિ શિશુમાર હો;
ફડકે શેષ કમઠ દિગ્ગજ મિલિ, મેરૂ શશિ-રવિ બાર હો. કિયો૦ ૨
હાંરે હો કિયો પ્રવેશ કુદી સિંધુમહિ, છળ્યો નીર મિતિ ફેરી હો;
કંપ્યો સિંધુ વિકળ ભયે જળચર, ગયે પાતાળ બળ જોરી હો. કિયો૦ ૩
હાંરે હો સુંઘી ઘ્રાણ ગ્રહી અવની હરિ, દશન શિખરે લે ધારી હો;
સોહત શશિ નિષ્કલંક માનુ, શિતિકંઠ સમ છબી ન્યારી હો. કિયો૦ ૪
હાંરે હો બાહિર નિકસિ ઈલા કરી સ્થાપત, હો રહ્યો જયજયકાર હો;
વરષત કુસુમ વૃષ્ટિ વૃંદારક, પ્રેમાનંદ બલહાર હો. કિયો૦ ૫

દોહા—

આદિ દૈત્ય હિરણ્યાક્ષ રિપુ, આયો અસુર સુની ધાય;
માનુ પતંગ દીપકમહિં, પરત જ્યું અતિ અકળાય. ૧
મહા મદ ગર્વિત અસુર પતિ, અતિ પ્રચંડ બળ બાંહ;
વિચરત નિર્ભય તિહું પુર, કરન જુદ્ધ ઉછાંહ. ૨

ઢાળ—પદ ૪

હાંરે હો આયો અસુર કોપી હિરણ્યાક્ષ, અપશબ્દ કરત ઉચ્ચાર હો;
રેરે વનચર પ્રાણસહિત કહાં, કરત હો ગમન ગમાર હો. આયો૦ ૧
હાંરે હો દેહી જુદ્ધ ઠાડો રહે વનમૃગ, બચિ હેં પ્રાન નહિ આજ હો;
સુમર વનચર ઈષ્ટદેવ નિજ, બોલ્યો મંદ તજી લાજ હો. આયો૦ ૨
હાંરે હો બોલે ગર્જી સિંહ જ્યું, શ્રીહરિ, લખી તુચ્છ તૃણ તુલ્ય હો;
સમયાનુ ફળ મરમસ્થળ ભેદક, બોલે હરિ વચન અમૂલ્ય હો. આયો૦ ૩
રેરે મંદ દનુજ કુળપાંસુ, ગ્રામસિંહ તજી શંક હો;
લંબકર્ણ સમ કુત્સિત બોલત, જીમિ શૂન્ય વિના અંક હો. આયો૦ ૪
હાંરે હો ભયો જુદ્ધ મહા વિકટ પ્રલયસમ, એક મુષ્ટિ શિર માંયે હો;
કરી પ્રહાર કિયો પ્રાણ રહિત, હરિ પ્રેમાનંદ બલ જાયે હો. આયો૦ ૫

આરતી—

જયદેવ જયદેવ જય સૂકર રૂપા, (૨)
આરતી ઉતારૂ (૨) સચરાચર ભૂપા. જય૦

લાયે અવની મહાબળ, દંતાગ્રહ ધારી (૨)
રૂપ વરાહ મુરારી, જય જય જયકારી. જય૦ ૧
આદિ દૈત્ય હિરણ્યાક્ષ, પ્રાક્રમ કરી માર્યો (૨)
ભૂભૃત સહિત મહી સ્થાપન કરી, મહાજશ વિસ્તાર્યો. જય૦ ૨
જુગજુગ પ્રતિ અખિલાત્મા, અગણિત તનુ ધરતા (૨)
નિજજન સંકટ હારી (૨) અતિ આનંદ કરતા. જય૦ ૩
નગ્રાનન નિરજરે મિલિ, પુષ્પાંજલિ વરષે (૨)
પ્રેમાનંદ બલહારી (૨) છબી નિરખી હરષે. જય૦ ૪



શ્રાવણ શુકલ પવિત્રા એકાદશી

રાગ સારંગ—પદ ૧

પહિરત શ્રી બળવીર પવિત્રાં, પહિરત શ્રી બળવીર,
શ્રાવણ શુકલ એકાદશીકે દિન, ભઇ વ્રજજનકી ભીર. પવિત્રાં૦ ૧
ઘર ઘરસેં ગોપી સબ આઇ, રામ કૃષ્ણ ગુણ ગાવે;
રંગરંગકે વિવિધ પવિત્રાં, પ્રેમસહિત પહિરાવે. પવિત્રાં૦ ૨
વૈષ્ણવ તાલ મૃદંગ બજાવત, હરિગુણ ગાત રસાળ;
મુક્તાનંદકે શ્યામ મનોહર, નિજજનકો પ્રતિપાળ. પવિત્રાં૦ ૩

પદ ૨

કિનેહે વિવિધ પ્રકાર પવિત્રાં, કિનેહે વિવિધ પ્રકાર;
પ્રેમમગન સબહિ વ્રજવાસી, પહિરાવત કરી પ્યાર. પવિત્રાં૦ ૧
કોઉ મણિગણ કોઉ કંચનકો, કોઉ રજતકો શ્વેત,
કોઉ પચરંગી પાટ જરીકે, પ્રભુ પહિરત કરી હેત. પવિત્રાં૦ ૨
વિવિધ ભાતિકે ધારે પવિત્રાં, સોહત શોભા ધામ;
મુક્તાનંદકો પ્રભુ સુખસાગર, રસિક છેલ ઘનશ્યામ. પવિત્રાં૦ ૩

પદ ૩

નટવર શ્રી ગિરિધારી બિરાજત, નટવર શ્રી ગિરિધારી;
વિવિધ ભાતિ પહિરાવે પવિત્રાં, પ્રેમ ભરી વ્રજનારી. બિરાજત૦ ૧
અતિ વિશાળ પચરંગી પવિત્રાં, માનુ વૈજયંતી દામ;
કંઠસેં ચરણ પર્યંત વિરાજત, સબવિધ શોભા ધામ. બિરાજત૦ ૨
પ્રેમસહિત સબહિકે પવિત્રાં, પેરેહે નવલ વિહારી;
મુક્તાનંદ રસિક પ્રીતમકી, યા બાનક ઉર ધારી. બિરાજત૦ ૩

પદ ૪

શ્રી ઘનશ્યામ બિરાજે, આજ પિયા, શ્રી ઘનશ્યામ બિરાજે;
નાનારંગ પવિત્રાં પહિરે, તાતે અધિક છબી છાજે. આજ૦ ૧
રત્નજડિત શુભ કનક પવિત્રાં, ઉરપર ઝળકત ભારી;
શોભાધામ શ્યામ મુખ નિરખત, મોહી સકળ વ્રજનારી. આજ૦ ૨
યું નિજ્જનકું લાડ લડાવત, સુંદર શ્યામ સુજાન;
મુક્તાનંદકો શ્યામ ચતુર વર, શુભ ગુણ રૂપનિધાન. આજ૦ ૩

રાગ સારંગ—પદ ૧

પવિત્રાં પહેરત શ્રી ઘનશ્યામ, પવિત્રાં પહેરત શ્રી ઘનશ્યામ;
શ્રાવણ માસ શુક્લ એકાદશી, અભિનવ આનંદધામ. પવિત્રાં૦ ૧
નિજ્જન લાયે પેરાયે પવિત્રાં, પહેરત પૂરણકામ;
ભાનુ શોભા આય ઉદે ભઇ, ઉરવિચ અતિ અભિરામ. પવિત્રાં૦ ૨
ભરી થારી મેવા રૂ મીઠાઈ, આઇ વ્રજકી ભામ;
કરી કરી પ્રીત જીમાવતી હરિકું, પહેરાવતી ઉર દામ. પવિત્રાં૦ ૩
કરૂણા રસ બરષત કરૂણાનિધિ, સંતનકે વિશ્રામ;
નિરખી આનંદ ભયો પ્રેમાનંદ, રટત નારાયણ નામ. પવિત્રાં૦ ૪

પદ ૨

પવિત્રાં પહેરત પરમ દયાળ, પવિત્રાં પહેરત પરમ દયાળ;
પરમ પવિત્ર સિંહાસન બેઠે, ધીર ધર્મ કે લાલ. પવિત્રાં૦ ૧

પહેરે ભુષન વસન સુભગ તન, ઉર ગજમુકતા માળ;
મુસકત મંદ દશન દ્યુતિદમકત, ચિતવત કરત નિહાળ. પવિત્રાં૦ ૨
શ્રાવણ શુધ્ધ શુકલ એકાદશી, જાની સરસ શુભ કાળ;
છબી નિરખત ઘનશ્યામ કુંવરકી, આયે મુનિ મરાલ. પવિત્રાં૦ ૩
આયે ધાય ચરન શિર નામે, કિયો તિલક સુભ ભાલ; શુભ
ઉઠી શ્યામ હસી મિલે અંક ભરી, પ્રેમાનંદ પ્રતિપાલ. પવિત્રાં૦ ૪

પદ ૩

પવિત્રાં પહેરે શ્રી ગિરિધારી, પવિત્રા પહેરે શ્રી ગિરિધારી;
કિયો પવિત્ર વિશ્વ વસુધા સબ, ત્રિભુવન મંગળકારી. પવિત્રાં૦ ૧
પંચરંગ હાર જડિત નંગ તાવિચ, અતિ વિચિત્ર છબી ન્યારી;
પ્રેમપુલકી પહેરાયે પવિત્રાં, મુનિ મુકુંદ બ્રહ્મચારી. પવિત્રાં૦ ૨
હરખત વિબુધ સુમન ઝરી બરષત, ભીર ગગન ભઇ ભારી;
નિરખી છબી કરત નોછાવર, તન મન ધન બલિહારી. પવિત્રાં૦ ૬
શ્રી ઘનશ્યામ માધુરી મુરત, ધર્મકુંવર સુખકારી;
પ્રેમાનંદ ભાગ્ય કહા બરનું, નિરખત જે નરનારી. પવિત્રાં૦ ૪

પદ ૪

પવિત્રાં પહેરત રૂપનિધાન, પવિત્રાં પહેરત રૂપનિધાન;
પરમ પુરૂષ ઘનશ્યામ ધર્મસુત, ભકતવત્સલ ભગવાન. પવિત્રાં૦ ૧
શ્રાવણ માસ શુકલ એકાદશી, ઉત્સવકો દિન જાન,
લાયે પવિત્રાં પરમ બડભાગી, હરિજન અતિ હેત આન. પવિત્રાં૦ ૨
પહેરાવત ઘનશ્યામ નાથકું, કરી કરી અતિ સનમાન;
પહેરત પુરણકામ ભકતહિત, નિજજન જીવન પ્રાન. પવિત્રાં૦ ૩
સોહત સભામધ્ય શ્રીપુરૂષોત્તમ; જ્યું ઉડુગણ વિચ ભાન;
પ્રેમાનંદ ઘનશ્યામ નાથપર, સરવસ લે કુરબાન. પવિત્રાં૦ ૪

રાગ માલીગાડો-પદ ૧

શ્રાવણ શુદી એકાદશીં સુંદર, નાથ પવિત્રાં પેહેરો રે;
આંગણમાં ઉભા રહીને, હેતે સામું હેરો રે. શ્રાવણ૦ ૧
બહુમૂલી મોળીડું બાંધો, શિરતોરા મરમાળા રે;
અલબેલાજી દર્શન આપો, વહાલમ મોરલીવાળા રે. શ્રાવણ૦ ૨
નટવરજી મૂરતિ નિરખ્યાની, આશ ઘણી છે અમને રે;
એક ઘડી આંખ્યો આગેથી, મેલ્યા ન જાય તમને રે. શ્રાવણ૦ ૩
રસિક પિયા તમને રીઝાવા, ગીત મનોહર ગાવું રે;
બ્રહ્માનંદના નાથજી તમને, પવિત્રાં પેહેરાવું રે. શ્રાવણ૦ ૪

પદ ૨

પેહેર્યાં નાથ પવિત્રાં સુંદર, પવિત્ર ત્રિયા પેહેરાવ્યાં રે;
નંદતણે આંગણે વ્રજવાસી, દર્શન કરવા આવ્યાં રે. પેહેર્યાં૦ ૧
મોહનજીને શોભે મસ્તક, પાઘડલી પેચાળી રે;
ગોપીજન ગુલતાન થઇ ગયાં, ભૂધરનું મુખ ભાળી રે. પેહેર્યાં૦ ૨
લટકાળાનાં લટકાં જોઇને, મગન થઇ વ્રજનારી રે;
આંગણીયે આવીને ઉભા, વહાલો કુંજવિહારી રે. પેહેર્યાં૦ ૩
નંદતણા નાનડીયાને ઉપર, સરવસ વારી નાંખુ રે;
બ્રહ્માનંદના વહાલાને જોઇને, આજ ઠરે મારી આંખ્યું રે. પેહેર્યાં૦ ૪

પદ ૩

નટવર નાથ પવિત્રાં નૌતમ, પેહેર્યાં પ્રીત કરીને રે;
સર્વે પેહેલાં જાઇને જોઇએ, હેતે સહિત હરિને રે. નટવર૦ ૧
એકાદશી અનુપમ આવી, શ્રાવણની અજવાળી રે;
પીતાંબર આભૂષણ પેહેરી, ઉભા છે વનમાળી રે. નટવર૦ ૨
ઘર ઘરથી ગોવાળા આવ્યા, હરિનું મુખડું જોવા રે;
વહાલેજી સુંદર વેષ બનાવ્યો, માનિનીનાં મન મો'વા રે; નટવર૦ ૩
પાઘડલી નોત્તમ પેચાળી, આંટાળી ઉપરણી રે;
બ્રહ્માનંદના વહાલાને નિરખ્યા, ધન્ય ધન્ય તેની કરણી રે. નટવર૦ ૪

પદ ૪

એકાદશી અનુપમ આજની, કોડે ઉત્સવ કરીયે રે;
સહિત પવિત્રાં સુંદર વરની, મૂરતિ અંતર ધરીયે રે. એકાદશી૦ ૧
પ્રાણજીવનના તોરા ઉપર, પ્રીતે ભ્રમર ભમે છે રે;
લટકાળા મોહનનાં લટકાં, મન મારે અધિક ગમે છે રે. એકાદશી૦ ૨
સુંદર વર શ્યામળિયા કેરૂં, રૂપ અલૌકિક જોયું રે;
ભૂધરજીની મૂરતિ ભાળી, સરવે ગોકુળ મોયું રે. એકાદશી૦ ૩
છેલ ચતુર વર છોગાળાની, લાવણ્ય પ્યારી લાગે રે;
બ્રહ્માનંદના વહાલાને રાખું, આંખડલીની આગે રે. એકાદશી૦ ૪

પદ ૫

પેહેર્યાં નટવર નાથ પવિત્રાં, છબી વર્ણવ્યામાં ના'વે રે;
વહાલમને જોવા વ્રજવાસી, આનંદ ભરીયાં આવે રે. પેહેર્યાં૦ ૧
બહુમૂલી પાઘડલી બાંધી, રૂપાળે વ્રજરાજે રે;
ગૂંથીને ગજરા લઈ આવે, કહાન કુંવરને કાજે રે. પેહેર્યાં૦ ૨
આંખ્યોની ટસરૂં અણીયાળી, મુખની મીઠી વાણી રે,
છોગલીયાંની શોભા જોઇને, દેવત્રિયા લોભાણી રે. પેહેર્યાં૦ ૩
હઇડે હાર હજારી પેહેર્યો, કુંડળ લળકે કાને રે;
બ્રહ્માનંદ કહે ચિત્તડું ચોર્યું, મોરલડીની તાને રે. પેહેર્યાં૦ ૪

પદ ૬

નવલ પવિત્રાં નાથજી પેહેર્યાં, કહાન કુંવર કેસરીયે રે;
ચાલ સખી નંદજીને મંદિર, કોડે દર્શન કરીયે રે. નવલ૦ ૧
સુંદર વર છોગાળા કેરૂં, રૂપ અલૌકિક જોઇયે રે;
મહા મનોહર નૌત્તમ મૂર્તિ, આંખડલીમાં પ્રોઇયે રે. નવલ૦ ૨
આજ પવિત્ર એકાદશી આવી, પેહેર્યાં પવિત્રાં વહાલે રે;
કોડીલા નંદલાલ કુંવરને, જોયા વિના નવ ચાલે રે. નવલ૦ ૩
માવો વ્રજનારીનાં મનડાં, હેતે કરીને હરે છે રે;
બ્રહ્માનંદના નાથની મૂર્તિ, નિરખી નેણાં ઠરે છે રે નવલ૦ ૪

પદ ૭

શ્યામ પવિત્રાં પહેરીને સુંદર, ઉભા છે અલબેલો રે;
શ્યામળીયાનાં દર્શન સારૂં, કારજ ઘરનાં મેલો રે. શ્યામ૦ ૧
અલબેલો ઉભા આવીને, નાથ પવિત્રાં પેહેરી રે;
લટકાં અધિક કરે છે રૂડાં, લટકાળો રંગ લેહેરી રે. શ્યામ૦ ૨
ઉત્સવનો દિન આજ અનુપમ, ફરી ફરી નવ આવે રે;
વ્રજજીવન રંગભીનો વ્હાલો, હેત કરી બોલાવે રે. શ્યામ૦ ૩
કહાનુડાનાં દર્શન કાજે, લોકલાજ તજી દીજે રે;
બ્રહ્માનંદના નાથની મૂરતિ, નેણુમાં ધરી લીજે રે. શ્યામ૦ ૪

પદ ૮

પુણ્ય પવિત્ર એકાદશી પૂરણ, ગીત પવિત્ર તે ગાવે રે;
પ્રાણ પ્રીતમને આવી પવિત્રાં, પવિત્ર ત્રિયા પહેરાવે રે. પુણ્ય૦ ૧
લટકાં પવિત્ર કરે લટકાળો, હેત પવિત્ર કરી હેરે રે;
પવિત્ર ગોવાળ ઉભા પાસે, કમળ પવિત્ર કર ફેરે રે. પુણ્ય૦ ૨
પાઘ પવિત્ર મનોહર માથે, પવિત્ર કલંગી લટકે રે;
મહા પવિત્ર અલૌકિક મુરતિ, પવિત્ર હૈયામાં અટકે રે. પુણ્ય૦ ૩
પવિત્ર પવિત્ર પોતાના જનને, દરશન પવિત્ર દેવા રે;
બ્રહ્માનંદ પવિત્ર પ્રીતમને, પવિત્ર પડ્યો છે હેવા રે. પુણ્ય૦ ૪

રાગ સારંગ—પદ ૧

રક્ષા બાંધત મુનિવર ધીર, રક્ષા બાંધત મુનિવર ધીર;
આયે ગર્ગ કણ્વ કાત્યાયન, ગૌતમ ગણિક પ્રવીર. રક્ષા૦ ૧
કંચન થાળ ભરી સબ ઠાડે, ભઈ દ્વિજવરકી ભીર;
સુભગ બનાય તિલક દે અક્ષત, નિરખત શ્યામ શરીર. રક્ષા૦ ૨
નંગ જડિત રક્ષા કર બાંધત, ગ્રહી ભુજા બળવીર;
દેત આશિષ ચિરંજીયો શ્રીપતિ, હરો સકળ દુઃખપીર. રક્ષા૦ ૩

મંગળ છાય રહ્યો ગોકુળમેં, જય જય બદત અહીર;
પ્રેમાનંદ ઘનશ્યામ નિરખી છબી, ગાવંત ઠાડો અજીર. રક્ષા૦ ૪

પદ ૨

રક્ષા બાંધતહે મહેતારી, રક્ષા બાંધતહે મહેતારી;
શ્રાવણ માસ પુરણ તિથિ પુનો, પરિપુરણ ગિરિધારી. રક્ષા૦ ૧
પહિરાયે પટ ભૂષન સુંદર, નંગજડિત અતિ ભારી;
તિલક બનાય અક્ષતંદે તાવિચ, પુલકિત છબી નીહારી. રક્ષા૦ ૨
જનની વદતિ બલિ જાઉં ધરો કર, બાંધુ રક્ષા મુરારી;
રત્નજડિત પંચરંગી પાટકી, રક્ષા અતિ સુખકારી. રક્ષા૦ ૩
તબ ઘનશ્યામ હસ મુખ સુંદર, દોઉ ભુજા પસારી;
પ્રેમાનંદ ઘનશ્યામ ભુજા પર, કોટિ કામ છબી વારી. રક્ષા૦ ૪

પદ ૩

રક્ષા બાંધત હરિકે હાથ, રક્ષા બાંધત હરિકે હાથ;
જાની શ્રાવણ માસ સુભગ દિન, આઇ ગોપી સબ સાથ. રક્ષા૦ ૧
રક્ષા બાંધી ગ્રહી કર ચુંબત, ભેટત ભુજ ભરી બાથ;
માગતી યહ વર દેહો વિધાતા, અખંડ પતિ ગોપીનાથ. રક્ષા૦ ૨
પાન ખવાવતિ હાર પહેરાવતિ, ચરને છુવાવતિ માથ;
તનમન વારી આરતી બારતિ, ગાવતિ હરિગુણ ગાથ. રક્ષા૦ ૩
નિરખી પ્રેમ પુરન નિજજનકો, હસે શ્યામ સુખપાથ;
પ્રેમાનંદ ઘનશ્યામ મિલે હસિ, સુખસાગર સમરાથ. રક્ષા૦ ૪

પદ ૪

રક્ષા બાંધે જશોદા રાની, રક્ષા બાંધે જશોદા રાની;
પ્રેમ પુલકી ચુંબતિ મુખ અંબુજ, સુતસનેહ લપટાની. રક્ષા૦ ૧
નાનાવિધ મેવા રૂ મીઠાઇ, ધરે આગે સબ આની;
જીયો મેરે શ્યામ રામ બલિ જાઉં, કહું વાત એક છાની. રક્ષા૦ ૨
લીઓ યે રક્ષા બાંધુ તુમકું, અતિ સુંદર સુખ દાની;
રક્ષા કરો તુમારી સબ મિલિ, સુરમુનિ ભવ રૂ ભવાની. રક્ષા૦ ૩

રક્ષા બાંધી બલૈયા લેકે, જશોમતી અતિ હરખાની;
પ્રેમાનંદ ઘનશ્યામ ભુજા પર, કરત પ્રાન કુરબાની. રક્ષા૦ ૪

રાગ માલીગાડો—પદ ૧

મોહનવરને બાંધે માતા, રાખડલી રૂપાળી રે;
ઝાઝે હેતે લીયે રે જશોદા, ભામણીયાં મુખ ભાળી રે. મોહન૦ ૧
ઘણી ખમા મારા લાડકડાને, વિઘન દૂર સર્વે થાજો રે;
શરણાગત તારાં થાજો સુખીયાં, વેરીડાં મરી જાજો રે. મોહન૦ ૨
રેશમનાં ફુમકડાં રૂપાળાં, રેશમ કેરી દોરી રે;
મોતીડાં પ્રોઇને માંહી, નિરખે રાધા ગોરી રે. મોહન૦ ૩
મરમાળા નટવરની મૂર્તિ, ત્રિભુવનથી છે ન્યારી રે;
અલબેલા ઘનશ્યામની ઉપર, બ્રહ્માનંદ બલિહારી રે. મોહન૦ ૪

પદ ૨

બહુ હેતે જશોદાજી બાંધે, રસીક રાયને રાખી રે;
કહાનકુંવરને જોવાને કાજે, ગોપત્રિયા અભિલાખી રે. બહુ૦ ૧
હૈડા ઉપર શોભે હરિને, મોતીડાની માળા રે;
ગોપીના મંડળમાં ગિરિધર, લાગે છે રૂપાળા રે. બહુ૦ ૨
રાખીમાંહી ગુંથીને રાખ્યો, મોતીડાંનો ઝુડો રે;
હેતાળા હરિવરને હાથે, લાગે છે અતિ રૂડો રે. બહુ૦ ૩
બાંહ્ય ગ્રહી પ્રીતે બોલાવે, સુંદર છેલ છબીલો રે;
બ્રહ્માનંદને મનડે વસીયો, કહાનકુંવર કોડીલો રે. બહુ૦ ૪

પદ ૩

રાખડલી વ્રજરાજ કુંવરને, સુંદર કરમાં શોભે રે;
મરમાળા નટવર મોહનનાં, લટકાં જોઇ મન લોભે રે. રાખ૦ ૧
ભાવે જશોદા લીયે રે ભામણીયાં, નંદજી ઉભા નિરખે રે;
ગોપી ગ્વાલ સબે મળી ગાવે, હરિને જોઇને હરખે રે. રાખ૦ ૨

ઝુમકડાં નૌતમ અતિ શોભે, મોટાં મોટાં મોતી રે;
વ્રજનારી તનની શુધ ભૂલી, શોભા જોતી જોતી રે. રાખ૦ ૩
એક ઘડી આંખ્યો આગેથી, દૂર જાવા નવ દેવા રે;
બ્રહ્માનંદનો વહાલો સજની, ઉરમાં રાખ્યા જેવા રે. રાખ૦ ૪

પદ ૪

રાખી અતિ લાગે રૂપાળી, હરિને જમણે હાથે રે;
પ્રીત કરી પીતાંબર પે'ર્યું, મુગટ જડાઉ માથે રે. રાખી૦ ૧
ઘર ઘરથી ગોપી સર્વે આવી શોભા જોવા સારૂ રે;
માતા કે દેખાડને માવા, રૂપ અલૌકિક તારૂં રે. રાખી૦ ૨
હું ઘોળી તારા મુખડા ઉપર, લાડકડા વનમાળી રે;
મોહ પામી સરવે વ્રજનારી, મૂરતિ તારી ભાળી રે. રાખી૦ ૩
જે તારા વેરી હોય જગમાં, તે વેહેલેરાં ટળજો રે;
બ્રહ્માનંદ કહે દાસ તમારાને, મહાસુખ નિત્ય નિત્ય મળજોરે. રાખી૦ ૪

પદ ૫

આજ બળેવ દિવસ ઉત્સવનો, નંદતણે ઘર જાયે રે;
નટવર છેલ છબીલાને નિરખી, અંતર સુખીયાં થાયે રે. આજ૦ ૧
ગર્ગાચારજ રાખી બાંધી, પૂરણ બ્રહ્મને પુંચે રે;
અમર સદા રહો અવિનાશી, એમ બોલ્યા સુર ઉંચે રે. આજ૦ ૨
પ્રેમ કરી પાથરણાં નાખ્યાં, બહુ બહુ વાનાં કીધાં રે;
વસ્ત્ર આભૂષણ સહિત ગર્ગને, દાન ધેનુનાં દીધાં રે. આજ૦ ૩
રાજી અધિક થયાં નંદરાણી, ગોરાણી શણગાર્યાં રે;
બ્રહ્માનંદ કહે કહાન કુંવરનાં, સરવે વિઘ્ન નિવાર્યાં રે. આજ૦ ૪

પદ ૬

રસિક રાયને હાથે રાખડી, બાંધી તે બહુ મૂલી રે;
સરવે જૂથ મળી વ્રજનારી, નિરખી તન શુધ ભૂલી રે. રસિક૦ ૧

મોતીડાંનો હાર મનોહર, બાંધ્યા સુંદર બાજુ રે;
મુખડું પૂરણ ચંદ્ર સરીખું, કાને કુંડળ કાજુ રે. રસિક૦ ૨
રૂપાળો બાંધ્યો કટી રેંટો, અંગરખી ફુલ કેરી રે;
રાખડલીની શોભા રૂડી, ત્રિભુવનથી છે ન્યારી રે. રસિક૦ ૩
આંખડલી હરિની અણિયાળી, કેસર તિલક કરેલું રે;
બ્રહ્માનંદ કહે નટવરનું, છોગલિયું રંગ ભરેલું રે. રસિક૦ ૪

પદ ૭

રેશમ કેરી અજબ રાખડી, બાંધી છે બે બાહ્યે રે;
ચાલ સખી નન્દજીને ફળિયે શોભા જોવા જાઇયે રે. રેશમ૦ ૧
શ્યામ સલુણા શ્યામળિયાની, આંખડલી અણિયાળી રે;
બહુ અમૂલક મસ્તક બાંધી, પાઘડલી પેચાળી રે. રેશમ૦ ૨
હેમતણી પુંચી બેઉ હાથે, કુંડળ જડાઉ કાને રે;
ગોપી સઉ ગુલતાન થઈ છે, વહાલાજીને વાને રે. રેશમ૦ ૩
નન્દતણા નટવરને સાથે, કોડે પ્રીતિ કરીયે રે;
બ્રહ્માનન્દના નાથને નિરખી, મતવાલા થઇ ફરીયે રે. રેશમ૦ ૪

પદ ૮

રાખડલી વ્રજરાજ કુંવરને, શોભે સુંદર હાથે રે;
બહુ મૂલી હેતે કરી આપું, મોળીડું હરિ માથે રે. રાખ૦ ૧
હીયડે લેકે હાર હજારી, ઓઢયો નવલ દુશાલો રે;
આંગણીયે આવીને ઉભા, લટકાળો નંદલાલો રે. રાખ૦ ૨
બળ કહે મારી સરસ રાખડી, તારી નરસ બતાવે રે;
વ્રજવાસી સરવે દેખંતાં, બેલ કરે ને ખીજવે રે. રાખ૦ ૩
ધન્ય ધન્ય આજબળેવનો દહાડો, ધન્ય જેણે બાંધી રાખી રે;
બ્રહ્માનંદના નાથને દેખી, વ્રજવનિતા અભિલાખી રે. રાખ૦ ૪

શ્રી કૃષ્ણજન્મોત્સવનાં પદો—
(શ્રાવણ વદી ૮)
રાગ ધનાશ્રી—પદ ૧

આજકો દિન સુખકારી, સખીરી આજકો દિન સુખકારી;
નંદરાય ઘર નોબત બાજત, પ્રગટેહે દેવ મુરારી. સખી૦ ૧
કાનકુંવર ભયે પ્રગટ યું સુંનીકે, મુદિત ભયે નરનારી;
નંદરાય ધન ધેનુ કુંવરપર, કરત નોછાવર ભારી સખી૦ ૨
ઘરઘરસેં ગોપી આઈ વધાવન, કર ગજમુક્તા થારી;
પ્રેમ મગન તનકી શુધ ભુલી, નિરખી ભક્ત ભયહારી. સખી૦ ૩
જય જયકાર કરત વ્રજવાસી, ગાવત હે કર તારી;
એહી છબી દેખી શ્યામ સુંદરપર, મુક્તાનંદ બલિહારી. સખી૦ ૪

પદ ૨

નંદઘર બજત વધાઈ, સખીરી નંદઘર બજત વધાઈ;
પ્રેમમગન ગાવત વ્રજવાસી, આનંદ ઉર ન સમાઇ. સખી૦ ૧
જશોમતી જાયો લાલ યું સુંનીકે, વ્રજવનિતા સબ આઈ;
દધિ છંટકત મુખ મંગળ ગાવત, શોભા વરની ન જાઇ. સખી૦ ૨
અરસપરસ હરદી દધિ ડારત, કરત કુતૂહલ ધાઇ;
ગુણિજન ગાવત વિપ્ર વેદધ્વનિ, કરત અધિક સુખદાઇ. સખી૦ ૩
ચઢી વિમાન સુર મુનિ સબ આયે, રહ્યો નભમંડળ છાઇ;
મુક્તાનંદકો નાથ નિરખિ સબ, દિનોહે જમ વિસરાઇ. સખી૦ ૪

પદ ૩

નંદરાય તપ કિનાં, કોન વિધ નંદરાય તપ કિનાં;
જીનકે પુત્ર ભયે પુરૂષોત્તમ, લાવો અલૌકિક લિનાં. કોન૦ ૧
જાકે દરશ પરસકે કારન, દ્દઢ વન વસત પ્રવિનાં;
સો નિજ સંતનકે હિત શ્રીહરિ, બને નંદલાલ નવિનાં. કોન૦ ૨
કહા જાનું કોય મહા મુનિવરકું, દાન પ્રેમ જુત દિનાં;

કે ગુરૂકુળ સેવે શુધ મનસેં, ભેદ પાય અતિ ઝિનાં. કોન૦ ૩
કે કોઈ પ્રેમભક્તિકો મારગ, સંતનકે સંગ ચિનાં;
મુક્તાનંદકો નાથ પ્રેમવશ, રહત સદા આધીનાં. કોન૦ ૪

પદ ૪

પ્રગટ ભયે વ્રજચંદ, કૃપા કરી પ્રગટ ભયે વ્રજચંદ;
શ્રી નારાયણ નિજ સંતન હિત, જનમ લિયો સુખકંદ. કૃપા૦ ૧
શ્રાવણ વદ આઠમકી અર્ધનિશિ, દરશ દિયો જગવંદ;
માત પિતા મનમોદ ન માવત, પાયોહે પરમાનંદ. કૃપા૦ ૨
કારાગૃહ તમ તેહિ દિન ટાર્યો, છુટે ચરનકે ફંદ;
શ્રી વસુદેવ શીઘ્ર પહોંચાએ, ગોકુળ બાળ મુકુંદ. કૃપા૦ ૩
જશોમતી નંદ ન જાને મર્મ યહ, હરિમાયા કિએ મંદ;
મુક્તાનંદકે નાથકી રચના, ના જાનત મુનિવૃંદ. કૃપા૦ ૪

પદ ૫

પુરૂષોત્તમ બને કાન, ભક્તહિત પુરૂષોત્તમ બને કાન;
જાકે ચરન સેવે નિત્ય કમળા, ધરતહે મહામુનિ ધ્યાન. ભક્ત૦ ૧
અનંત બ્રહ્માંડ રોમપ્રતિ રહહિં, સો ભયે બાળ સમાન;
શારદા શેષ મહેશ મુદિત મન, કરતહે જેહિ ગુનગાન. ભક્ત૦ ૨
ચાર વેદ જાકે શ્વાસસેં ઉપજે, સબ ઇતિહાસ પુરાન;
સોઇ તોતરાય બાલ જ્યું બોલત, માનુ શિશુ અલ્પ અજાન. ભક્ત૦ ૩
કાળકે કાળ સો કંસકે ડર મિષ, નંદગૃહ આયે સુજાન;
વ્રજવનિતા સબ વશકર લિની, દેદે દરશકો દાન. ભક્ત૦ ૪
બાળકૃષ્ણ મુખ નિરખી રાધિકા, અધરસુધા કરી પાન;
મુક્તાનંદકે નાથકી છબીપર, કિનોહે તન કુરબાન. ભક્ત૦ ૫

રાગ આશાવરી—પદ ૧

અક્ષરપતિ સોઇ નંદકુંવર ભયે, હરન સબે ભૂભારા હો;
વેદધર્મ સ્થાપનકે કારન, પતિત કરન ભવપારા હો. અક્ષર૦ ૧

નિજ સંતનકું લાડ લડાવત, પ્રગટ ભએ સુખકારી હો;
કોટિ કામ મદ હરન રૂપસે, વશ કીની વ્રજનારી હો. અક્ષર૦ ૨
જશોમતી નંદકે ભાગ્યકો મહિમા, વરનંત શેષ લજાવે હો;
સમતા કોન કરે નિત્ય જાકી. શ્રીહરિ ધેનુ ચરાવે હો. અક્ષર૦ ૩
સિંધુસુતા રહરિ સેવા કારન, વ્રજમેં રહત સ્થિર હોઇ હો;
મુક્તાનંદ ધન્ય ધન્ય વ્રજવાસી, તેહિસમ ઓર ન કોઇ હો. અક્ષર૦ ૪

પદ ૨

નંદરાય ઘર નોબત વાજે, જશોમતી જાયો બાળક હો;
જય જયકાર કરત વ્રજવાસી, ભયો હે અધિક મન ભાયો હો. નંદ૦ ૧
દધિ હરદિ છંટકત વ્રજવનિતા, મુદ જુત મંગળ ગાવે હો;
ચુવા ચંદન અબીર અરગજા, બહુવિધ રંગ ઉડાવે હો. નંદ૦ ૨
નાચત નભ સુરનારીવૃંદ બહુ, દુંદુભિ દેવ બજાવે હો;
સુમન વૃષ્ટિ સુરરાજ કરત હે, છબી અરનિ નહિ જાવે હો. નંદ૦ ૩
જયજયકાર ભયો ત્રિભુવનમેં, પ્રગટે દેવ મુરારી હો;
મુક્તાનંદકો નાથ નિરખિ સબ, મગન ભયે નરનારી હો. નંદ૦ ૪

પદ ૩

લોચન લાભ લેહુ સબ સજની, યું બોલત વ્રજનારી હો;
નંદરાય ઘર જન્મ મહોત્સવ. પ્રગટેહે જન સુખકારી હો. લોચન૦ ૧
ક્ષરઅક્ષરપર શ્રીપુરૂષોત્તમ, સો યહ બાલક જાનો હો;
દુર્લભ દરશ સુગમ ભયો સબકું, અતિ બડભાગ્ય પ્રમાનો હો. લોચન૦ ૨
જાકે ચરનકમળ નિત્ય સેવત, કમળા તજી ચપળાઇ હો;
જાહિ મિલન મુનિ વનમેં વસત હેં, સો યહ કુંવર કનાઇ હો. લોચન૦ ૩
કરૂણારસકું પ્રગટ કરી કેશવ, પ્રગટેહેં કુંજવિહારી હો;
મુક્તાનંદકે નાથકી છબીપર, તન મન ધન બલિહારી હો. લોચન૦ ૪

પદ ૪

જનમ ધર્યાકો ફળ યહ સજનિ, નંદકુંવર નિત્ય દેખો હો;
હરિસંગ વાસ ભયો હે વ્રજમેં, અતિ બડભાગ્ય સો લેખો હો. જનમ૦ ૧

હોત હે ઉત્સવ નંદરાય ઘર, નૌતમ બજત વધાઇ હો;
અનંત ભુવનકે નાથ વસે જહાં, મહિમા બરન્યો ન જાઇ હો. જનમ૦ ૨
પ્રગટ રૂપ પુરૂષોત્તમ સ્વામી, કરૂણાનિધિ કરતાર હો;
દુર્લભ દેવસો સુગમ ભયે હે, તેહિ સંગ કરના પ્યાર હો. જનમ૦ ૩
અતિશે ભાગ્ય ઉદે ભયો સજનિ, રસિકરાય પ્રભુ પાયે હો;
મુક્તાનંદકો નાથ નવલ પિયા, ભયે હેં ભકતમન ભાયે હો. જનમ૦ ૪

રાગ સારંગ—પદ ૧

ઝુલત બાળમુકુંદ, પાલનેમેં ઝુલત બાળમુકુંદ;
મણિમય મંડપ મધ્ય પાલનો, નિરખત હોત આનંદ. પાલ૦ ૧
વિવિધ ભાતિ વાજીંત્ર વજાવત, ગાવત ગુણિજન વૃંદ;
પ્રેમમગન હોય માત ઝુલાવત, રિઝત આનદકંદ. પાલ૦ ૨
કબહુક માતસો તારા માગત, કબહુક માગત ચંદ;
મુકતાનંદકો નાથ બાલ જીમિ, બોલત હે જગવંદ. પાલ૦ ૩

પદ ૨

ઝુલત શ્રી નંદલાલ, પાલનેમે ઝુલત શ્રી નંદલાલ;
કનકભવન મધ્ય માત ઝુલાવત, રિઝત જન પ્રતિપાળ. પાલ૦ ૧
રત્નજડિત કંચનકો પાલનાં, તામહિં રાજત બાળ;
જિમિ ઉડુગણમેં શરદકાળકો, સોહત ચંદ્ર વિશાળ. પાલ૦ ૨
વાનર દેખીકે ડરત શ્યામરો, જાસેં કંપત કાળ;
મુકતાનંદકો નાથ બાળ જ્યું, ખેલત જન પ્રતિપાળ. પાલ૦ ૩

પદ ૩

પાલને લાલ ઝુલાવે, જશોદા મૈયા પાલને લાલ ઝુલાવે;
પ્રેમમગન પ્રભુકી છબી નિરખત, ગદગદ સુર ગુણ ગાવે. જશોદા. ૧
ઘરઘરસેં દરશનકે કારન, જુવતિ જુથ મિલિ આવે;
નંદકુંવર મુખચંદ નિરખીકે, ચિત્રતુલ્ય હોય જાવે. જશોદા. ૨

ચઢિ વિમાન સુર મુનિ સબ આયે, જયજય શબ્દ સુનાવે;
મુકતાનંદકે નાથકું સબ મિલ, લેલે કુસુમ વધાવે. જશોદા. ૩

પદ ૪

નિરખત પ્રેમસેં માત, મોહન મુખ નિરખત પ્રેમસેં માત;
કનકપાલને લાલ ઝુલાવત, મધુર મધુર ગુણ ગાત. મોહન૦ ૧
શોભાધામ શ્યામ સુંદરકી, છબી બરની નહિ જાત;
શ્રીનંદલાલકી શોભા વરનત, શેષાદિક સકુચાત. મોહન૦ ૨
એસો લાલ ઝુલાવત પલને, કહા કહું ભાગ્યકી બાત;
મુકતાનંદ નંદ જશોમતીકો, ત્રિભુવન જશ વિખ્યાત. મોહન૦ ૩

રાગ આશાવરી—પદ ૧

હાંરે હો મેં દાઢિ વ્રજચંદ પ્રિયાકો નંદનંદન ગુણ ગાઉં હો;
નવનિધિ અષ્ટસિદ્ધિ નવસિધિ ચતુર્ધા, હરિ વિના કબહું ન ચાહું હો. મેં૦ ૧
કરૂણાસિંધુ કમળદલ લોચન, કૃષ્ણદેવ સુખકારી હો;
દીની મોય ચરણરતિ મોહન, ઓર વાસના ટારી હો. મેં૦ ૨
દીનો દાન અખુટ અલૌકીક, અબ સબ ચિંતા ભાગી હો;
મુકતાનંદકો નાથ મીલે મોય, સુંદર શ્યામ સુહાગી હો. મેં૦ ૩

પદ ૨

હાંરે હો કૃષ્ણજન્મ સુનિ કહત પતિસોં, ઢાઢન પરમ સુજાનાં હો;
નંદરાય ઘર જાઓ પિયા તુમ, દેન સબનકું દાના હો, કૃ૦ ૧
મેરે લિયો અમુલખ સારી, આભરણ સબહી સમેતા હો;
સબહી સાજ કંચનકો લાયો, ગિનતિ ન હોવે તેતા હો. કૃ૦ ૨
અબ તુમ એસો દાન માગીયો, દિન દિન હોત સવાયો હો;
મુકતાનંદકો નાથ પ્રગટ ભયે, એહી અવસર મનભાયો હો, કૃ૦ ૩

પદ ૩

હાંરે હો નંદરાય ઘર પુત્ર પ્રગટ ભયે, હસી ઢાઢન યું બોલી હો;
આદિજનકું દાન દેતહે, કનક કોટરી ખોલી હો. નં૦ ૧

મેરે કાજ પિયા તુમ લાયો, ગજમુક્તાફલ માલા હો;
વારવાર યહ અવસર કહાંસે, પ્રગમેહે દીનદયાલા હો. નં૦ ૨
સબ સંકટકો નાશ કરેસો, પુની તુમ લિજો દાના હો;
મુકતાનંદકો નાથ પ્રગટ ભયે. સુંદર શ્યામ સુજાના હો. નં૦ ૩

પદ ૪

હાંરે હો જશોમતી જાયો લાલ સુન્યો જબ, દાદન મન હરખાની હો;
અપને પતિશુ પ્રેમમગન હોય, બોલન લાગી બાની હો. જ૦ ૧
નંદરાય ઘર જાઓ જલદ તુમ, દેત ધેનુ બહુ દાના હો;
વછીયા સહિત ગઉ ગુનપૂરન, લાયો પરમ સુજાના હો જ૦ ૨
પ્રેમમગન હોય નંદકે આગે, ગુન ગોવીંદકે ગાયે હો;
મુંકતાનંદકો નાથ પ્રગટ ભયે, યહ અવસર બડ આયો હો, જ૦ ૩

દોહા–

આજ મહોત્સવ મુદિત મન, સુર સજ્જન દ્વિજ દાસ;
ત્રિભુવન જન આનંદ ભયો, અસુરનકે ઉર ત્રાસ. ૧
શ્રાવન વદી શુભ અષ્ટમી, રોહિણી બુધવાર;
અર્ધ નિશિ પ્રગટ ભયે, હરિજુ હરન ભૂભાર. ૨

રાગ આશાવરી–પદ ૧

આજ અષ્ટમી આનંદકારી, પ્રગટે દેવ મુરારી હો;
નંદરાય ઘર નોબત બાજે, ભયહે કોલાહલ ભારી હો. આજ૦ ૧
ચંદનગાર સંવારતી ભામિની, બહુવિધ ભવન અટારી હો;
મંગળ કુંભ ભરે ઘરઘર શુભ, બાંધે તોરણ દ્વારી હો. આજ૦ ૨
પૂરે ચોક સોહાગિની આંગન, ગજમોતિન ભરી થારી હો;
ધ્વજા પતાકે ધૂપ દીપક બહુ, ભવન છબી ન્યારી હો. આજ૦ ૩
પહેરે ભૂષન વસન અમોલિક, ગોકુળ ગોપકુમારી હો;
પ્રેમાનંદ કહે વારત હરિપર, ધર્મ અર્થ ફળ ચારી હો. આજ૦ ૪

પદ ૨

ધન્ય ધન્ય આજ અનુપમ ઉત્સવ, ગાવે ગોકુળવાસી હો;
શ્રાવણ વદ આઠમકી અર્ધનિશિ, પ્રગટ ભયે અવિનાશી હો: ધન્ય૦ ૧
ઘરઘર બાત સુની ગોકુળમેં, વ્રજવનિતા ઉઠી ધાઇ હો;
કંચનથાર ભરે ગજમોતિન, મંગળ ગાવતી આઇ હો. ધન્ય૦ ૨
દધિ હરદિ અંગ લેપન કિયે, સબ દોરી પરસપર છાંટે હો;
નાચત ગાવત કરત કોલાહલ, હરખી વધાઇ બાંટે હો. ધન્ય૦ ૩
આનંદસિંધુ બઢયો નંદદ્વારે, ભઇહે ભીર નરનારી હો;
પ્રેમાનંદ હરિમુખ નિરખી, તન મન ધન બલિહારી હો. ધન્ય૦ ૪

પદ ૩

નોબત બાજે શ્રીનંદરાય ઘર, પુત્ર જશોમતી જાયો હો:
મુદિતભયે સુરનર મુનિ સજ્જન, ત્રિભુવન આનંદ છાયો હો. નોબત૦ ૧
શ્રાવનકી અંધિયારી આઠમ, આધિ રેન સોહાઈ હો:
પ્રગટ ભયે પુરણ પુરૂષોત્તમ સુર સજ્જન સુખદાઇ હો. નોબત૦ ૨
ગજગામિની ભામિની ગોકુલકી, ઘરઘરસું સુની દોરી હો;
આવતી નંદભવન પરમાનો, સરિતા સિંધુકી ઓરી હો. નોબત૦ ૩
ભવ બ્રહ્મા સુરરાજ દેવ સબ, ચઢી વિમાન નભ આયે હો:
વરષત સુમનવૃષ્ટિ મંદિરપર, પ્રેમાનંદ મન ભાયે હો. નોબત૦ ૪

પદ ૪

આજ વધાઇ પરમસુખદાઈ, શ્રીગોકુળરાયકે દ્વારે હો;
નિરખી મુખ શ્રીનંદકુંવરકો, તન મન ધન સબ વારે હો. આજ૦ ૧
નંદાદિક સબ ગોપ મુદિત મન, વિપ્રન સભા બોલાઇ હો;
ગર્ગાદિક દ્વિજરાજ જુથ મિલિ, આયે હરખજુત ધાઇ હો. આજ૦ ૨
દેત દક્ષિણાદાન પ્રેમ કરી, ઠાડે નંદ કર જોરી હો;
કંચન ગૌ મુકતા મણિ ભુષણ, વસન અમૂલ્ય કરોરી હો. આજ૦ ૩
સુત માગધ બંદિજન જાચક, અતિ આનંદ જશ ગાવે હો;
પ્રેમાનંદ નિરખી યહ શોભા, આનંદ ઉર ન શમાવે હો. આજ૦ ૪

રાગ જંગલો-પદ ૧

મંગળ આજરી મંગળ આજરી માઈ ગાવો, મંગળ૦
જાયો કુંવર જશોદા રાની. સુર નર મુનિ શિરતાજરી માઈ. ગાવો૦ ૧
ગજમોતીનકે ચોક પુરાવો, લાવો મંગળ સબ સાજરી માઇ. ગાવો૦ ૨
પ્રેમમગન હોઇ ગાવો બજાવો, છાંડી લોક કુલલાજરી માઈ. ગાવો૦ ૩
ઉદય ભયો ગોકુળ અવિનાશી, પ્રેમાનંદકે કાજરી માઇ. ગાવો૦ ૪

પદ ૨

ગોકુળરાયકે ગોકુળરાયકે આયો લાલ; ગોકુળ૦
જે જે કાર ભયો ત્રિભુવનમેં, કંસ પર્યો મુરછાય કે. આયો૦ ૧
શ્રવન સુનત ગોકુળવાસી સબ, આયે આતુર ઉઠી ધાય કે. આયો૦ ૨
નાચત ગાવત કરત કોલાહલ, દધિકો કીચ મચાય કે. આયો૦ ૩
પ્રેમાનંદ કહે કંસકો વેરી, પ્રગટયો ગોકુળ આય કે. આયો૦ ૪

પદ ૩

ગોકુલચંદરી ગોકુલચંદરી પ્રગટયો આજ, ગોકુલ૦
મુદિતભયો સુરનર મુનિ સજ્જન, ત્રિભુવન છાયો આનંદરી. પ્રગટયો૦ ૧
ગોપી ગ્વાલ સબ ગાવત નાચત, બાજત મૃદંગરી. પ્રગટયો૦ ૨
ગોકુલ સુખદાયક સુરનાયક, ઉદયો કંસનિકંદરી. પ્રગટયો૦ ૩
પ્રેમાનંદકો નાથ પ્રગટ ભયો, મેટન ભવદુઃખ કંદરી. પ્રગટયો૦ ૪

પદ ૪

નંદ નોછાવરી નંદ નોછાવરી દેહો આજ, નંદ૦
સુની સુત જન્મ તિહારે આંગન. આયેહે બહુત ઉછાવરી. દેહો૦ ૧
સુત માગધ બંદિજન જાચક, કુલ કીરતિ જશ ગાવરી. દેહો૦ ૨
જો માગે ધન ધેનુ અશ્વ ગજ, ભૂષન નંગ જડાવરી. દેહો૦ ૩
પ્રેમાનંદ કહે દેત આશીષ સબ, ચીરંજી રહો વ્રજરાવરી. દેહો૦ ૪

રાગ કહરવા-પદ ૧

પલના ઝુલાવતી મૈયાં (૨) ઝુલે પ્યારો નંદલાલ, પલના૦
સુંદર કનકકો હે પલના (૨) જડે રત્ન પ્રવાલા. પલના૦ ૧
જશોદા ઝુલાવતી ગાવે (૨) ચિરંજીયો મોરે બાલ. પલના૦ ૨
નંદ જુ ખિલોના લાયે (૨) મોર ચકોર મરાલ. પલના૦ ૩
પ્રેમાનંદ નિરખિ સુખ પાવે (૨) લાલ રૂપ રસાલ. પલના૦ ૪

પદ ૨

પલના ઝુલાવે નંદરાની, (૨) ઝુલે બાળમુકુંદ. પલના૦
પલના ઝુલત મન મોહે (૨) હરિ હસિ મંદમંદ. પલના૦ ૧
કબહુક માગત હરિ તારે (૨) કબહુક માગે ચંદ. પલના૦ ૨
કાળ માયાદિ સબકે પ્રેરક, (૨) બને બાળક સ્વછંદ. પલના૦ ૩
સુંદર શ્રીકૃષ્ણ છબી પર (૨) બલિહારી પ્રેમાનંદ. પલના૦ ૪

પદ ૩

જશોદા ઝુલાવતી પલના (૨) નિજસુત ઘનશ્યામ. જશોદા૦
વિશ્વકર્મા બનાયો હે પલના (૨) સબવિધ છબી ધામ. જશોદા૦ ૧
પલનાં પોઢે સુરરાઇ (૨) ત્રિભુવનકે વિશ્રામ. જશોદા૦ ૨
જશોમતી કુંવર અવલોકી (૨) પ્રફુલ્લિત આઠો જામ. જશોદા૦ ૩
પ્રેમાનંદ હરિમુખ નિરખી (૨) ભયો પૂરણકામ. જશોદા૦ ૪

પદ ૪

પલના ઝુલાવતી લલના (૨) પરંબ્રહ્મ ભગવાન. પલના૦
જશોમતી નિરખી સુખ પાવે (૨) વારે તન મન પ્રાન. પલના૦ ૧
કર ગ્રહિ લે કંઠ લગાવે (૨) કરાવે સ્તનપાન. પલના૦ ૨
જશોમતી જુ લેત બલૈયા (૨) લખી રૂપનિધાન પલના૦ ૩
પ્રેમાનંદ નિરખિ બાળકૃષ્ણ (૨) ભયો અતિ ગુલતાન. પલના૦ ૪

રાગ રામકલી–પદ ૧

પાલને નંદરાની ઝુલાવે, ચુંબી ચુંબી મુખ કંઠ લગાવે; પાલને૦
અતિ આનંદભર ઉર ન શમાવે, પ્રેમપુલકિ નેનાં ભરી આવે. પાલને૦ ૧
પુલકી જશોદા લેત ગોદમેં, પુનિ પુનિ પયકો પાન કરાવે;
નીરખી કમલમુખં લેત બલૈયા, મંગલ ગાવતી મોદ બઢાવે. પાલને૦ ૨
જનની દે કજરા નેનનિમેં, નંગજડિત શિરકુલહી ધરાવે;
વારત સરવસ વારિજ મુખપર, પ્રેમાનંદ નોછાવરી પાવે. પાલને૦ ૩

પદ ૨

પાલને ઝુલે મદનગોપાલા, હસત કમલમુખ નેન વિશાલા, પાલને૦
શ્રીપુરૂષોત્તમ કહાન કુંવરકું, આઇ ઝુલાવત બ્રજહુંકી બાલા. પાલને૦ ૧
તન મન પ્રાણ નોછાવરી વારતી, નીરખી લાલછબી ભઇહેં નિહાલા.
ગાવતી ગુન ગુલતાન મુદિત મન, મગન હોત સુની નંદજ્યુંકે લાલા. પાલને૦ ૨
કંડુલા કંઠ રૂચિર કેશરીનખ. પહેરાવત મોતીયનકી માલા;
પ્રેમાનંદકો નાથ પાલને, ઝુલતહે રિપુ કંસકો કાલા. પાલને૦ ૩

પદ ૩

પાલને ઝુલે નંદદુલારે, કિલકત હસત પ્રાણસો પ્યારે. પાલને૦
ભાલ વિશાલ કમલમુખ સુંદર, ચિતવત ઇત ઉત ચંચલ તારે. પાલને૦ ૧
અંજન એન દિયેં નેનનિમે, મિંડત કર કપોલ કીયે કારે;
મુખતે લાર ગિરત ઉર માનોં, બરખત ઇંદુ મધુર સુધારે. પાલને૦ ૨
ચરણ અગુંષ્ટ ગ્રહી કરસો મુખમેં, લે ચુંબત જગ ઉજીયારે.
પ્રેમાનંદ ઘનસ્યામ વદનપર, પુલકી જશોદા પ્રાણ લેવારે પાલને૦ ૩

પદ ૪

પાલને ઝુલે કુંવર કનાઇ, મુખછબી દેખત મદન લજાઇ. પાલને૦
નાની નાની દંતિયાં દે દુધકી, હસત સ્યામ તબ દેખાઇ. પાલને૦ ૧
દિવ્ય કનકકો પલના સુંદર. હિરા રતન અમૂલ્ય જડાઇ;
ગજમોતીયનકે ઝુમકા શોભીત, ઉપર દક્ષિણ ચીર ઓઢાઇ. પાલને૦ ૨

હંસુલી હેમ કનક કરપોંચી, કટી કીંકનીયાં લસત મનભાઇ;
ઘુંટરૂનિ ચલત બજત પેંજનીયાં, પ્રેમાનંદ સુની રહ્યો લલચાઇ. પાલને૦ ૩

રાગ બિલાવલ—પદ ૧

હાલરો જશોમતી હુલરાવે, નીરખી કમલમુખ અતિ સુખ પાવે;
સુરનરમુનિકે ધ્યાન ન આવે, પુલકી જશોદા ગોદ ખેલાવે. હાલરો૦ ૧
નખશીખલો સિંગાર ધરાવે, વદન વિલોકી બલીબલી જાવે. હાલરો૦ ૨
બાલવિનોદ અતિ મન ભાવે, પુલકિત પ્રેમ હૈદે નહિ માવે. હાલરો૦ ૩
યહ સુખ બરનત શેષ સકુચાવે, પ્રેમાનંદ નીરખી ગુણ ગાવે. હાલરો૦ ૪

પદ ૨

હાલરો હુલરાવતી રાની, ગાવત મંગળ આનંદ આંની. હાલરો૦
અપને સુકૃતકો ફલ જાની, નીરખતી વદન ભાગ્ય બડ માની. હાલરો૦ ૧
હસત કમલમુખ શારંગપાની, દંતીયાં દેખાવન દુધકી નાની, હાલરો૦ ૨
કહત જશોદા સુનો હો સયાની, યહ સુખ દીનો ઇશ ભવાની હાલરો૦ ૩
પ્રેમાનંદકો નાથ સુખખાની, બોલત મધુરીસી તોતરી બાની. હાલરો૦ ૪

પદ ૩

પાલને ઝુલે સુંદર શ્યામ, પુરૂષોત્તમ પ્રભુ પૂરણકામ. પાલ૦
અવનીભાર ઉતારન કારણ, પ્રગટ ભયે ભવમોચન નામ પાલ૦ ૧
નવરસજુક્ત ધર્યો નટવર તનુ, સુરપુજીત સંતન વિશ્રામ. પાલ૦ ૨
નીરખી બાલમુકુંદ મનોહર, પુલકયો પ્રેમની ગોકુલ ગામ. પાલ૦ ૩
પ્રેમાનંદ ભયો કરતારથ, નીરખી બદનચંદ્ર સુખધામ. પાલ૦ ૪

પદ ૪

પાલને ઝુલે પૂરનચંદ. મોહનલાલ મેટન ભવફંદ. પાલ૦
નૌતમ લાયે ખિલોના નંદ, કીલકત હસત દેખી જગવંદ. પાલ૦ ૧
આધે આધે બોલ બોલત સુખકંદ, ઘુંટરૂની ચલત હસત મંદમંદ. પાલ૦ ૨
વરસત વદન કમલ મકરંદ, નીરખત ગોપી ટારી પલ ફંદ. પાલ૦ ૩
જાકો પાર ન પાવત છંદ, સો નીરખત નિત્ય પ્રેમાનંદ. પાલ૦ ૪

રાગ પરજ પદ—૧

ઝુલત પાલનેમેં નંદકે લાલ, નંદકે લાલ હરિ કંસકે કાળ. ઝુલત૦
નંગજડિત શુભ કંચનકો પાલનો, હીરા માણેક જડે રત્ન પ્રવાલ. ઝુલત૦ ૧
પાલના ઝુલત હરિ કરત કુતૂહલ, બાલમુકુંદ કમલલોચન વિશાલ. ઝુલત૦ ૨
છીટકી ઝંગુલી શીરટોપી ઝીનખાપકી, ટીકુલી કજરવાકી કોનીહે ગાલ. ૩
પ્રેમાનંદ ઘનસ્યામ કુંવરકી, નીરખી નીરખી છબી હોત નિહાલ. ઝુલત૦ ૪

પદ ૨

ઝુલતહે પાલના બાલમુકુંદ, બાલમુકુંદ ભવ મેટન ફંદ. ઝુલત૦
કાલ માયા ક્ષર અક્ષરકે સ્વામી, બાલસ્વરૂપ બને જાની સ્વછંદ. ઝુલત૦ ૧
અસુર સંહારન સુરહિત કારણ, ગોકુલ છીપાયે આયે નંદ નંદ. ઝુલત૦ ૨
ગોપી ઝુલાવે ગાવે બાલચરિત્ર, નીરખે વદન ચકુવાકી જ્યું ચંદ. ઝુલત૦ ૩
પ્રેમાનંદકો પ્યારો નેંનોકો તારો, પ્રગટે ગોકુલ હરિ ત્રિભુવનવંદ. ઝુલત૦ ૪

પદ ૩

ઝુલત હરિ પાલને શ્યામ સુજાન, શ્યામ સુજાન વ્રજ જીવનપ્રાણ. ઝુલત૦
મુખ ચુંબી મૈયા કંઠ લગાવે, પ્રેમસું કરાવે સુંદર પયકો પાન. ઝુલત૦ ૧
નીરખી વદન જશોમતી કુંવરકો, પ્રેમ પુલકી અતિ હોત ગુલતાન. ઝુલત૦ ૨
બોલત તોતરીસી બાની કનૈયા, મૈયા મૈયા કરી કૃપાનિધાન. ઝુલત૦ ૩
પ્રેમાનંદકો નાથ બાલ મનોહર, રૂપ સુંદર હરે મદનકો માન. ઝુલત૦ ૪

પદ ૪

સોવત પાલનેમેં શ્યામશરીર, શ્યામશરીર બલદાઊકે વીર. સોવત૦
શિવ બ્રહ્મા મુનિ આયે હરિ નિરખન, નંદભવન અતિ ભઇહે ભીર. સોવત૦ ૧
બાલમુકુંદ છબી નીરખત સુરમુનિ, પ્રેમ પુલકિ ભરી આયે દ્રગ નીર. સોવત૦ ૨
કરત સ્તુતિ દેવ દ્વિજ મુનિગણ, હરો હમારી હરિ સબવિધ પીર. સોવત૦ ૩
પ્રેમાનંદકો નાથ ધરી નરનાટક, બાલક બને અમરપતિ આહીર. સોવત૦ ૪

રાગ મારૂ—પદ ૧

ઘરકો ઢાઢિ હો તિહારે, ઘરકો હું ઢાઢિ હો;
સુની સુત જન્મ આયો ઉડી આતુર, પૂરન આશા બાઢિ. તિહારે૦ ૧
આયેરુ ચારન ભાટ જાચક, બોલત કુક ન પાડિ હો;
તિનકું બહુત દિયો નંદજી, મુખ માગ્યો ભંડાર ઉઘાડિ. તિહારે૦ ૨
મણિ કંચન મુક્તા વટભૂષન, ગજ રથ ઘોડે ગાડિ હો,
મોહિ મિલે મારગમેં માનું જાત. રાજા રજવાડી. તિહારે૦ ૩
અબ મોહિ દીજે મેરો મન ભાયો, નંદજુ ન કીજે આડી હો,
વદન દેખાવો શ્રી મદનમોહનકો, લાવો લાલ ઉઠાડી તિહારે૦ ૪
લાખ ન લેઉં કરોર ન લેહું, દેશ ગામ ફુલવાડી હો,
તિહારે પ્રતાપ રિદ્ધિ સિદ્ધિ મેરો, દ્વાર બુહારત ઝાડી. તિહારે૦ ૫
સુંદર શ્યામ કમળમુખ બોલે, મૈયા મૈયા માડી હો;
યહ બોલની ઉર ધારી પ્રેમાનંદ, ઓર વાસના છાંડી. તિહારે૦ ૬

પદ ૨

ઢાઢિ તિહારોં હો નંદાજી, હું ઢાઢિ તિહારો હો;
આયો તિહારે હું પુત્રજનમ સુની, ગોકુળમેં રહનારો. નંદાજી૦ ૧
ગાવું કુલકીરતિ હું તિહારી, પ્રેમમગન મતવારો હો;
તુમ વિના ઓર કાહુકે આગે, ભુલે ન હાથ પસારો. નંદાજી૦ ૨
શિવ બ્રહ્મા મુનિરાજ દેવ સબ, મઘવા કોન બિચારો હો;
માગત તુમપે દેહો નંદજુ, ગોકુળ જન્મ હમારો. નંદાજી૦ ૩
દીન રંકનપે હું કા જાચુ, જાચિકે જનમ બિગારો હો;
હું તો તિહારે ઘરકો ભિખારી, ઓર નકો શિરદારો. નંદાજી૦ ૪
તુમ સમ નાહી ઉદાર નંદજુ, ત્રિભુવનમેં નિરધારો હો;
ભુક્તિ મુક્તિ સબહિ દેત હો, જો જાકો અધિકારો. નંદાજી૦ ૫
મોહિ દેખાવો વદન લાલકો, હું ન લેહુ લાખ હજારો હો;
તોતરી બાની સુંની જાઉ બર, કીરતિ જશ વિસ્તારો. નંદાજી૦ ૬

પ્રગટ્યો પુત્ર તિહારે નંદજુ, સબ જગકો ઉજીયારો હો;
ચિરંજીયો ગોકુળચંદ ગોપીવર, પ્રેમાનંદકો પ્યારો. નંદરાજ૦ ૭

રાગ સામેરી—પદ ૧

બાવા નંદતણે દરબાર, નોબત વાજે રે;
હરિ પ્રગટ્યા સરજણહાર, નિજજન કાજે રે. નોબત૦ ૧
જનમ થયો જગદીશનો રે, હરખ વધ્યો ત્રિલોક;
કુબુધ્ધિ કંસ સરીખડા, તેને અંતર પેઠો શોક. નોબત૦ ૨
દેવત્રિયા ટોળે મળી રે, સુર તેત્રીસે ક્રોડ;
જશોમતી કેરે આંગણે ગાવે, જય જય ધ્રુનિ કર જોડ. નોબત૦ ૩
તોરણ બાંધ્યાં ટોડલે રે, ચંદન લીપ્યાં ધામ;
આનંદકારી ઉપન્યા વહાલો, બ્રહ્માનંદનો શ્યામ. નોબત૦ ૪

પદ ૨

અતિ હરખ વધાઇ આજ, વદે વ્રજવાસી રે;
થયા પ્રગટ રસિક વ્રજરાજ, અકળ અવિનાશી રે. વદે૦ ૧
ચોક પુરાવ્યા મોતિયે રે, રોપ્યા સ્થંભ પ્રવાળ;
કાદવ દહીંના કીચલા રે, મળી ખેલત ગોપી ગ્વાલ. વદે૦ ૨
અંબર આભુષણ અંગમાં રે, સર્વ સજી શણગાર;
કહાન વધાવા કારણે, આવી ગોકુળીયાની નાર. વદે૦ ૩
લાલ અમર રહો નંદનો રે, આપે સહુ આશીષ;
અધમ ઓધારણ અવતર્યા, વહાલો બ્રહ્માનંદનો ઇશ. વદે૦ ૪

પદ ૩

સખી જશોમતી જાયો લાલ, વધાવા જાયે રે;
ભાળી સુંદર એનું ભાલ કે, સુખીયાં થાયે રે. વધાવા૦ ૧
મોતી મુંઘાં મૂલનાં રે, લઇ ભરીયે કંચન થાળ;
નંદમહરને આંગણે આવે, મંગળ ગીત વિશાળ. વધાવા૦ ૨

રસિક નક્ષત્ર ધન્ય રોહિણી, તીથિ આઠમ પરમ અનૂપ;
આહીર કુળમાં ઉપન્યા, વહાલો ચૌદ ભુવનનો ભૂપ. વધાવા૦ ૩
વાજે અધિક વધામણાં રે, ચાલો સૌ મળી સાથ;
નેણાં ભરી ભરી નિરખીએ, હેલી બ્રહ્માનંદનો નાથ. વધાવા૦ ૪

પદ ૪

આજ નન્દ મહરની પ્રોળ, ઉત્સવ ભારી રે;
કરે મંગળ ગીત કલોલ, સર્વ નર નારી રે. ઉત્સવ૦ ૧
મુનિ નારદ નૃત્ય માંડીયાં રે, તુંબરૂ ગાવે તાન;
ઈંદ્ર ઉતારે આરતી, ધરે શંકર ઉભા ધ્યાન. ઉત્સવ૦ ૨
પ્રેમે ઘડીયું પારણું રે, વિશ્વકર્મા શુભ સાજ;
બ્રહ્મા લાવ્યા ઝુલડી કાજુ, કહાન કુંવરને કાજ. ઉત્સવ૦ ૩
રમવાનાં રમકડાં રે, લઇ આવ્યા શશિ સુર;
બ્રહ્માનંદના નાથનું જોઇ મુખ, થયાં સુખ ભરપૂર. ઉત્સવ૦ ૪

રાગ ગરબી—પદ ૧

નંદતણે ઘેર નોબત વાજે, વદત વધાઈ વધાઈ રે;
જશોમતી જાયો પુત્ર સખી રે, હરખત લોક લુગાઇ રે. ૧
શોભિતા શણગાર સજો મળી, મંગળ વસ્તુ લાયે રે;
મોતીડાંના થાળ ભરીને, ચાલો વધાવા જાયે રે. ૨
નૌતમ ચોખા હળદર નાંખી, કાદવ દહીંના કરીયા રે;
એક બીજાના અંગપર સીંચે, ગોવાળા રંગ ભરીયા રે. ૩
મોહનજીનું મુખડું રે જોઇને, આનંદ અંગ ન માય રે;
બ્રહ્માનંદ કહે હરિ વ્રજમાં, પ્રગટયા તે ત્રિભુવન રાય રે. ૪

પદ ૨

ટોડલે ટોડલે તોરણ બાંધ્યાં, રત્ને તે મંડપ છાયો રે;
અખિલ ભુવનનો નાથ અલૌકિક, પુત્ર જશોમતી જાયો રે. ૧

સામ વેદ ઉચ્ચે સ્વર સુંદર, બ્રહ્મા તે ઉભા વાંચે રે;
તાંડવ નૃત્ય કરી ત્રિપુરારિ, નંદતણે ઘર નાચે રે. ૨
ચિત્ર વિચિત્ર ધજા પટ બાંધ્યા, મોતીડે ચોક પૂરાવ્યા રે;
નંદન વનનાં ફુલ લેઇને, દેવ વધાવા આવ્યા રે. ૩
જુવતી જુથ કરીને જોવા, સૌ મળી આપણ ચાલો રે;
આપણે કાજે પ્રગટ થયા છે, બ્રહ્માનંદનો વહાલો રે. ૪

પદ ૩

આજ સખી જોને નંદતણે ઘેર, આનંદ ઉત્સવ ભારી રે;
કનકતણી ગળે માળ નાખીને, ધેનુને શણગારી રે. ૧
બ્રાહ્મણ જુથ મળ્યા બ્રહ્મવેત્તા, વેદ જપે શુભ વાણી રે;
કોટી કોટી બ્રહ્માંડનો કર્તા, લાલ જાયો નંદરાણી રે. ૨
નૌતમ વસ્ત્ર આભૂષણ પહેરી, ગોપી ગોવાળા ગાવે રે;
અરસ પરસ મુખ માંખણ લીંપે, દધિના તે કીચ મચાવે રે. ૩
નંદતણે આંગણે નર નારી, હરખ ભર્યાં સહુ ડોલે રે;
બ્રહ્માનંદના નાથને જોઇને, જય જય વાણી બોલે રે. ૪

પદ ૪

નંદ જશોદાનાં ભાગ્યનો મહિમા, મુખ વર્ણવ્યો નવ જાવે રે;
પુરૂષોત્તમ જેના પુત્ર થયા નિત્ય, ખોળામાં લઇને ખેલાવે રે. ૧
ધન્ય ધન્ય વ્રજની ભોમ સખી, જેની રજ વંદે ત્રિપુરારી રે;
અનંત બ્રહ્માંડપતિ ત્યાં આવી, પ્રગટ્યા તે દેવ મુરારી રે. ૨
બ્રહ્માદિક સિદ્ધરાજ મુનિ જેનું, ધ્યાન કરી કરી હાર્યા રે;
તે વહાલો ગોવાળાના ઘરમાં, પ્રીત કરીને પધાર્યા રે. ૩
અક્ષરધામથી અધિક થયું, આજ નંદરાયનું ફળીયું રે;
બ્રહ્માનંદના નાથને નિરખી, નેણતણું ફળ મળીયું રે. ૪

રાગ ગરબી—પદ ૧

ઝુલે શ્યામળો રે ઝુલે શ્યામળો રે, પારણીએ પૂરણ બ્રહ્મ, ઝુલે૦
રત્ન જડેલું પારણું ને, રેશમ કેરી દોર;
મોતીડે જડીયાં ઝુમકાં, માંહી સોનાં કેરાં મોર. ઝુલે૦ ૧
વ્રજનારી ટોળે મળી, આવે જોવા વારમવાર;
હેતે હીલો ગાવતી, ઝુલાવે નંદકુમાર. ઝુલે૦ ૨
ઘડીક પોઢાડે પારણે ને, ઘડી એક ખોળામાંય;
માત જશોદા માવને, હાલરડાં હેતે ગાય. ઝુલે૦ ૩
ઘણી ખમા મારા બાળને, એના શત્રુ પામો નાશ;
બ્રહ્માનંદ કહે લાલનું મુખ, જોઇને કરે વિલાસ. ઝુલે૦ ૪

પદ ૨

નૌતમ નાથજી રે નૌતમ નાથજી રે, પોઢયા પારણીયા માંય. નૌતમ૦
કાજળ સાર્યું આંખમાં, ટીબકડી કીધી ગાલ;
મુખ જોઇને જશોદા કહે, મારે કહાનુડો ધન ને માલ. નૌતમ૦ ૧
કરી ગલગલીયાં કહાનજીને, હસવે ઝાઝે હેત;
પ્રેમ કરીને પ્રીતમજીને, મુખડે ચુંબા દેત. નૌતમ૦ ૨
હું ઘોળી તુજ ઉપરે, મારે તુજથી વહાલું કુણ;
એમ કહીને ઉતાવળી, લઇ મા ઉતારે લૂણ. નૌતમ૦ ૩
હાથે નાખે હીંચકો ને, મુખથી ગાવે ગીત;
બ્રહ્માનંદના નાથને જોઇ, દિન દિન વાધે પ્રીત. નૌતમ૦ ૪

પદ ૩

વ્રજની વનિતા રે વ્રજની વનિતા રે, હરિને ઝુલાવે કરી પ્યાર. વ્રજની૦
પારણીયાને અડખે પડખે, નારી મળી દશ વીશ;
જીવો માતા લાલ તમારો, આપે સૌ આશીષ. વ્રજની૦ ૧
સૌતા છાના રાખવા કરે, વાતો બાળ વિનોદ;
કહાન કુંવર કોડામણા ને, ઓપી લીધા ગોદ. વ્રજની૦ ૨

ચાંદા ઘી ગળ માંડા દેને, ગિરિધર સારૂ ગોડ;
હણુક ખોળી હાથ જોઇને, હરિવર કાડે હોડ. મજની૦ ૩
આ મારી આ તારી ગિરિધર, ગોરી ધોળી ગાય;
બ્રહ્માનંદના નાથનું જોઈ, સુખડું રાજી થાય. મજની૦ ૪

પદ ૪

સુંદર શ્યામને રે સુંદર શ્યામને રે, ઝુલાવે જશોમતી માત; સુંદર૦
વિશ્વકર્મા વેગે ઘડયું, પારણિયું રાખી ખાંત;
ઝીણી ટોપી ઝુલડી, બ્રહ્મા લાવ્યા એકાંત. સુંદર૦ ૧
પલમાં મારી પૂતના, તરણાવર્ત કીધો ઠીક;
મનમાં રાખે માવજી બહુ, બાવડ કેરી બીક. સુંદર૦ ૨
ઘડી એક માગે ચંદ્રમા ને, ઘડી એક માગે સૂર;
આવ બાવડ ઉતાવળી, થશો ગિરિધર ઘેલો તૂર. સુંદર૦ ૩
બાવડની બીકે કરી, દે કહાનુડો આડા હાથ;
કરે ચરિત્ર કોડામણાં, એવા બ્રહ્માનંદનો નાથ. સુંદર૦ ૪

રાગ ગરબી—પદ ૧

નંદજીને મંદિરીએ રે મંદિરીએ, ચાલો કહાનુડાનાં દર્શન કરીએ રે. નંદ૦
નૌતમ છબી રૂપ નવીને, બાવીસો વાને બીને;
એવો પુત્ર થયો નંદજીને રે. નંદ૦ ૧
જશોદાને પાસે જાઇયે, ઘેરે રતર મંગળ ગાઇએ;
એનો સુત જોઇ સુખીયાં થાઇએ રે. નંદ૦ ૨
ગજમોતીડે થાળ ભરાવો, વળી કુંમકુંમ ચોખા લાવો;
બ્રહ્માનંદનો નાથ વધાવો રે. નંદ૦ ૩

પદ ૨

નંદજીને આંગણીએ રે આંગણીએ, ગોપી ગ્વાલ રમે સાખણીએ રે. નંદ૦
આઠમ વદ શ્રાવણ કેરી, રોહિણી બુધવાર મોલેરી;
અર્ધ રાત થયા હરિ લેહેરી રે. નંદ૦ ૧

ત્યાં વેદ વિરંચી વાંચે, નારદ મુનિ રંગભર નાચે;
રસિયાજીનું મુખ જોઈ રાચે રે. નંદ૦ ૨
બ્રહ્માનંદ કહે નંદનું ફળિયું, જેમાં મળી માંખણ ઘૃત ઢળિયું;
ગૌલોકની પંક્તિમાં ભળિયું રે. નંદ૦ ૩

પદ ૩

નંદજીનો નાનડિયો રે નાનડિયો. વ્રજવાસીને ચિતડે ચડિયો રે. નંદ૦
કોઇ રમકડાં લેઈ આવે, કોઇ ગીત મધુરાં ગાવે;
કોઇ મોતીડાં લેઇને વધાવે રે. નંદ૦ ૧
કોઇ માથે કેશ સમારે, કોઇ નેણે કાજળ સારે;
કોઈ આવીને લુણ ઉતારે રે. નંદ૦ ૨
કોઈ કહે પય સાકર પીવો, જગજીવન બહુ દિન જીવો;
બ્રહ્માનંદને દિલનો દીવો રે. નંદ૦ ૩

પદ ૪

માડી તારો કહાનુડો રે કહાનુડો, હૃદિયામાં લાગે રૂડો રે. માડી૦
ભવ કેરી ભાવટ ખોવા, પ્રીતે કરી ચિત્તડું પ્રોવા;
જશોદાજી દ્યોને મને જોવા રે. માડી૦ ૧
તારા સુતનું મુખડું પ્યારૂં, લોભાણું મનડું મારૂં;
જોઇ સરવસ એપર વારૂં રે. માડી૦ ૨
બ્રહ્માનંદ કહે થઇ મતવાલી, તન ધનની શંકા ટાળી;
ભાવે કહાન કુંવરને ભાળી રે. માડી૦ ૩

રાગ ગરબી—પદ ૧

શ્રાવણ વદની રે, આઠમ બુધવારી આવી;
નક્ષત્ર અનુપમ રે, રોહિણી હરિને મન ભાવી. ૧
અર્ધી રાતે રે, નટવર જન્મ્યા અવિનાશી;
તેને જોઇને રે, રૂવેં ફુલ્યાં વ્રજવાસી. ૨

નૌત્તમ નારી રે, ઘેરે સ્વર મંગળ ગાવે;
નન્દને આગે રે, બહુ ભેટ ગોવાળા લાવે. ૩
બ્રહ્માનંદના રે, વહાલાનું જોઇને મુખડું;
સર્વે પામ્યાં રે, ગોકુળનાં વાસી સુખડું. ૪

પદ ૨

અગર ચંદનથી રે, ઓરડીએ ભીંતો ઓપી;
રતને છાયો રે. રંગમંડપ કેળ રોપી. ૧
મહી માંખણના રે, આંગણીએ કીચ મચાવ્યા;
નન્દન વનનાં રે, બહુ ફુલડલાં વેરાવ્યાં. ૨
વ્રજના વાસી રે, આભૂષણ અંબર પહેરે;
મંગળ ગાવે રે, ગોપી જન સાદે ઘેરે. ૩
દેવ મળ્યા છે રે, સહુ નન્દજીને દરવાજે;
બ્રહ્માનન્દના રે, વહાલાનાં દર્શન કાજે.

પદ ૩

સૈયર ચાલો રે, નન્દજીને મંદિર જાઇયે;
નૌત્તમ જાયો રે, હરિ પુત્ર જશોદા માઇયે. ૧
રૂડા લેઇને રે, રમકડાં આગે ધરશું;
પ્રાણજીવનથી રે, પ્રીતલડી પહેલી કરશું. ૨
કહાન કુંવરને રે, હૈડામાં તેડી લેશું;
કે'વું ઘટશે રે, તે એકાંતે જઇ કહેશું. ૩
બ્રહ્માનંદના રે, વહાલાનું વદન વિલોકી;
રાખી લેશું રે, આંખ્યોની પલમાં રોકી. ૪

પદ ૪

સજની જોને રે, આ કહાન કુંવરની કાંતિ;
નિરખી થાય છે રે, અંતરમાં નૌતમ શાંતિ. ૧
ચરણકમળમાં રે, એને ચિહ્ન બીરાજે સોળે;
કોટી મદનની રે, જાણી શોભા થઇ છે ટોળે. ૨

ઉદર અનુપમ રે, સુંદર છે પુખતી છાતી;
રૂડું મુખડું રે, નેણમાં ટસર રાતી. ૩
બ્રહ્માનન્દના રે, વહાલાનું વદન નિહાળી;
તરત વધાવો રે, ભરી મોતીડાંની થાળી. ૪

રાગ ગરબી–પદ ૧

વ્રજનારી વધાવા જાવે રે, નાગર નંદના નંદાને;
ધેરે સ્વર મંગળ ગાયે રે, કહાન કુંવર સુખકંદાને. ૧
ચોખલિયા ચોડયા ભાલે રે, નાગર નંદના નંદાને;
જોઈ રૂપ થઇ નિહાલ રે, ગોકુળ કેરા ચંદાને. ૨
જય જય બોલે નર નાર રે, નાગર નંદના નંદાને:
જાય વારણીએ બહુ વાર રે, કોમળ બાળ મુકુંદાને. ૩
લઇ માત ઉતારે લૂણ રે, નાગર નંદના નંદાને;
બ્રહ્માનંદ કહે જાણે કુણ રે, ગૂઢ ચરિત્ર ગોવિંદાને. ૪

પદ ૨

સખી જોને આ સુંદર બાલ રે, નૌતમ નંદજીનો નાનકડો;
છે જો કંસતણો એ કાળ રે, લાલ મનોહર લેહેરખડો. ૧
રંગરેલ અલૌકિક રૂપ રે, નૌતમ નંદજીનો નાનકડો;
છે ભૂપનો પણ ભૂપ રે, પ્રેમ કરીને એને પાય પડો. ૨
ડોલરિયો દિલ દિવાન રે, નૌતમ નંદજીનો નાનકડો;
વ્રજનારીનો જીવન પ્રાણ રે, મોહનમાં પ્રોવો મનડો. ૩
એની પ્રીતિ પ્રેમી સાથે રે, નૌતમ નંદજીનો નાનકડો;
ભાળી બ્રહ્માનંદનો નાથ રે, જન્મતણો મટીયો ઝઘડો. ૪

પદ ૩

આજ નંદમહરને ધામ રે, પ્રગટયા પ્રીતમ પાતળિયો;
વ્રજનારતણો વિશ્રામ રે, પોતાને વચને પળિયો; ૧

સર્વે હરખ્યાં ગોપી ગ્વાલ રે, પ્રગટયા પ્રીતમ પાતળિયો;
પ્યારો સંતતણો પ્રતિપાલ રે, આવીને અઢળક ઢળિયો. ૨
વહાલો ગોવાળાને ઘેર રે, પ્રગટયા પ્રીતમ પાતળિયો;
કરી નૌતમ લીલા લેહેર રે, વ્રજવાસીનો દિન વળિયો. ૩
અવિનાશી રૂપ અપાર રે, પ્રગટયા પ્રીતમ પાતળિયો;
બ્રહ્માનંદનો પ્રાણ આધાર રે, સુંદર શોભે શ્યામળિયો. ૪

પદ ૪

પ્રગટયા છે પૂરણ બ્રહ્મ રે, કહાન કુંવર લીલા કરવા;
કોઈક મુનિવર જાણે મર્મ રે, હરિજનનાં દુઃખડાં હરવા. ૧
વ્રજમાં જન્મ્યા વ્રજરાજ રે, કહાન કુંવર લીલા કરવા;
કોઇ પ્રેમી જનને કાજ રે, ગિરિધર અંતરમાં ગરવા. ૨
જાણી માનસરોવર હંસ રે, કહાન કુંવર લીલા કરવા;
કુબુદ્ધિ નિર્ભાગી કંસ રે, ત્યાર થયો છે એ મરવા. ૩
બ્રહ્માનંદને રહો નિત્ય ધ્યાન રે, કહાન કુંવર લીલા કરવા;
હરવા સુરપતિનું માન રે, કર પર ગોવર્ધન ધરવા. ૪

રાગ ગરબી–પદ ૧

હેત કરી જોઈ નેણ ઠરી. હરિને ગાવે હાલો હેત કરી;
હેતે નાંખે ગોપી હીંચકોરે, હાથ રેશમ કેરી દોરી ધરી. હરિ૦ ૧
ઘણી રે ખમા મારા લાડકડા તુંને, શત્રુ તારા સર્વે જાવો મરી. હરિ૦ ૨
દર્શન કાજ મળી વ્રજવનિતા, વારે વારે આવે ફરી રે ફરી. હરિ૦ ૩
બ્રહ્માનંદ કહે કહાન કુંવરને, નિરખે જશોદા હરખ ભરી. હરિ૦ ૪

પદ ૨

મંદિરીએ રંગને ભરીએ, ચાલો જશોદાને મંદિરીએ;
પ્રાણજીવન પોઢયા પારણીએ, કોડે કોડે દર્શન કરીએ. ચાલો૦ ૧
ગલગલીયાં કરી ગોદ લઇને, તેડીને ફળીયામાં ફરીએ. ચાલો૦ ૨

રમકડાં લઈ આપશું રે હરિને, હસાવીને દુઃખ હરીએ. ચાલો૦ ૩
બ્રહ્માનંદના નાથને રે, બાળપણામાંહીથી વરીએ. ચાલો૦ ૪

પદ ૩

હાલરડું અતિ વાલરડું, હરિને ગાવે ગોપી હાલરડું;
પારણીએ પુરૂષોત્તમ પોઢયા, ભલકે છે સુંદર ભાલરડું. હરિ૦ ૧
વહાલે હસી વ્રજવનિતાને, અંતરમાં સુખ આલરડું. હરિ૦ ૨
ઘી ગળ માંડા કારણે રે, મુખડું ફાડે પ્યારો હાલરડું. હરિ૦ ૩
બ્રહ્માનંદ કહે ચાંદલિયો લેવા, કજીઓ કરી બોલે કાલરડું. હરિ૦ ૪

પદ ૪

પારણીએ જગ તારણીએ, પોઢે વહાલો મારો પારણીએ;
વ્રજ જુવતી સર્વે જોવાને કાજે, ઉભી જશોદાને બારણીએ. પોઢે૦ ૧
બહુનામી બાળક થઈ ખેલે, કંસ પછાડયાને કારણીએ. પોઢે૦ ૨
હેત ઘણે માતા હરિને ઝુલાવે, હૈડું રાખી એક ધારણીએ. પોઢે૦ ૩
બ્રહ્માનંદના વહાલાને ઉપર, વારે વારે જાય વારણીએ. પોઢે૦ ૪

રાગ ગરબી—પદ ૧

સોનાનાં બોર ઝુલે નંદકિશોર, પ્યારાને પારણે સોનાનાં બોર;
હીરા માણેક બહુ જડિયા પારણીએ, કાજુ શોભે છે મોતીડાની કોર. પ્યારા૦ ૧
કોડે ઝુલાવે પ્યારી કહાન કુંવરને, હાથે ગ્રહીને રૂડી હીરડાની દોર. પ્યારા૦ ૨
કોઈક કહાનાને નેણે સારે કાજળિયું, કોઈક બનાવે કસ્તુરીની ખોર. પ્યારા૦ ૩
બ્રહ્માનંદ કહે મુખ રસિયા વહાલમનું, ગોપી જુવે છે જેમ ચંદ ચકોર. પ્યારા૦ ૪

પદ ૨

નંદકુમાર મારા હૈડાનો હાર, ઝુલે પારણીએ નંદકુમાર;
કંકુડા વરણા કહાન કુંવરનું, મુખડું જોઇને મોહી વ્રજડાંની નાર. ઝુલે૦ ૧
કોડે કોડે રે ઝાઝું હેત કરીને, લૂણ ઉતારે માતા વારમવાર. ઝુલે૦ ૨
હીલો ગાવિને ગોપી હરિને ઝુલાવે, ભીડ મચી છે નંદજીને દ્વાર. ઝુલે૦ ૩
બ્રહ્માનંદનો વહાલો લટકાળો લાલો, અજબ રંગીલો છેલો પ્રાણઆધાર. ઝુલે૦ ૪

પદ ૩

સંતોનું શ્યામ દોયલી વેળાનું દામ, પોઢે પારણીએ સંતોનું શ્યામ;
મુખડું જોવા માવાનું આવે મુનીશ્વર, અરજ કરે છે નંદજીને રે ધામ. પોઢે૦ ૧
વારા ફેરી ઝુલાવે રસિયા વહાલમને, ગોપી મેલીને ઘરડાનાં રે કામ, પોઢે૦ ૨
કાલું બોલે છે વહાલો મનડાને મોહાતા, રોતા રહે છે છાંના રાધાને નામ. પોઢે૦ ૩
બ્રહ્માનંદનો વહાલો જન્મ સંઘાતિ, વ્રજવાસીને ઠરવાનું છે ઠામ. પોઢે૦ ૪

પદ ૪

બાલુડે વેશ માથે શોભે છે કેશ, વહાલો રમે છે મારો બાલુડે વેશ;
અખિલ બ્રહ્માંડનો કરતા અખંડિત, નાથ કરે છે લીલા નંદજીને નેસ. વહા૦ ૧
રસિયા પ્રીતમને ગોપી તેડી રમાડે, જેના મહિમાનો પાર પામે ન શેષ. વહા૦ ૨
દેખી પંખીને મારો શ્યામ ડરે છે, ધ્યાન ધરે છે જેનું શિવજી હંમેશ. વહા૦ ૩
બ્રહ્માનંદનો પ્યારો જીવન મારો, લાલ આંખડલિમાં રાખીને લેશ. વહા૦ ૪

રાગ માલીગાડો—પદ ૧

શ્રાવણ વદી આઠમ બુધવારી, નક્ષત્ર રોહિણી આયો રે;
અર્ધ રાત જાતાં અવિનાશી, પુત્ર જશોદા જાયો રે. શ્રાવણ૦ ૧
જયજયકાર થયો ત્રિલોકમાં, દેવત્રિયા મળી નાચે રે;
આંગણીયે બ્રહ્માદિક આવીને, વેદતણી ધૂની વાંચે રે. શ્રાવણ૦ ૨
નંદરાય ઘર ઉત્સવ ભારી, ઉલટયો ગોકુળ સારો રે;
ગોપી આય કહે જશોદાને, જીવો લાલ તમારો રે. શ્રાવણ૦ ૩
જન્મ સુણી આવ્યા સિદ્ધ ચારણ, ગંધર્વ ઉભા ગાવે રે;
બ્રહ્માનંદના નાથને હેતે, વ્રજની નાર વધાવે રે. શ્રાવણ૦ ૪

પદ ૨

ભાગ્ય બડાં વ્રજની ભુમીનાં, જન્મ્યા અંતરજામી રે;
અખિલ ભુવનના કરતા હરતા, બ્રહ્માદિકના સ્વામી રે. ભાગ્ય૦ ૧
ગુણી જન મંગળ ગીત ઉચ્ચારે, નંદરાયની ડેલી રે;
મન ફુલ્યાં વ્રજની વનિતાનાં, ફૂલી છે વનની વેલી રે. ભાગ્ય૦ ૨

જાગ્રતમાન થયા દ્વિજ અગ્નિ, હેત મંગળ થઇ ડોલે રે;
ચિરંજીવી રહો લાલ નંદનો. જય જય વાણી બોલે રે. ભાગ્ય૦ ૩
નંદભવન આવી વ્રજનારી, સરવે છુટી બાળી રે;
બ્રહ્માનંદ વારણિયાં લેવે, ભૂધરનું સુખ ભાળી રે. ભાગ્ય૦ ૪

પદ ૩

નંદરાય ઘર ઉત્સવ ભારી, જૂથ મળ્યા વ્રજવાસી રે;
ગૌ બ્રાહ્મણ સંત દેવને કાજે, પ્રગટ થયા અવિનાશી રે. નંદ૦ ૧
ગોપી ને ગોવાળ મળીને, મંગળ ગીત ઉચ્ચારે રે;
દુધ દહીંના કીચ મચાવ્યા. માંખણ લુંદા મારે રે. નંદ૦ ૨
અધિક થઇ આનંદ કેરી એલી. ગીત પરસપર ગાવે રે;
કોડીલા નટવરને કાજે, રમકડાં લઈ આવે રે. નંદ૦ ૩
ધન્ય ધન્ય ભાગ્ય નંદનાં સજની, ધન્ય જશોદા માતા રે;
બ્રહ્માનંદનો વહાલો જન્મ્યા, અવિચળ સુખના દાતા રે. નંદ૦ ૪

પદ ૪

ચાલ સખી જોવાને જાયે, મોહનજીનું મુખડું રે;
ખોળામાં તેડીને ખોયે, અનંત જનમનું દુઃખડું રે. ચાલ૦ ૧
આંગણીયામાં ઉભા રહીને, ધીરે સાદે ગાયે રે;
શ્યામળીયા નટવરને સારૂ, રમકડાં લઇ જાયે રે. ચાલ૦ ૨
આનંદ અધિક જાય ઉભરાણો, વાજાં નૌત્તમ વાજે રે;
ઇંદ્રાદિક બ્રહ્માદિક આવ્યા, સુખડું જોવા કાજે રે. ચાલ૦ ૩
મહા અલૌકિક ભીડ મચી હે, નન્દરાયને દ્વારે રે;
બ્રહ્માનંદના વહાલાની ઉપર, તન મન ધન લઈ વારે રે. ચાલ૦ ૪

પદ ૫

ગોકુળની સરવે મળી ગોપી, નાથ વધાવા આવી રે;
ઝણઝણીયાં ખણખણીયાં ઝાંઝાં, રમકડાં તે લાવી રે. ગોકુળ૦ ૧
એક કહે દેખોને બેહેની, બાળક લાગે છે વહાલો રે;
એક કહે ઝાઝા દિન જીવો, નંદ જશોદાનો લાલો રે. ગોકુળ૦ ૨

દુધ દહીંના કીચ મચાવ્યા, માંખણ ઢીલે લીંપે રે;
નંદરાયનું આંગણ નોતમ, કોટી રવિ જેવું દીપે રે. ગોકુળ૦ ૩
એકાંતે જો હાથ આવે તો, લાભ અલૌકિક લીજે રે;
બ્રહ્માનંદના નાથ સંગાથે, કોડે પ્રીતિ કીજે રે. ગોકુળ૦ ૪

પદ ૬

વ્રજમાં ઘર ઘર હરખ વધાઇ, ગાવે નર ને નારી રે;
પ્રગટ થયા પુરૂષોત્તમ પોતે, વહાલો કુંજવિહારી રે. વ્રજમાં૦ ૧
ધેનુને મન હરખ થયો અતિ, આંચળ દૂધ ન માવે રે;
વાછરડાં મન હરખ ભરાણાં, નંદ ઘર દોડી જાવે રે. વ્રજમાં૦ ૨
દેવત્રિયા આંગણીયે આવી, કોઇ નાચે કોઈ ગાવે રે;
સુંદર વરને જોવા સારૂ, ઇંદ્રાદિક સુર આવે રે. વ્રજમાં૦ ૩
હરખ થયો ગોવરધન ગિરિને, વનવેલી હરખાણી રે;
બ્રહ્માનંદ કહે જગજીવન, સુત જાયો નંદરાણી રે. વ્રજમાં૦ ૪

પદ ૭

આજ સખી ઉત્સવનો દહાડો, અવતરિયા અવિનાશી રે;
જેનો વેદ વખાણે છે મહિમા, તે આ કુંજવિલાસી રે. આજ૦ ૧
ચાલો સખી સૌ મળી જઇએ, નંદતણે આંગણીયે રે;
અંતર અત એકાંતિક વાતુ, ભૂધરજીને ભણીયે રે. આજ૦ ૨
ગ્વાલ બાળ સહુ મંગળ ગાવે, વદન વધાઇ વધાઈ રે;
પ્રેમીજન કારણ હરિ પ્રગટયા, સુંદર વર સુખદાઇ રે. આજ૦ ૩
પાલણિયે નટવરજી પોઢ્યા, ચાલો પાસે જઇએ રે;
બ્રહ્માનંદના વહાલા કેરાં, બાળ સંગાથી થઇએ રે. આજ૦ ૪

પદ ૮

નંદભવન આવી વ્રજનારી, વહાલાજીને વધાવા રે;
લાલતણાં વારણિયાં લઇને, ગીત મનોહર ગાવા રે. નંદ૦ ૧
ટોડે ટોડે તોરણ બાંધ્યાં, શેરી ફુલ વેરાવ્યાં રે;
દુધ દહીં ને માખણ કેરાં, આંગણ કીચ મચાવ્યાં રે. નંદ૦ ૨

પૂરણ મોતી ચોક પૂરાવ્યા, ધેનુને શણગારી રે;
કહાનકુંવરને જોવા આવે, ગોકુળીયાની નારી રે. નંદ૦ ૩
ગોપી સરવે કહે જશોદાને, જીવો લાલ તમારો રે;
કંસ નિકંદન કરવા પ્રગટયા, બ્રહ્માનંદનો પ્યારો રે. નંદ૦ ૪

રાગ કાફી—પદ ૧

મેં ઢાઢી ઘનશ્યામ કુંવરકે, ઘરકો અસલ કહાયોરી; ટેક૦
જન્મ સુન્યો વ્રજરાજ નંદ ગૃહ, તબ મેં જાચન આયોરી. મેં૦ ૧
ભલો ભલો તું નંદ મહાબલ, તેરો ભાગ સવાયોરી.
મુનિવરકે જો ધ્યાનમેં નાવે, સો તેં ઘરમહીં પાયોરી. મેં૦ ૨
ધન્ય ધન્ય ભાગ્ય જશોમતિ તેરે, ભયો તેરો મન ભાયોરી;
અનંત કોટી બ્રહ્માંડકો કર્તા, સો તેં ગોદ ખેલાયોરી. મેં૦ ૩
જાકું રટત હે શેષ સહસ્રમુખ. નિગમ નેતિ કરી ગાયોરી;
બ્રહ્માનંદ કહત ધન્ય વ્રજજન, તાકું લાડ લડાયોરી. મેં૦ ૪

પદ ૨

શ્રી ઘનશ્યામ કુંવરકો ઢાઢી, એહી હમારે દાતારી; ટેક૦
યાકું છાંડકે ઓર ડોર કહું, જાચનકું નહીં જાતારી. શ્રી૦ ૧
નંદરાય જ્યું ભાગ્ય તેહારેકી, કહી ન જાવત બાતારી;
તેહારે લાલકી નવલ બધાઈ, જાચનકું મેં આતારી. શ્રી૦ ૨
જેહી દેખન ઈંદ્રાદિક આયે, શંકર સહિત વિધાતારી;
સબ તેરે અંગનમે હિ ઢાઢે, બોલત હે હરખાતારી. શ્રી૦ ૩
એહી માગત હું મોજ નિરંતર, સુનો જશોમતિ માતારી;
બ્રહ્માનંદ કહે તેરે સુતકે, દરશનકે સુખ સાતારી. શ્રી૦ ૪

પદ ૩

મેં ઢાઢી અસલ અનાદિ, શ્રીઘનશ્યામ કુંવરકોરી;
ઓરનકું જાચત નહીં કબહું, ગાવત ગુણ એહી ઘરકોરી. મે૦ ૧

આજ હમારો ભાગ્ય જગ્યો હે, ભયો નંદકે લરકોરી;
ગાય રિઝાય બજાયકે બાજા, દાન ન લેહું હરકોરી. મે૦ ૨
જશોમતિ પાસ ઝગરકે લૈહું, હાર રૂ કંકન કરકોરી;
હય ગય દાન નંદતે જૈહું, કડાં કટાર કમરકોરી. મે૦ ૩
અબ મેરે કૈકો કામ નાહિ હે, ઈંદ્રાદિક અમરકોરી;
બ્રહ્માનંદ મગન હોય ડોલત, ઢાઢી રાધા વરકોરી મે૦ ૪

પદ ૪

સુંદર વર ઘનશ્યામ કુંવરકે, ઢાઢી નામ કહાવેરી;
નંદરાયકે લાલ ભયો હે હરખ વધાઇ ગાવેરી. સું૦ ૧
માત જશોમતિ તાત નંદકું, સુતકે ચરિત્ર સુનાવેરી;
ઈંદ્રાદિક બ્રહ્માદિકકે ઘર, જાચન કબુ નવ જાવેરી. સું૦ ૨
જન્મ કર્મ કહીકે જગમાંઇ, સંતનકું રીઝાવેરી;
પ્રાન પ્રિયાકો દેખી પારનો, ચરણકમળ ચિત્ત લાવેરી. સું૦ ૩
અનંત જન્મકો દરિદ્ર ગયો હે, હિયરેમે હુલસાવેરી;
બ્રહ્માનંદ નવલ પ્રીતમકે મોજ દરશકી પાવેરી. સું૦ ૪

શ્રી ઉદ્ધવજન્મોત્સવ પદો–

દોહા–

શ્રાવન વદી શુભ અષ્ટમી, હરિવાસર સુખરૂપ;
તાદિન પ્રાતહિ પ્રગટ ભયે, શ્રી ઉદ્ધવ પરમ અનુપ. ૧
જ્ઞાનદિવાકર તિમિર હર, ખંડન મત અતિ દુષ્ટ;
પ્રગટ ભયે શ્રી ઉદ્ધવ, કરન સ્વકૃત મત પુષ્ટ. ૨
નિગમવિરોધિ વિવિધ મત, કરત અધર્મ પ્રચંડ;
કળિમય ધ્વાંત વિનાશન, પ્રગટ ભયે માર્તંડ. ૩
ધર્મ સનાતન ધરણિ પર, વિસ્તારન સુખકંદ;
શ્રી ઉદ્ધવ આપે ધર્યો, રૂપ શ્રી રામાનંદ. ૪

રાગ બિલાવલ—પદ ૧

હાંરે આજ આનંદ વધાઇ ગાઇએ, શ્રી ઉદ્ધવ જનમ દિન આઉ રી; આજ૦
વરનુ વિશદ ગુન કીરતિ, સુની શ્રવન લગત સુખદાઇ રી. આજ૦ ૧
પ્રસિદ્ધ પ્રલાપ પુરાનમેં, શ્રી ઉદ્ધવ કીરતિ વડાઇ રી;
શ્રીકૃષ્ણભક્ત શિરોમનિ યે, વિદિત હે ત્રિભુવન માંઇ રી. આજ૦ ૨
શ્રીમુખ શ્રીહરિ મહિમા કહી, ઉદ્ધવ મેરેસું ન્યૂન નાંઇ રી;
મન ઇંદ્રિયસું અજીત હેં, સદા રહત અસંગ અધિકાઇ રી. આજ૦ ૩
સોઇ ઉદ્ધવ અસંખ્ય જન તારન, પ્રગટ ભયે ભુવિ આઇ રી;
પ્રેમાનંદ કહે શ્રીઉદ્ધવ જનમ, બરનું યથામતિ ગાઇ રી. આજ૦ ૪

પદ ૨

હાંરે શ્રી ઉદ્ધવ જનમ જશ બરનું, અતિ આનંદ ઉરમહિં આની રી; શ્રી૦
અવધપુરી અતિ પાવની, તહાં રહત દ્વિજ એક અમાની રી. શ્રી ઉ૦ ૧
નામ અજય જ્ઞાતિ સરવરિયા, ઋગવેદી કુળવાની રી.
કશ્યપગોત્ર શાખા અશ્વલાયન, તિન પ્રવર સુખદાની રી. શ્રી ઉ૦ ૨
સુમતિ નામ નારી દ્વિજવરકી, પતિવ્રતા જગજાની રી;
તાકે ઘર પ્રગટે શ્રીઉદ્ધવ, જ્ઞાનનિધિ ગુણખાની રી. શ્રી ઉ૦ ૩
સંવત સત્તર પંચાણુકી સાલે, સુર બોલત જયજય બાની રી;
પ્રેમાનંદકે શ્રાવન વદ આઠો, પ્રગટે પ્રાન ઉદ્ધો જ્ઞાની રી. શ્રી ઉ૦ ૪

રાગ આશાવરી પદ ૧

પ્રગટ ભયે શ્રી ઉદ્ધવ અવનિ, સુર નર મુનિ હિતકારી રી;
સ્થાપન ધર્મ એકાંતિક વરાપર, અપરમ વેશ ઉખારી રી. પ્રગટ૦ ૧
બાજત બધાઇ અજય વિપ્ર ઘર, ગાવતી મંગળ નારી રી;
જય જય શબ્દ છાય રહી ચહુ દિશે, વરસે સુમન સુરધારી રી. પ્રગટ૦ ૨
બઢત પ્રતિદિન દ્વિતીયા ચંદ્ર જીમિ, પરમપુરુષ અઘહારી રી;
માત તાત પ્રફુલ્લિત મુખ નિરખત, નયન પલક જુગટારી રી. પ્રગટ૦ ૩

વિદ્વિત ભયે કતિચન શુભ વાસર, શુભ મુહુરત નિરધારી રી;
પ્રેમાનંદકે બોલાયા ધરામર, ગનિક પ્રવીણ વિચારી રી. ૩૯૮૦

પદ ૨

આયે વિપ્ર ત્રિકાળવેદી વર, દ્વિજ અજયકે દ્વાર રી;
દેખી મુહુરત લગ્ન કરત ગ્રહ, જનમ અંક શુભ વાર રી. આયે૦ ૧
અતિ પ્રતાપી દ્વિજ પુત્ર તુમારો, શુભ ગુનકા ભંડાર રી;
સબ પ્રકાર શુભ જોગમેં આયો, કિયો નામ નિરધાર રી. આયે૦ ૨
નામ યાકો શ્રીરામ અનુપમ, સમરથ સબહિ પ્રકાર રી;
ઉદ્ધવ સમ ગુન જ્ઞાન અચળ મતિ, શ્રી કૃષ્ણ ચરણ રતિસાર રી. આયે૦ ૩
યા કારન ઉદ્ધવ સમ હોઈ હૈં, તારન જીવ અપાર રી;
પ્રેમાનંદકે સુની સુતકે ગુન, બઢ્યો માત તાતકું પ્યાર રી. આયે૦ ૪

નરઋષિજન્મોત્સવ (ભાદ્ર શુકલ દ્વિતીયા)

રાગ સારંગ—પદ ૧

આજ અવનિ પર આનંદ છાયો, હો રહ્યો જયજયકાર હો; આજ૦
ધન્ય ધન્ય આજ દિવસ મંગળમય, લિયો નરઋષિ અવતાર હો. આજ૦ ૧
ભાદ્ર માસ શુકલ તિથિ દ્વિતીયા, અતિ સુંદર ગુરૂવાર હો;
ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર શુભ, અભિજીત મુહૂર્તસાર હો. આજ૦ ૨
હિમાલય ગિરિરાજ શિખરપર, ધર્યો ગર્ભ ઇન્દ્ર ઉદાર હો;
દિન મધ્યાહ્ન સમે પ્રભુ પ્રગટે, સુંદર કુંતીકુમાર હો. આજ૦ ૩
મહા મહોત્સવ ભયો સુરપુરમેં, ગાવત મંગળ ચાર હો;
પંચ શબ્દ વાજીત્ર વજાવત, પ્રેમાનંદ બલહાર હો. આજ૦ ૪

પદ ૨

અભિનવો આનંદ અમલ દશો દિશ, પ્રગટે જયકારી હો; અભિ૦
બજત દુંદુભિ વિબુધ ભવનમેં, ગાવત સુરપુર નારી હો. અભિ૦ ૧
બરખત અમર સુમન ઝરી પ્રમુદિત, જયજય શબ્દ ઉચ્ચારી હો;

સૂત માગધ બંદિજન જાચક, ગાવત જશ વિસ્તારી હો. અભિ૦ ૨
પુલકિત ભયે ઋષિગણ અગણિત, મહાનૈષ્ઠિક વ્રતધારી હો;
પરમ પુરૂષ પાંડુકુળ પ્રગટે, સુરસજ્જન ભયહારી હો. અભિ૦ ૩
જાતકકર્મ કરાયો પાંડવ, વિધિવત સરસ સંવારી હો;
પ્રેમાનંદ મહાદ્વિજવરકું, દિયો દાન બડભારી હો. અભિ૦ ૪

પદ ૩

કુંતાજીસુત જાયો સુંદર, શોભા કહિ ન જાઈ હો; કુંતાજી૦
કોટિક કામ છબી ત્રિભુવનકી, પરત ચરનમેં આઇ હો. કુંતાજી૦ ૧
અર્જુન નામ શત્રુ મદમર્દન, સુર નર મુનિ સુખદાઈ હો;
શ્રીકૃષ્ણ ઘનશ્યામ સુંદરકો, પરમ સખા સબ ગાઈ હો. કુંતાજી૦ ૨
ભાલ વિશાળ કમળપત્રાયત, વર લોચન છબી છાઈ હો;
મુખ મૃગાંક પાર્વણ શશિ હાસં, નિરખિ મુદિત સુરરાઈ હો. કુંતાજી૦ ૩
ઉર વિશાળ ભુજદંડ પ્રલંબિત, કટિ કેસરી મન ભાઇ હો;
ચલત કુંવર કળરાજ હંસ ગતિ, પુલકિ પ્રેમાનંદ ગાઇ હો. કુંતાજી૦ ૪

પદ ૪

ઉત્સવ આજ સુભગ અર્જુનકો, પ્રગટે નર રણધીરા હો; ઉત્સવ૦
પંચ શબ્દ વાજીંત્ર વજાવો, ગાવો ગુણ ગંભીરા હો ઉત્સવ૦ ૧
પહિરાવો કંચન મણિ ભૂષન, હરિકે શ્યામ શરીરા હો;
કિરીટ મુગટ મકરાકૃતિ કુંડળ, ઉર વૈજયંતી રૂચિરા હો. ઉત્સવ૦ ૨
કટિનિખંગ પરિધાન પીતપટ, કરવર શુભ ધનુ તીરા હો;
વામ પૃષ્ઠતટ ચર્મ કનકમય, અક્ષય સરસ તૂણીરા હો. ઉત્સવ૦ ૩
કરી નૈવેદ્ય ધરો હરિ આગે, ઘૃતસાકર પુરી ક્ષીરા હો;
પ્રેમાનંદકો નાથ જીમીકે, દેહો પ્રસાદી નરવીરા હો. ઉત્સવ૦ ૪

આરતી

જયદેવ જયદેવ, જય નર વિખ્યાતા (૨)
અર્જુન અસુરનિકંદન (૨) સુર નર મુનિ ત્રાતા; જય૦

પ્રગટ ભયે પાંડવકુળ, નારાયણ ભ્રાતા; (૨)
કૌરવ વંશ નિષુદન (૨) સજ્જન સુખદાતા. જય૦ ૧
કરવર ધર શર ગાંડીક (૨) કટિ અક્ષય ભાતા; (૨)
શત્રુદર્પ વિમર્દન (૨) શરણાગત પાતા. જય૦ ૨
શંભુજીત વાસવજીત, અજીત નરનાથા; (૨)
નામ સુણી શત્રુ ઉર (૨) નાહિત સુખસાતા. જય૦ ૩
શેષ શંભુ સુરેન્દ્રા ગાવત ગુણધાતા (૨)
પ્રેમાનંદ પુલકિત ગુણ (૨) ગાવત હરખાતા. જય૦ ૪

ગણપતિમહોત્સવ પદો—(ભાદ્ર શુકલ ચતુર્થી)

દોહા—

લંબોદર ગજવદન શુભ, સદા તે બાળસ્વરૂપ;
સર્વે પહેલો પૂજીએ, ગૌરીપુત્ર અનુપ. ૧
એક દંત ત્રિલોચન, ચતુર્બાહુ શશિ ભાલ;
વિધનરાજ વિઘતરાજ વરદાયક, ગણપતિ ગૌરીબાલ. ૨

રાગ આશાવરી—પદ ૧

આજ મહોત્સવ મહામંગળ દિન, ગાઇએ ગણપતિ દેવા હો;
પૂજીએ પારવતીનંદન શુભ, અતિ આનંદ સુખ લેવા હો. આજ૦ ૧
ભાદ્ર માસ ચોથ અજવાળી, ગણપતિ પૂજન કીજે હો;
નાશે દુઃખ દારિદ્રય વિઘ્ન સઉ, મનવાંછિત ફળ લીજે હો. આજ૦ ૨
ગજ મોતીના ચોક પુરાવો, બાંધો તોરણ દ્વારે હો;
ચંદન પુષ્પ ધૂપ દીપક લઇ, પૂજીએ વિવિધ ઉપચારે હો. આજ૦ ૩
કંચનથાળ ભરી ધરી આગે, મોદક મંગળકારી હો;
જગવંદન જમાડિએ જુકતે, વિઘ્નરાજ અઘહારી હો. આજ૦ ૪
વાજાં વાજે વિવિધ ભાતનાં, ઢોલ નોબત શરનાઈ હો;
પ્રેમાનંદ કહે ઝાંઝ મૃદંગ લઇ, ગાયો મંગળ વધાઈ હો. આજ૦ ૫

પદ ૨

વંદિયે વિઘ્નરાજ વરદાયક, એક દંત અવિનાશી હો;
ગણપતિ ગિરિજાપુત્ર મનોહર, મૂરતિ મંગળ રાશી હો. વંદિયે૦ ૧
લંબોદર ગજવદન વિનાયક, ત્રિલોચન શશિ ભાલે હો;
ઉરગ વિભૂષણ ચતુર્બાહુ શુભ, ઉંદર બેસીને ચાલે હો. વંદિયે૦ ૨
જટા મુકુટ ઉપવીત ફરશિધર, ગૌર વરણ તન સોહે હો;
મોદક પ્રિયે મુદ મંગળ દાતા, ત્રિભુવન દેખી મોહે હો. વંદિયે૦ ૩
સિદ્ધિ સદન શંભુસુત સુંદર, વિઘ્ન વિનાશન જાણી હો;
પ્રેમાનંદ કહે ધર્મવંશી સહુ, પૂજો પ્રીતિ આણી હો. વંદિયે૦ ૪

પદ ૩

ગાઇએ ગણપતિ ગૌરીનંદન, ગજવદન બહુનામી હો.
પૂજ્ય દેવ છે ધર્મવંશના, ગજવદનો ગણસ્વામી હો. ગાઇએ૦ ૧
તેત્રિશ ક્રોડ દેવ શિવ બ્રહ્મા, સહુ પહેલો પૂજાયે હો;
ગાંધર્વ સિદ્ધ ચારણ વિદ્યાધર, અતિ વર્ણવી જશ ગાયે હો. ગાઇએ૦ ૨
સુર નર અસુર ઇશ મુનિ માનવ, પૂજે પ્રથમ પધરાઇ હો;
ત્યારે કારજ સુધરે સહુનાં, વિઘ્નરહિત સુખદાઇ હો. ગાઇએ૦ ૩
વિદ્યા વારિધિ બુદ્ધિ વિધાતા, રિદ્ધિ સિદ્ધિ વર લાવે હો;
ધર્મવંશના પૂજ્ય દેવ જાણી, પ્રેમાનંદ ગુણ ગાવે હો. ગાઇએ૦ ૪

પદ ૪

શંભુકુંવર શોભાનો સાગર, સદા તે બાલે વેશ હો;
કંદર્પ કોટિક મોહ્યા જોઇને, ગૌરીપુત્ર ગણેશ હો. શંભુ૦ ૧
અભય અજીત ઉમાસુત સુંદર, ઉંદરની અશવારી હો;
સુમરે કષ્ટ હરે તે સહુનાં, લંબોદર જયકારી હો. શંભુ૦ ૨
મંગળ મૂરતિ મહાદેવ સુત, મંગળ કારજ કરતા હો;
ત્રણ લોકમાં સહુ કોઇ પૂજે, વિઘ્ન અમંગળ હરતા હો. શંભુ૦ ૩
સાત્વિક શીલ સ્વભાવ સુભોજી, ચોસઠ વિદ્યા જાણે હો;
પૂજ્ય પ્રતિષ્ઠિત અતિ ત્રિભુવનમાં, પ્રેમાનંદ વખાણે હો. શંભુ૦ ૪

રાગ કાફી—પદ ૧

પૂજીએ પ્રથમ ભવાનીનંદન, પૂજીએ પ્રથમ ભવાનીનંદન;
ઘૃત સિંદૂર ગૌરતનુ મંજન, ધૂપ દીપ ચરચિએ તન ચંદન. પૂજીએ૦ ૧
મોદક થાળ ભરી ધરી આગે, નિરખિએ વિઘનરાજ સ્વછંદન. પૂજીએ૦ ૨
ગણપતિ ગિરિજાકુંવર લંબોદર, વિઘનરાજ કરે વિઘ્ન નિકંદન. પૂજીએ૦ ૩
સુર નર અસુર નાગ મુનિ દાનવ, પ્રેમાનંદકે સેવત કરી વંદન. પૂજીએ૦ ૪

પદ ૨

ગજવદનો ગણુનાયક પ્યારો, ગજવદનો ગણુનાયક પ્યારો;
શંભુસુવન ભવાનીનંદન, જગવંદન જગત ઉજીયારો. ગજ૦ ૧
ગૌર વરન તન ઉરગ વિભુષન, લંબોદર ઉંદર અસવારો. ગજ૦ ૨
એકદંત જસવંત ત્રિલોચન, દુઃખ દારિદ્રય મિટાવન હારો. ગજ૦ ૩
વિઘ્ન વિનાયક મંગળદાયક, પ્રેમાનંદકે મોદક જીમનારો. ગજ૦ ૪

પદ ૩

ગણુપતિ ગિરિજાનંદન ગાઇએ, ગણુપતિ ગિરિજાનંદન ગાઇએ;
પૂજીએ પારવતીસુત સુંદર, મનવાંછિત પરિપૂરન પાઇએ. ગણુ૦ ૧
વિદ્યાવારિધિ બુદ્ધિ વિધાતા, શુદ્ધિ બુદ્ધિનાથ ચરન શિર નાઇએ. ગણુ૦ ૨
નામ સુનત દુઃખ દૂર વિનાશન, મોતીન થાર ભરિકે વધાઇએ. ગણુ૦ ૩
પ્રેમાનંદકે જગત-ગુરૂ ગણુપતિ, પૂજીએ પરમ પ્રીત ઉર લાઇએ. ગણુ૦ ૪

પદ ૪

સુતપતિ સુત સબસેં બાંકો, સુતપતિ સુત સબસેં બાંકો;
સબ દેવનમેં પ્રથમ પૂજાવો, ત્રિભુવનમાં જીન પાર્યો હે શાંકો. સુત૦ ૧
સુમરે વિના કોઉ કાજ ન સુધારે, એસો અંટેકો સુત ગિરિજાકો. સુત૦ ૨
વિઘ્નરાજ ગણુપતિ ગજવદનો, જીવનહાર સદા લડુવાંકો. સુત૦ ૩
પ્રેમાનંદ કહે પૂજીએ પ્રીતે, ધર્મવંશી પૂજ્ય દેવ સદાકો. સુત૦ ૪

રાગ ગરબી—પદ ૧

ગજાનન ગાઇએ દુંદાલો, ગજાનન ગાઇએ દુંદાલો;
કામરિપુનો કુંવર કોડિલો, સુંદર સુંઢાળો. ગજા૦ ૧
શુદ્ધિ બુધ્ધિવર વિદ્યાસાગર, બહુ બુદ્ધિવાળો. ગજા૦ ૨
ગૌર વરણ ગિરિજા સુત સુંદર, રૂડો રૂપાળો. ગજા૦ ૩
પ્રેમાનંદકે પૂજીએ પ્રીતે, મોદક ભરી થાળો. ગજા૦ ૪

પદ ૨

ગણપતિને જોવા ચાલો સખી, ગણપતિને જોવા;
સુંદર રૂપ ધર્યું ગિરિજા સુત, ત્રિભુવનને મો'વા. ચાલો૦ ૧
ગૌર વરણ ગજવદન ત્રિલોચન, દેખીને દુઃખ ખોવા. ચાલો૦ ૨
દુઃખભંજન દુંદાલા કુંવરને, ચરણે ચિત્ત પ્રોવા. ચાલો૦ ૪
પ્રેમાનંદ કહે પૂજીએ પ્રીતે, વિધ્નને વગોવા. ચાલો૦ ૪

પદ ૩

ગણપતિ બહુનામી પૂજો પ્રીતે, ગણપતિ બહુનામી;
વિઘ્ન વિનાયક શુભ વરદાયક, દુઃખ સદનનો સ્વામી. પૂજો૦ ૧
એકદંત ગજવદન લંબોદર, વર ઉંદર ગામી પૂજો૦ ૨
તેજ પ્રતાપ પ્રબળ પરિપૂરણ, ઇશ અંતરજામી. પૂજો૦ ૩
પ્રેમાનંદ કહે પૂજીએ હેતે, કશી ન રહે ખામી. પૂજો૦ ૪

પદ ૪

ગણપતિની કરીએ પૂજા પહે'લી ગણપતિની કરીએ;
ઘૃત સિંદૂર ચઢાવીને મોદક. થાળ આગે ધરિએ. પૂજા૦ ૧
ચંદન પુષ્પ ને ધૂપ દીપક ધરી. આરતી ઉચ્ચરિએ. પૂજા૦ ૪
પારવતી સુત પૂજીએ પ્રીતે, પાતક પરહરિએ. પૂજા૦ ૩
પ્રેમાનંદ કહે પૂજી વિનાયક, ભવસાગર તરિએ. પૂજા૦ ૪

ગણપતિ આરતી

જય મંગળકારી જય મંગળકારી;
આરતી ઉતારૂ ગણપતિ ભયહારી. જય૦ ૧

વંદિત ચરન સુરાસુર, ત્રિભુવન વિખ્યાતા, (૨)
કામરિપુ સુત સુંદર (૨) મનવાંછિત દાતા. જય૦ ૧
ગૌર વરણ ગિરિજાસુત, સુંદર ગજવદના, (૨)
શોભિત શશિવર ભાલે (૨) જય જય સુખસદના. જય૦ ૨
એક દંત અઘમોચન, ઉંદર અસવારી (૨)
લંબોદર ગણનાયક, (૨) વરદાયક ભારી. જય૦ ૩
સિંદૂર ઉરમ વિભુષણ, ભૂષિત સુખરાશી (૨)
પ્રેમાનંદ બલિહારી (૨) શિવસુત અવિનાશી. જય૦ ૪

રાગ ગરબી—પદ ૧

સદા સુંડાળો સુખરૂપ, ગણપતિ ગાઇએ રે;
એને પૂજીને પરમ અનુપ, સુખિયાં થાઇએ રે. ટેક૦
સુખરૂપી ગજદંત સુંડાળો, એતો દુઃખભંજન દુંડારો રે. ગણ૦ ૧
ગૌરીનંદન સદા તન ગરવો, એને સર્વેથી પહેલો સ્મરવો રે. ગણ૦ ૨
વિઘ્ન સર્વે એને ભજતાંરે ભાગે, એને મોદક મીઠા લાગે રે. ગણ૦ ૩
બ્રહ્માનંદ કહે સુખદાયી છે, જો કાર્તિક સ્વામીનો ભાઇ રે. ગણ૦ ૪

પદ ૨

ગાવો ગૌરીપુત્ર ગણેશ, સૌથી આગે રે;
કેદિ વિઘ્ન ન વ્યાપે લેશ, સંકટ ભાગે રે. ટેક૦
ભાવે છે મોદક સેવ સુંવાળી, લાગે ફાંદ અધિક રૂપાળી રે. સૌથી૦ ૧
સુંદર બાળવેશ સદાઈ, શોભા રહી છે જો તનપર છાઇ રે. સૌથી૦ ૨
સુંડતણી છબી નૌતમ ભારી, જોઇ મગન થયાં નરનારી રે. સૌથી૦ ૩
બ્રહ્માનંદ કહે શી રહી ખામી, જેને બાપ શંભુ બહુનામી રે. સૌથી૦ ૪

પદ ૩

તમે જશકારી જગમાંહે રે, ગણપતિ દેવા રે;
ગુણ સર્વે તમારા ગાય, મહાસુખ લેવા રે. ટેક.

ગૌરીપુત્ર ગણેશ તમારી, પ્રેમી જનને લાગે છબી પ્યારી રે. ગણ૦ ૧
ભાવે ભજે તેનાં વિઘ્ન વિનાશે, સદા રિદ્ધિ સિદ્ધિ ઉભી છે પાસે રે. ગણ૦ ૨
ભાવસહિત ગુણ જે નર ગાવે, તે તો પરમ મહાસુખ પાવે રે. ગણ૦ ૩
બ્રહ્માનંદ કહે અતિ સુખ આપો, કરી કરુણા વિઘ્ન સર્વે કાપો રે. ગણ૦ ૪

પદ ૪

વળી સુંઢાળા ગણુસ્યામ, લાગો છો પ્યારા રે;
પ્રેમે ગાય છે આઠે જામ, ભક્ત તમારા રે. ટેક૦
માતપિતાને છો લાડકવાયા, તમે ભક્તતણે મન ભાવ્યા રે. લાગો૦ ૧
દિલ દરિયાવ તમે એકદંતા, તમને સેવે તે પુણ્યવંતા રે. લાગો૦ ૨
પ્રેમેથી પૂજીએ ચરણ તમારા તમે વારજો વિઘ્ન અમારા રે. લાગો૦ ૩
બ્રહ્માનંદ કહે શિરનામી, તમે સિદ્ધિ બુદ્ધિના સ્વામી રે. લાગો૦ ૪

ભાદ્રશુકલ રાધાઅષ્ટમી

રાગ સારંગ પદ—૧

બડભાગી વૃષભાન, સખહિરે બડભાગી વૃષભાન;
જાકે ગૃહ શ્રીસમ શોભાનિધિ, પ્રગટિહે કુંવરી સુજાન. સખ૦ ૧
ભાદ્ર શુકલ અષ્ટમી સુંદર, અનુરાધા રવિવાર,
દિન મધ્યાહ્ન પ્રગટ ભઈ કન્યા, હરિહિત પરમ ઉદાર. સખ૦ ૨
વ્રજવાસી વૃષભાન આંગન, નરત્રિય કરત હે ખેલ;
દધિ હરદિ સબ ડારે પરસ્પર, મચિહે રંગકી રેલ. સખ૦ ૩
જય જયકાર ભયો ત્રિભુવનમેં, ગંધર્વ કરત હે ગાન,
મુકતાનંદકે પ્રભુકું રિઝાવત, ભઈ ગુન રૂપ નિધાન. સખ૦ ૪

પદ ૨

વિપ્રનકું વૃષભાન, બોલાયે હે વિપ્રનકું વૃષભાન;
ગર્ગાદિક મહામુનિવર આયે, જાહિ ત્રિકાળકો જ્ઞાન. બોલાયે૦ ૧
કરી સનમાન જોરી કર બોલ્યો, કહો મુનિવર યહ વાત;

કોનસમે પ્રગટી યહ કુંવરી, કૈસે ગુન વિખ્યાત. બોલાયે૦ ૨
શ્રીસમ તુલ્ય સબહિ ગુનયાકે, વરનિ શકત નહિ કોઈ;
શ્રીપતિ પાણિ ગ્રહેંગે યાકો, યું દઢ ભાસન મોઈ. બોલાયે૦ ૩ ભાસત
રાધા નામ ધરો કુંવરીકો, મુનિવર સબહિ વિચારી;
મુકતાનંદકે પ્રભુકું રિઝાવન, જોગ્ય હે પુત્રી તમારી. બોલાયે૦ ૪

પદ ૩

શુભ ગુણ રૂપ નિધાન, શ્રીરાધે શુભ ગુણ રૂપ નિધાન;
જાકે ગુનસે રમાપતિ રિઝત, સુંદર શ્યામ સુજાન. શ્રીરાધે૦ ૧
પૂરણ શશિ ખંજન વિદ્રુમ શુક, તેહિ શોભા હર લીન;
હંસ ગયંદકે હરિ કોકિલ. લુંટીહે તાહિ પ્રવીન. શ્રીરાધે૦ ૨
અધિક પ્રતાપ જુકત યહ કન્યા, સબ સુંદર ગુનધામ;
સુરમુનિ સિધ્ધ સદા શ્રીહરિ સંગ, જપતહે યાકો નામ. શ્રીહરિ૦ ૩
યા કારન વૃષભાન તુમારો, ભયો હે અધિક બડભાગ;
મુકતાનંદકે પ્રભુ સંગ યાકો, રહતહે દઢ અનુરાગ. શ્રીહરિ૦ ૪

પદ ૪

મગન ભયો વૃષભાન, સુનત ગુન મગન ભયો વૃષભાન;
ભૂષન વસન ધેનુકો બહુવિધ, દિયોહે જનકું દાન. સુનત૦ ૧
શ્રી સમતુલ્ય જાની નિજ પુત્રી, ઉર વિચ હરષ અપાર;
જાચક સબહિ અજાચક કીને, ખોલે હે કનક ભંડાર. સુનત૦ ૨
અતિ આનંદ ભયો સબ વ્રજમેં, ઘરઘર બાજત બધાઈ;
માનુ ગોલોક ભયો ભૂમિપર, અદ્ભુત છબી છાઈ. સુનત૦ ૩
યું વૃષભાન ગોપકે ગૃહમેં, રાજત રાધે ગોરી;
મુક્તાનંદકે પ્રભુકી નિરંતર, એહિ અખંડિત જોરી. સુનત૦ ૪

રાગ સારંગ–પદ ૧

બરસાને બાજત આજ વધાઈ, બરસાને૦
રૂપકી રાશી નિધિ ત્રિભુવનકી, કીરતિ કુંવરી જાઈ. બરસાને૦ ૧

ભયો કોલાહલ નગરડગરમેં, ખબર સબહિ સુન પાઇ;
નિકસે ગોપી ગોપ સજી માનુ, સરિતા ઉમંગી તુરાઇ. બરસાને૦ ૨
દધિ હરદી ભરે ઘોરી કનકઘટ, ધરે શિશ હુલસાઇ;
તિલક તાંબૂલ ભરી થારી કર, મંગળ ગાવતી આઇ. બરસાને૦ ૩
ચલત ગતિ ગજ ગામિની ભામિની, કનક લતાસિ સોહાઈ;
પ્રેમાનંદ વૃષભાનુ ભવન છબી, નિરખત કોઉ ન અઘાઇ બરસાને૦ ૪

પદ ૨

બરસાને હો રહ્યો જયજયકાર, બરસાને૦
પંચ શબ્દ વાજીંત્ર બજાવતા ગાવત મંગળ ચાર. બરસાને૦ ૧
રાધા જન્મ સુની આનંદે, ગોપી ગોપકુમાર;
આવત હે વૃષભાનુ ભવન સબ, સજે સુભગ શૃંગાર. બરસાને૦ ૨
પ્રમુદિત દેવ કુસુમકી બરખા, બરસત વારમવાર;
ગાવત સૂત માગધ બંદિજન, કુલ કીરતિ વિસ્તાર. બરસાને૦ ૩
ધન્ય જનની કીરતિ કુક્ષિ, ધરી રાધા જગ ઉજીયાર;
પ્રેમાનંદ વૃષભાનુ તાત ધન્ય, સબ ગોપન શિરદાર. બરસાને૦ ૪

પદ ૩

ગોપ ઘર પ્રગટયો રાધા ચંદ, ગોપ ઘર૦
મુક્તિ ભયો વૃષભાનુ ગોપ, કુલ છુટે ભવકે ફંદ; ગોપઘર૦ ૧
ભાદ્રશુદી ઉજેરી આઠમ, પ્રગટ ભઈ સ્વછંદ,
રસકી રાશી રૂપકી સીમા; ત્રિભુવન આનંદકંદ. ગોપઘર૦ ૨
ભવ બ્રહ્મા સુરરાજ દેવ મુનિ, સબ આયે જગવંદ;
નિરખત રાધારૂપ સુધાધર, સુમન બરખે મંદમંદ. ગોપઘર૦ ૩
ચિતવત ગોપી ગોપ વદન છબી, નિમિષ ટારિ પલ ફંદ;
તન મન પ્રાન કરત નોછાવર, બલિ બલી પ્રેમાનંદ. ગોપઘર૦ ૪

પદ ૪

મુદિત મન માનિની મંગળ ગાવે, મુદિત મન૦
અદ્ભુત રૂપ દેખી વ્રજસુંદરી, પ્રેમ હૃદે નહિ માવે. મુદિત૦ ૧

મોતિન થાર ભરી ભરી ગોપી, રાધા વદન વધાવે;
દેત આશિષ ચિરંજીયો કુંવરી, નંદનંદન મન ભાવે. મુદિત૦ ૩
દેત દાન વૃષભાનુ ઉમંગી અતિ, જાચક દ્વિજકું બોલાવે;
હીર ચિર ભૂષન કંચન મનિ, મુકતા હરખી લુંટાવે. મુદિત૦ ૩
ધેનુ સકળ સિંગારી ગોપ સબ, ચિત્ર વિચિત્ર સોહાવે;
પ્રેમાનંદ સકળ વ્રજશોભાકો પેં કહત બની આવે. મુદિત૦ ૪

રાગ આસીગાડો પદ ૧

ભાદરવા શુદી આઠમને દિન, પ્રગટી રાધા પ્યારી રે;
વ્રખુભાણને ઘેર વધાઇ, ગાવે છે વ્રજનારી રે. ભાદ૦ ૧
ઘર ઘરથી આવે સર્વ ગોપી, મુખથી મંગળ ગાતી રે;
રાધાનું મુખડું ભાળીને, શીતળ થાય છે છાતીરે. ભાદ૦ ૨
કીર્તિ માતાને સહુ કરે છે, પ્રગટયુ રતન તમારે રે;
એમ કહીને અતિ હેતે કરી, ઉભી લુંણ ઉતારે રે. ભાદ૦ ૩
બ્રહ્માનંદ કહે વ્રખુભાણનું, ભાગ્ય કહ્યામાં નાવે રે;
રસિક રાયની પ્યારી રાધા તેને ગોદ ખેલાવે રે. ભાદ૦ ૪

પદ ૨

શ્રીવ્રખુભાણતણે ઘર પ્રગટી, રાધા કુંવરી રૂપાળી રે;
ભાદરવા મહિનાની સુંદર, આઠમ તે અજવાળી રે. શ્રી૦ ૧
કીર્તિને ઘર કુંવરી પ્રગટી, સર્વ વધાવા આવે રે;
માનનિયોનાં જૂથ મળીને, મુખથી મંગળ ગાવે રે. શ્રી૦ ૨
રાધા પ્રગટ થયાં જાણીને. ગોકુળ આવ્યું દોડી રે;
બહાર આવી સર્વે બોલ્યાં, નંદકુંવરની જોડી રે. શ્રી૦ ૩
કુંવરીને દેખી સહુ કહે છે, રૂપ અલૌકિક ભારી રે;
બ્રહ્માનંદ કહે નિશ્ચે થાશે, કહાન કુંવરની પ્યારી રે. શ્રી૦ ૪

પદ ૩

રાધાકુંવરી પ્રગટ થયાં જાણીને, ઇન્દ્રાદિક સુર આવ્યા રે;
દેવસ્ત્રિયા ગાવાને સારૂ, સરવે સાથ લાવ્યા રે. રાધા૦ ૧
ધન્ય ભાગ્ય વ્રખુભાણ તમારાં, કુંવરી રૂડું કરશે રે;
હાવભાવ અતિ હેત કરીને, હરિનાં મનને હરશે રે. રાધા૦ ૨
કુંવરીકેરૂં રૂપ અલૌકિક, જોઈ જોઈ નેણ ઠરે છે રે;
ગોપી ગ્વાલ મળી આંગણમાં, ઉત્સવ અધિક કરે છે રે. રાધા૦ ૩
વ્રજનારી વ્રખુભાણને આંગણ, જૂથ મળીને આવી રે;
બ્રહ્માનંદ કહે લિયે વારણાં, કુંવરીને બોલાવી રે. રાધા૦ ૪

પદ ૪

આઠમ ભાદરવા શુદ આવી, તે દી રાધા જન્મ્યાં રે;
કીર્તિ ને વ્રખુભાણ જગમાં, બડભાગી કહેવાયાં રે. આઠમ૦ ૧
ગોપી મળીને મંગળ ગાવે, વાજાં નૌતમ વાજે રે;
પ્રગટ થઈ બરસાણે રાધા, કહાન કુંવરને કાજે રે. આઠમ૦ ૨
આંબા ને આસુપાલવનાં, તોરણ બાંધ્યાં ટોડે રે;
વિશ્વકર્માએ અજબ પાલણું, કીધું કીધું કોડે રે. આઠમ૦ ૩
ધન્ય બરસાણો ધન્ય વૃંદાવન, ધન્ય જમુનાનાં પાણી રે;
બ્રહ્માનંદ કહે પ્રગટયાં રાધા, જીવન જન્મ્યા જાણી રે. આઠમ૦ ૪

દાનલીલા પદ—(ભાદ્ર શુકલ એકાદશી)

રાગ સારંગ—પદ ૧

નાઓ ચઢે વ્રજચંદ, નવલ પિયા નાઓ ચઢે વ્રજચંદ;
શોભાધામ રસિક નંદનંદન, નિરખત હોત આનંદ. નવલ૦ ૧
ભાદ્ર શુકલ એકાદશીકે દિન, યમુના જળમહિં શ્યામ;
નાઓ બેઠી દધિદાન ચુકાવત, સુખનિધિ શોભાધામ. નવલ૦ ૨
ગોપિજન મન હરન શ્યામરો, જળમધ્ય કરત વિહાર;
મુક્તાનંદકો નાથ રમાપતિ, અખિલ ભુવન આધાર. નવલ૦ ૩

પદ ૨

નૌકામેં ઘનસ્યામ, વિરાજત નૌકામેં ઘનસ્યામ;
ધ્વજ તોરનજુત નાઓ મનોહર, સબવિધ શોભાધામ. વિરાજત૦ ૧
યમુના જળ મધ્ય નાઓ ચલાવત, ગાવત વૈષ્ણવ વૃંદ;
વિવિધ ભાતિ વાજીંત્ર બજાવત, પાવત પરમાનંદ. વિરાજત૦ ૨
વ્રજવાસી જળ મધ્ય આરતી, કિનિહે અતિ સુદ પાય;
મુક્તાનંદકે પ્રભુકી અલૌકિક, યા છબી બરની ન જાય. વિરાજત૦ ૩

પદ ૩

નૌકામેં નંદલાલ, ઝુલત આજ નૌકામેં નંદલાલ;
વ્રજવાસી નરનારી મુદિતમન, નિરખત રૂપ રસાળ. ઝુલત૦ ૧
ભવ બ્રહ્માદિક આએ દર્શહિત, છાએ હેં ગગન વિમાન;
ગંધર્વ ગાન કરત અતિ સુંદર, રિઝત શ્યામ સુજાન. ઝુલત૦ ૨
સુમનવૃષ્ટિ સરરાજ કરત હે, નાચત સુરત્રિયા વૃંદ;
મુકતાનંદકો પ્રભુ યમુના મધ્ય, ખેલ કરત સુખકંદ. ઝુલત૦ ૩

પદ ૪

સોહત શ્રીઘનસ્યામ, નાઓ પર સોહત શ્રીઘનસ્યામ;
કોટી મદનમદ હરન મનોહર, મૂર્તિ અતિ અભિરામ. નાઓ૦ ૧
ભાલ તિલક કેસરકો સોહે, ઉર વૈજયંતી દામ;
સુંદર વદન કમળદળલોચન, સબવિધ શોભાધામ. નાઓ૦ ૨
સબ સુખસદન માધુરી મૂરત્ય, વ્રજજનકો વિશરામ;
મુક્તાનંદ કહે રહોરિ દ્રગનબિચ, એહિ છબી આઠુ જામ. નાઓ૦ ૩

રાગ સારંગ—પદ ૧

દાની બને નંદલાલ, નવલ પિયા દાની બને નંદલાલ;
કાલિંદી તટ સંગ સખા લે, કરતહે ખેલ વિશાલ. નવલ૦ ૧
ગોરસ વેચન જાત ગોપિકા, તેહિ રોકત ભગવાન;

કાહિરે મૈયારી હમારો, દીજીએ દધિકો દાન. નવલ૦ ૨
દાન દિયે બિન જાનન પૈહો, એહિ હમારી બાત;
મુક્તાનંદકે પ્રભુ ગોપીન સોં, યું બોલે સાક્ષાત. નવલ૦ ૩

પદ ૨

નયેજુ ભયે તુંમ દાની, કનૈયા આજ નયેજુ ભયે તુમ દાની;
બલગી આવત જાત ડગરમેં, દાનકી રીત્ય ન જાની. કનૈયા૦ ૧
નયે નયે ફેલ કિયે નંદનંદન, હોવત લાજકી હાની;
રાહ ચલત પરનારી ન રોકો, નટવર છેલ ગુમાની. કનૈયા૦ ૨
તુંમ નૃપ કંસકી શંક ન માનત, ધુમ કરત મનમાની;
મુક્તાનંદકે નાથ તુમારી, નાંહિ નિભે રજધાની. કનૈયા૦ ૩

પદ ૩

દાનકે મિષ પરનારી, ન રોકિયે દાનકે મિષ પરનારી;
દાનકો નામ લેત તુમ મુખસેં, ઇચ્છા ઓર તુમારી. ન રોકિયે૦ ૧
જો અબ ઝગરા બોત કરોગે, રસિક છેલ ગિરિધારી;
લ્યુંગિ ખેંચ કામરિયા મુરલી, હસિ હેં ગોપી દે તારી. ન રોકિયે૦ ૨
એસો જોર જુલમ ના કીજે, નટવર કુંજવિહારી;
મુક્તાનંદકે નાથ દૂર રહો, માનો બાત હમારી. ન રોકિયે૦ ૩

પદ ૪

તેં અતિ કરત ગુમાન, ગુજરિયા તેં અતિ કરત ગુમાન;
જોબનકે બલવીર જોર જનાવત, દેત ન મેરો દાન. ગુજરિયા૦ ૧
મહીકી મટુકીયા છિનકે તેરો, અબહિ ગર્વ ઉતારૂં;
દધિભાજન સબહિ ગોપીન હે, ચુરચુર કર ડારૂં. ગુજરીયા૦ ૨
દાન દિયે બિન નવલ નાગરી, કોઉ ન છુટન પૈહો;
મુક્તાનંદકો પ્રભુ કહે મેરો, વાંછિત કર ઘર જૈહો. ગુજરીયા૦ ૩

રાગ ગરબી–પદ ૧

શ્યામ ઝીલાવા ધનશ્યામ ઝીલાવા, ચાલોને સૈયરો જાઇયે રે; ધન૦
કોડે કોડે ધનશ્યામને આગે, ઝાંઝ મૃદંગ લઇ ગાયે રે. ધન૦ ૧
સુંદર મુખ ધનશ્યામ કુંવરનું, નિરખીને પાવન થાઈયે રે. ધન૦ ૨
શ્યામ સુંદર વર ઝિલે જમુનામેં, હરખે ભર્યાં ભેળાં નાહિયે રે. ધન૦ ૩
પ્રેમાનંદનો વાલો લુંટાવે ચીભડાં, લુંટી ઝુંટીને ખાઇયે રે. ધન૦ ૪

પદ ૨

શ્યામ પધાર્યા ધનશ્યામ પધાર્યા, ઝિલવા જમુના નીરમાં રે. ધન૦
વસ્ત્ર આભૂષણ પહેર્યાં કોડિલે, સુંદર શ્યામ શરીરમાં રે. ધન૦ ૧
ચૌદે ભુવનની શોભા આવીને, ઉદય થઈ છે બળવીરમાં રે. ધન૦ ૨
ત્રિભુવનવાસી જોવાને આવ્યા, ભીડ થઈ જમુના તીરમાં રે. ધન૦ ૩
પ્રેમાનંદ કહે રૂપ જોઈ રસિકનું, રહેતું નથી મન ધીરમાં રે. ધન૦ ૪

પદ ૩

શ્યામ ઝીલાવા ધનશ્યામ ઝીલાવા, આવ્યા મુનિ ઉમંગમાં રે; ધન૦
નિરખ્યા નેણાં ભરી ધર્મકુંવરને, પ્રેમ નથી માતો અંગમાં રે. ધન૦ ૧
મુનિમંડળ ભેળાં ઝિલે છે નીરમાં, રસિયો ઉછાળે જળ રંગમાં રે. ધન૦ ૨
અખિલ ભુવનપતિ નટવર નાગર; શોભે મુનિના સંગમાં રે. ધન૦ ૩
પ્રેમાનંદ કહે કરે પુષ્પની વૃષ્ટિ, સુર વિમાન બઢિ ખંમા રે. ધન૦ ૪

પદ ૪

નેણાં લોભાણાં મારાં નેણાં લોભાણાં, જોઇ છેલા ધનશ્યામને રે; મારાં૦
શીરે વખાણું શોભા અંગોઅંગની, લજ્જા પમાડ્યા કોટિ કામને રે. મારાં૦ ૧
હેતે હસિને વાલે મોહની રે નાખી, કીધું ઘેલું ગોકુળ ગામને રે મારાં૦ ૨
ગોકુળવાસી ઘેલાં રે થઇને, ફરે કેડે તજી ધામને રે. મારાં૦ ૩
પ્રેમાનંદ કહે પ્રેમ મગન થઇ, વારી વારી જાઉં એના નામને રે. મારાં૦ ૪

રાગ વેરાવળ—પદ ૧

જળમેં ઝુળત સ્યામળો, વ્રજરાજ વિહારી;
નિરખે હેતે નાથને, મળી ગોપકુમારી. જળમેં૦ ૧
રવિમંડળ વિલસી રહ્યું, કલિ કમળ વિકાસી;
જીવન જોવા કારણે, આવ્યાં વ્રજવાસી. જળમેં૦ ૨
લહરી નિર્મળ નીરની, અતિ પ્યારી લાગે;
જોઈ વદન જદુરાયનું, ભવનું દુઃખ ભાગે. જળમેં૦ ૩
સર્વે મળીને સુંદરી, ઘેરે સૂર ગાવે;
નટ નાગરને નિરખવા, ઇન્દ્રાદિક આવે. જળમેં૦ ૪
જળજાત્રા જગદીશની, ભાવે જેણે ભાળી;
બ્રહ્માનંદ અંતર વસ્યા, તેને વનમાળી. જળમેં૦ ૫

પદ ૨

જળજાત્રા જદુરાયની, સખી જોવા ચાલો;
જમુનાજીના નીરમાં, નહાય છે નંદલાલો. જળ૦ ૧
સંગ સરવ ગોવાળિયા, ગોપી સરવે સાથે;
નીર હિલોળે નાથજી, પોતાને હાથે. જળ૦ ૨
ઇન્દ્રાદિક સુર આવિયા, જોવાને કાજે;
રંગભર જળક્રીડા રચી, રસિયે વ્રજરાજે. જળ૦ ૩
ગોપતણે ગળે બાંહડી, નટવરજી નાંખી;
એ છબી જોઈ અતિશય ઠરે, અંતર ને આંખી. જળ૦ ૪
બ્રહ્માનંદના નાથની, જળ રમત જોઇને;
રસિયાજીને રાખીએ, નેણમેં પ્રોઇને. જળ૦ ૫

પદ ૩

નટવર જમુનાના નીરમાં, ન્હાય છે નવરંગી;
મુખ જોઇ મોહનલાલનું, ત્રિય ગોપ ઉમંગી. નટવર૦ ૧
રમે રમાડે સાથને, કર નીર ઉછાળે;

કાંઠે ઉભી કામિની, ભાવે મુખ ભાળે. નટવર૦ ૨
દેવ વજાડે દુંદુભિ, જય શબ્દ ઉચ્ચારે;
રસિક પિયાની મૂરતિ, અંતરમાં ધારે. નટવર૦ ૩
હસે હસાવે શ્યામળો, દેવત કર તાળી;
લાગે છે નંદલાલની, સૂરત રૂપાળી. નટવર૦ ૪
આગે નાચે અપ્સરા, કરતાલ બજાવે;
બ્રહ્માનંદના નાથને, મળી દેવ વધાવે. નટવર૦ ૫

પદ ૪

સ્નાન કરીને શ્યામળા, આવો જળ બા'રા;
અંગ લુંછને કોરૂં કરૂં, પ્રીતમજી પ્યારા. સ્નાન૦ ૧
આવીને ઉભા રહો, જળકેરે તીરે;
ઘસી ચંદન રાખ્યું ઘણું, કરૂં લેપ શરીરે. સ્નાન૦ ૨
સરવ સખાના સાથને, હેતે કરી હેરો;
કાજુ જરકશી કોરનું, પીતાંબર પહેરો. સ્નાન૦ ૩
બહુવિધ પાક બનાવિયા, રસડાની રીતે;
આવી જમો અલબેલડા, પીરસું હું પ્રીતે. સ્નાન૦ ૪
મુનિવર જોવા આવિયા, જળક્રીડા તમારી;
વદન કમળ છબી ઉપરે, બ્રહ્માનંદ બલિહારી. સ્નાન૦ ૫

ભાદ્ર શુક્લ ૧૧ દાણલીલા
રાગ ટોડી આશાવરી—પદ ૧

દાન દે દધવારી હમારો, દાન દે દધવારી;
નિત્ય નિત્ય દાન ચોરીકે જાતિ, મદમાતી તું નારી. હમારો૦ ૧
જાનતિ નાંહી દાન યહાં લાગત, જમુના તટપર પ્યારી;
લાઉ મટુકિયાં કહા બિચારત, ગ્વાલની ગોપકુમારી. હમારો૦ ૨
બહી કુશળ ચોરિમેં ગોરી, જાત ડગર તજી ન્યારી;
પ્રેમાનંદ પ્રભુ પકરી અંચરવા, ઠાડે કુંજવિહારી. હમારો૦ ૩

પદ ૨

દાન દે મૃગાનેની હમારો, દાન દે મૃગાનેની;
ચંચળ ચિતવનિમેં ચિત્ત ચોરતી, બોલતી સુખ મૃદુ બેની. હમારો૦ ૧
ગજગમની રવની રસવારી, બારી સબ સુખ દેની;
નિગરી રૂપ ઉજાગરી સુંદર, ચતુર ચપળ પ્રગસેંની. હમારો૦ ૨
સરલ હોઈ માગત હમ સુંદરી, તું જો હઠિલી હઠ લેંની;
પ્રેમાનંદ કહે પ્રભુ જાનન પૈહો, પરિ હેં ભોરતેં રેંની. હમારો૦ ૩

પદ ૩

કરી લે હમસું બોહની, પેલેંહિ કરી લે હમસું બોહની;
ઘરઘર કહાં ફિરેગી બેચતી, ગ્વાલની નેનસ લોહની. પેલેં૦ ૧
કેસોહે મીઠો દધિ તેરો લાઉં, યહાં દધિ દોહની;
ચાખન દે ખાટો કે મીઠો, રૂપ કિશોરી સોહની. પેલેં૦ ૨
કછુ એક મીઠો દે દધિ તારો, કછુ મીઠી તેરી જોહની;
પ્રેમાનંદ પ્રભુ ગોરસ કારન, ડારત મોહન મોહની. પેલેં૦ ૩

પદ ૪

જોબનકે મદમાતી ગ્વાલની, જોબનકે મદમાતી;
દેતી ન દાન માનમદ છાકી, આયે દેખાવતી છાતી. ગ્વાલની૦ ૧
કાહે લૈયો યા દાનકો યા મગન, મરમ બોલતી મુસકાતિ;
ચંચળ દ્રગ ચમકાવતી ઇત ઉત, હોત તનિકમે તાતી. ગ્વાલની૦ ૨
જાનનિ નાંહી ગરવ ગોરસકે, જાત આવત દિન રાતિ;
પ્રેમાનંદ પ્રભુ કોપી ગ્રહી કર, ગુજરી ગંવાતી જાતી. ગ્વાલની૦ ૩

રાગ ટોડી—પદ ૧

કાન તુમ કબકે ભયે હો દાની, કાન૦
આગત દાન આનતહિ માનત, સુંદર છેલ ગુમાની કાન૦. ૧
ડગરે જાત ડગર બિચ આયકેં, ઝગરત રૂપ નિધાની;

દાનકા મિષ લે બોલત આનહિ, રહો જ્યું લાલ હમ જાની. કાન૦ ૨
નેંન નચાવત સેંન ચલાવત, બોલત અટપટી બાની;
પ્રેમાનંદકે નાથ તિહારી, ચતુરાઈ નહિ છાની. કાન૦ ૩

પદ ૨

લંગરવા માનત નાંહિ નમાઇ, લંગરવા૦
નિપટ દિઠ સુત નંદમહરકો, નઈ નઈ રીત ચલાઇ. લંગરવા૦ ૧
કબહું ન સુન્યો દાન ગોરસકો, નિત્ય હમ બેચન જાઈ;
અબ યહ ટોટા રોકી ડગરમેં, મટુકી લેત છિનાઈ. લંગરવા૦ ૨
ફારત ચોલી ચિર રસિકવર, ચંચળ ઉર લપટાઇ;
પ્રેમાનંદકો પ્રભુ પરમ ચતુર, હસી લેત હેં ચિત ચોરાઇ. લંગરવા૦ ૩

પદ ૩

ગ્વાલની માનતી નાંહિ ન મેરી, ગ્વાલની૦
બકત બેર ભઈ હે સમુઝાવત, દાન હમારો હરી. ગ્વાલની ૧
મારૂં એક લકુટિ મટુકિમેં, હોઇહેં દધકે ઢેરી;
દેદે દાન ચુકાયકે સગરો, જાઉ ઝગરોનિ બેરી. ગ્વાલની ૨
બચીહો ન આજુ દાન દિયે બિનું, સુની ગ્વાલની સોતેરી;
પ્રેમાનંદકે નાથ નાગરી બિચ, ડગરમેં ઘેરી. ગ્વાલની ૩

પદ ૪

લાલન ડગરે જાઉ ડગરવા, લાલન૦
યેહિ બોલી પર કરી હો પાનદધિ, કરી પૃથુ અધર લંગરવા. લાલન૦ ૧
તુમ બનચર વન રહત નિરંતર, આવત કબહુ નગરવા;
કહા સમુઝો તુમ રીત દાનકી, ઠાડે હોત ઝગરવા. લાલન૦ ૨
અલગ રહો હિયે હાથ ન ડારો, તુટિહેં મોતીન હરવા;
પ્રેમાનંદકે નાથ નિઠુર વર, છાંડો કરતેં અંચરવા. લાલન૦ ૩

વામનજન્મોત્સવ (ભાદ્રશુકલ દ્વાદશી)

રાગ સારંગ—પદ ૧

શ્રી વામન સુખધામ, પ્રગટ ભયે શ્રીવામન સુખધામ;
કશ્યપ તાત અદિતિ માતા, કિનેહેં પૂરનકામ પ્રગટ૦ ૧
ભાદ્ર શુકલ દ્વાદશિકે દિન, દિવસ ભયે મધ્યાહ્ન;
તબ યહ વામન રૂપ ધર્યો પ્રભુ, સુરહિત શ્રીભગવાન. પ્રગટ૦ ૨
જયજયકાર ભયો ત્રિભુવનમેં, મગન ભયે મુનિવૃંદ,
મુક્તાનંદકો પ્રભુ સુખસાગર, વાસુદેવ જગવંદ. પ્રગટ૦ ૩

પદ ૨

પ્રગટે હેં વામન રૂપ, રમાપતિ પ્રગટેં હે વામન રૂપ;
સુરપતિકાજ કરના હિત કેશવ, ભયે બ્રહ્મચારી અનુપ. રમા૦ ૧
બળિરાજાકે દ્વાર જાય કે, કિનોહે વેદ ઉચ્ચાર;
બલિ સનમાન કિન અતિભારી, પૂજે હેં વિવિધ પ્રકાર. રમા૦ ૨
તિન પાઓ ભુમિ બળિકે ઢિગ, જાચત ભયે બહુનામી;
મુક્તાનંદકો નાથ વિપ્રવર, એહિ અખિલ જગસ્વામી. રમા૦ ૩

પદ ૩

બળિરાજા ઢિગ આય, કહત ગુરૂ બલિરાજા ઢિગ આય;
તેહો રાજ લેના હિત વિષ્ણુ, કિનો હે એહિ ઉપાય. કહત૦ ૧
તિન ભુવન દોઉ પેંડસે ભરિહેં, નહિ તિજેકો ઠોર,
બાંધિ હેં તોય નર્કમેં ડારન, અધિક જનાયકે જોર. કહત૦ ૨
યુ ગુરૂ બાત જનાઇ સબહિ, તદપિ ન માની લેશ;
મુક્તાનંદકે પ્રભુ સનમુખ હોય, ત્યાગ્યો ગુરૂ ઉપદેશ. કહત૦ ૩

પદ ૪

દેન લગ્યો જબ દાન, શ્રીહરિકું દેન લગ્યો જબ દાન;
શુક્રાચારજ દાન સમે મહિં, નાના કહત અજાન. શ્રીહરિ૦ ૧

ગુરૂકે વચન ત્યાગી બલિ, કીની શ્રીવામનકી સેવ;
તિન પાઓ ભૂમિ વિષ્ણુકું, દેત ભયો તતખેવ. શ્રીહરિ૦ ૨
ચૌદ લોકકે દોઉ પગ કીને, ઐસે બઢે તતકાળ;
મુકતાનંદકે નાથ ભક્તહિત, કિનોહે રૂપ વિશાળ. શ્રીહરિ૦ ૩

રાગ નટ—પદ ૧

બળિ ઠાઢો તજી માન, વિષ્ણુ ઢિગ બળિ ઠાઢો તજી માન;
તિજો પાઓ લાઓ ભૂમિ અબ, યું બોલે ભગવાન. વિષ્ણુ૦ ૧
ખગપતિ વિશ્વકસેન વિજય જય, પારષદ પરમ સુજાન;
બળિકું બાંધિ યું બોલન લાગે, દેહુ હમારો દાન. વિષ્ણુ૦ ૨
બળિકી નારી અરૂ બ્રહ્મા પ્રભુકો, સ્તવન કિયો એકતાન;
મુક્તાનંદ પ્રભુ રિઝત ભએ, ગોવિંદ ગુનકે નિધાન. વિષ્ણુ૦ ૩

પદ ૨

બળિપર શ્રી ભગવાન, રિઝત ભયે બળિપર શ્રી ભગવાન,
ત્રિભુવન છિન દેવકું દિનો, તદપિ ન પાયો ગ્લાન. રિઝત૦ ૧
સબ સંપત્તિ સુરપતિકું દિના, તોહુ ન ઓગુન લિન;
સબવિધિ રહ્યો અચળ પ્રભુ સન્મુખ, દોઉ કર જોરિ પ્રવિન. રિઝત૦ ૨
બળિકી ભક્તિ દૃઢ જાની સુતળકો, રાજ દિયો તતખેવ;
મુકતાનંદકો નાથ ભક્તહિત, દ્વારપાળ ભયે દેવ. રિઝત૦ ૩

પદ ૩

ઉલટે આપ બંધાએ, ભક્ત બળિ ઉલટે આપ બંધાએ;
શેષાદિક જેહિ પાર ન પાવત, નિગમ નેતિ કરી ગાએ. ભક્ત૦ ૧
બળિકે દ્વારપાળ ભયે શ્રીપતિ, તેહિ નિજ સેવક જાની;
ભક્તનકે આધિન સદા પ્રભુ, સુખનિધિ શારંગપાની. ભક્તિ૦ ૨
નિજ સંતનકું લાડ લડાવન, ધરત સબહિ અવતાર,
મુક્તાનંદકો પ્રભુ વામન ભયે, અખિલ ભુવનકે આધાર. ભક્ત૦ ૨

પદ ૪

બ્રહ્માદિક સુર આય પૂજત, ભયે બ્રહ્માદિક સુર આય;
શ્રી વામનકો ચરન વેગજુત, ઇંડકું ભેદ્યો હે જાય. પૂજત૦ ૧
એહિ પદ પંકજ પરશિકે ગંગા, ટારત સબકે પાપ;
પ્રેમ સહિત શિવ શિરપર ધારી, જાનિકે પ્રબળ પ્રતાપ. પૂજત૦ ૨
શ્રી વામનકે ચરિત નિરંતર, કહત પ્રેમ જુત ગાન;
મુક્તાનંદકો નાથ સદા તેહિ, રિઝત શ્રીભગવાન. પૂજત૦ ૩

રાગ સારંગ—પદ ૧

પ્રગટ ભયે વામન રૂપ મોરાર, પ્રગટ ભયે વામન રૂપ મોરાર;
કશ્યપ પિતા અદિતિ માતા, તહાં લીનો અવતાર. પ્રગટ૦ ૧
ભાદ્ર શુકલ દ્વાદશિકો દિન, શુભ મુહુરત તિથિ વાર.
જન્મ સમો મધ્યાહ્ન કાળ પ્રભુ, પ્રગટે સુરહિતકાર. પ્રગટ૦ ૨
બટુક વેષ ધરી શ્રીપુરૂષોત્તમ, આયે બલીકે દ્વાર;
તહાં હરિ અંગ સહિત અતિ નૌતમ, કીનો વેદ ઉચ્ચાર. પ્રગટ૦ ૩
બળિરાજા લે ગયો ભવનમહિં, પૂજે બહુ કરી પ્યાર;
પ્રેમાનંદ દાન તેહિ દીનો, લીનો હાથ પ્રસાર. પ્રગટ૦ ૪

પદ ૨

શ્રીવામન આયે બલિકે દ્વાર, શ્રી વામન આયે બલિકે દ્વાર;
પદક્રમ જટા સહિત હરિ કીને, ચ્યારો વેદ ઉચ્ચાર. વામન૦ ૧
તબ જાય દ્વારપાળ બલિ આગે, કીરતિ કહી પોકાર;
આયો એક બટુક વામનતનુ, અદ્ભુત રૂપ ઉદાર. વામન૦ ૨
તબ રાજા આય દેખી મગન ભયો, વામન વિપ્રકુમાર;
કર જોરી રાજા કહે દ્વિજવર, ચલિયેં જહાં જગ્ય સાર. વામન૦ ૩
જો માંગો સોઇ દેહું વામન, ખોલી રત્ન ભંડાર;
પ્રેમાનંદ કહે લીનો સરવશ, દિનો રાજ પ્રતાર. વામન૦ ૪

પદ ૩

બલિકે દ્વારે આયે વામન, બલિકે દ્વારે આયે વામન;
અનુચર કહે રાજા એક પંડિત; આયો અતિ મનભાવન. બલિકે૦ ૧
વામન રૂપ વરણિ વ્રત નૈષ્ઠિક, સ્વઇચ્છા કિયો આવન;
ચાર વેદ મુખ પાઠ કરતહે, પશુ ભાષા સમઝાવન. બલિકે૦ ૨
તબ રાજા આયો નિરખિ છબી, કિનો ચરન શિર નાવન;
જો માગો સોઇ દેહું વિપ્રવર, માલ મૂલક ઘર ગાવન. બલિકે૦ ૩
તિન પાઉં ભુવ દેહો રાજા, એક પ્રજકૂ બિછાવન;
પ્રેમાનંદ કહે લીનો ત્રિભુવન, વિસ્તારિ પદ પાવન. બલિકે૦ ૪

પદ ૪

બલિકે દ્વારે વામન આયે, બલિકે દ્વારે વામન આયે:
અતિ સુકંઠ ગાઇ ઉંચે સુર, ચારો વેદ સુનાયે. બલિકે૦ ૧
વેદ ધ્વનિ સુની ત્રિભુવન, રાજા ભિતર બોલાયે;
કર જોરી સાદર હોય બોલ્યો, કહા માગો દ્વિજરાય. બલિકે૦ ૨
તિન પાઉં પૃથવી દે રાજા, રહે પ્રનકુટિ છાય;
શુક્ર કહે જીન દેય હ વિષ્ણુ, છળહિત રૂપ બતાય. બલિકે૦ ૩
બલી કહે ઇશ્વર ભયો ભિખારી, કિનો યહ ઉપાય;
પ્રેમાનંદ કહે દેહું જો લેહે, મેરો સત્ય ન જાય. બલિકે૦ ૪

વિજયાદશમી

રાગ પૂરવ—પદ ૧

ખેલત શ્રીગિરિધારી, દશેરા ખેલત શ્રીગિરિધારી:
ગ્વાલબાલ સંગ લે વન વિચરત, ભઈ શોભા અતિભારી. દશેરા૦ ૧
શમીપૂજનકો સાજ સબહિ સંગ, જવારે પાન સોપારી;
સુમન રોરી શ્રીફળ અક્ષત જુત, કર લિયે કંચન થારી. દશેરા૦ ૨
સબ સામગ્રી લે શમીપૂજન, કિનો કુંજવિહારી,
હશિ હશિ પાનબિરી પ્રભુ દેવત, લેત સબહિ નરનારી. દશેરા૦ ૩

સુંદર ચાસ ઉડાવે શ્યામરો, અકળ રૂપ અવતારી;
મુક્તાનંદ મદનમોહનકી, યા છબી પર બલિહારી. દશેરા૦ ૪

પદ ૨

ખેલિકે શ્રી નંદલાલ, દશેરા ખેલિકે શ્રી નંદલાલ;
જમુનાકે તીર કદમકી છૈયાં, બંસી બજાવે રસાળ. દશેરા૦ ૪
શ્વેત વસ્ત્ર શિરપાગ સુરંગી, શોભિત ભાલ વિશાલ;
અંગ અંગ ભૂષનમનિ ઝળકત, ઉર રાજત બનમાલ. દશેરા૦ ૨
પૂજા સાજ સંગ લે ગોપી, આઈ સબહિ તતકાળ;
પ્રેમ મગન નિજ પ્રભુકું, પૂજત, રિઝત મદન ગોપાળ. દશેરા૦ ૩
કનકવેલી વૃષભાનુ નંદિની, મોહન શ્યામ તમાલ;
મુક્તાનંદ યહ જોરી અખંડ રહો, જુગજુગ જનપ્રતિપાળ. દશેરા૦ ૪

પદ ૩

અસવારી ભઇ ભારી, દશેરાકી અસવારી ભઈ ભારી,
ગજ રથ તુરંગ પદાતિન જુત પ્રભુ, સોહત જન સુખકારી. દશેરા૦ ૧
દ્વારામતી પતિ શ્રી જદુનાયક, જબ પુર બાહિર આયે.
ચતુરંગિની સેના જુત શ્રીપતિ, લગત હે પરમ સોહાયે. દશેરા૦ ૨
વિવિધ ભાતિકે બાજા બાજત, ભેરી ઢોલ સરનાઈ;
નોબત બજત માનહું ઘન ગર્જત, શોભા વરની ન જાઇ. દશેરા૦ ૩
ઉધ્ધવ આદિ સખા સબ લાયે, શમીપૂજનકો સાજ;
મુકતાનંદકો નાથ નૃપતિસમ, ભાસત શ્રીમહારાજ. દશેરા૦ ૪

પદ ૪

પૂજત પરમ દયાળ, વિજયાદશમી પૂજત પરમ દયાળ;
વિપ્ર વેદ ધ્વનિ કરત મનોહર, ગુણિજન ગાત રસાળ. વિજય૦ ૧
શમીપૂજન કરી અશ્વ દોડાવત, સબવિધ શોભા ધામ;
જદુકુળ તિલક અખિલ જગદીશ્વર, શ્રીપતિ પૂરણકામ. વિજય૦ ૨
વિપ્રકું દાન બહુતવિધ દીનો, કરિકે અતિ સનમાન;

નિજમંદિર આયે મનમોહન, શ્રીઘનશ્યામ સુજાન. વિજય૦ ૩
ચુડવા દુધ જીમાવત સબકું, આપ જીમત સુખકંદ;
મુક્તાનંદકો નાથ જગદ્દગુરૂ, વાસુદેવ જગવંદ. વિજય૦ ૪

રાગ સારંગ—પદ ૧

દશરો પૂજન નિકસે આજ, દશરો૦ ટેક.
શ્યામ રૂ રામ સખા સંગ લીને, ચલે કુદાવત બાજા. દશેરો૦ ૧
રાજે શૃંગાર પહેરે પટ ભૂષન, નિકસે સજી સમાજ;
ગજ રથ અશ્વ પદાતિ સબહિ, તુંપકન કરત અવાજ. દશેરો૦ ૨
અપને અપને અશ્વ સિંગારે. સજે જરીકે સાજ;
કહે હરિ લાવો અપની માનકી. કે કેસર કે તાજ. દશેરો૦ ૩
ચલે નચાવત નગર ડગરમેં, છત્ર ચમર શિરછાજ;
પ્રેમાનંદ પ્રભુ ડપટિ માનકી. ચલે ગરૂડ તબ લાજ. દશેરો૦ ૪

પદ ૨

માનકી ભલી દોરાઈ લાલ; માનકી૦ ટેક.
સબહિ સરાહત સખા મંડળી. ભલે જુ ભલે ગોપાળ. માનકી૦ ૧
અબ દોરો કેસર અલબેલી, તાજન તુરકી ચાલ;
વાંગલી બહુત વખાનત હો હરિ, ડપટો એક હિ કાલ. માનકી૦ ૨
હલધર ચઢે પંખની ઉપર, ચઢે મોહન ફૂલમાળ;
શ્યામ રૂ રામ કુંદાવત દોરત, નિરખત ગોપી ગ્વાલ. માનકી૦ ૩
હુટિ પરત વનમાળ ઉદર તેં. કટિપર ઉડત દુશાલ,
પ્રેમાનંદ ઘનશ્યામ છબ્ટ છબી, નિરખિ ભયો નિહાલ. માનકી૦ ૪

પદ ૩

દશેરો પૂજત પ્રાન આધાર, દશેરો૦ ટેક
પૂજત શમી શ્યામ સુંદર લે, વિવિધ ભાતિ ઉપચાર. દશેરો૦ ૧
ધૂપ દીપ શ્રીફળ અક્ષત લે, ચંદન પુષ્પકે હાર;
કંચન થાર કપૂર આરતી, ઉતારત કરી ત્યાર. દશેરો૦ ૨

બાજત બાજા વિવિધ ભાતકે, હોત હે જેજેકાર;
ગાવત સુત બંદીજન જાચક, કુલ કીરતિ વિસ્તાર. દશેરો૦ ૬
શ્રી ઘનશ્યામ દશેરો પૂજી, અશ્વ ભયે અસવાર;
પ્રેમાનંદ વ્રજચંદ વંદન લખી, થકિત સર્વે વ્રજનાર. દશેરો૦ ૪

પદ ૪

દશેરો શ્યામ ઘર આયે; દશેરો૦
કંથન થાર ભરી ગજ મોતી, માત જશોદા વધાયે દશેરો૦ ૧
બેઠે સભા બનાય શ્યામ ઘન, પૂરન શશિ જ્યું સોહાયે;
કૃપાદૃષ્ટિ કરી નિજ ભકતનકે, દુઃખ સંતાપ નસાયે. દશેરો૦ ૨
આયે વિબુધ વિમાન બેઠિ હરિ, ચરનકમળ શિર નાયે;
બરખત હરખિ સુમન ઝારી હરિપર, દુંદુભિ દેવ બજાયે. દશેરો૦ ૩
શુક સનકાદિક આયે મુનિગન, નિરખિ શ્યામ સુખ પાયે;
તન મન પ્રાન કરત નોછાવરી, પ્રેમાનંદ મન ભાયે. દશેરો૦ ૪

રાગ સારંગ—પદ ૧

જવારે શિર ધરે ઘનશ્યામ, જવારે૦
શ્વેતહે પાઘ જરીકી તાવિચ. સોહત હે અભિરામ. જવારે૦ ૧
સાંકરે પેચ સોહત હે ભોંહપર, કેશર તિલક કિયો સુખધામ:
અંબુજનેન વિલોકી વદન, છબી ચક્તિ હે વ્રજનામ. જવારે૦ ૨
વાગો શ્વેત સુભગ સૂક્ષ્મ તન, પેહિરે પૂરનકામ;
જરકશી કોર દૂપટો ઉરપર. ધર્યો સંતન વિશ્રામ. જવારે૦ ૩
રતન જડત અંગદ કંચન કર, ઉર ગજ મુકતા દામ;
પ્રેમાનંદ નિરખી યહ શોભા, પુલકિત આઠો જામ. જવારે૦ ૪

પદ ૨

પાગ બિચ ધારે નાથ જવારે, પાગ૦
ઉજ્જવળ પાઘ રૂ પેચ સાંદરે, બાંધી એંટિ મતવારે. પાગ૦ ૧
શેખર સુમન કપોલની ઉપર, લટકત લલિત સુંદારે;

ઉર વનમાળ કુસુમ કર કંચન, નિરખિ થકિત દ્રગ તારે. પાગ૦ ૨
ભૂષન વસન ધરે અંગોઅંગ, નવઘન નંદદુલારે;
મુસકનિ મંદ રૂ ચંચળ ચિતવતી, નિરખિ અનંગ લજારે. પાગ૦ ૩
જુવતિ જન મન આનંદદાયક. ચપળ નેન અનિયારે;
પ્રેમાનંદ ઘનસ્યામ છબિપર. સરવશ લે બલિહારે. પાગ૦ ૪

રાગ માલીગાડો—પદ ૧

વિજયાદશમી કુંજવિહારી, આજ સપરમો દહાડો રે;
ત્રિભુવન મોહન રૂપ તમારૂં, તે અમને દેખાડો રે. વિજયા૦ ૧
પાઘલડી બાંધો પેચાળી. જામા જરકસી પેહેરો રે;
છેલ ચતુર દોડાવા ચાલો, ઘુમર ઘોડલાં ફેરો રે. વિજયા૦ ૨
વાજાળા ઘોડા વ્રજજીવન, દોડાવંતા દેખું રે;
ત્યારે નેણ થાય મારાં ટાઢાં, જન્મ સુફળ કરી લેખું રે. વિજયા૦ ૩
હેમકડાં પહેરો હરિ હાથે, ઓઢો સાલ દુસાલા રે;
પ્રીત કરી ખીજલડી પૂજો, બ્રહ્માનંદના વહાલા રે. વિજયા૦ ૪

પદ ૨

વહાલા વિજયા દશમી આવી, આસુ પખ અજવાળો રે;
ગોપીની સામુ તમે ગિરિધર, ભાવ કરીને ભાળો રે. વહાલા૦ ૧
ફુલતણાં છોગલિયાં ફરતાં, મોલિડામાં ધરીયે રે;
બ્રહ્મવેત્તા બ્રાહ્મણ તેડાવીને, સમડી પૂજન કરીયે રે. વહાલા૦ ૨
મોતીડાંની પેહેરો માળા, કરો તિલક કેસરીયાં રે;
લટકાં અતિ પ્યારાં મુને લાગે, ભૂધર રંગનાં ભરિયાં રે. વહાલા૦ ૩
રૂપાળી નલવટ કેરી રેખું. અતિ સુંદર ઉપડતી રે;
બ્રહ્માનંદના નાથ તમારી, સદા કળા રહો ચડતી રે. વહાલા૦ ૪

પદ ૩

સમડી પૂજન કરો શ્યામળા, વિજયા દશમી આવી રે;
ગોઠ કરો સુંદર ગિરિધારી, ગોઠીડા તેડાવી રે. સમડી૦ ૧

જવારાનાં ઝુંડા કેરાં, સુંદર છોગાં મેલો રે;
ગોપીજનને સંગે ગિરિધર, ખાંત કરીને ખેલો રે. સમડી૦ ૨
બાર મહિને દિવસ સપરમો, આવ્યો છે દશરાવો રે;
વ્રજજીવન વ્રજની શેરીમાં, ઘોડલીયાં ખેલાવો રે. સમડી૦ ૩
મોરલીની પૂજા કરો મોહન, સ્થિર નિજ કરમેં થાપો રે;
બ્રહ્માનંદના નાથજી અમને, અધરામૃત રસ આપો રે. સમડી૦ ૪

પદ ૪

દશરાવાનો દિવસ અનુપમ, રસિક મનોહર રૂડો રે;
મોલીડે શોભે મોહનને, જવારાનો ઝુંડો રે. દશરા૦ ૧
કુંડળિયાં સુંદર કાનોમાં, મોતીડાંની માળા રે;
ગોપીજનને મધ્યે ગિરિધર, લાગે છે રૂપાળા રે. દશરા૦ ૨
ભાલતિલક કેસરનું નૌત્તમ, શોભે છે અતિ સારૂ રે;
જગજીવનતું છોગું જોઇને, લોભાણું મન મારૂં રે. દશરા૦ ૩
સમડી પૂજન કરી શ્યામળો, ઉત્સવ કરતા આવે રે;
બ્રહ્માનંદનો વહાલો અમને, હેત કરીને બોલાવે રે. દશરા૦ ૪

રાગ ગરબી—પદ ૧

સખી આજ વિજયા દશમી રે, શોભા જોને શ્શામની રે;
કહાનુડાને ઘેરીને ઉભીરે. ગોકુળ કેરી કામની રે. ૧
આવ્યા વનમાંથી વહાલો રે, મોરલડી હાથમાં રે;
સુંદર વર શોભે છે સારા રે, સખાના સાથમાં રે. ૨
લોચનીયાં લાલ રંગીલાં રે, કંકોળેલ કહાનનો રે;
વારે વારે વારણાં લે છે રઃ વહાલાજીનાં વાનનાં રે.
આવી મનમોહન ઉભા રે, ડોલરીયા ડેલડી રે;
જવારાનાં છોગલાં જોઈને, થઇ સર્વે ઘેલડી રે. ૪
મોહનજીને મળવાને કાજે રે, કરે સર્વે ધાંખડી રે;
જોઇ બ્રહ્માનંદનો વહાલો રે, ઠરે મારી છાતડી રે. ૫

પદ ૨

આલી આજ છે દશેરાવો રે, રૂડો રળિયામણો રે;
ચાલો જોઇએ નંદનો લાલો રે, કહાનો કોડામણો રે ૧
કેસર કેરી આડ કરીને રે, ઉભો અલબેલડો રે;
સખાના મંડળ સાથે રે, માંડયો રંગ ખેલડો રે. ૨
કરે છે સુંદર લટકાં રે, હરિવર હાથનાં રે;
કંકોળેલ લોચન કાજૂ રે, નટવર નાથનાં રે. ૩
નંદજીના નંદન સાથે રે, સનેડો જોડીએ રે;
એથી જે અવળાં ચાલે રે, તેથી સુખે તોડીએ રે. ૪
ખાંતીલાને સાથે બેહેની રે, જુની ઓળખાણ છે રે;
વહાલો બ્રહ્માનંદનો મારે રે, પાતળિયો પ્રાણ છે રે. ૫

પદ ૩

બેની દશરાવો આવ્યો રે, વધાઈ વાટીએ રે;
કુમકુમ કેશર લઇને રે, આંગણીયાં છાંટીએ રે. ૧
ટોડે ટોડે તોરણ બાંધો રે, કરો રંગરેલડી રે;
ધેરે સ્વર મંગળ ગાવો રે, સર્વે સાહેલડી રે. ૨
આજ અલબેલો વહાલો રે, રંગીલો આવશે રે;
નવો દિન જાણીને પ્યારો રે, હસિ બોલાવશે રે. ૩
જવારાનાં છોગલાં લઇને રે, પાઘલડીમાં ઘાલસું રે;
શ્યામળિયાને સંગે સજની રે, વૃંદાવન ચાલશું રે. ૪
વારે વારે અધિક વારણિયાં રે, લાડીલાનાં લીજીએ રે;
સખી બ્રહ્માનંદનો પ્યારો રે, ન્યારો નવ કીજીએ રે. ૫

પદ ૪

વહાલા દશરાનો દહાડો રે, ચાલો ઘોડે ચડી રે;
મંગાવો મંગળ વસ્તુ રે, પૂજો હરિ ખીજડી રે. ૧
છબીલા નવલ છોગલિયાં રે, મનોહર મેલિયે રે;
સર્વે વ્રજવાસી કેરી રે, પ્રણામ ઝોલિયે રે. ૩

સોનેરી સાજ કરીને રે, બે બેનાં જોડલાં રે;
બેલાડો બાંઇ ગ્રહીને રે, દોડાવો ઘોડલાં રે. ૨
જુવો વ્રજકેરી નારી રે, ઉભી છે આવીને રે;
વારણિયાં લઇને વધાવે રે, ઘેરે સ્વર ગાવીને રે. ૪
હેતે સર્વે સામુ હેરે રે, શેરીએ ચાલતાં રે;
વહાલા બ્રહ્માનંદના આવો રે, મારે ઘર મહાલતા રે. ૪

રાસપંચાધ્યાયી—દોહા–

મોર મુગટ શિરપર ધર્યો, કર મુરલી અભિરામ;
વૃંદાવનકી કુંજમેં, ઠાઢે શ્રી ઘનશ્યામ. ૧
વસ્ત્ર હરે વ્રજનારિકો, તબ દિનો વરદાન;
સો અવસર દેખત ભયે, સુંદર શ્યામ સુજાન. ૨
શરદ નિશિ પુરન શશિ, સુંદર યમુનાં તીર;
પ્રફુલ્લિત વન છબી દેખિકેં, રિઝત ભયે બલવીર. ૩
ઉત્તમ આશુ માસકી, શરદ પુનમ સુખરૂપ;
રસિક છેલ ઘનશ્યામને, વંસિ વજાઇ અનુપ. ૪
મનમોહન મુરલી વિષે, કિયો સામેરી રાગ;
શ્રવન સુનત વ્રજસુંદરી કીનો સબકો ત્યાગ. ૫

રાગ સામેરી—પદ ૧

અનિહાંરે–મુરલિકો નાદ સુની વ્રજબાળા, સબ ગૃહ કાજ તજે તતકાળ;
અનિહાંરે–પતિ સુત ગૃહ તજી દિના, ઉલટા અંગ સિંગારકુ કિના. ૧
ઢાળ–સિંગાર ઉલટો કિન પ્રેમમેં, નગન સબ વ્રજસુંદરી;
ચાલે વેગસે વનમધ્ય જેહિ સ્થળ, શ્યામસુંદર શ્રીહરિ. ૨
પતિ કુટંબિ બંધુકી, રોકી ન રહી વ્રજભામિની;
મુરલીકે સ્વરસે મન હર્યો, ગઇ કૃષ્ણ ઢિગ સબ કામિની. ૩

જાકું રોકિ ગૃહમધ્ય સોઉ તન તજી, કૃષ્ણકું પ્રથમહિ મિલી;
કહે દાસ મુક્તાનંદ વ્રજત્રિય, પ્રીતિ સબસેં અતિ ભલી. ૪

પદ ૨

અનિહાંરે–જબ વ્રજનારી પ્રભુ ઢીગ આઈ, તિનસંગ બોલે મોહન મુસકાઇ;
અનિહાંરે–વ્રજકો ક્ષેમ કહો સમુઝાઈ, તેહિ કારન આવત સબ ધાઈ. ૧
ઢાળ–સબ ધાઈ આવત સુંદરી તેહિ, હેતુ કહો સમુઝાયકે;
તુંમકું ન દેખિ કુટુંબિ સબ, ખોજી હેં અકુળાઇ કે; ૨
અતિ સરસ વનછબી દેખિ તુંમ સબ, જાઓ નિજ ગૃહ ભામિની;
અપરાધ અપને કુટુંબિકો, કબહુ ન કિજીએ કામિની. ૩
તેહિ કારને તુંમ જાઓ ગૃહપતિ, નિજપતિ સેવન કરો;
કહે દાસ મુકતાનંદકો પ્રભુ, એહિ બચન દ્દઢ અનુસરો. ૪

પદ ૩

અનિહાંરે–જો દ્દઢ સ્નેહ તુમારો, તો તુંમકું ભયો દર્શ હમારો;
અનિહાંરે–નારિકો ધર્મ નિજ પતિ સેવા, ઈનહિસેં સબ સુખ લહે તતખેવા. ૧
ઢાળ–તતખેવ વનિતા પાવે મહાસુખ, નિજ પતિ સેવત જબે;
તેહિ કારને વ્રજસુંદરી તુંમ, સતી ધર્મ રાખો સબે. ૩
જડ વૃધ્ધ રોગી દુઃશીલ નિર્ધન, દીન દુર્બળ જોઈ જુ;
એસો હુ પતિ જો અપાતકી, વનિતાકું ભજનો સોઈ જુ. ૬
કુલવંતી નારી ભજત પરનર, સોઇ સબ દુઃખ કૂપ હે,
કહે દાસ મુક્તાનંદકો પ્રભુ, એહિ મર્મ અનુપ હે. ૪

પદ ૪

અનિહાંરે–મમ ગુન શ્રવન કીરતન ધ્યાના, તિનહિસેં મહાસુખ હોત સુજાના;
અનિહાંરે–સો સુખ ઢિગ નહિ વ્રજનારી, તાહિતેં નિજગૃહ જાઓ વિચારી. ૧
ઢાળ–નિજભવન તુમ ફિર જાઓ યું જબ, કહ્યો શ્રીમદન ગોપાળ જુ;
સોઇ સુનત શોકકે સિંધુમેં, ડુબત ભઇ તતકાળ જુ. ૨

કરે રૂદન નીચે વદન પાઓસેં, ભૂમિ પર ચિત્રની કરે;
મનભંગ ચિન્તામગ્ન વ્રજત્રિય, ખેદજુત શ્વાસની ભરે. ૩
એહિ ભાતિ સબ વ્રજસુંદરી પ્રભુ, વચન સુની વ્યાકુળ ભઈ;
કહે દાસ મુકતાનંદ હરિ ઢિગ, નિઠુર હોય ઠાઢિ રઇ. ૪

દોહા—

પ્રીતમ પ્રેમ વિલોકને, કહે વજ્રસમ વેન;
ધીરજ ધરી વ્રજસુંદરી, પૂછન લાગી નેન. ૧
ગદ્દગદ સ્વરસેં ગોપિકા, કહ્યુ એક ક્રોધ જનાય;
મોહનસંગ બોલત ભઈ, પ્રેમ ન બરન્યો જાય. ૨

રાગ સામેરી-પદ ૫

અનિહાંરે—પ્યારે કઠિન વચન નહિ કેના, કરે વિનતિ સોઉ સુની લેના; ૧
તુંમ કાજ તજ્યો હે સંસાર, તજે માત પિતા પરિવાર. ૨
તેરે પદપંકજ ઢિગ આઇ, તજી સબ લૌકિક સગાઈ. ૩
મુકતાનંદકે નાથ વિહારી, સખા શરન ન ત્યાગો મુરારી. ૪

પદ ૬

અનિહાંરે—તુંમ ધર્મ કહે ગિરિધારી, સોતો સબહિ સત્ય સુખરૂપ. ૧
પતિ આદિ કુટુંબકી સેવા, એહિ માનિનિકો ધર્મ દેવા. ૨
સોતો હમ સબ તુંમહિમેં ધર્યો, જુઠો જગતકો નાતો સો ટાર્યો. ૩
મુકતાનંદકે નાથ વિહારી, હમ સબ વિધ શ્યામ તુમારી. ૪

પદ ૭

અનિહાંરે—નરનારી પ્રવીન હે જોઈ, પ્રીતિ તુંમસો કરે દઢ સોઇ. ૧
પતિ પુત્રાદિક સુખદાઇ, વાકી સબવિધ જુઠ સગાઇ. ૨
તુંમ મન હર લીને મુરારી, નાતેં મોહી સકળ વ્રજનારી. ૩
મુક્તાનંદકે શ્યામ છબિલા, કરો ગોપિનસોં રસલીલા. ૪

પદ ૮

આનિહાંરે–ગોપી વિરહ અનળસેં પ્રજારી, સિંચો અધરસુધાસેં વિહારી. ૧
સિંચે બિન તુંમકું ઉર ધારી, સમ તજી હું પ્રાન વ્રજનારી. ૨
જબસેં તવ પદ સ્પરશે મુરારી, ભયે વિષસમ નર સંસારી. ૩
મુક્તાનંદકે શ્યામ સુજાન, હમ ભઈ તુંમ સંગ એકતાન. ૪

દોહા–

જબસેં તવ પદ સ્પરશકો, સુખ પાયો શ્રુતિસાર;
તબસેં સબ વ્રજસુંદરી, ઝેર કિયો સંસાર. ૧
શ્રી સુરવૃંદકું ત્યાગિકે, તવ પદ રત ભઇ ધીર;
ત્યું હમ તવ પદરજ સુખદ, પ્રાપ્ત ભઈ બળવીર. ૨

સામેરી—પદ ૯

રંગ છેલ રસિક ગિરિધારી રે, તુંમ પર બલિહારી;
પ્યારે નટવર કુંજવિહારી. તુંમ૦
મોર મુગટ મકરાકૃતિ કુંડળ, ભાલ તિલક છબી છાજે રે;
નયન મીન ખંજન છબી લુંટત, ચંચળ અધિક વિરાજે રે. તુંમ૦ ૧
પૂરન શશિ સમ વદન વિરાજત, મંદ હસની સુખકારી રે;
ઉર વિશાળ ભુજદંડ વિલોકત, મોહિહે સબ વ્રજનારી રે. તુંમ૦ ૨
શોભાધામ સ્યામ તવ મૂર્તિ, પલક ન જાત વિસારી રે;
મુક્તાનંદકે સ્યામ ચતુર વર, ભઈ હમ નાથ તુમારી રે. તુંમ૦ ૩

પદ ૧૦

તેરે નેંન બાનકી મારે રે, ઝુરત વ્રજનારી;
સો તો દરદ મિટાઓ મુરારી રે. ઝુરત૦
કોટિ મદન મદ હરન તુમારો, રૂપ વિલોક્ત જોઈ રે;
ત્રિભુવનમેં ત્રિય માત્ર હે તાનમધ્ય, અચળ રહે નહિ કોઇ રે. ઝુરત૦ ૧
મોરલિકે નાદસેં ખગ મૃગ મોહે, ઓરનકી કહા કેંના રે;

હમ સબ આઇ વિરહ જ્વર વ્યાકુળ, નાથ અભય સુખ દેના રે. ઝુરત૦ ૨
વિરહ અનળ તન જારિકેં તુમકું, વરી હું રસિક બહુનામી રે;
મુક્તાનંદકે નાથ નિરંતર, તુંમહિ હમારે સ્વામી રે. ઝુરત૦ ૩

પદ ૧૧

દેખી વિરહ વિકળ વ્રજનારી રે, રિઝે ગિરિધારી;
રચ્યો રાસ પરમ સુખકારી રે. રિઝે૦
વનિતાવૃંદ મધ્ય મનમોહન. કરત વિનોદ વિહારી રે;
જ્યું ઉડુગણુકે મધ્ય શશિ પૂરન, યું સોહત અઘહારી રે. રિઝે૦ ૧
મત્ત ગયંદ જીમિ જુવતિ જૂથ મધ્ય, ઉર વૈજયંતી માળા રે;
એહવિધ વન શોભાવત ડોલત, રસિક છેલ નંદલાલા રે. રિઝે૦ ૨
હિમવારૂ જુત શ્રીયમુના તટ, તહાં આયે વનવારી રે;
મુક્તાનંદ રસિક મોહનકી, યા છબીપર બલિહારી રે. રિઝે૦ ૩

પદ ૧૨

કરે રાસરમણ નંદનંદા રે, વાલમ વ્રજચંદા:
વાંકું નિરખત હોત આનંદા રે. વાલમ૦
કંઠ બાંહ આલિંગન ચુંબન, મર્મવચન સુખકારી રે;
નેંનસેંન નખ પરશ મર્મસ્થળ, કરતહેં કુંજવિહારી રે. વાલમ૦ ૧
યું નિજ સ્પરશસેં વ્રજવનિતા ઉર, રતિ પતિ અધિક બઢાયો રે;
વ્રેહેવંતી રસમગ્ન ભઇ સબ, રાસ રચ્યો મન ભાયો રે. વાલમ૦ ૨
યું વ્રજવનિતાકું મોહનસેં, મન પ્રાપ્ત ભયો ભારી રે;
મુક્તાનંદકે પ્રભુસંગ ખેલત, ભઇ અતિશેં અહંકારી રે. વાલમ ૩

દોહા

રસિક કૃષ્ણ સંગ કામિની, રાસ રમતહેં જોઇ;
ત્રિભુવનકી ત્રિયસેં અધિક, આપકું જાનત સોઇ. ૧
ગોપિનકું સૌભાગ્ય મદ, દેખિકે શ્રી ભગવાન;
માન હરન વ્રજનારિકો, હરિ ભયે અંતરધાન. ૨

ચાલ પ્રથમની—પદ ૧૩

અનિહાંરે–અંતરધાન ભયેહે મુરારી, મણિ વિન ફણી જ્યું વિકળ વ્રજનારી;
અનિહાંરે–જ્યું ગજ વિન ગજી અકુળાવે, ત્યું પ્રભુ વિન ગોપી દુઃખ પાવે. ૧
ઢાળ–દુઃખ પાવે કૃષ્ણ વિયોગસેં, ઉનમત્ત ભઈ ગજગામિની;
મન હર્યો શ્રી ઘનશ્યામ કૃષ્ણકી, કરત લીલા કામિની. ૨
શ્રી હરિકી રાસ વિલાસ લીલા, ઉર વસિ વ્રજનારીકું,
તેહિ ધ્યાનસેં કહે કૃષ્ણમેં, ભુલી સો તન સંભારકું. ૩
એહિ ભાંતિ પ્રેમદીવાની વ્રજત્રિય, કૃષ્ણહિત વન વન ફિરે;
કહે દાસ મુકતાનંદ પ્રભુ વિન, પલ ન કોઉ ધીરજ ધરે. ૪

પદ ૧૪

અનિહાંરે–વિરહ વિકળ વ્રજનારી, પુછત સબ તરૂકું સકૂમારી;
અનિહાંરે–વટ પિપરે સુખકારી, તુંમ કહું દેખે દયાળુ મુરારી. ૧
ઢાળ–તુંમ દેખે કહું નંદલાલ બકુલ, અશોક નાગ પુંનાગ જુ;
ચંપક કહાં બળવીર ગયેરિ, બઢાય દ્દઢ અનુરાગ જુ. ૨
હે તુળસિ તુંમ શ્રી હરિકું વલ્લભ, દેખે કહું વ્રજચંદરિ;
હે જાય જૂથિ માલતી, કિન દેખે આનંદકંદરિ. ૩
તેહિ ભાંતિ અંબ કદંબ પનસ, તમાલતરૂ જો વિશાલ જુ;
કહે દાસ મુકતાનંદ ગોપી, પુછે તેહિ તતકાળ જુ. ૪

પદ ૧૫

અનિહાંરે–વનવેલિકું પુછીકે હારી, પ્રભુ સંગ પ્રેમ મગન વ્રજનારી;
અનિહાંરે–હરિ ગુન લીલા સંભારી, તેસેહે કરન લગિ સકુમારી. ૧
ઢાળ–સકુમારી કૃષ્ણકી કરત લીલા, પૂતના એક હોત જુ;
વાકે કૃષ્ણ હોત સો પ્રાન પિબત, છોડ છોડ યું હોત જુ. ૨
એક શકટ ભઈ વ્રજસુંદરી, અન્ય બનિ હે બાળમુકુંદ જુ;
તેહિ હનિહે પદકે પ્રહારસેં, સબ હસત વનિતાવૃંદ જુ. ૩
એક બનિહે તૃણાવર્ત કૃષ્ણકું, ગગનસેં સો ઉડારહિ;
કહે દાસ મુકતાનંદ તિનકું, કૃષ્ણ ભઈ સોઈ મારહિ૦ ૪

પદ ૧૬

અનિહાંરે–બાળકૃષ્ણ કોઉ બની આવે, ઘુંઘરની ચલત નૂપુરકું બજાવે;
અનિહાંરે–રામ કૃષ્ણ બની સખી દોઇ, ગોપ રૂ વછ બની હેં કોઈ કોઇ. ૧
ઢાળ–કોઇ બનિ હે બગુલા રૂપ તાહિકું, કૃષ્ણ ભઇ સોઈ મારહિ;
એક ભઇહે વછ સ્વરૂપ તીનકું, કૃષ્ણ ભઇ સો પછારહિ. ૨
કોઇ કૃષ્ણકો ચિંતન કરત, નિજદેહ ભુલિ ભામિની;
મેં કૃષ્ણ દેખો લલિત ગતિ મમ, યું કહત સોઇ કામિની. ૩
એક ઇન્દ્ર હો કરે કોપ વ્રજપર, હરિ હો અન્ય ગિરિ કર ધરે;
કહે દાસ મુકતાનંદ વ્રજત્રિય, કૃષ્ણસમ લીલા કરે. ૪

દોહા

વસ્ત્ર કો ગિરિ કર પર ધર્યો, રસિક રાય બની એક;
ઓરહુ લીલા કૃષ્ણકી, વ્રજત્રિય કરત અનેક. ૧
એક ભઈ કારો અહિ, દુજી બની નંદલાલ;
લાતનસેં શિર કુટિકેં, લીલા કિન વિશાલ. ૨

ચાલ બીજી—પદ ૧૭

અનિહાંરે–એક ગોપ હો કહત પોકારી, આયો દાવાનળ દુઃખકારી, ૧
એક કૃષ્ણ હો નેંન મુંદાવે, વાકો તુરત પાન કર જાવે. ૨
એક જશોમતી હોય રિસાની, બાંધે દામસેં સારંગપાની. ૩
મુક્તાનંદકો નાથ વિહારી, કિનિ બાવરિશિ વ્રજનારી. ૪

પદ ૧૮

અનિહાંરે–તરૂ વેલિનકું વ્રજનારી, ફિરે પુછતી સબ સકુમારી ૧
એસે વનવન ઢુંઢત જાઇ, દેખે કૃષ્ણચરણ સુખદાઇ. ૨
એહેં કૃષ્ણ ચરણ અઘહારી, દેખો સોળ ચિહ્ન જયકારી. ૩
મુકતાનંદકો નાથ વિહારી, ચલે એહિ મગ દેવસુરારી. ૪

પદ ૧૯

અનિહાંરે–વ્રજનારી વેગસેં આઇ, ચલિ ચરનકે મગ મુદ પાઈ. ૧
હરિકે ચરન ચિહ્ન સંગ પ્યારી, દેખે પ્રિયકે ચરન દુઃખકારી. ૨
તબ સબહિ અધિક અકુલાની, બોલી અતિ આતુર હોય બાની. ૩
મુકતાનંદકે પ્રભુ સંગ જોઇ, રસ ચોર પ્રવિન હે સોઈ. ૪

પદ ૨૦

અનિહાંરે–ગઇ કૃષ્ણકે સંગ જો બાળા, વાકો પુણ્ય હે પરમ વિશાળા. ૧
વાનેં ઇશ આરાધે હે ભારી, તાતેં વશ ભયે કુંજવિહારી. ૨
હમકું ત્યાગિકે દેવ મુરારી, લિનિ સંગ એકાંતમેં પ્યારી. ૩
મુકતાનંદકો શ્યામ સુજાન, વાકો અધર સુધા કરે પાન. ૪

દોહા

દેખો સખી શ્રીકૃષ્ણકે, ચરણ રેણુ સુખરૂપ;
ભવ બ્રહ્મા શ્રી અઘ ટરન, નિજ શિર ધરત અનુપ. ૧
કૃષ્ણકે ચરણ સમીપ યહ, ઔરન ત્રિય પગ જેહુ;
દેખત છાતિ જરત હે, મહાદુઃખ દેતહે તેહું. ૨

ચાલ ત્રિજી—પદ ૨૧

દેખો કૃષ્ણ ચરન સુખકારી રે, ઇહાં ગએ ગિરિધારી;
ચલો વેગસેં સબ વ્રજનારી રે. ઇહાં૦
એહિ ઠોર લિયે કુસુમ પ્યારિ હિત, આધે ચરન ઉઠાઇ રે;
એહિ સ્થળ કૃષ્ણ કામી ત્રિય વેની, ગુંથિહે અધિક બનાઇ હે. ઇહાં૦ ૧
યાહિ ઠોર ત્રિય કાંધ ચઢાઇ, કુસુમ લેતહિત કામી રે;
અતિસેં પાઓ ગડે રેતિમહિ, બોઝ વહત બહુનામી રે. ઇહાં૦ ૨
સો ગોપીકે ચરન કૃષ્ણ સંગ, ઇહાં નહિ ભાસત માઇ રે;
મુકતાનંદકે શ્યામ ચતુર વર, પ્રેમસેં કાંધ ચડાઈ રે. ઇહાં૦ ૩

પદ ૨૨

પ્રભુ પૂરનકામ મુરારી રે, સંગ રાધે પ્યારી;
રસ કેલિ કરત સુખકારી રે. સંગ૦
આત્મારામ તદપિ રાધે સંગ, રમણ કરત ગિરિધારી રે;
કામિનકું અતિ તુચ્છ જનાવત, ત્રિયકી દુષ્ટતા ભારી રે. સંગે૦ ૧
શ્રીહરિ સંગ લઇ જો પ્યારી, સો ભઇ અતિ અભિમાની રે;
સબ ગોપિનકું ત્યાગી મોહિપર, રિઝેહે સબ સુખદાની રે. સંગે૦ ૨
સબ ગોપિનસેં અધિક આપકું, માનત રાધે ગોરી રે;
મુકતાનંદકો નાથ મનોહર, હસત જાની તેહિ ભોરી રે. સંગે૦ ૩

પદ ૨૩

ભઈ પ્રભુસંગ અતિ અભિમાની રે, કછુ ન જુગત જાની;
બોલી શ્યામ સુંદરસોં બાની રે. કછુ૦
અબ મોય કાંધ ચઢાયકે પ્રીતમ; જહાં ઇચ્છા તહાં જાના રે;
સુનત વચન શ્રીહરિ હસિ બોલે, આઇયે પ્યારી સુજાના રે. કછુ૦ ૧
કૃષ્ણ કે કાંધ ચઢન લગિ ગોપી, અતિશે હોય અજાના રે;
પૂરનકામ શ્યામસુંદર વર, હરિ ભએ અંતરધાના રે. કછુ૦ ૨
વનમધ્ય રહિરી અકેલી રાધે, રૂદન કરત અતિ ભારી રે;
મુકતાનંદકે નાથકું ખોજત, આઇ સબે વ્રજનારી રે. કછુ૦ ૩

પદ ૨૪

મેં તો માન કિયો મેરી માઈ રે, અબ સોઇ ફળ પાઈ;
મોંકુ તજી ગએ કુંવર કનાઇ રે. અબ૦
જ્યું જ્યું માન દિયો મનમોહન, ત્યું ત્યું ભઇ અહંકારી રે;
તેહિ કારણ મોય ત્યાગિ રસિકવર, કહીસો વાત વિસ્તારી રે. અબ૦ ૧
યું અપનો સુખદુઃખ ગોપિનકું, દિનોહે સબહિ જનાઇ રે;
કૃષ્ણકે ગુન નિજ ઓગુન શોચત, હોવત અતિ અકુલાઇ રે અબ૦ ૨
કૃષ્ણકું ખોજી હારિ વ્રજવનિતા, ફિર જમુનાતટ આઇ રે;
મુકતાનંદકે નાથ વિના સબ, શોચન અતિ મુરઝાઇ રે. અબ૦ ૩

દોહા

સબહિ ભાતિ વ્રજસુંદરી, ભઈ હરિસોં એકતાર;
રસિક કૃષ્ણુ મન_હર લિયો, ભુલી તન સંભાર. ૧
વ્રેહેવંતી વ્રજસુંદરી, અતિશેં હોય અધીર;
સબ હરિગુન ગાવન લગિ, જ્યું રીઝત બળવીર. ૨
જન્મ કર્મ શ્રીકૃષ્ણકે, વ્રજવનિતા કિયે ગાન;
વિરહ વિકળ વ્રજનારી ઢિગ, આયે શ્રીભગવાન. ૩
પીતાંબર ધર શ્રીહરિ, જબ દેખે ઘનશ્યામ;
ઉઠી ધાઈ વ્રજસુંદરી, ભઈ સબ પૂરનકામ. ૪

ચાલ પ્રથમની–પદ ૨૫

અનિહાંરે–વેગસેં દોરી ગોપી સુજાના, માનુ સબ તનમેં આવત ભયે પ્રાના,
અનિહાંરે–કોઇ કર ચરન ગ્રહત હે ધાઇ, કોઇ હરિમુખ ચુંબત મુદ પાઈ. ૧
ઢાળ–મુદ પાય કૃષ્ણકે વદનસેં, તાંબૂલ લેતહેં ભામિની;
એહિ ભાંતિ પ્રેમસેં ભઇ રસબસ, કૃષ્ણકે સંગ કામિની. ૨
વ્રજનારી વૃંદ સમેત શ્રીહરિ, આએ યમુનાતીર જુ;
ઉડુગનમેં પૂરન ચંદસમ, સોહતહેં શ્રી બળવીર જુ. ૩
વ્રજસુંદરી નિજ વસ્ત્રસેં, આસન કિયો અભિરામ જુ;
કહે દાસ મુકતાનંદ તાપર, બેઠે શ્રીઘન યામ જુ. ૪

પદ ૨૬

અનિહાંરે–કરી સનમાન કહે વ્રજનારી, હમકું કયું તજી ગએ કુંજવિહારી;
અનિહાંરે–નિજ્જનકું ન ભજત મુરારી, યહ કહા ટેવ પરિહે તુમારી. ૧
ઢાળ–તુમારી યહ કહા ટેવ નટવર, કહો જુ ઉત્તર શ્રીહરિ;
હમ ત્યાગિ સબહિ કુટુંબિકું, શુદ્ધ ભાવજુત તુમકું વરિ. ૨
સુની વચન સબ વ્રજનારિકે, હસિ કહત શ્રીઘનશ્યામ જુ;
મેં ભક્તહિત ભૂપર ફિરું, કરું દાસ પૂરનકામ જુ. ૩

જો ભજત મોયમેં ભજું વાહિકું, એહિ હમારી બાન જુ;
કહે દાસ મુકતાનંદકો પ્રભુ, ભકતજન મન પ્રાન જુ. ૪

પદ ૨૭

અનિહાંરે–સુની સબ ગોપિ શ્રીમુખ બાની, ભઈ રસમગ્ન અધિક હરખાની;
અનિહાંરે–તબ પ્રભુ રાસ રચ્યો ભારી, કરસેં ગ્રહે કર સબ સકુમારી. ૧
ઢાળ–સકુમારી સબ વ્રજગોપિકા, ભઇ કનકકોટ જ્યું સુંદરી;
દો દોકે મધ્ય નંદલાલ એક, ધરી કંઠ ભુજ સોહત હરી. ૨
સુર આયે ચઢિકે વિમાનપર, નભ નચત સુરત્રિય વૃંદ જુ;
કિયે દેવ દુંદુભિ નાદ અતિશેં, પાએ સબ આનંદ જુ. ૩
કરે કુસુમવૃષ્ટિ દેવ સબ, ગંધર્વ હરિગુન ગાવહિ;
કહે દાસ મુક્તાનંદ હરિમુખ, નિરખિ સબ સુખ પાવહિ. ૪

પદ ૨૮

અનિહાંરે–શ્રીહરિસંગ નચત હે નારી, ભઈ નુપુર કંકન ધુની ભારી;
અનિહાંરે–પ્રભુસંગ ગોપી ભઇ એકતાના, તાથેઇ તાથેઇ કરત સુજાના. ૧
ઢાળ-સુજાન વ્રજત્રિય કહત તાથેઇ, કરત પ્રભુસંગ ગાન જુ;
કર ચરન ભ્રકુટી વિલાસસેં, ભઇ કૃષ્ણસંગ એકતાન જુ. ૨
કોઇ કૃષ્ણકે મુખ કરત ચુંબન, કોઇ આલિંગન કરત હે;
કોઇ કંઠ ઉર ધરી કૃષ્ણભુજ, રસ જાન એ સમે ફિરત હે. ૩
એહિ ભાતિ શ્રીપતિસંગ ખેલત, પ્રેમજુત વ્રજસુંદરી;
કહે દાસ મુક્તાનંદ કૃષ્ણકું, રમાસમ સબહિ વરી. ૪

દોહા–

આલિંગન ચુંબન પરસ, કરત વિનોદ વિશાળ;
બાળ જ્યું નિજ પ્રતિબિંબ સંગ, ત્યું ખેલત નંદલાલ. ૧
શ્રીહરિકે અંગસંગસેં, વ્રજત્રિય થકિત અપાર;
અંગિયા કેશ દુકૂળ પટ, તાહિકો લાગત ભાર. ૨
કૃષ્ણકી ક્રીડા દેખિકેં, મોયેહેં સુરત્રિય વૃંદ;
ઉડુગન જુત પૂરન શશિ, ભયો વિસ્મિત ગતિમંદ. ૩

જીતની વ્રજકી સુંદરી, પ્રભુ ભએ તિતનેહિ રૂપ;
પૂરનકામહે તદપિ રસ, ક્રીડા કરત અનુપ. ૪

ચાલ બીજી પદ ૨૯

અનિહાંરે–ગોપિ રાસ રમણ શ્રમહારી, વાકે શ્રમજળ પુંછે મુરારી. ૧
ગોપીવૃંદ સહિત ગિરિધારી, શ્રમમેટન કુંજવિહારી. ૨
પૈઠે યમુનાંકે જળમેં ઉદારા, ગજીસંગ જ્યું ગજ મતવારા. ૩
મુકતાનંદકો શ્યામ સુજાન, કરે જળક્રીડા ભગવાન. ૪

પદ ૩૦

અનિહાંરે–સિંચે શ્યામકું જળ વ્રજનારી, કરે ખેલ પરમ સુખકારી. ૧
ગજીજૂથમેં કરિવર ભારી, તૈસે ગોપિન મધ્ય ગિરિધારી. ૨
યાકે પિછે શ્રીકૃષ્ણ સુજાના, ફિરે જળ સ્થળ કુસુમકે સ્થાના. ૩
મુકતાનંદકો નાથ વિહારી, કિનિ ગોપી સબહિ મતવારી. ૪

પદ ૩૧

અનિહાંરે–ઐસિ સબહિ નિશા ઉજીયારી, તામેં સંગ લિયે વ્રજનારી. ૧
તાસોં રમણ કિયો સુખકારી, રાખ્યો વીર્ય સો આપમેં ધારી. ૨
જોજો શરદ કાવ્ય રસક્રીડા, સોસો કરત ભયે તજી વ્રીડા. ૩
મુકતાનંદકો શ્યામ સુજાન, હર્યો મદનકો સબવિધ માન. ૪

પદ ૩૨

અનિહાંરે–નૃપકું ભયો સંશય ભારી, પ્રગટે ધર્મસ્થાપનકું મુરારી. ૧
સો કયું પ્રભુ ભએ પરત્રિયગામી, તોયોં ધર્મ કયું અંતરજામી. ૨
મોકું સંશય ભયો વિકરાળા. કહો શુક મુનિ પરમદયાળા. ૩
મુકતાનંદકે પ્રભુકી વડાઇ, બિન જાને પુછયો સુરઝાઈ. ૪

દોહા–

સુનહુ નરેશ શ્રીકૃષ્ણકું, દોષકો સ્પર્શ ન હોય;
પાવક તુલ્ય સો શ્રીપતિ, તેહિ સમ ઓર ન કોય. ૧

જીવસો પ્રભુકે આચરન, મનહુંસે કરતહેં જોઇ;
એહિ શઠ પાવત નાશકું, નરકમેં જાવત સોઇ. ૨
જ્યું શિવ ગરલકે પાનસેં, નીલકંઠ ભએ દેવ;
તેહિ વિધ અશિવ જો આચરે, નાશ હોત તતખેવ. ૩

ચાલ ત્રીજી–પદ ૩૩

નૃપ કૃષ્ણ સો અજ અવતારી રે, શ્રીપતિ સુખકારી;
સોતો ભોગી તોહુ બ્રહ્મચારી રે. શ્રીપતિ૦
કર્મકો લેપ ન લાગત પ્રભુકું, તિનસેં ન સુખ દુઃખ હોઇ રે;
એહિ વિધ કૃષ્ણકું જો કોઈ જાનત, પાપસેં છુટત સોઇ રે. શ્રીપતિ૦ ૧
જેહિ પદપંકજ રજ શિર ધરિકે, મુકત ભયે મુનિ ધ્યાની રે;
શુક નારદ સનકાદિકસે સિદ્ધ, નિડર ફરત વિજ્ઞાની રે. શ્રીપતિ૦ ૨
જીનકે દાસ મુકત હોય વિચરત, તાહિ કયુ બંધ ન હોવે રે;
મુકતાનંદકે પ્રભુકું ન જાનત, સોઇ નિજ જન્મ વિગોવે રે. શ્રીપતિ૦ ૩

પદ ૩૪

પ્રભુ પૂરન કામ મુરારી રે, હરિ ભવભયહારી;
તારે દર્શ સ્પરશ નરનારી રે. હરિ૦
જાકે પદપંકજ વદનસેં, પતિત હોત ભવપારા રે;
સો શ્રીકૃષ્ણ પુરન પુરૂષોત્તમ, લિન મનુજ અવતારા રે. હરિ૦ ૧
સોઈ શ્રીકૃષ્ણકું જડ અજ્ઞાની, આપકે તુલ્ય પ્રમાને રે;
તાહિતેં ઓગુન લેત અલ્પમતિ, ભજન ભકિત નહિ ઠાને રે. હરિ૦ ૨
નિર્ગુણરૂપ શ્રીકૃષ્ણકું મિલકે, સબ નિર્ગુણ હોઇ જાવે રે;
મુકતાનંદકે શ્યામકો મહિમા, નિગમ નેતિ કહી ગાવે રે. હરિ૦ ૩

પદ ૩૫

કિંયો રાસરમણ ગિરિધારી રે, મોહન જયકારી;
કિની કમળા સબ વ્રજનારી રે, મોહન૦

એહિ વિધિ રાસ રમે ગોપિન સંગ, બ્રાહ્મ મુહૂરત ભયો જાની રે;
વ્રજત્રિયકું કહે ભોર ભયો અબ, સુનત વચન અકુલાની રે. મોહન૦૧
ઘટિકા ચાર રાત્ય રહિ અબળા, નિજ ગૃહ જાઓ સયાની રે;
નાહિ રૂચિ તદપિ ગિરધારી, શ્યામ સુંદરકી બાની રે. મોહન૦૨
યું અકૂલાયકે નિજગૃહ આઈ. કૃષ્ણવધુ સબ ગોપી રે;
મુક્તાનંદકે નાથ રસિકહિત, લોક વેદ હદ લોપી રે. મોહન૦૩

પદ ૩૬

ઐસેં રાસ રમે વ્રજચંદા રે, શ્રીપતિ સુખકંદા;
હર્યો કામકો ગર્વ ગોવિંદા રે. શ્રીપતિ૦
યહ શ્રીકૃષ્ણકો રાસ પ્રેમજુત, ગાવત સુનત જો પ્રાની રે;
થોરે હિ કાળમેં કામકું જીતત, ભક્તિ લહત સુખદાની રે. શ્રીપતિ૦ ૧
જો યહ રાસકો પાઠ કરત તેહિ, રિઝત કૃષ્ણ મુરારી રે;
નર ત્રિય પ્રેમભક્તિકું પાવત, ઉરમેં બસત ગિરિધારી રે. શ્રીપતિ૦ ૨
કળિમળ હરન શ્રીકૃષ્ણકી ક્રીડા, પ્રેમસેં સુની ઉર ધારે રે;
મુકતાનંદકે પ્રભુસોં પ્રેમજુત; મદનકે મૂળ ઉખારે રે. શ્રીપતિ૦ ૩

દોહા—

અતિ સુંદર છત્તિસ પદ, તાપર દોહા છવિશ;
બરન્યો રાસ સંક્ષેપસેં, રિઝત શ્રી જગદીશ. ૧
સંવત અઢારે ત્રાસિયો, સુખપ્રદ ફાલ્ગુન માસ;
કૃષ્ણપક્ષકી દ્વાદશી, પુરન રાસ પ્રકાસ. ૨
વૃત્તાલય હરિધામમેં, પ્રગટ શ્રીકૃષ્ણકે પાસ;
મુકતાનંદ શ્રીકૃષ્ણકો, કહ્યો યથા મતિ રાસ. ૩
ઇતિ મુકનાનંદમુનિવિરચિતા રાસપંચાધ્યાયી સંપૂર્ણા.

રાગ ગરબી—પદ ૧

શરદ પુનમની રજની રે, અજવાળી ભાળી;
રાસ રમ્યાનું રે, મનમાં ધાર્યું વનમાળી. ૧

કાજુ પ્રસરી રે કિરણું ચાંદલીયા કેરી;
લલિત મનોહર રે જમુનાના જળની લહેરી. ૨
વિધવિધ ફુલી રે વનકેરી સુંદર વેલી;
મહકે ચંપા રે વળી જાય જુઈ ચંબેલી. ૩
તાજાં ફુલ્યાં રે બહુ કમળ નદીની તીરે;
વેણુ વજાડી રે ત્યાં આવીને બળવીરે. ૪
બ્રહ્માનંદના રે વહાલાની વંસી વાગી;
અજબ અલૌકિક રે ગઇ ચૌદ ભુવનથી આઘી. ૫

પદ ૨

શ્યામ સલુણે રે, વાઈ સુંદર ઉચ્ચે સાદે;
નાગ પીયાળે રે, મોહ્યા મોરલીને નાદે. ૧
વેણુ વજાડી રે, અતિ નૌતમ ગિરિવર ધારી;
વેહેતાં થંભ્યાં રે, કાલિંદ્રી કેરાં વારી. ૨
બહુનામીની રે મોરલી તીખે સ્વરે બોલી;
ડુંગર ડગીયા રે સુણતાં સર્વે મહી ડોલી. ૩
મહાવન વાઇ રે મોહન વંસી મરમાલી,
તાન સુણીને રે છુટી શંકરની તાલી. ૪
બ્રહ્માનંદનો રે વહાલો ઉભા વનમાં આવી;
વેણુ વજાડી રે વ્રજનારીને બોલાવી. ૫

પદ ૩

બંસી વાઇ રે, સુંદર વર કુંજવિહારી;
શબ્દ સુણીને રે વ્યાકુળ ભઈ વ્રજની નારી. ૧
ફરતી ડોલે રે અંગો અંગ સરવે ફૂલી;
ભૂધર મળવા રે, ઘરડાનો ધંધો ભૂલી. ૨
એક એક આંખે રે, કાજળ આતુર થઇ આંજ્યાં;
મેલ્યાં વાસણ રે ઘરમાં જેમ તેમ અણમાંજ્યાં. ૩

ધેનું દોતાં રે કોઇ દૂણાં મેલ્યાં પડીયાં;
દુધ કઢંતાં રે રહ્યાં ચુલા ઉપર ચડીયાં. ૪
માત પિતા સુત રે પતિની ન રહી કોઇ ઝાલી;
બ્રહ્માનંદના રે, વહાલાને પાસે ચાલી. ૫

પદ ૪

નિઃશંક થઇને રે, આવી વનમાં વ્રજનારી;
મનમાં રાજી રે મુખ બોલ્યા એમ મોરારી. ૧
કો'ને અબળા રે તમે આ ટાંણે કેમ આવ્યાં;
સગાં કુટુંબી રે સાસરીયું પીયર લજાવ્યાં. ૨
પરપતિ પાસે રે રાત્રિમાં આવ્યાં વનમાં;
લજ્જા લોપી રે કાંઇ તોલ કર્યો નહી મનમાં. ૩
જેવો તેવો રે પોતાનો પતિ નવ તજવો;
પતિવ્રતાને રે જોઇ સારો અવર નવ ભજવો. ૪
બ્રહ્માનંદનો રે વહાલો કહે હેત તમારૂં;
કોઈ નથી જાણ્યું રે હજી પાછાં જાઓ તો સારૂં. ૫

પદ ૫

વ્રજનો જીવન રે, એમ બોલ્યા કુંજવિલાસી;
અતિશય વાધી રે અબળાને મન ઉદાસી. ૧
એ પરવાડી રે જોયા વનમાં હરિ ને,
લજ્જા પામી રે રહી હેઠાં વદન કરીને. ૨
ગરજ વીનાનું રે બેઠા બોલે ગિરિધારી;
તેને સુણિ સુણિ રે વહે લોચનિયામાં વારી. ૩
એ દુઃખડાની રે કાંઈ વાત જાય નહી વરણી;
નીચું જોઇને રે ખણે પગ અંગુઠે ધરણી. ૪
બ્રહ્માનંદના રે વહાલાથી અંતર ખોલી;
બ્હીક તજીને રે અબલા ભેળી થઇ બોલી. ૫

પદ ૬

ન ઘટે તમને રે, એવું બોલ્યું બહુનામી;
જીવન મનની રે જાણો છો અંતર જામી. ૧
સગાં કુટુંબી રે તમ સારૂ સરવે ત્યાગ્યાં;
એક તમારાં રે ચરણુંમેં મન અનુરાગ્યાં. ૨
તીખાં તાંને રે સુંણી મોરલી શ્યામ તમારી;
સનમુખ ચાલ્યાં રે અમો લાભ તજી સંસારી. ૩
ખ્વાર કરીને રે હવે ઓશે માં ખળતાઇએ;
પાછાં ઘરમાં રે અમે શુ સુખ લઇને જાઇએ. ૪
બ્રહ્માનંન્દના રે વહાલા મનમાંહી વિચારો;
નિઃશંક થઇને રે હૈડાનો તાપ નિવારો. ૫

પદ ૭

ભાવ અલૌકિક રે, અબળાનો દીઠો ભારી;
મનમાં રીઝયા રે સુંદર વર દેવ મોરારી. ૧
ભીડયા પ્રેમે રે સરવેનાં અંતર ભાળી;
મરકી જોયું રે સામું રસિયે વનમાળી. ૨
જાદવ વરનું રે મુખ પ્રસન્ન મનોહર જોઇને;
પ્રેમમગ્ન થઇને રે મૂર્તિમાં મનડાં પ્રોઇને. ૩
બહુવિધ હાસે રે અંતરની દાઝ બુઝાવી;
લઈ હાથ તાળી રે વ્રજનારી કંઠે લગાવી. ૪
બ્રહ્માનંદને રે વહાલે રસ પાયો પીધો;
કોડે આદર રે હરિ રાસ રમ્યાનો કીધો. ૫

પદ ૮

પ્રાણજીવનને રે, વ્રજત્રિય ઉભિ ચહું પાસે;
સોળ કળા લઇને રે ચંદ્ર ઉગો આકાશે. ૧

વનવેલીની રે શોભા વર્ણવ્યામાં નાવે;
ગોપીસંગે રે અલબેલો મોહન ગાવે. ૨
ગિરિધર વાઇ રે મોરલી મધુરે સ્વર ઘેરી;
સુણતાં ધીરજ રે ન રહી ઇંદ્રાદિક કેરી. ૩
ગાંધર્વ ગાવે રે વિદ્યાધર વાજાં છેડયાં;
તુંબરૂ સહિતા રે નારદ આવ્યા વણતેડયા, ૪
ગજગતિ ચાલે રે વ્રજનારીને મન ગમવા;
બ્રહ્માનંદનો રે વહાલો તત્પર થયા રમવા. ૫

રાગ ગરબી—પદ ૧

શોભે શરદ્નિશા અતિ સારી, રમે ગોપી ને ગિરિધારી. ૧
વહાલે ખેલ રચ્યો વૃંદાવનમાં, જોઇ મગન થયા સુર મનમાં. ૨
તાતા થૈથૈ કૈ ચાલે ઠમકે, પાયે ઝાંઝર નૂપુર ઝમકે. ૩
વળી ધમ ધમ ઘુઘરૂ બોલે, સુણી નાગ પીયાલે ડોલે. ૪
માવો કંઠ બાંહડલિ મેલે, ખાંતિલો રંગભર ખેલે. ૫
બહુ રૂપે થયા બહુનામી, છેલો બ્રહ્માનંદનો સ્વામી. ૬

પદ ૨

રમે રાસ મનોહર રસિયો, જરિયાન ફેંટો કટિ કસિયો. ૧
વહાલે પલવટ નૌતમ વાળી, તોડે તાન લેવે હાથ તાલિ. ૨
એક એક ગોપી એક એક કહાનો, મહા ખેલ રચ્યો મસ્તાનો. ૩
પીય પ્યારી નૌતમ પ્રીત, રમે રાસ અલૌકિક રીત. ૪
હેતે મર્મ કરી કરે હાંસી, ખેલે નટવર કુંજવિલાસી. ૫
કોડે કોડે રમે કેસરિયો, બ્રહ્માનંદનો વહાલો રંગ ભરીયો. ૬

પદ ૩

વાજાં વિવિધ ભાંતિ તહાં વાજે, કેઇ સિદ્ધ મળ્યા જોવા કાજે. ૧
વહાલે મચવિ છે રંગ ઝડીને, ભાળે દેવ વિમાન ચડીને. ૨

ગોપી મોહનનો કર ઝાલી, કરે ચુંબન મદ મતવાલી. ૩
રૂડી શરદતણી જોઇ રજની, વહાલા સંગ રમે ત્રિયા વ્રજની. ૪
માંડયો રાસ મંડલ મતવાલે, ઢાળા પ્રજના લાવી રંગ ઢાળે. ૫
બ્રહ્માનંદનો વહાલો રંગ ભીનો, ખેલે નવલ કુંવર નંદજીનો. ૬

પદ ૪

ઝાલી બાંહી પરસપર ઝુંબે, લતા લંબતણીપર લુંબે. ૧
કરે ગાન ઉમંગ કરીને, હાવે ભાવે રીઝવે હરીને. ૨
કર ઝાલે બાજુબંધ ઝલકે, જાણે વિજ ઘટા માંઇ સલકે. ૩
શોભે રમતી ત્રિયા હરિ સાથે, માંડી દેવ સુમન ઝડી માથે. ૪
ફરે ફરગટ નટવર ફેરી, બેઉ પાસ ત્રિયા રહી ઘેરી. ૫
ગુણવંત રમે ગોવિંદો, બ્રહ્માનંદનો વહાલો વ્રજ ચંદો. ૬

રાગ ગરબી—પદ ૧

રસિયો રાસ રમે રે રાસ રમે, ગોપીને મનડે ગમે રે. રસિયો૦ ટેક.
શોભે શરદ પુનમ નીશિ રૂડી, ફુલી વન જાયુ જુડી;
ભુજ ખલકે કાંકણુ ચુડી રે. રસિયો૦ ૧
અતિ ગાવે નવલ ઉમંગે, રમે રાસ મનોહર રંગે;
ગિરિધર ગોપીને સંગે રે. રસિયો૦ ૨
રાજેશ્વર રંગડો રેલે, કોઇનો કર ઝાલે મેલે;
બ્રહ્માનંદનો વહાલો ખેલે રે. રસિયો૦ ૩

પદ ૨

ખેલે ખાંતિલો રે ખાંતીલો, નટનાગર છેલ છબિલોરે. ખેલે૦ ટેક.
વ્રજનારી જૂથ મળીને, ગાવે હરિને સંગ મળીને;
ત્યાં રહ્યો છે રંગ ઢળીને રે. ખેલે૦ ૧
કે થૈ થૈ થૈ મુખ બોલે, ડોલરીયાને સંગ ડોલે;
આવ્યા સુર જોવા ઓલે રે. ખેલે૦ ૨

પગે ઘુઘરૂ નુપુર ઘમકે, વલિ અણવટ વિંછિયા છમકે;
બ્રહ્માનંદ કહે ચાલે ઝિણે ઠમકે રે. ખેલે૦ ૩

પદ ૩

વહાલો મારો વનમાલિ રે વનમાલી, રમે જોડ બની રૂપાલિ રે. વહા૦ ટેક.
રૂડી શરદની પૂરણ માસી, ચાંદલયે કિરણ પ્રકાસી;
ખેલે રસિયો રાસ વિલાસી રે. વહા૦ ૧
વાય તાલ મૃદંગ ઉમંગી, સરણાઇ ધૂન મોરલી ચંગી;
રમે ગોપીને સંગ નવરંગી રે. વહા૦ ૨
રીઝયાં સૌ રંગડો ઢળિયો, લાગ્યો થાક પ્રસેવો વળિયો;
બ્રહ્માનંદનો વહાલો વેણે પળિયો રે. વહા૦ ૩

પદ ૪

શોભે છે શ્યામળિયો રે શ્યામળિયો, વ્રજનારી પર અઢળક ઢળિયો. શોભે૦ ટેક
આજ શરદ પુનમ ભલી ઓપી, રમે લોક વેદ હદ લોપી;
ગિરિધર સંગ રસબસ ગોપી રે. શોભે૦ ૧
ધન્ય ધન્ય એ વ્રજની નારી, થઇ પ્રાણજીવનને પ્યારી;
જેને સંગ રમે ગિરિધારી રે. શોભે૦ ૨
મનમોહન ખેલ મચાયો, રસ નૌતમ પીધો પાયો;
એ રસ બ્રહ્માનંદે ગાયો રે. શોભે૦ ૩

રાગ ગરબી—પદ ૧

આજ શરદ પુનમનો ચંદો રે, અતિશે શોભે આકાશે;
રમે ગોપી સંગે ગોવિંદો રે, રંગડો જામ્યો છે રાસે. ૧
બહુ નુપૂર ઝાંઝર વાજે રે, રમઝમ રમઝમ રૂપાળાં;
કરે મનડું લેવા કાજે રે, મોહન લટકાં મરમાળાં. ૨
નાટારંભ માંડયો નાથે રે, વ્રજજીવન વૃંદાવનમાં;
સુંદર વર ગોપી સાથે રે, મગન થયા રમતા મનમાં. ૩

બાંહડલિ બળવંત કેરી રે, ઝાલીને વનિતા ઝુલે;
બ્રહ્માનંદનો વહાલો લેહેરી રે, જોઈ જોઇને મનમાં ફુલે. ૪

પદ ૨

રાત્રિ શરદ પુનમની રાજે રે, અતિશે સુંદર અજવાળી;
વાજાં ત્યાં નૌતમ વાજે રે, વનમાં ખેલે વનમાળી. ૧
ગિરિધર ગોપીને સાથે રે, રસ બસ ખેલે રૂપાળો;
ધર્યો મુગટ મનોહર માથે રે, નવલ અલૌકિક મરમાળો. ૨
ગોવાલણી હરિ સંગ ગાવે રે, કંઠ બાંહડલિ નાંખીને;
મુખ સાથે મુખ મેલાવે રે, આંખ્યું સાથે આંખીને. ૩
નટવર નૌતમ ગતિ નાચે રે, રાસ મંડળમાં નવરંગી;
રસિયો જોઇ કૌતક રાચે રે, બ્રહ્માનંદ કેરો સંગી. ૪

પદ ૩

પગ ઝાંઝર ઝાલ્યું ઝળકે રે, કાન અકોટા ગોપીને;
કાનોમાં કુંડળ લળકે રે, અજબ રહ્યાં છે ઓપીને. ૧
જોઇ દેવત્રિયા મન લોભે રે, આભૂષણ પહેર્યાં ભારી;
જાણે શ્યામ ઘટામાંહી શોભે રે, વિજ સરીખી વ્રજનારી. ૨
એક પ્યારી ને એક પ્યારો રે, રૂપ અનેક ધર્યાં રંગમાં;
લટકાળો નંદદુલારો રે, અતિ ખેલે આનંદ અંગમાં. ૩
લેહેરખડા નંદલાલાને રે, વિંટાણી વ્રજની નારી;
બ્રહ્માનંદના વહાલાને રે, જોઇ જોઇ જાયે બલિહારી. ૪

પદ ૪

ધન્ય શરદ પુનમનિ રજની રે, રસિક સલુણો રાસ રમે;
ધન્ય ધન્ય એ નારી વ્રજની રે, ગીરિધરને મનમાંહી ગમે. ૧
ધન્ય ધન્ય જમુનાંનો આરો રે, ધન્ય ધન્ય વનકેરી વેલી;
ધન્ય ખેલે નંદદુલારો રે, લઇ સંગ રાધા અલબેલી. ૨
ભૂધર સંગ સુખમાં ભીંજી રે, પૂરણ અતિ વર પામીને;

રસ બસ થઇ રંગમાં રીઝે રે, ચાલી ઘર શિર નામીને. ૩
એ કહાન કુંવરની ક્રીડા રે, ગરવ તજી પ્રેમે ગાશે;
બ્રહ્માનંદ કહે મટે ભવપીડા રે, અંતર નિષ્કામી થાશે. ૪

ધનતેરસ—રાગ ગોરી—પદ ૧

ધનતેરશકે દિન કાનરી, સબ ધેનુ બોલાવત શ્યામરો; સબ૦
મોરલિકી ટેર બોલાયકે સબ, ગોધન મદન ગોપાળ;
એક એકકું પહિરાવહિ સિંગાર વિવિધ તતકાળ હો. સબ૦ ૧
કારી કાબર ધુમરી પ્રભુ, નામ સબનકે લેત;
જાકું જેસો જોગ્ય ત્યું, સિંગાર પેરાઈ દેત હો. સબ૦ ૨
બાજત બેના બાંસુરી તહાં, હોત રૂપભકે નાદ;
ગોપ પરસ્પર કૃષ્ણ સાં કરે, અતિ સુંદર સંવાદ હો. સબ૦ ૩
રાતે પીળે રંગસેં પ્રભુ, રંગે હે મનોહર અંગ;
મુક્ત કહે સંઝાસમે હરિ, આવત ગોધન સંગ હો. સબ૦ ૪

પદ ૨

વૃંદાવનકે ઢિગ આયરી, શ્રીકૃષ્ણ બજાય બાંસુરી; શ્રીકૃષ્ણ૦
ધનતેરશ દિન જાનિકે, સબ આયે ગોપકે બાળ,
ગૌધન મધ્ય વિરાજતહિ પ્રભુ, નટવર શ્રીનંદલાલ હો. શ્રીકૃષ્ણ૦ ૧
મોરલિકી ધુની સુની ગોપિકા સબ હરિદર્શનહિત આય;
વિરહકો તાપ બુઝાવને સબ, નિરખત જનસુખદાય હો. શ્રીકૃષ્ણ૦ ૨
વ્રજવાસી વાજીંત્રકો કિયો, ચહુ દિશ શબ્દ વિશાળ;
ધેનુ દોરાયકે શ્યામરો, આએ વૃંદાવન તતકાળ હો. શ્રીકૃષ્ણ૦ ૩
ગૌરજસેં ભયે ધુંસરે પ્રભુ, સબવિધ શોભાધામ;
વ્રજજનકે ચિત્તચોરને, હસે મુક્તાનંદકે શ્યામ હો. શ્રીકૃષ્ણ૦ ૪

રાગ દેવગંધાર—પદ ૧

આજ માઈ નંદરાની ધન ધોયે, આજ૦
આસો માસ વદિ ધનતેરસ, ઉત્સવ પરવ બડોયે. આજ૦ ૧
લીંબુ લગાય ધોઈ કિયે ઉજ્વળ, કંચન કંકન દોયે;
પોંચી મુંદરી મનિમય અંગદ, મુરકી હાર ઉર કોયે. આજ૦ ૨
કંચન તોરસોં મનમોહનકી, મોતિન માળા પ્રોયે;
સુભગ સિંગાર ધરાયે લાલકું, પુલકી જશોદા જોયે. આજ૦ ૩
ભૂષન વસન શ્યામ સુંદરકે, અંગઅંગ પ્રતિ સોયે;
પ્રેમાનંદ નિરખિ મોહન છબી, ગોપિજન મન મોયે. આજ૦ ૪

પદ ૨

આજ માઇ ધનતેરસ દિન ધન્ય હે; આજ૦
કેશવ રામ સભા બિચ બની ઠની, બેઠે બહુત પ્રસન હે. આજ૦ ૧
સોહે ગૌર બરન બળદાઉ. મોહન શ્યામ બરન હે;
માનો ગૌર નીલ શશિ જોટી, સખા સબે ઉડુગન હે. આજ૦ ૨
પૂંછત ગોપ પ્રતિ રે ભૈયા, સુનો મોર વચન હે;
કાલે આઈ રૂપ ચૌદશ, પરસોં દિવારી દિન હે. આજ૦ ૩
ગાઈન સકળ સિગારો ભલિવિધિ, પહિરો વસન ભૂષન હે;
પ્રેમાનંદ પ્રભુ કહે ચલો બન, ગાઇ ખેલાવન મન હે. આજ૦ ૪

રાગ ગરબી—પદ ૧

સખી ઉત્સવનો દિન આજ, ધન્ય ધનતેરસને;
મળ્યા રંગીલો વ્રજરાજ, ધન્ય ધનતેરસને. ૧
મારે મોહન આવ્યા ઘેર, ધન્ય૦ આજ થઈ છે લીલા લહેર. ધન્ય૦ ૨
જેની નિત્ય જોતી હું તો વાટ, ધન્ય૦ તે વહાલો મારો આવી બેઠા પાટ. ધન્ય૦ ૩
મારાં પુણ્યતણો નહિ પાર, ધન્ય૦ આવ્યા મંદિરિયે મુરાર. ધન્ય૦ ૪
બ્રહ્માનંદ કહે થઈ નિહાલ, ધન્ય૦ લટકાળો પધાર્યા લાલ. ધન્ય૦ ૫

પદ ૨

આવ્યા રસિયો જાદવરાય, તેરસ ધન્ય તુંને;
હુંતો પ્રેમે લાગી પાય, તેરસ ધન્ય તુંને. ૧
મેં મોતીડે વધાવ્યા માત, તેરસ૦ થયો અંતર અધિક ઉત્સાવ. તેરસ૦ ૨
કીધી મનની પુરી હામ, તેરસ૦ બોલાવી મને સુંદર શ્યામ. તેરસ૦ ૩
મેં તો ચંદન કીધી ગાર, તેરસ૦ સજ્યા શોભિતા શણગાર. તેરસ૦ ૪
ભેટયા શ્યામ ચતુર વ્રજચંદ, તેરસ૦ બલિહારી બ્રહ્માનંદ. તેરસ૦ ૫

પદ ૩

જેણે નિરખ્યા નટવર નાથ, દિન ધનતેરશનો;
શોભે વ્રજવાસીને સાથ, દિન ધનતેરશનો. ૧
આજ ગાઇએ મંગળ ગીત, દિન૦ હરિને મળિયે ભાવ સહિત. દિન૦ ૨
હસિ બોલ્યા શ્યામ સુજાણ, દિન૦ થઇ અલૌકિક ઓળખાણ. દિન૦ ૩
મારે હૈડે તે હરખ ન માય, દિન૦ જોઈ નેણાં શીતળ થાય. દિન૦ ૪
બ્રહ્માનંદ કહે થઈ રંગરેલ, દિન૦ કરિએ ખાંતિલાથી ખેલ. દિન૦ ૫

પદ ૪

પહેરો અંબર ઝીણાં અંગ, ધનતેરશ આવી;
વારી રસિયાજી નવરંગ, ધનતેરશ આવી. ૧
તેડો ગોઠીડા ગોવાળ, ધન૦ ગાઇએ મોરલીમાં ગીત રસાળ. ધન૦ ૨
કરીએ ધેનુને શણગાર, ધન૦ રંગિએ શીંગ અજબ રંગસાર. ધન૦ ૩
કરો લટકાં ભીને વાન, ધન૦ થાય વ્રજનારી ગુલતાન. ધન૦ ૪
માથે મુકુટ ધરો મહારાજ, ધન૦ કરો બ્રહ્માનંદનું કાજ. ધન૦ ૫

ચતુર્દશી-રાગ ગોરી-પદ ૧

આઈ કૃષ્ણ ચતુર્દશી આજરી, હરિમંત્રકું સાધો સુંદરી;
એક સયાની સુંદરી કહે, સબકું ઘરઘર જાય.
કાનકુંવર વશ હોય ત્યું અબ, કીજે અચળ ઉપાય હો. હરિ૦ ૧

મેનકું બલિ દિજીએ મુખ લીજે હારકા નામ;
નંદનંદન વશ કિજીએ પ્યારો, શોભાનિધિ સુખધામ હો. હરિ૦ ૨
અપનાં કાજ સુધારને સબ, હોવાં અધિક સચેત;
તન મન અર્પો શ્યામકું કરો, રસકરાય સંગ હેત હો. હરિ૦ ૩
એહિ વિધિ ટોનાં કિજીયે તબ, ચલત ન જાદુકો જોર;
મુક્તાનંદ નાથસો દગ જોરા, જ્યું ચંદ ચકોર હો. હરિ૦ ૪

પદ ૨

લખિ કૃષ્ણ ચતુર્દશી કાનરી, પ્યારો મોરલિમેં મંત્ર ઉચ્ચારહિ;
તરુન ત્રિયા ચિત્ત ચોરને બજી, બાંસુરી પરમ રસાળ.
વ્રજવનિતા વ્યાકુળ ભઈ આઈ, મોહન ઢિગ તતકાળ હો. પ્યારો૦ ૧
મોહન મુખ વિધું દેખિકેં, સબ પરિહે પ્રેમકે ફંદ;
નૈનસેન જાદુ કિયો, સુખસાગર શ્રીગોવિંદ હો. પ્યારો૦ ૨
હાવ ભાવ કરિકેં હરિ સબ, વ્રજવનિતા વશ કીન;
પ્રાન પિયા નંદલાલસોં બઢે, દિન દિન પ્રીત નવીન હો. પ્યારો૦ ૩
એહિ વિધિ સબ વ્રજનારીકું, કિએ નટવર જાદુ અપાર;
મુક્તાનંદકે નાથકું મિલ, ઝેર ભયો સંસાર હો. પ્યારો૦ ૪

રાગ કાનરો—પદ ૧

આઇ આજ ચઉદશ કાળી, આઈ૦
વશ કીજે ઘનસ્યામ મનોહર, વશીકરન સાધિએ વ્રજનારી. આઈ૦ ૧
પઢિ પઢિ જંત્ર મંત્ર કરી જાદુ, વશ કીજે જશોદાસુત પ્યારી;
વ્રજ તજી કૃષ્ણ કમળદળ લોચન, અંત ન જાયે કહું કુંજવિહારી. આઇ૦ ૨
કમળાવશ કિને કરી જાદુ, કર ન શકત હરિ ક્ષણ એક ન્યારી;
ખાત પિયત સોવત સ્વપનેમેં, હરત ફિરત ડોલત ઉર ધારી. આઈ૦ ૩
એહિ વિધિ વશ કીજે માધો, કરી જાદુ કેશવ કંસારી;
પ્રેમાનંદકો નાથ કરો વશ તબ, હોય સબવિધિ જીત તુંમારી. આઇ૦ ૪

પદ ૨

સાધત મંત્ર કરન વશ કાના, સાધત૦
વ્રજકી નારી નેહવશ પ્યારી, વિવિધ ભાતિ ઉપચાર લે આના સાધત૦ ૧
ધૂપ દીપ કરીકે બહુ ભાંતિન, ડારતા માષા મંત્રિકે છાના.
કૃષ્ણ કૃષ્ણ લિખિ મંત્ર જંત્રમહિ, બાંધતી ભુર્જપર ઉર બિચ. સાધત૦ ૨
શંભુ ભવાની ગજાનન ઈશ્વર, મારૂતનંદન હો ભગવાના;
નંદનંદન વશ હોય હમારે, દેહુ ઈશ એહિ વરદાના. સાધત૦ ૩
પરમ પ્રસન્ન ભઈ વ્રજવનિતા કીને, વશ ઘનશ્યામ સુજાના;
પ્રેમાનંદકો નાથ નેહવશ ભયે, આધીન ત્રિભુવન રાના. સાધત૦ ૪

રાગ બિલાવલ પદ ૧

રૂપચૌદશ આઇ આજ લાલ, રૂપ૦
કરઉ ભાન કમળલોચન દોઉ, કહત જશોદા ગાઇ, આજ૦ ૧
કેશર મૃગમદ શી મનોહર, ઉવટનો સરસ બનાઈ;
મર્દન કરી શ્યામસુંદર અંગ, તાતે નીર નવાઈ. આજ૦ ૨
પહિરાયે કુસુંબલ અંબર તન, ભૂષન નંગ જડાઇ;
દેં કે તિલક ભાલ બિચ સુંદર, આરતી કરી હરખાઇ. આજ૦ ૩
જીંવાયે જશોદા રાની લે, બહુત પ્રકાર મીઠાઈ
પ્રેમાનંદકો નાથ જેંઇકે, ખેલન ચલે કન્હાઈ. આજ૦ ૪

પદ ૨

જશોદા શ્યામ નવાવતી રાની, જશોદા૦
અતહિ સુગન્ધ કિયો હે ઉવટના, ઉષ્ણ ાસત લીયે પાની. જશોદા૦ ૨
કરત શૃંગાર શ્રીરૂપ લાલકું, રૂપ ચૌદશ માની;
નયે નયે વસન સુભગ સુંદર, તન ધરે શ્યામ સુખદાની. જશોદા૦ ૨
કરકંકન પોંચી બાજુબંધ મુક્તા, હાર મોતિ હેં કાની;
લલિત લલાટ તિલક કેશરકો, કિનો સુંદર રૂપનિધાની. જશોદા૦ ૩

વ્રજ બનિતા નિરખિ રૂપ રસરાશી; પ્રેમપુલક અતહિં હરખાની;
પ્રેમાનંદ ઘનશ્યામ છબી ઉર, રાખત હેં નિત્ય જીવન જાની જશોદા૦ ૪

કાળીચૌદશ રાગ સામેરી. પદ ૧

કાજુ આસો વદની કહાન, ચૌદશ સારી રે.
તમે નહાવોને મારા નાથ, જાઉ બલિહારી રે. ચૌદશ૦ ૧
જળ જમુનાનાં આણિયાં રે, ચોળો તેલ ફુલેલ રે;
એસો બાજઠ ઉપરે, તમે રસિયાજી રંગરેલ રે. ચૌદશ૦ ૨
હરિવર મુખડું હેરવા રે, મીલી આવી વ્રજનાર રે;
શ્યામ મનોહર શ્યામળા, સજો નવલપિયા શણગાર રે; ચૌદશ૦ ૩
ઇન્દ્રાદિક સુર આવિયા રે, દર્શન કરવા કાજ રે;
બ્રહ્માનંદના વહાલમા રૂડો, ઉત્સવનો દિન આજ રે. ચૌદશ૦ ૪

પદ ૨

આજ ચૌદશ પરવ અનુપ, સુંદર છેલા રે;
નાડે ગાયોને વ્રજરાજ, ચાલો વેહેલા રે. સુંદર૦ ૧
હળદળ તેલ ને હરમજી રે, ઘોળી કીધી તયાર રે;
ધેનુ કેરાં શિંગડાં કાજુ, રંગિએ નંદકુમાર રે. સુંદર૦ ૨
હેતે સામું હેરતા રે, છોગાં મેલો શ્યામ રે;
ધોળી પીળી ધૂમરી, ગારે બોલાવો લેઇ નામ રે. સુંદર૦ ૩
આજ નવો દિન આવિયો રે, અધિક કરો ઉત્સવ રે;
બ્રહ્માનંદના વહાલમા, મીઠી મોરલી વજાડો માવ રે. સુંદર૦ ૪

પદ ૩

વાઓ મોરલડી વ્રજરાજ, ધીરા રહીને રે;
ચાલો ગાયોમાં ગુણવંત, સખા સંગ લઇને રે. ધીરા૦ ૧
ચૌદશનો દિન શ્યામળા રે, આજે દઇએ સુંદર દાન રે;
ધેનુને શણગારીએ વારી, કરીએ ઉત્સવ કહાન રે. ધીરા૦ ૨

સારાં કાને શૂંખલાં રે, ગળે ઘુઘરડાની માળ રે;
ચોંપે રંગીએ શીંગડાં, વહાલા પ્રીત કરી ગોપાળ રે. ધીરા૦ ૩
કાલ દિવાળી કહાનજી છેલા રે, હરિવર થાઓ હુંશીયાર રે;
બ્રહ્માનંદના વહાલમા, કરો મેરાઈયાં મુરાર રે. ધીરા૦ ૪

પદ ૪

રૂડો ચૌદશનો દિન શ્યામ, કુંજવિહારી રે;
સજો શોભિતા શણગાર, ગિરિવર ધારી રે. કુંજ૦ ૧
પ્રીતમ બાંધો પાઘડી રે, આંટાદાર અનુપ રે,
હરિવર દેખું હેતથી તારૂં, રસિક મનોહર રૂપ રે. કુંજ૦ ૨
ફરતાં મેલો ફુલનાં રે, છોગલીયાં ચહુ કોર રે;
સભા કરીને શ્યામળા, બેસો નાગર નંદકીશોર રે. કુંજ૦ ૩
લટકાવો શિર લાલજી રે, સુભગ કલંગી સાર રે;
બ્રહ્માનંદના વહાલમા, જાઉં બાનકને બલિહાર રે. કુંજ૦ ૪

આસો વદી ૧૪ રાગ માલીગાડો પદ ૧

ઉત્સવ આજ પવનસુતકો શુભ, ગાઇએ કરી અતિ પ્યાર હો;
પંચ શબ્દ વાજીંત્ર વજાડો, ગાવો મંગળ ચ્યાર હો. ઉત્સવ૦ ૧
આસો માસ અંધારી ચૌદશ, પૂજીએ પવનકુમાર હો;
આપે સુખ સંપત મનવાંછિત, કાપે કષ્ટ હજાર હો. ઉત્સવ૦ ૨
તેલ સિંદૂર સુભગ તન ચરચિએ, પહેરાવો ઉર હાર હો;
કરી પકવાન જમાડો પવનસુત, કરશે જેજેકાર હો. ઉત્સવ૦ ૩
ધૂપ દીપ કરી સુભગ આરતી, માગિયે વારમવાર હો;
પ્રેમાનંદ કહે રામદૂત આપો, પ્રભુપદ પ્રીત અપાર હો. ઉત્સવ૦ ૪

પદ ૨

કેસરિકુંવર કૃપાનો સાગર, નાગર ચતુર સુજાણ હો;
આગમ નિગમમાં કુશળ મહાબળ, બોલે વચન પ્રમાણ હો કેસરિ૦ ૧

શ્રી રઘુનાથના મંત્રીમાં મોટા નીતિપ્રવીણ ગંભીર હો;
મહાનૈષ્ઠક મન વચન કર્મ કરી, ધર્મધીર મહાવીર હો. કેસરિ૦ ૨
શ્રીરામપક્ષ દૃઢ રામદૂત વર, એકાંતિક રામદાસ હો;
પૂજ્ય પ્રતિષ્ઠિત ચૌદ લોકમાં, રામચરણ નિવાસ હો. કેસરિ૦ ૩
વજ્રતનુ શત્રુમદમંજન સુફળ શસ્ત્ર જય કારિ હો;
શૂરવીર મહા સુભટ જુદ્ધમાં, પ્રેમાનંદ બલિહારી હો. કેસરિ૦ ૪

પદ ૩

અંજનીપુત્ર મહાબળવંતા, ત્રિભુવનમાં વિખ્યાત હો,
વિનતાસુત સમ વેગ પરાક્રમ, કહી નવ જાયે વાત હો. અંજની૦ ૧
સીતા શોધ સમે મહાસિંધુ, ઠેકી ગયા તતકાળ હો;
બાળી જાઇ રાવણની લંકા, માર્યાં દાનવ વિકરાળ હો. અંજની૦ ૨
વાગિ સાંગ લક્ષ્મણજીને રણમાં, મુરછા આવી ગઇ ભારી હો;
સંજીવની મૂળી સારૂ લાવ્યા, દ્રોણાચળ શિર ધારી હો. અંજની૦ ૩
શોકસિંધુમેં ભરત બુડિ રહ્યા, કપિએ આવી ચિંતા નિવારી હો;
આવ્યા રામ રાવણને મોરી, પ્રેમાનંદ સુખકારી હો. અંજની૦ ૪

પદ ૪

શ્રી હનુમાનની હાક સુણીને, નાસે અશુભ ભયકારી હો;
ઘોર પિશાચ ભૂત બ્રહ્મરાક્ષસ, કૃત્યા આદિક ભારી હો. શ્રી હ૦ ૧
વીર વેતાળ ચૂડેલ ને ડાકણુ, ગ્રહ આદિક જે ઘોર હો;
હનુમાન એવું નામ સંભારતાં, નાસે તે પાડી બકોર હો. શ્રી હ૦ ૨
આપે પુત્ર વિત્ત સુખ વાંછિત, જપે જે મંત્રનો જાપ હો;
કાપે રોગ ને દુઃખ દરિદ્રતા, અનેક જનમનાં પાપ હો. શ્રી હ૦ ૩
ધર્મવંશી જે નરનારી સહુ, પૂજીએ અતિ શુદ્ધ ભાવે હો;
ધર્મકુળના પૂજ્ય દેવ છે, પ્રેમાનંદ પ્રીતે ગાવે હો. શ્રી હ૦ ૪

હનુમાનજયંતિ ૧૪
રાગ ગરબી પદ-૧

સર્વે જય બોલો હનુમંતની, દુઃખભંજન રે મોટા હરિદાસ. જય૦ ૧
શૂરવીર ને સંતશિરોમણી, પ્રીતે ઉભા રે પ્રભુજીને રે પાસ. જય૦ ૨
જેણે સૂરજ પકડયો જન્મતાં, મારી રાહુને રે મનની જેણે હાર જય૦ ૩
કપિ કેસરીકુંવર કોડામણો, એના નાવે રે પરાક્રમ કેરો પાર. જય૦ ૪
વનમાં આવી મળ્યા રઘુવીરને, કીધો ઉદ્યમ રે સીતા લાવવા કાજ. જય૦ ૫
વાલી માર્યો તે વાતની વાતમાં, દેવરાવ્યું રે સુગ્રીવને રાજ. જય૦ ૬
ધન્ય ધન્ય તે અંજનીમાતને, સુત જાયો રે સર્વે વિધ સુજાણ. જય૦ ૭
બ્રહ્માનંદ કહે એની વાર્તા, નિત્ય ગાવે રે કાંઇ વેદ પુરાણ. જય૦ ૮

પદ ૨

પ્રીતે હનુમંત દેવને પૂજીએ, સારી પેઠે રે લેઈ તેલ સિંદૂર. હનુમંત૦ ૧
દુઃખદાયક દૈત્ય વિદારિયા, સાધુ જનના રે બંધું અતિ શૂર. હનુમંત૦ ૨
તપ કીધું બહુ દિન અંજની, ત્યારે આપ્યું રે શિવજી વરદાન. હનુમંત૦ ૩
અવતારિયા તે રૂદ્ર અગિયારમા, હાથાવારે બળિયા હનુમાન. હનુમંત૦ ૪
શુધ લેવા ગયા જ્યારે સતીની, ત્યારે વેઠયાં રે તનકષ્ટ અપાર હનુમંત૦ ૫
સર્વે વલખા થયા બીજા વાનરા, આપ્યો સહુને રે પોતે આધાર હનુમંત૦ ૬
જ્યારે ઉદધિની ઉપર ઉડીયા, ત્યારે પોરૂષ રે તનમાં ન માય હનુમંત૦ ૭
બ્રહ્માનંદ કહે કપિરાજનો, કાંઈ મહિમા વર્ણવ્યો નવ જાય. હનુમંત૦ ૮

પદ ૩

એની ધન્ય ધન્ય માતા અંજની, ધન્ય ધન્ય રે કાંઇ કેસરી તાત. ધન્ય૦ ૧
દૈત્ય મારવા કપિના વંશમાં, પોતે પ્રગટયા રે શંકર સાક્ષાત. ધન્ય૦ ૨
સખા થઇને કપિ સુગ્રીવનું, કાંઈ કીધું રે અતિ ઉત્તમ કામ. ધન્ય૦ ૩
જઈ સીતાની શુધ લાવિયા, રાજી કીધા રે સુંદર શ્રીરામ. ધન્ય૦ ૪
એક પલકમાં સમુદ્ર ઉલ્લંઘિયો, મહાજોદ્ધામાં રે જોધ્ધો હનુમંત. ધન્ય૦ ૫
ચાલ્યા શુધ લેવા સીતાતણી, જય બોલે રે સિધ્ધ ચારણ સંત. ધન્ય૦ ૬

સમુદ્ર કુદી પડયો પર લંકમાં, જઇ કીધો રે કુળ દૈત્યનો નાશ. ધન્ય૦ ૭
બ્રહ્માનંદ કહે મહાવીરનો, તન લાગ્યો રે દશસ્કંધને ત્રાસ. ધન્ય૦ ૮

પદ ૪

ગાઇએ સુંદર ગુણ કપિરાજના, વાયુનંદન રે મહાબળિયો મહાવીર. સુંદર ૧
નિજભક્ત અયોધ્યા નાથના, ઊર્ધ્વરેતા રે અંતર મહાધીર. સુંદર ૨
ક્ષણમાંહિ પ્રજારી લંકને, કુળ દૈત્યતણું રે કીધું હેરાન. સુંદર ૩
દીધી વધાઇ શ્રીરામની, દીધું સીતાને રે જીવતર કેરૂ દાન. સુંદર ૪
સીતા આજ્ઞાથકી ફળ ખાધલાં, ઉખાડયો રે રાવણ કેરો બાગ. સુંદર ૫
સુ અક્ષય કુંવર આદિ બહુ અસુરને, મારીને રે રણમાં કીધો યાગ. સુંદર ૬
મારી રાવણ લાવ્યા સીતાને, થયો જગમાં રે અતિજયજયકાર. સુંદર ૭
બ્રહ્માનંદ કહે હનુમંતને, રીઝી રઘુપતિ રે મળ્યા વારંવાર. સુંદર ૮

શ્રી હનુમાનની આરતી પદ ૧

જયદેવ જયદેવ જય કપિ બળવંતા, (૨)
સુર નર મુનિજન વંદિત (૨) પદરજ હનુમંતા; જય૦
પ્રૌઢ પ્રતાપ પવનસુત ત્રિભુવન જયકારી; (૨)
અસુર રિપુ મદમર્દન (૨) ભવસંકટ હારી. જય૦ ૧
ભૂત પિશાચ વિકટ ગ્રહ પીડત નહિ જંપે, (૨)
હનુમંત હાક સુણી રજનીચર (૨) થરથર થર કંપે. જય૦ ૨
રઘુવર સહાય ઉલંઘે સાગર અતિ ભારી, (૨)
સીતા શોધ લે આયે (૨) કપિ લંકા જારી. જય૦ ૩
રામચરન રતિદાયક શરણાગત ત્રાતા, (૨)
પ્રેમાનંદ કહે હનુમંત (૨) વાંછિત વરદાતા. જય૦ ૪

પદ ૨

જયદેવ જયદેવ જય વૃષ વરદાઇ, (૨)
કરત નીરાજન સુર મુનિ ચરને ચિત્ત લાઈ; જય૦

વંદિત ચરન ચરાચર સુર નર મુનિ નાગા, (૨)
સિદ્ધ ચારણ વિદ્યાધર (૨) શુભમતિ અનુરાગા. જય૦ ૧
તવપદ પ્રૌઢ પ્રતાપુસો મુનિવર ઉર ધારી, (૨)
અધરમ વંશ ઉછેદન (૨) કરત લહત ભારી. જય૦ ૨
ભવ વિરંચી સનકાદિક મુનિ મહાવિજ્ઞાની, (૨)
વૃષ તવ ચરન શરણુ વિના (૨) પાવત અતિ ગ્લાનિ. જય૦ ૩
ધર્મ દયાળ દયાકારી, નટવર વધુ ધાર્યો, (૨)
કિયે નિષ્પાપ ભુવિ જન (૨) પ્રેમાનદ તાર્યો. જય૦ ૪

દીપોત્સવી–રાગ કલ્યાન–પદ ૧

નિરખત આજ દિવારી, નવલ પિયા નિરખત આજ દિવારી;
રસિકરાય વ્રજરાજ લાડિલો, ગુણસાગર ગિરિધારી. નવલ૦ ૧
ગોપિજન ચિત્તચોર શ્યામરો, નટવર કુંજવિહારી. નવલ૦ ૨
સબ સુખધામ કામ મદગંજન, અકળરૂપ અવતારી. નવલ૦ ૩
મુકતાનંદકે નાથ હર્યો મન, ભઇ મેં તો જગસેં ન્યારી. નવલ૦ ૪

પદ ૨

વ્રજવાસિનકું દિવારી, અનુપમ વ્રજવાસિનકું દિવારી;
સુંદર શ્યામ કાનસંગ રસબસ, લોકલાજ સબ હારી. અનુ૦ ૧
પ્રગટ પ્રમાન શ્રીકૃષ્ણકી મૂરત, લિનિહે ઉર બિચ ધારી. અનુ૦ ૨
વ્રજમેં વાસ કરન નિત્ય ચાહત, સુરપતિ અજ ત્રિપુરારી. અનુ૦ ૩
મુકતાનંદકો શ્યામ રહત સંગ, વ્રજપતિ નવલ વિહારી. અનુ૦ ૪

પદ ૩

દીપ ઉત્સવી આઇ, અનુપમ દીપ ઉત્સવી આઇ;
ચઉ દિશ દીપમાળ અતિ સોહત, શોભા બરની ન જાઇ. અનુ૦ ૧
દીપમાળ મધ્ય સિંહાસન પર, રાજત કુંવર કનાઇ. અનુ૦ ૨
વ્રજવાસી અતિ પ્રેમમગન હોય, ગાવત ગુન પ્રભુતાઇ. અનુ૦ ૩
મુકતાનંદકે નાથકું નિરખત, દિનોહે જગ વિસરાઇ. અનુ૦ ૪

પદ ૪

દીપ ઉત્સવી જાની, મનોહર દીપ ઉત્સવી જાની;
નંદનંદન નિજજન મનરંજન, બનિ ઠનિ આયે ગુમાની. મનો૦ ૧
આતસબાજી ઉડાવત બહુવિધ, ખેલત જનસુખદાની. મનો૦ ૨
સુર નર મુનિ સબ આયે દરશહિત, બોલત જયજય બાની. મનો૦ ૩
મુક્તાનંદ મદન મોહન પર, કિનોહે તન કુરબાની. મનો૦ ૪

દીપમાળ–રાગ કલ્યાન–પદ ૧

દીપમાળ સુખકારી, કનૈયા જુકી દીપમાળ સુખકારી;
દીપમાળ જુત હરિમુખ નિરખત, સો નર હત સંસારી. કનૈયા૦ ૧
ભાવસહિત ભરે દીપમાળ જો, સો ધન્ય ધન્ય નરનારી. કનૈયા૦ ૨
દીપમાળ મધ્ય ચતુર શ્યામરો, રાજત અચળ વિહરી. કનૈયા૦ ૩
મુકતાનંદ કહે રસિક પ્રીતમકી, છબી ત્રિભુવનસેં ન્યારી. કનૈયા૦ ૪

પદ ૨

દીપમાળ અતિરાજે, રસિલા જુકી દીપમાળ અતિરાજે;
ચહું દિશ દીપમાળ મધ્ય મોહન, શ્યામ અધિક છબી છાજે. રસિલા૦ ૧
શુક શારદ નારદ ગુન ગાવત રસિક બજાવત બાજે. રસિલા૦ ૨
જયજયકાર કરત સુર નર મુનિ, ધુની સુંની ત્રિભુવન ગાજે. રસિલા૦ ૩
મુકતાનંદ શ્યામ છબી નિરખત, કોટિ કામ છબી લાજે. રસિલા૦ ૪

પદ ૩

દીપમાળ મધ્ય કાન, બિરાજત દીપમાળ મધ્ય કાન;
ઉડુગન મધ્ય તડિત ઘન શશિસમ, સોહત શ્રીભગવાન. બિરા૦ ૧
રંગરંગ કિયે દીપકકે તરૂ, નિરખત શ્યામ સુજાન. બિરા૦ ૨
બેન બજાયકે નારદ નાચત, તોરત નૌતમ તાન. બિરા૦ ૩
મુકતાનંદકો શ્યામ ચતુરવર, ગોવિંદ ગુનકે નિધાન. બિરા૦ ૪

પદ ૪

દીપમાળ મધ્ય શ્યામ, બિરાજત દીપમાળ માધ્ય શ્યામ;
કોટિ મદન મદહરન મનોહર. મોહન મનઅભિરામ. બિરા૦ ૧
શ્રીનંદલાલ માધુરી મૂરત, સબવિધ શોભાધામ. બિરા૦ ૨
મોર મુગટ મકરાકાર કુંડળ, ઉર વૈજયંતી દામ. બિરા૦ ૩
મુકતાનંદ કહે રહોરિ દગન બિચ, એહિ છબી આઠું જામ. બિરા૦ ૪

રાગ કાનરો–પદ ૧

નૌતમ આજ દીવારી આઈ. નૌતમ૦
ઘરઘર ધ્વજા પતાકા તોરન, દીપમાળ છબી કહિ ન જાઇ. નૌતમ૦ ૧
પ્રફુલ્લિત ભયે સકળ વ્રજવાસી, વિવિધ ભાંતિ સિંગાનત ગાઇ;
હોત મહોત્સવ નંદભવનમેં. વ્રજવનિતા ગાવતી હરખાઇ. નૌતમ૦ ૨
સજી સિંગાર બની ઠની બેઠે, શ્રીઘનશ્યામ રામ દોઉ ભાઇ;
મુદિત હસત નિરખત મનમોહન, દીપમાળ સુંદર છબી છાઈ. નૌતમ૦ ૩
સુરનર મુનિ જન આઇ વિલોકત, શ્રીઘનશ્યામ છબી ઉર લાઇ;
પ્રફુલ્લિત દેવ કુસુમ ઝરિ વરષત, હરખ પ્રેમાનંદ ઉર ન સમાઈ. નૌતમ૦ ૪

પદ ૨

બની હે દીપનકી માળ મનોહર, બની હે૦
ઝગમગ ઝગમગ હોત ભુવનમેં, નિરખત શ્રીઘનશ્યામ સુંદરવર. બની૦ ૧
ભવન અટારી ઝરોખા સુંદર, દીપમન છબી ઝળકત ઘરઘર;
અતિ પ્રકાશ જુત સોહત ગોકુળ, ઉદય ભયો માનુ અરૂણ દિવાકર. બની૦ ૨
સુંદર સભા જુરી નંદદ્વારે, બેઠે શ્રીઘનસ્યામ રૂ હળધર;
ગાવન મુદિત ગોપ ગોપિજન, વાજત તાલ મૃદંગ રૂ ઝંઝર. બની૦ ૩
ઉડત હે આતસબાજી અનુપમ, બોલત જયજય શબ્દ પરસ્પર;
પ્રેમાનંદ પ્રભુ હસત હસાવત, ચિતવત ચંચળ નૈન ચતુર તર. બની૦ ૪

દીપાવલી-રાગ કાનરો-પદ ૧

દીપાવલી દેખત નંદલાલા, દીપાવલી૦
શોભિત હે દ્વારે મંદિર કે, માનુ બાંધિ હે શુકકી માળા. દીપા૦ ૧
અનુપમ રચના બની હે દિપનકી, ઝગમગ ઝગમગ જ્યોત રસાલા;
ઘૃતબાતી પૂરત' નંદરાની, દેખી મગન ભયે મદન ગોપાળા. દીપા૦ ૨
આઇ અતિ આતુર દરશહિત, મંગળ ગાવતી વ્રજકી બાળા;
પ્રેમાનંદ નિરખિ નંદનંદન. ગોપી ગોપ ભયે મતવાલા. દીપા૦ ૩

પદ ૨

દેખત દીપમાલ છબી શ્યામ, દેખત૦
બેઠે સભા જુરી નંદ આંગન, કરત પ્રશંસા પૂરનકામ. દેખત૦ ૧
હોત કોલાહલ નગર ડગરમેં, ગાજી રહ્યો સબ ગોકુળ ગામ;
મોહનલાલ કહત સુનો ભૈયા, સુબળ સુબાહુ સખા શ્રીરામ. દેખત૦ ૨
ભલિવિધિ કાલ ખેલાવો ગાઇન, એક ઓર હમ તુંમ એક ઓર રામ;
પ્રેમાનંદકે બોલાવત ગાઇનિ, ધોરી ધુંમરી લેલે નામ. દેખત૦ ૩

પદ ૩

દીપ દાન દે બેઠે હટરીયા, દીપ દાન૦
વિધવિધકે પકવાન મીઠાઇ, બાઢત અપને હાથ સાંવરીયા. દીપ૦ ૧
કિયો સિંગાર અનુપમ મોહન. ભૂષન નંગજડિત અંગ ધરીયા;
જરકશી પાગ પીત પટ કટિતટ, ઉપરના ઓઢે કેસરીયા. દીપ૦ ૨
બનિ ઠનિ ગોપ સખા બિચ બેઠે, દેખી મોહી હે વ્રજકી તરીયા;
પ્રેમાનંદ ઘનસ્યામ ચરન પર, તન મન ધન નોછાવરી કરીયા. દીપ૦ ૩

પદ ૪

હટરી બનાય બેઠે બનવારી; હટરી૦
ભરિ ભરિ ડલા પકવાન મીઠાઇ, મેવા બિરા લોંગ સોપારી. હટરી૦ ૧
આઈ સખે ઘરઘરકી સુંદર, સોદા કરતકાજ વ્રજનારી;
પુરો તોલ તોલિકે દિજે, રાખો ચિત્ત ઠેકાને વિહારી. હટરી૦ ૨

નૈન નચાવત સેંન ચલાવત, કૈસે હો તુંમ શ્યામ પસારી;
પ્રેમાનંદ મુસકાતિ પરસ્પર, ચલી છેલછબી નેંનમેં ધારી. હટરી૦ ૩

આસો વદી અમાવાસ્યા-લક્ષ્મીજન્મમહોત્સવ

દોહા—

એક સમય દિતિ અદિતિ સુત, અમૃતહિત કરી યત્ન;
ક્ષીરસિંધુ મંથન કિયો, નિકસે ચતુર્દશ રત્ન. ૧
વિષ શશિ સુરભિ અશ્વ ગજ, તરૂ કૌસ્તુભ સુરવામ;
સુરા ધનુષ દર ભિષજ સુધા, શ્રી એ ચતુર્દશ નામ. ૨
પ્રગટી પદ્મા હરિપ્રિયા, આસો દિન અવિનાશ;
અમાવાસ્યા દીપોત્સવી, રજની સુખ સુખવાસ. ૩

રાગ માલિગાડો-પદ ૧

હો આજ મહોત્સવ ભયો અવની પર, ગાવત મંગળ ચાર હો;
પ્રગટ ભઇ રમા રસકી રાશી, ત્રિભુવન ભયો જયકાર હો. આજ૦ ૧
હો કરત કુસુમવૃષ્ટિ નિર્જર મિલિ, નાચત નભ સુરનારી હો;
ભૂસુર કરત વેદધ્વનિ સુંદર, ઉમંગ્યો આનંદ ભારી હો. આજ૦ ૨
હો તિહુંપુર ગાવત મંગળ વધાઈ, કરત ગુનિ ગુન ગાન હો;
વાજત દેવ દુંદુભિ પ્રમુદિત, ગગન સઘન વિમાન હો. આજ૦ ૩
હો અભિનવો આનંદ છાયો ત્રિભુવન, મુદિત દેવ દ્વિજ ભૂપા હો;
પ્રેમાનંદ કહે સિંધુસુતા સતી, પ્રગટી પરમ સુખરૂપા હો. આજ૦ ૪

પદ ૨

હાંરે હો કરત રમાપૂજન સુર નર મુનિ, હરિસહિત હરખાઇ હો;
ધૂપ દીપ સૂક્ષ્મ પટ ભૂષણ, પુષ્પ સુગંધિ લાઇ હો. કરત૦ ૧
હાંરે હો લક્ષ્મી ચતુર્ભુજ રૂપ સુંદરી, પદ્માસને પધરાઈ હો;
રમારૂપ રૂકિમણી કરી સ્થાપન, પૂજીએ પ્રીત ઉપજાઈ હો. કરત૦ ૨

હો દક્ષિણ ઊર્ધ્વ કરે પંકજ શુભ, વામે અમૃત ઘટ ધારી હો;
અન્ય જુગલ કરમે દર બિલ્વ, જુગલ પૃષ્ઠે ગજ ભારી હો. કરત૦ ૩
હો શિરસિ પદ્મ કરી સુમનોહર, રત્નમંડપ રચિ નિકો હો;
પ્રેમાનંદકે પધરાવી પૂજીએ, કરી મૃગમદકો ટિકો હો. કરત૦ ૪

પદ ૩

હો રચિ વિચિત્ર મંડપ કદલી તરૂ, રંજીત નાના રંગે હો;
સર્વતોભદ્ર રચિ પઢિ પ્રીતે, લક્ષ્મીસૂકત ઉમંગે હો. રચિ૦ ૧
હો ચહું પાસ પ્રગટિ દીપાવલી, પુરી પ્રચુર ઘૃતબાતી હો;
પધરાઈ લક્ષ્મી નારાયણ, કરિએ ઉત્સવ સબ રાતિ હો. રચિ૦ ૨
હો અર્પિએ કનક વસન મનિભૂષન, હરિકુ હરખિ અતિ પ્રીતે હો;
અરૂન વસન કમળાતન અર્પિ, નિરખીએ દગ એક ચિત્તે હો. રચિ૦ ૩
હો કરી શ્રી ભાલે કુંકુમચંદ્રક, દે બિચ અક્ષત અખંડિત હો;
સરસ સુગંધિ સુમન ભૂષન રચિ, કરિએ રમાતન મંડિત હો. રચિ૦ ૪
હો કમળ પુષ્પ કરી પૂજીએ પદ્મા, કરી ષોડશ ઉપચારે હો;
શ્રી નારાયણ રમારૂપ પર, પ્રેમાનંદ પ્રાન વારે હો. રચિ૦ ૫

પદ ૪

હોં પૂજન કરી સમર્પિએ સુંદર, વ્યંજન વિવિધ સંવારી હો;
ભક્ષ રૂ ભોજ્ય લેહ્ય ચોષ્યાદિક, ભોજન ચતુર પ્રકારી હો. પૂજન૦ ૧
હોં સરસ જલેબી ઘેબર ખાજાં, સૂતફેણી મનમાની હો;
મોદક મોતીચૂર પતાસાં પેંડા બરફી આની હો. પૂજન૦ ૨
હો ઘૃત કંસાર શિરો શાલીપિષ્ઠ, બાસુદી શીખંડ દુધપાક હો.
રેવરી એલચી ચના સાકરિયા, બહુવિધ ભાજી શાક હો. પૂજન૦ ૩
દહીબરા ઘુરઘુરા સોંહારી, અથાના બહુ ભાંતે હો;
ઓદન સૂપ સરસ પય મિસરી, જીંવત શ્રી કરી ખાંતે હો. પૂજન૦ ૪
હાં આચમન કરી તાંબૂલ બીરી દે, કીજે આરતી પદ ગાઈ હો;
પ્રેમાનંદ પુષ્પાંજલિ પ્રણુતિ, કીજે સરન ચિત્ત લાઈ હો. પૂજન૦ ૫

આરતી

આરતી કીજે શ્રી સિંધુસુતાકી, પુરૂષોત્તમ પરબ્રહ્મ પ્રિયાકી;
રસિકની રમા જાનત રસરીતિ, વાસ કિયો હરિ ઉ કરી પ્રીતિ. આરતી૦ ૧
અખિલેશ્વરી અખિલ જગકારની, ઉત્પત્તિ કરી સકળ સંહા ની. આરતી૦ ૨
દેવદનુજ મુનિ માનવી માગે, તવ પ્રસાદ વર અતિ અનુરાગે. આરતી૦ ૩
ભવ બ્રહ્મા કવિ શેષ આરાધે, તવ પદરજ પ્રીત અતિવાધે. આરતી૦ ૪
પ્રેમાનંદકે માતા શ્રી કમળા, તવ પતિચરન દેહિ રતિ વિમળા. આરતી૦ ૫

દીપાવલી–રાગ સામેરી–પદ ૧

સખી હૈડે તે હરખ ન માય, આજ દીવાળી રે;
હું તો મગન થઈ મનમાંય, ભૂધર ભાળી રે. આજ૦ ૧
સુંદર શ્યામ સોહામણો રે, સુંદર ગતિ ચાલ;
સુંદર શોભા અંગની હું તો, નિરખીને થઈ છું નિહાલ. આજ૦ ૨
નેણ મનોહર નાથનાં રે હૈડે મનોહર હાર;
સુભગ મનોહર શ્યામળો વહાલો, નટવર નંદકુમાર. આજ૦ ૩
બાજુ નૌતમ બેરખા રે બેહદ નૌતમ બાન;
બ્રહ્માનંદના નાથનું થઈ, રૂપ જોઈ ગુલતાન. આજ૦ ૪

પદ ૨

મને મળીયા તે મોહનરાય, સપરમો દહાડો રે;
કરીએ આનંદ ઉત્સવ આજ, રંગ અખાડો રે. સપરમો૦ ૧
થાળ ભરો ગજમોતીએ રે, સર્વ લીયો શુભ સાજ;
ચેલેરા થઈને વધાવીએ, વહાલો રંગભીનો વ્રજરાજ. સપરમો૦ ૨
મંગળ ગાવો માનિની રે, અધિક કરો ઉછાવ
આપણે કાજે આવિયા ચાલી, નટવર સુંદર નાવ. સપરમો૦ ૩
તોરણ બાંધો ટોડલે રે, સુભગ સજો શણગાર;
બ્રહ્માનંદના નાથને જોયે, વારણે વારમવાર. સપરમો૦ ૪

પદ ૩

હું તો હરખ ભરી મનમાંય, હરિને વધાવું રે;
સખી અહોનિશ બારે માસ, રહેજો આવું આવું રે. હરિને૦ ૧
આગળ આવી ઉભલા રે, લટકાળો નંદલાલ;
કુંમકુમ કેરો ચાંદલો કીધો, ભૂધરજીને ભાલ. હરિને૦ ૨
પરવશ થઈ હું તો પ્રેમમાં રે, હૈડે તે હરખ ન માય;
પૂર્વ જન્મના પુણ્યથી મને, મળ્યા તે મોહનરાય. હરિને૦ ૩
ધન્ય ધન્ય દહાડો આજનો રે, ધન્ય મુહૂર્ત ધન્ય વાર;
બ્રહ્માનંદને વાલમે મારો, સફળ કર્યો અવતાર. હરિને૦ ૪

પદ ૪

રૂડો દિવાળીનો દિવસ કે, મંગળ ગાયે રે;
ચાલો નંદજીને દરબાર, સૌ મળી જાયે રે. મંગળ૦ ૧
કુંવર રંગીલો કાનજી રે, વાગે છે સુંદર વેણ;
નિરખિ નટવર નાથને, આજ પાવન કરશું નેણ. મંગળ૦ ૨
સૌ મળી કહેશું સુંદરી રે, ભેટયાનો છે ભાવ;
માત જશોદા પાસળે, એહેની માગી લેશું માવ. મંગળ૦ ૩
લઇ મેરાઇયાં લાલજી રે, આવશે આપણે ઘેર;
બ્રહ્માનંદ કહે ઘી ઘણું માંહી, પૂરશું સારી પેર. મંગળ૦ ૪

ગોવર્ધનપૂજા-રાગ સારંગ-પદ ૧

કહત ગોપસોં બાત, નંદ જુ કહત ગોપસોં બાત;
ઇન્દ્ર મહોત્સવકે દિન આયે, અબહિ નિકટ સાક્ષાત. નંદ૦ ૧
સબહિ ગોપ કીજે સામગ્રી, મઘવા પૂજન કાજ;
ધૂપ દીપ નૈવેદ્ય બહુવિધ, જ્યું રિઝે સુરરાજ. નંદ૦ ૨
ઇન્દ્રકી કૃપા દષ્ટિસેં વ્રજમેં, સુખ પાવત સબ કોય;
યા કારન સુરપતિકા પૂજન, કિજે તતપર હોય. નંદ૦ ૩

નંદરાયકે વચન યું સુનિકે, ઢિગ આયે ગોપાળ;
મુકતાનંદકો નાથ મર્મ જુત, બોલત ભયે તતકાળ. નંદ૦ ૪

પદ ૨

કોંન કહાંકો ભૂપ, શચીપતિ કોંન કહાંકો ભૂપ;
વ્રજવાસિનકું ગિરિ ગોવર્ધન, પ્રગટ હે દેવ અનુપ. શચી૦ ૧
ગૌધન ચરત ગોવર્ધન ઉપર, સુખ પાવત સબ ગોપ;
તાતેં ગિરિ ગોવર્ધન પૂજો, કીજે ઇન્દ્રમખ લોપ. શચી૦ ૨
કિતનો બળ યહ ઇન્દ્ર રંકકો, તુમ સબ વૃથા ડરાત;
શ્રીગિરિરાજકો માહાત્મ્ય સબહિ, મેંહિ જાનું સાક્ષાત. શચી૦ ૩
હે કોઇ બડો દેવ યહ ગિરિવર, ધરતહે રૂપ અનંત;
મુકતાનંદકે પ્રભુ ગિરિ માહાત્મ્ય, બરન્યો શ્રીભગવંત. શચી૦ ૪

પદ ૩

પૂજત હે નંદરાય, ગોવર્ધન પૂજત હે નંદરાય;
ગિરિ ઢિગ આયે સબહિ વ્રજવાસી, શોભા બરની ન જાય. ગોવ૦ ૧
વિવિધ ભાતિ વાજીંત્ર બજાવત, ગોધન પૂજત ગોપ;
નરત્રિય આય ગોવર્ધન પૂજત, કિયોહે ઇન્દ્રમખ લોપ. ગોવ૦ ૨
ભરભર શકટ લાયે બહુ ભોજન, ગિરિકું ભોગ લગાત;
ગિરિકે રૂપ હોય કુંવર કનૈયા, સબહિકે ભોજન ખાત. ગોવ૦ ૩
ગિરિકો પ્રતાત દેખી વ્રજજનકું, આનંદ ઉર ન સમાત;
મુકતાનંદકો નાથ મર્મ સબ, જાનત હે સાક્ષાત. ગોવ૦ ૪

પદ ૪

પૂજત હે વ્રજવાસી, ગોવર્ધન પૂજત હે વ્રજવાસી;
ગિરિકે રૂપ ભયે ચતુર શ્યામરો, અકળરૂપ અવિનાશી. ગોવ૦ ૧
જો અન્ન દેત સો ભોગ લગાવત, કિનોહે રૂપ વિશાળ;
ગિરિકો માહાત્મ્ય અધિક જનાવત, જુગલ રૂપ નંદલાલ. ગોવ૦ ૨
ગોધન તૃપ્ત કિયેહેં વ્રજજન, સજેહેં વિવિધ શૃંગાર;

મંગળ ગાન કરત ગોપિજન, આનંદ બાઢ્યો અપાર. ગોવ૦ ૩
એહિ વિધિ ગિરિપૂજન કરવાયો, કુંજવિહારી કાન;
મુકતાનંદકો નાથ મગન ભયે સુંદર શ્યામ સુજાન. ગોવ૦ ૪

રાગ કાફી. પદ ૧

કૃષ્ણકે નેંમમેં વ્રજવાસી,
ઇન્દ્ર જગ્ય કિયો ભંગ ગોવરધંન પૂજન કિના, ગોવર્ધન
ભૂષન વસન અનેક દાન વિપ્રનકું દિના;
પૂજે અતિસેં પ્રેમસો રિ અનલ વિપ્ર ગિરિ ગાય;
વ્રજવાસી ફુલે ફિરેં અતિ આનંદ ઉર ન સમાય. કૃષ્ણ૦ ૧
સ્વસ્તિવાચન પઢે ઉ વિપ્ર અતિ પ્રેમ બઢાઈ,
ગિરિકો પૂજન ભયો છબી બરની નહિ જાઇ;
અન્નકુટ અતિ બડ ભયો રિ માનુ અપર ગિરિરાજ,
મેં ગિરિધર યું બોલિકેં કિયો ભોજન શ્રી મહારાજ. કૃષ્ણ૦ ૨
ભોજન વિવિધ પ્રકાર, ગિનત કોઉ પાર ન પાયો,
અન્નકુટકે ઓટ સબ ગિરિરાજ ટંકાયો;
ધ્વજા પતાકા ભાતપર હિ સોહત વિવિધ પ્રકાર,
વ્રજજન કિનિ આરતી સબ બોલત જયજયકાર. કૃષ્ણ૦ ૩
નરત્રિય ગોધન સહિત શૈલ પ્રક્રમા કિની,
કરત કુતૂહલ ગોપ જાની સબ રીત નવીની;
ગોપસિંધુ મંદરગિરિ સબ રત્ન સો વનિતાવૃંદ,
મથન હાર માધવ ભયે સો નિરખત ભયો આનંદ. કૃષ્ણ૦ ૪
જ્યું જ્યું કહ્યો શ્રીકૃષ્ણ ત્યુંહિ ત્યુંહિ પૂજન કિનો,
સબ કારન લખી કૃષ્ણ ભયો અતિ ભાવ નવીનો;
યહ લીલા શ્રીકૃષ્ણકી સો સબહિ નિર્ગુણ રૂપ,
સબ કોઇ કૃષ્ણ સંબન્ધમેં સો નિર્ગુણ હોત અનુપ. કૃષ્ણ૦ ૫

યહ લીલા કર ગાન સુંનત સોઇ અતિ બડભાગી,
કાળવ્યાળ ભય મિટત હોત હરિપદ અનુરાગી;
અવતારી નંદલાડિલો રિ સોઇ કૃષ્ણ અવતાર,
મુક્તાનંદકું સાંવરે કહ્યો મર્મ સબહિ શ્રુતિસાર. કૃષ્ણ૦ ૬

ઇન્દ્રમાનભંગ. રાગ-સારંગ પદ ૧

માનભંગ સુરઝાંનો, યું સુરપતિ માનભંગ સુરઝાંનો;
વ્રજવાસી મમ પૂજા મેટી, યું લખી અધિક રિસાંનો. યું૦ ૧
શ્રીમદઅંધ ભયે વ્રજવાસી, મોકું ગિનત ન લેશ;
અબ ઇનકી જડમૂળ ઉખારૂં. તબહિ લગત ઉપદેશ. યું૦ ૨
મનુષ્ય કૃષ્ણકે વચન માનિકે. મોસંગ કિનો વેર;
જ્યું કોઉ કુમતિ સુધારસ તજી કે પ્રેમસેં ખાવત ઝેર. યું૦ ૩
યું કહિ પ્રલયકે મેઘ બોલાયે, વ્રજકું બોરન કાજ;
મુક્તાનંદ કહે મર્મ ન જાનત, અંધ ભયો સુરરાજ. યું૦ ૪

પદ ૨

પ્રેરે મેઘ તતકાળ, ઇન્દ્ર તબ પ્રેરે મેઘ તતકાળ;
વ્રજવાસી કોઇ વચન ન પાવે, ગોધનજુત ગોપાળ; ઇન્દ્ર૦ ૧
નંદકે વ્રજકું જરસેં ઉખારિકે, સિંધુમેં ડારોં જાય;
મેં ઐરાવત ગજપર ચઢિકેં, કરિ હું અધિક સહાય. ઇન્દ્ર૦ ૨
પ્રલયકે વાત વૃષા તિન વ્રજપર કિનો અતિશે જોર;
હસ્તિ સુંઢ સમ ધારા બરષત, કરત શબ્દ અતિ ઘોર. ઇન્દ્ર૦ ૩
પ્રલયકે વાત વૃષા વિજુરી લખી, વ્રજજન કરત વિચાર;
મુક્તાનંદકે નાથ વિના અબ, ઓર તો નાહિ આધાર. ઇન્દ્ર૦ ૪

પદ ૩

આયે સબહિ નરનારી, કૃષ્ણ ઢિગ આયે સબહિ નરનારી;
ઉર ધરી બાળ ગોપિજન કંપત, હોત કોલાહલ ભારી. કૃષ્ણ૦ ૧
અતિસેં કષ્ટ જાની વ્રજજનકું, બોલેઉ કુંજવિહારી;

જીન ડરપે મોહિ વ્રજકો પતિ, રક્ષા કરિ હું તુમારી. કૃષ્ણ૦ ૨
યું કહિ એકહિ હાથ ઉઠાયો, ગોવર્ધન સુખકારી;
આઓ નિઃશંક હોય ગિરિવર તર, મઘવા રહે ઝખમારી. કૃષ્ણ૦ ૩
વ્રજવાસિનકું નિકટ બોલાયે, લાલ ગોવર્ધન ધારી,
મુકતાનંદ ભકતવત્સલ પર, વારવાર બલિહારી. કૃષ્ણ૦ ૪

પદ ૪

માનભંગ ભયો ભારી, ઇશકો માનભંગ ભયો ભારી;
સાત દિવસ કરપર ગિરિ ધાર્યો, વ્રજપતિ નવલ વિહારી. ઇશકો.૧
સાત વર્ષકે કુંવર કનૈયા, સુરપતિકો મદ ટાર્યો,
વાત વૃષા જબ શાંત ભયે તબ, કરસેં શૈલ ઉતાર્યો ઇશકો.૨
દીન હોય મઘવા સુરભિજુત, શ્યામસુંદર ઢિગ આયો;
પ્રેમસહિત પ્રભુ પુજન કિયો, ચરનમેં શિશ નમાયો. ઇશકો.૩
ગોવિંદ નામ ધર્યો ગિરધરકો સ્તવન કિયો અતિભારી;
મુકતાનંદ પ્રભુ મદગંજન, અકળ ઇશ અવતારી. ઇશકો.૪

રાગ બિલાવલ—પદ ૧

અન્નકૂટકો આયો ઉત્સવ, અન્નકૂટકો આયો;
પ્રેમ પુલકી પુન વ્રજવાસી, ઘરઘર આનંદ છાયો. ઉત્સવ૦ ૧
વ્રજપતિ આન ફિરાઈ વ્રજમેં, સબકું બચન સુનાયો;
સંચો સબ નવનીત દુધ દહિં, કરો ભોજન મન ભાયો. ઉત્સવ૦ ૨
પૂજીયે વિપ્ર ગાઇ ગુરુ સજ્જન, ઇન્દ્ર ઉત્સવ ઠહરાયો;
નંદસમીપ આયે મનમોહન, મધુર મધુર મુસકાયો. ઉત્સવ૦ ૩
નંદ ઉઠાય ગોદમેં લીને, ચુંબીકે કંઠ લગાયો;
પ્રેમાનંદકો નાથ પુછત હસી કોનકો જગ્ન રચાયો. ઉત્સવ૦ ૪

પદ ૨

સત્ય કહો મોહે બાત બાબા, તુમ સત્ય કહો મોહે બાત;
કોન દેવકો જગ્ન હે હો, નામ કહો મોહે તાત. બાબા. ૧

કહા કરેગો કામ આપનો, જો ઇતની બલિ ખાત;
પુછત કમળનયન વ્રજપતિસું, મંદમંદ મુસકાત. બાબા. ૨
કહત નંદ સુનીયે મનમોહન, સ્વર્ગપતિ સાક્ષાત;
જાકે દૂત બરખિ જળ પોખે, તબ વ્રજમેં કુશલાત. બાબા. ૩
હોત પુત્ર આનંદ ગાયનકું, તૃણ જળ ખાઈ અઘાત;
પ્રેમાનંદકો નાથ ઇન્દ્રકો, ઉત્સવ મેટન ચહાત. બાબા, ૪

પદ ૩

સુંનો બાત એક મેરી તાત, તુંમ સુનો બાત એક મોરી;
ગિરિ ગોવર્ધન નાથ યા વ્રજકો, યાસમ ઓર નહેરી. તાત. ૧
એક આશરો હે ગિરિવરકો, જાકે વાસ વસેરી;
ગાઇનકું તૃણ જળ ગિરિ પોંખે, સબ વ્રજકું સુખ દેરી. તાત. ૨
અનેક ભાંતિકે વિઘન મિટાયે, ગિરિવરને વ્રજકેરી;
પૂતના આદિક ઘોર વિઘનસું, ગિરિ પ્રતાપ બચેરી. તાત. ૩
ગોવિંદ કરી બાત ગોપનસું, સબકે મનમેં ઠેરી,
પ્રેમાનંદકે નાથ મેટી ઇન્દ્રમખ, ગિરિવરકી આન ફેરી. તાત. ૪

પદ ૪

પૂજીએ ગિરિવર રાઇ, ચલો સબ પૂજીએ ગિરિવર રાઇ;
કહા કરેગો સુરપતિ અપનો, ગોવર્ધન હે સહાઈ. ચલો. ૧
ચલો તાત મેં પરચો બતાવું, તુંમ દેખો અતિ હરખાઇ;
સબ દેખત બલી ખાયગો હો, માગી માગી મુસકાઇ. ચલો. ૨
ચલે ગોપ ગોપી ગિરિપૂજન, સિંગારી સબ ગાઇ;
નિકસે આગે ગ્વાલ ગાઇ લીયે, બાંસુરી શિંગ બજાઇ. ચલો. ૩
ભરે શકટ સામગ્રી ચને નંદ, સંગ લિયે દોઉ ભાઇ;
પ્રેમાનંદ કહે ચલે ગોપી જૂથ, બિચ જશોદા માઈ. ચલો. ૪

રાગ આશાવરી–પદ ૧

ગોવર્ધન ગિરિરાજકી પૂજા, કરત સબહિ વ્રજવાસી હો;
લીનો રૂપ ચતુર્ભુજ ગિરિકો, નંદકુંવર અવિનાશી હો. ગોવ. ૧
ક્ષીરોદક સ્નાન કરાયો ગાઈને, દુહિ સુખરાશી હો;
નાનાવિધકે ભોગ ધરે આગે, જીંવત ગિરિ કરિ હાંસિ હો. ગોવ. ૨
નિરખી ગોપ ગોપી ભયે અચરજ, હરખિત ભયે હુલાસી હો;
નમન શિશ ઠાડે કર જોરે, ફુલે અંગ ન માસી હો. ગોવ. ૩
હે ગિરિરાજ યહ વ્રજ સમરો, જાની ચરન ઉપાસી હો;
પ્રેમાનંદ કહે કરત વિનતિ, વ્રજજન પ્રેમ પ્રકાશી હો. ગોવ. ૪

પદ ૨

કહત અંગુરિ પકરી વ્રજપતિકી, ઠાડે શારંગપાની હો;
દેખો બાબા જીંવત ગિરિવર, બોલત મધુરીસિ બાની હો. કહત. ૧
દેખો જીવત બીરંજ બરાદહી, દુધ ભાત સાંની સાંની હો;
માગિ માગ જીંવત સબકો બલિ, સબકે મનકી જાંની હો. કહત. ૨
બડો દેવ હે તાત ગોવર્ધન, પૂંજીએ પ્રીતિ આની હો;
અબજીન દેહો સુરપતિકું બલિ, મારી આજ્ઞા માની હો. કહહ. ૩
ધૂપ દીપ કરી ધૂન આરતી, ભયે પરમ ગુલતાની હો;
પ્રેમાનંદ કહે ગાઈ ખેલાવત, ચલે શ્યામ સુખદાની હો. કહત. ૪

પદ ૩

સુરપતિ મહા કોપ કરી બોલ્યો, જીન મોહિ બલિ ખાઈ હો;
દેખું મેં આજ તાકી પ્રભુતાઈ, કેસેં કરત સહાઇ હો. સુર૦ ૧
પ્રલયકાળકે મેઘ બોલાયે, વરસોં વ્રજપેં જાઇ હો;
બ્રજકી ભૂમિ સહિત દ્રુમ વેલી, ડારો સિંધુકે માંઈ હો. સુર૦ ૨
કોપે મેઘ ચઢ વ્રજ ઘેર્યો, વાયુ રેનુ ઉડાઇ હો;
ગર્જત મેઘ દામિની દમકત, અશ્મ વૃષ્ટિ ભઇ આઈ હો. સુર૦ ૩

કંપે વ્રજવાસી ભયે વ્યાકુળ, બાળ વૃદ્ધ વછ ગાઈ હો;
પ્રેમાનંદ કહે કૃષ્ણ કૃષ્ણ કહિ, આયે પોકારત ધાઈ હો. સુર૦ ૪

પદ ૪

અંતરજામી શ્રીકૃષ્ણ જાની લઈ, ઇન્દ્ર કોપ કિયો ભારિ હો;
મેં હું રક્ષક યા વ્રજકો અબ, કહા કરેગો પાકારી હો. અંતર. ૧
અભય વચન બોલે મનમોહન, વ્રજવાસી નરનારી હો;
જીન ડરી હો આવો ગિરિ નીચે, કિનિ મે રક્ષા તુમારી હો. અંતર ૨
યું કહિ ગિરિવર કર ધાર્યો, સાત દિવસ લું મોરારિ હો;
કરી રક્ષન રાખે વ્રજવાસી ગિર નીચે ગિરિધારી હો. અંતર. ૩
સુરપતિ સાત દિવસ લગિ બરસિ, રહ્યો હારિ અહંકારી હો;
વાર ન વાંકો ભયો કાહુકો, પ્રેમાનંદ બલિહારી હો. અંતર. ૪

રાગ ટોડી આશાવરી–પદ ૧

મઘવાકો માન ગાર્યો ગિરિધર, મઘવાકો માન ગાર્યો;
સાત દિવસ લો એક અંગુરિ પર, ગિરિ ગોવર્ધન ધાર્યો. ગિરિ૦ ૧
પ્રલયકાળકે મેઘ પુરંદર, બરખિ બરખિકે હાર્યો;
સુરપતિ આય દેખિ પછતાયો, ત્રાહિ ત્રાહિ પુકાર્યો. ગિરિ૦ ૨
કિયો બડો અપરાધ હરિકો, એસેં મનમેં બિચાર્યો;
પ્રેમાનંદ ઘનશ્યામ ચરનમેં, મુખ તૃણ લે શિશ ડાર્યો. ગિરિ૦ ૩

પદ ૨

મઘવા મન પછતાયો અબ તો, મઘવા મન પછતાયો;
જોરિ પાણિ મુખમેં તૃણ લેકે, આય ચરન શિર નાયો. અબ૦ ૧
કરો ક્ષમા અપરાધ નાથ મેરો, ચરન શરન હું આયો;
જાન્યો નહિ પ્રતાપ રાવરો, ઇશમાન ઉર છાયો. અબ૦ ૨
ઐરાવત કરિકી સુંઢમેં, નભ ગંગા જળ લાયો;
પ્રેમાનંદ હરિકું નંદન વનકે, પુષ્પન કરી વધાયો. અબ૦ ૩

પદ ૩

સુરભિ આયે ભઇ ઠારી સનમુખ, સુરભિ આયે ભઈ ઠારી;
શિશ નમાયકે કરત વિનતિ, જય જય નાથ તુમારી. સન૦ ૧
નિજપય કરી અભિષેક લે કિનો, ગોવિંદ નામ નયો પારી;
ઇન્દ્ર કોપસે રક્ષા કિનિ, ગાયનકી ગિરિધારી, સન૦ ૨
ગોવિંદ નામ આજતેં સાચો, શરણાગત સુખકારી;
પ્રેમાનંદ ઘનસ્યામ નામકી, વાર વાર બલિહારી. સન૦ ૩

પદ ૪

વ્રજવાસી મદમાતે ફિરત, સબ વ્રજવાસી મદમાતે;
સુર નર ઈશકું તૃણ સમ લેખત, ગોવિંદકે રંગ રાતે. ફિરત૦ ૧
વ્રજકી રજકું શિશ ચઢાવત, સુર નર મુનિ હરખાતે;
અખિલ ભુવનપતિ નંદકુંવર, આપ બિરાજે જાતેં. ફિરત૦ ૨
અષ્ટ સિદ્ધિ નવ વિધિ વ્રજકી, ડગર બુહારત હાતે;
પ્રેમાનંદ કહે તજી ચપળતા, રહતી રમા દિન રાતે. ફિરત૦ ૩

રાગ સારંગ—પદ ૧

ઉત્સવકો દિન આજ, અન્નકૂટ ઉત્સવકો દિન આજ;
સબજનકું સમજાય કયો અસ, સુંદર શ્રીમહારાજ. અન્નકૂટ૦ ૧
વ્યંજન પાક વિવિધ અબ કીજે, લીજે શુભ સમાજ;
ગૌવન જૂત ગિરિવરસો કરના, એહી હે ઉત્તમ કાજ. અન્નકૂટ૦ ૨
વિવિધ ભાત વાજીંત્ર બજાવહુ, સબ સજહુ તન સાજ;
બ્રહ્માનંદ એહી ભાંત કહી; હરિકૃષ્ણ સબકી શિરતાજ. અન્નકૂટ૦ ૩

પદ ૨

જ્યું બોલે ભગવાન, વચન મુખ જ્યું બોલે ભગવાન;
ત્યું સબકી જન કરત ભયે તબ, વ્યંજન અરુ પકવાન વચન૦ ૧

મોતિયા સેવૈયા જલેબી, દળ મરકી સુખદાન;
બરફી પેંડા બિરંજ બહુવિધ, સુંદર ઓર રસાન. વચન૦ ૨
હરિ મંદિર આગે ઓદનકો, પુંજ સબહી બિચ ઠાન;
બ્રહ્માનંદ કહે બહુત ભાતકે, આને હે ભોજન આન. વચન૦ ૩

પદ ૩

વ્યંજન વિવિધ પ્રકાર, કિયે શુભ વ્યંજન વિવિધ પ્રકાર;
જીમાવત જગદીશ મહાપ્રભુ, કૃષ્ણ પ્રગટ કિરતાર. કીયે૦ ૧
ભીંડા દુધી ડોડી રતાળું, સુંદર સોહી સુધાર;
તાહીકે શુભ શાક બનાયે, પ્રભુ કારન કર પ્યાર. કીયે૦ ૨
ભાજી કણજ ૩ પણજ સુવાકી, તાંદળજાકી તૈયાર;
બ્રહ્માનંદ કહે નાથ નવલ હિત, ભાજન ભરેહે ઉદાર. કીયે૦ ૩

પદ ૪

પૂરન પ્રગટ પ્રમાન, જીમત પ્રભુ પૂરન પ્રગટ પ્રમાન;
પૂરેઉ પ્રભુ આગે અન્ન વ્યંજન, જન મીલ પરમ સુજાન. જીમત૦ ૧
અન્નકૂટકી રચના અલૌકિક, અઇસી ન લખી કહુ આન;
તેહી બીચ બૈઠે સોહત શ્રીહરિ, ધરત જાહી મુનિ ધ્યાન. જીમત- ૨
અવિનાશી જબ જીમકે અઘાયે, તબહિ નીરાજન ઠાન;
બ્રહ્માનંદકું દેત ભયે હરિ, શીત પ્રસાદી દાન. જીમત૦ ૩

(ભાઇબીજ) રાગ બિલાવલ પદ ૧

આજ બીજ બલદાઉકી સબકે મન ભાઈ;
વ્રજવાસી આનંદમેં ફુલે અંગ ન માઇ. આજ૦ ૧
બહિની સુભદ્રા બિર દોઉ બોલાવન આઈ;
જીવન કાજ સુધારિયે મોરે બિર કનાઇ. આજ૦ ૨
નોતી જીવાવત બિર દોઉ બહુભાતિ મીઠાઇ;
શ્યામ રામ નિજ બહિન ગૃહે જીંવત હરખાઇ. આજ૦ ૩

અચમન કરાય બિરદિયો સુભદ્રા બાઇ;
પ્રેમાનંદકે નાથકી હસિ લેત બળાઇ. આજ૦ ૪

પદ ૨

કાર્તિક સુદી દિન બીજકો, અતિ મંગળકારી;
આયે સુભદ્રાકે ધર બલભદ્ર મુરારી. કાતિક૦ ૧
નોતી જીવાવત બિરદેઉ હલધર કંસારી;
બહુવિધ ભોગ આગે ધરે ભરી કંચન થારી. કાતિક૦ ૨
જીવત હસિ હસિ દોઉ મોદસું હળધર ગિરિધારી;
નિરખિ સુભદ્રા પ્રેમસું ભયો આનંદ ભારી. કાતિક૦ ૩
જળ અચવાયે બિરદિયો લે આરતી વારી;
પ્રેમાનંદ ઘનશ્યામકી છબી પર બલિહારી. કાતિક૦ ૪

ગોપાષ્ટમી (કાર્તિક શુદિ ૮)

રાગ સારંગ–પદ ૧

આજ મન મુદિત જશોદા રાની, આજ૦
કર જોરી પુછત વ્રજપતિશું, બોલી મધુર બાની. આજ૦ ૧
વિપ્ર બોલાય પુછિએ મુહુરત, શુભ ઘરિ કાલહિ જાની;
પ્રથમ ચરાવન જાત ગાઇ, આજ મોહન રૂપનધાની. આજ૦ ૨
તબ નંદરાય વિપ્ર બોલાયે ગનિક પ્રવીન પહચાની;
શુભ ઘરિ કાળ પુછો દ્વિજવરકું, દિયો દાન બડદાની. આજ૦ ૩
કરી મંજન સિંગાર સજી અંગ, નંદરાની હરખાની;
પ્રેમાનંદ પ્રભુ ભોજન કરે ચલે, ગાઇનસંગ મુદ આની. આજ૦ ૪

પદ ૨

આજ ગાઇ પ્રથમ ચરાવન જાત; આજ૦
ગોપાષ્ટમી શુભ દિન જાનો, મુદિત જશોદા માત. આજ૦ ૧

પ્રફુલ્લિત ભયે ગોપ ગોપી સબ, અતિ આનંદ હરખાત;
ગોપકુમાર લે મોરલી લકુટિ કર, નંદકુંવરકું બોલાત. આજ૦ ૨
ચલિએ મનમોહન બલદાઉં, જલદિ હો ગયો પ્રાત;
સુંદર શ્યામ ઉઠે હસિ માગત, લાઓ મેગી મોરલી તાત. આજ૦ ૩
નંદરાની ઉવટિ નવાયે, જીવાયે દધિ મિસરી ભાત;
પ્રેમાનંદ પ્રભુ ચલે ગાઈ સંગ, મોરલિકી ટેર સુનાત. આજ૦ ૪

પદ ૩

પ્રથમ ચલે ગાઇ ચરાવન આજ. પ્રથમ૦
સુંદર શ્યામ સખા મંડળમેં, સોહત જ્યું ઉડુરાજ. પ્રથમ૦ ૧
નઈ સુંથનિ નઇ ઝંગુલીયાં, નઇ પાગ શિરતાજ;
નયો સિંગાર કર નઇ લકુટિ, નઈ મોરલી રહી ગાજ. પ્રથમ૦ ૨
નયે નયે ગોપસખા નઇ ગાઇ, નયો બન્યો હે સમાજ;
નયે નયે વનપ્રતિ ચલે મદમોહન, ગૈયાં ચરાવન કાજ. પ્રથમ૦ ૩
નયો બંસિબટ નયો જમુનાતટ, નઇ કુંજન સુખસાજ;
પ્રેમાનંદકો નાથ મુદિતમન, ક્રીડત કૃપા જહાજ. પ્રથમ૦ ૪

પદ ૪

પ્રથમ આજ ચલે ચરાવન ગાઇ, પ્રથમ૦
શ્રી ઘનશ્યામ માધુરી મૂરત, ત્રિભુવન જનસુખદાઇ. પ્રથમ૦ ૧
મુદિત જશોદા કરી તનમંજન, તાતે નીર નવાઈ;
પહિરાયે પટ ભૂષન સુંદર, ગોરજ તિલક બનાઇ. પ્રથમ૦ ૨
મોર મુગટ સુંદર કર મોરલી, ઉર વનમાળ સોહાઇ;
અંગઅંગ શોભા ત્રિભુવનકી, ઉમંગ ઉદૈભઈ આઇ. પ્રથમ૦ ૩
કરી ભોજન સુંદર ભરી સિંકો, લીયો મોહન લટકાઈ;
પ્રેમાનંદ પ્રભુ મુદિત ગાઈ, સંગ ચલે હસિ બેનું બનાઇ. પ્રથમ૦ ૪

પ્રબોધની એકાદશી—રાગ સારંગ—પદ ૧

આજ પ્રબોધની આઇ, અનુપમ આજ પ્રબોધની આઇ;
સુંદર શ્યામ જગદ્‌ગુરૂ જાગે, શ્રીપતિ અતિ સુખદાઇ. અનુપમ૦ ૧
ધુપ દીપ મંગળ દ્રવ્ય સબહિ ધરેહે ભાત વિધિ લાઇ;
વૈષ્ણવ વૃંદ કરત હરિકીર્તન, નૌતમ બજત બધાઇ. અનુપમ૦ ૨
ઇક્ષુકુંજ મનોહર કિની, અતિ લગત સુહાઇ;
કદલીસ્તંભ રંગેહે કુંકુમ, છબી બરની નહિ જાઈ. અનુપમ૦ ૩
મંડપ મધ્ય વિરાજત મોહન, તાતેં અધિક છબી છાઇ;
મુકતાનંદકે પ્રભુકી દિનહિ દિન, બઢતહે જશ પ્રભુતાઇ. અનુપમ૦ ૪

પદ ૨

આયેહું વૈષ્ણવવૃંદ, કૃષ્ણ ઢિગ આયેહું વૈષ્ણવવૃંદ;
જાની પ્રબોધની પ્રભુ પૂજન હિત, ઉર ન સમાત આનંદ. કૃષ્ણ૦ ૧
રાધા સહિત દામોદર પૂજે. કુંભીકે પુષ્પ ચડાય;
કમળકે ફૂળકો અર્ધ્ય સમર્પત, વેદકે મંત્ર સુનાય. કૃષ્ણ૦ ૨
મુંગકે મોદક ઘૃત મિસરી જુત, ભોગ ધરતહે આની,
લાલ લાડલી જીમત પ્રેમજુત, છબી નહિ જાત વખાની. કૃષ્ણ૦ ૩
પ્રભુ પૂજન કરી બિમળ વિપ્રકું, દીનો સજ્યા દાન;
મુકતાનંદકો નાથ રિઝાવન, હરિગુન ગાત સુજાન. કૃષ્ણ૦ ૪

પદ ૩

જાનિકેં નવલવિહારી, પ્રબોધની જાનિકેં નવલ વિહારી;
જમુના તીર ગયે જદુનંદન, સંગ સબહિ વ્રજનારી. પ્રબો૦ ૧
ઇક્ષુ કુંજ મધ્ય લાલ લાડલી, કરત કુતૂહલ ભારી;
જેસે રસિકરાય રસભિને, ત્યું વૃષભાન દુલારી. પ્રબો૦ ૨
કુંજભવન મધ્ય કુસુમ સેજપર, વિલસત પ્રિતમ પ્યારી;
રાધા મુખવિધુ દેખી સાંવરો, ભયે સુખસિંધુ મુરારી. પ્રબો૦ ૩
પ્રીતિ પરસ્પર બઢિહે અપારિમિત, કો કવિ શકત ઉચ્ચારી;
મુકતાનંદ યહ રસિક પ્રિતમપર, સરવશ ડાર્યોહે વારી. પ્રબો૦ ૪

પદ ૪

નંદરાયકે સંગ, બિરાજત નંદરાયકે સંગ;
દીપ દાન દે હટરી બેઠે, ઉરમેં અધિક ઉમંગ. બિરા૦ ૧
કાર્તિક શુકલ એકાદશીકે દિન, સુંદર શ્યામ સુજાન;
અપને હાથ મિઠાઇ બાંટત, કરત અધિક સનમાન. બિરા૦ ૨
મનમોહનકે હાથ મિઠાઇ, લેત સબહિ જન જાત;
ગોપીજન એક ટગ દ્રગ જોરે, દરશન સેંન અઘાત. બિરા૦ ૩
એહિવિધ લીલા વૃંદાવનમેં, કરતહેં શ્યામ સુજાન;
મુક્તાનંદ કહે એહિ મદમોહન, મેરેહેં જીવન પ્રાન. બિરા૦ ૪

ધર્મદેવજન્મોત્સવપદ–(કાર્તિકશુકલ એકાદશી)

રાગ સારંગ—પદ ૧

પ્રગટે ધર્મ સુખકંદ, જેહિ વિધિ પ્રગટે ધર્મ સુખકંદ;
બરનું તેહિ પ્રસંગ મુદિત મન, સુનત હોત આનંદ. જેહિ૦ ૧
પૂરવ દેશમેં વિપ્ર સરવરીયા, અજઅંશ શુભ ગુણધામ;
સ્વધર્મનિષ્ઠ સદા સુવિચારી, બાળકરામ હે નામ. જેહિ૦ ૨
ગોત્ર સાવરની શાખા કૌથુમી, સામ વેદ સુખકારી;
ભાર્ગવ વૈતહવ્ય સાવેતસ, પ્રવર તીન અઘહારી. જેહિ૦ ૩
રૈકહટ પુરમેં રહે નિરંતર, બાલકરામ ઉદાર;
શ્રીપુરૂષોત્તમ કૃષ્ણચંદ્રકી, ભક્તિ કરે એકતાર. જેહિ૦ ૪
ભાગ્યવતી તેહિ વિપ્રકી નારી, પરમ સતી સુખરૂપ;
ધર્મદેવ તાકે ગૃહ પ્રગટે, મુક્તાનંદ અનૂપ. જેહિ૦ ૫

પદ ૨

દ્વિજપુર જયજયકાર, છાય રહ્યો દ્વિજપુર જયજયકાર;
ઘરઘર બાજત આનંદ વધાઇ, ગાવત મંગળ ચાર. છાય૦ ૧
પ્રગટે ધર્મ ધરાપર સમરથ, જગદીશ્વર અવિનાશ;

બાલકરામ વિપ્રસુત સુંદર, બને હરન ભવત્રાસ. છાય૦ ૨
સંવત સત્તર છન્નુકે વરષે, પ્રમોદ સંવત્સર નામ;
જન્મ ભયો મધ્યાહ્નસોં ઉત્તર, શરદ ઋતુ સુખધામ. છાય૦ ૩
કાર્તિક માસ ભાનુ દક્ષિણાયન, કુંભ લગ્ન બુધવાર;
શુકલહે પક્ષ એકાદશીકો દિન, નક્ષત્ર ઉત્તરા સાર. છાય૦ ૪
બજત દુંદુભિ મુદિત ગગનમેં, નાચત નભ સુરનારી;
વરષત સુમન ઝરિ પુલકિત, મુક્તાનંદ બલિહારી. છાય૦ ૫

પદ ૩

દ્વિજ ઘર નોબત બાજે, આજ માઈ દ્વિજઘર નોબત બાજે;
સુની સુતજન્મ સબહિ આનંદે, રૈકહટ પુર સબ ગાજે. આજ૦ ૧
રૈકહટ પુરમેં આનંદ બધાઇ, ગાવે સબ નરનારી;
પ્રગટે ધર્મ વિશ્વકે ધારક, ત્રિભુવન મંગળકારી. આજ૦ ૨
ભાગ્યવતી જાયો સુત સુંદર, ખબર પરિ. પુરમાંઇ;
ગજગામિની ભામિની દ્વિજપુરકી, અતિ આનંદ ઉઠ ધાઇ. આજ૦ ૩
આંઈ ગાવતી જન્મ વધાઇ, બાલકરામ દ્વિજ દ્વારે;
બાજત બાજાં વિવિધ ભાતિકે, જય જય શબ્દ ઉચ્ચારે. આજ૦ ૪
કરત કોલાહલ દધિ હરદિ લે, છિરકે પરસ્પર દોરી;
આનંદસિંધુ છબ્યો મુક્તાનંદ, બાલકરામકી પોરી. આજ૦ ૫

પદ ૪

આજ મહોત્સવ ભારી, અવનિ પર આજ મહોત્સવ ભારી;
આયે વિબુધ દરશહિત આતુર, મુનિવર અજ ત્રિપુરારી. અવનિ૦ ૧
ધર્મદેવ પ્રગટે સુખદાયક, ત્રિભુવન આનંદ છાયો,
કરતહેં પ્રમુદિત વિપ્ર વેદધ્વનિ, ભયો સકળ મન ભાયો. અવનિ૦ ૨
નાચતહે અતિ સુરત્રિય સુંદર, ગંધર્વ કરતહે ગાન;
સૂત માગધ બંદિજન જાચક, કરતહેં કીરતિ વખાન. અવનિ૦ ૩
રૈહકટ પુરકે નારી પુરૂષ ઉર, આનંદ પ્રેમ ન માયે;

જય જય ધુની કરત પુરવાસી, દ્વિજવનિતા મંગલ ગાયે. અવનિ૦ ૪
ધર્મ પ્રતાપ છાયો તિહું પુરમેં, સુર નર મુનિ આનંદે;
પ્રેમ મગન ગાવત મુક્તાનંદ, ધર્મચરન રજ વંદે. અવનિ૦ ૫

રાગ આશાવરી–પદ ૧

ધન્ય ધન્ય ધર્મજનમકી વસુધા, છાયો પ્રબળ પ્રતાપ હો;
ધર્મજુક્ત ભયે સબ નરનારી, જપત નારાયણ જાપ હો. ધન્ય૦ ૧
મહાઆનંદ અવનિ પર છાયો, નવપલ્લવ વનવેલી હો;
પુર અરૂ ગ્રામ ભયે મંગળમય, ઘરઘર આનંદ એલી હો. ધન્ય૦ ૨
વાપી કૂપ અમલ સર સરિતા, ત્રિવિધ વહે સમીર હો;
અમલ ભયો આકાશ દશો દિશ, શાંત ચિત્ત મુનિ ધીર હો. ધન્ય૦ ૩
યાજ્ઞિક દ્વિજકે અનલ અમલ ભયે, પ્રજ્વલિત ધૂમરહિત હો;
મુક્તાનંદકે પરમ પ્રતાપી, પ્રગટે ધર્મ પુનિત હો. ધન્ય૦ ૪

પદ ૨

ધન્ય ધન્ય બાલકરામ વિપ્રવર, ધન્ય હે ભાગ્યવતી માત હો;
તિનકે પુત્ર ભયે મહાસમરથ, ધર્મદેવ સાક્ષાત હો. ધન્ય૦ ૧
આશીર્વચન વદત ઋષિ મુનિગન, નિરખિ હોત નિહાલ હો;
પાંડે બાલકરામ તિહારો, ચિરંજી રહો યહ બાળ હો. ધન્ય૦ ૨
બાલકરામ કરી તન મંજન, પટ ભૂષન તન ધારી હો;
મહાવિપ્રકે પાસ લે આયે, નિજસુત જનસુખકારી હો. ધન્ય૦ ૩
જાતક કર્મ કરાયો સુતકો, વિધિવત પરમ સુજાન હો;
મુક્તાનંદ કહે પુજી વિપ્રવર, બહુવિધ દિને દાન હો. ધન્ય૦ ૪

પદ ૩

બાલકરામ વિપ્ર બડદાની, દેતહેં જેહિ જો માગે હો;
દે કંચન મુકતા મનિ ભૂષન, પુજી વિપ્ર પાય લાગે હો. બાલક૦ ૧
આયે જાચક ગાયક ગુનિજન, હરષ ભરે હરખાયે હો;

તિનકું બહુત કિયે પરિપૂરન, લેઇ ન શકત લેવાયે હો. બાલક૦ ૨
સુતપર વારી નોછાવરી બહુવિધ, દેત ભાગ્યવતી માત હો;
વદન સરોજ નિરખિ દંપતી દોઉ, અતિઆનંદ પુલકાત હો. બાલક૦ ૩
સ્યામલ વરન જલજદલ લોચન, ભુજ પ્રલંબ અભિરામ હો;
તેજોમય તનુ જાનિ મુક્તાનંદ, દેવશર્મા ધર્યો નામ હો. બાલક૦ ૪

પદ ૪

રૂપ અનુપમ લાલ મનોહર, શોભા કહીહ ન જાયે હો;
હસની ચલની ચિતવની નિરખિ, કોટિ કામ સકૂચાયે હો. રૂપ૦ ૧
માત તાત પોષે કરી પ્રીતિ, બઢત ન લાગિ વાર હો;
વેદવિધિ કરી દિયો દ્વિજવરને, ઉપવીત કરી બહુ પ્યાર હો. રૂપ૦ ૨
અલ્પકાળ વિદ્યા સબ સાધી, વેદ પુરાન ઈતિહાસ હો;
બુદ્ધિ વિધિસમ કહતહે સબહિ, શુભ ગુન રૂપનિવાસ હો. રૂપ૦ ૩
બાર બરષ બ્રહ્મચર્ય વ્રત રાખ્યો, તાપિછે એક નારી હો;
મુક્તાનંદ કહે ગુણવંત ભામિની, વિવાહકી ઇચ્છા ધારી હો. રૂપ૦ ૪

ધર્મદેવની આરતી—રાગ સારંગ.

ધર્મદેવકી કીજે આરતી, શ્રી ધર્મદેવકી કીજે;
વદનકમળ નિરખિ અતિ સુંદર, લાવ અલૌકિક લીજે. આરતી૦ ૧
જાકો દરશ પરશ અતિ દુર્લભ, સુર નર મુનિકું ન હોઈ,
હરિ ઇચ્છા કરી દ્વિજગૃહ પ્રગટે, જગસુખકારી સોઈ. આરતી૦ ૨
બ્રહ્માદિક ઇન્દ્રાદિક જાકું, ધારત નિજ સુખકાજા,
સબ મુનિવર નૃપવર જનસબ, જેહિધારી બહત સુખસાજા. આરતી૦ ૩
જેહિ આશ્રિત સબહિ નરનારી, મનવાંછિત ફળ પાવે;
જાકો ત્યાગ કરત મનવશ તેહિ, તુરત મહા દુઃખ આવે. આરતી૦ ૪
એસે ધર્મદેવ મહાસમરથ, પ્રગટે મહાસુખકારી;
જયજયકાર ભયો ત્રિભુવનમેં, મુક્તાનંદ બલિહારી૦ આરતી૦ ૫

દેવદિવારી-રાગ ઈમન કલ્યાન—પદ ૧

આજ હે દેવદિવારી, અનુપમ આજ હે દેવદિવારી;
મનમોહન મેરે મહેલ પધારે, રસિકરાય સુખકારી. અનુ૦ ૧
દીપકકે તરૂ તોરન કિને, ભઇ શોભા અતિભારી;
દીપમાળ મધ્ય ચતુર શ્યામરો. સોહત નવલ વિહારી. અનુ૦ ૨
ધૂપ દીપ નૈવેદ્ય ધરે બહુ, ભરભર કંચન થારી;
વ્રજવનિતા અતિ પ્રેમ મગન હોય, પૂજે લાલ ગિરિધારી. અનુ૦ ૩
મંદિરમહિ પધરાયે શ્યામરો, કુસુમની સેજ સમારી;
મુકતાનંદકે શ્યામસોં રસબસ, હોરહી જગસેં ન્યારી. અનુ૦ ૪

પદ ૨

દેવદિવારી ભઇ હે, આજ મેરે દેવદિવારી ભઈ હે;
શ્યામસુંદર સંગ પ્રીત અલૌકિક, ઉરમેં છાઈ રઈ હે. આજ૦ ૧
રસિકરાય વ્રજરાજ, લાડિલો કંઠમેં બાંહ દઇ હે;
મનમોહન સુખસિંધુ પિયાસંગ. દિન દિન પ્રીત નઇ હે. આજ૦ ૨
શિવ વિરંચિ સેવત પદ જાકે. શ્રી પળ રહત ન ન્યારી;
સો ધનશ્યામ સદા મમ મંદિર, વાસ કિયો ગિરિધારી. આજ૦ ૩
કોટિ જનમકી કસર મિટિ સબ, ઉર ધરી છેલ ગુમાની;
મુકતાનંદકે શ્યામ રસિક સંગ, જોરી ભઇ મનમાની. આજ૦ ૪

પદ ૩

નૌતમ આજ દિવારી, શ્યામ સંગ નૌતમ આજ દિવારી;
રસિક છેલ વ્રજરાજ લાડિલો. મંદિર આયે મુરારી. શ્યામ૦ ૧
તન મન ધન દિનો નટવરકું, લોકલાજ સબ ટારી;
શ્યામસુંદર મોંય અંકભર ભેટે, કર ડારી મતવારી. શ્યામ૦ ૨
હાસવિનોદ હર્યો મન મેરો, રસિકરાય સુખકારી;
અબ મેરે ઉરમેં નટવરકી, ચડ ગઇ અટલ ખુમારી. શ્યામ૦ ૩

હિયકો હાર કરી રાખુંગિ ઉરપર, ગુણસાગર ગિરિધારી;
મુકતાનંદકે નાથસેં મેરે, ભઇ હે પ્રીત અતિભારી. શ્યામ૦ ૪

પદ ૪

દેવદિવારી સોઇ, કૃષ્ણ મિલે દેવદિવારી સોઇ;
અતિશે કૃપા કિનિહે કેશવ, ઓર ન કારન કોઇ. કૃષ્ણ૦ ૧
સબ સાધનકો ફળ હરિદરશન, શ્રુતિ પુરાન સબ ગાવે;
જાકું પ્રગટ મિલે મનમોહન, સોઈ બડભાગી કહાવે. કૃષ્ણ૦ ૨
પ્રભુકો દરશ ભયો સોઇ પરમપદ, જાનત મુનિ વિજ્ઞાની;
ઇનસેં ઓર પરમપદ માનત, એહિ મૂરખ અજ્ઞાની. કૃષ્ણ૦ ૩
અવતારી શ્રીકૃષ્ણ કૃપાનિધિ, ધર્મતનય બહુનામી;
નિજજનહિત વિચરત ભૂમિપર, મુકતાનંદકે સ્વામી. કૃષ્ણ૦ ૪

રાગ કાનરો—પદ ૧

આજ મહોત્સવ હે અતિભારી, આજ૦
કાર્તિક માસ પુનો પરિપૂરન. આઇ અનુપમ દેવદિવારી. આજ૦ ૧
શોભા સરસ બનિ હે દીપનકી, ઝગમગ હો રહી ભવન અટારી;
માનુ ગગન બિચ અમલ ઉડુગણ, તિમિરનિવારી સોહત છબી ન્યારી.
દીપમાળ દીપત અતિ સુંદર, ઘૃત બાતિ પૂરન મહતારી;
ગોપસખા બિચ બેઠે મોહન, દીપમાળ દેખત ગિરિધારી. આજ૦ ૩
બાજત બાજા વિવિધ ભાતકે, ગાવતી પ્રેમભરી વ્રજનારી;
પ્રેમાનંદ ઘનશ્યામ વદનપર, તનમન પ્રાણ જાત બલિહારી. આજ૦ ૪

પદ ૨

દીપદાન દે હટરી બનાઇ, દીપદાન૦
કદલી ફળ નારંગી મેવા, વિવિધ ભાતિ પકવાન મીઠાઇ. દીપ૦ ૧
તજ એલા જાપંત્રિ જાયફળ, લોંગ સોપારી સરસ મનભાઇ;
કાથો ચૂનો પાનકે બીરા, વ્રજવનિતા લેને સબ આઇ. દીપ૦ ૨

ભાજી પુરઇ બથુવા મેથી મિરચાં, સુવા સરસ ચોરાઇ;
દેકો પસારી કહત મજનારી, ચંચળ ચિતવતી ચિત્ત લલચાઇ. દીપ૦ ૩
પુરો તોલ તોલતે હો નાંહિ, મૃગનયની બોલતી મુસકાઇ;
રાખો ચંચળ ચિત્ત ઠેકાંને, પ્રેમાનંદ નિરખિ બલજાઈ. દીપ૦ ૪

ભકિતદેવીજન્મોત્સવપદ–રાગ પૂરવ—પદ ૧
(કાર્તિક પૂર્ણિમા)

પ્રેમવતી જેહિ ભાતિ, પ્રગટ ભઇ પ્રેમવતી જેહિ ભાતિ;
બરનુ જન્મ કર્મ ગુન તાકે, સુંનો સજ્જન એકાંતિ, પ્રગટે૦ ૧
કોસલ દેશ અયોધ્યા નગરી, તેહિ ઉપર એક ગામ;
છપૈયા નામ તહાં વસે એક દ્વિજ, કાલુ તિવારી નામ. પ્રગટે૦ ૨
તા દ્વિજવરકી નારી ભવાની, દંપતી દોઉ હરિદાસ;
તાકી સુતા ભઇ ગુનરાશી, મૂર્તિ રૂપનિવાસ. પ્રગટે૦ ૩
સંવત સત્તર અઠાણું વરષે, કાર્તિક માસ અનુપ;
લગ્ન કરણ શુભ નક્ષત્ર કૃતિકા, મુકતાનંદ સુખરૂપ. પ્રગટે૦ ૪

પદ ૨

ભકિત ભવભયહારી, ઉદે ભઇ ભકિત ભવભયહારી;
સાયંકાળ સમે ભઇ પ્રગટ, તિથિ પુનમ બુધવારી. ઉદે. ૧
દુંદુભિ દેવ બજાવે ગગનમેં, વરષે કુસુમ એકધાર;
ગાવત સિદ્ધ ચારન ગાંધર્વ ગુની, નાચત નભ સુરદાર. ઉદે૦ ૨
સ્વર્ગ મૃત્યુ પાતાળ દશો દિશિ, હોરહ્યો જયજયકાર;
નવધા ભકિત કરત નરનારી, પ્રભુપદ પ્રેમ અપાર. ઉદે૦ ૩
છપૈયા છાયો પ્રેમ ભરપૂરન, ઉપમા કહિ ન જાય;
પૂરન ઇન્દુ મિલન મુક્તાનંદ, સિંધુ બઢયો પુલકાય. ઉદે૦ ૪

પદ ૩

ભકિત મનુષ્યતનુ ધાર્યો, અવનિપર ભકિત મનુષ્યતનુ ધાર્યો;
મુનિકો શાપ ગ્રહણ કરી મહાસતી, જનકો કારજ સાર્યો. અવનિ૦ ૧

તબતેં ભયે દૈવી જન સબહિ, શુદ્ધમન ભકિતવાન;
આનંદઉત્સવ કરે અવનિ પર, ભજે ઘનશ્યામ સુજાન. અવનિ૦ ૨
કાલુ તિવારી દ્વિજકે દ્વારે, બજ રહિ ત્રંબ કઠોર;
મંગળસાજ હરખજુત લેકેં, આયે દ્વિજવર દોર. અવનિ૦ ૩
સુંની કોલાહલ આઇ ધાઇ, છપૈયાકી સબ નારી;
દધિ હરદી છાંટત મુકતાનંદ, ગાવત મંગલ ચારી. અવનિ૦ ૪

પદ ૪

સુખ નિરખતી કરી પ્યાર, કુંવરીકો મુખ નિરખતી કરી પ્યાર;
પુરકી નારી નોછાવરી વારિકેં, દેતિહેં વારહિં વાર. કુંવરી૦ ૧
સુતાજન્મ સુંની સબ જાચક, દ્વિજવર ગનિક પ્રવીર;
કરત વખાન પઢત કુલ કીરત, આયકે ઠાઢે અજીર. કુંવરી૦ ૨
કાલુ તિવારી કરી બહુ પ્રીતિ, મહાદ્વિજવરકે પાસ;
મંત્રરહિત સંસ્કાર સોં સબહિ, વિધિવત કિયેહે પ્રકાશ. કુંવરી૦ ૩
જન્મઅક્ષર દેખિ દ્વિજવરને, ધર્યો શ્રી બાલા નામ;
મુકતાનંદ કહે બહુત દાનદે, કિયે સબ પૂરન કામ. કુંવરી૦ ૪

રાગ ગોરી પદ-૧

પ્રભુપદ પ્રેમ અપાર, બાલાકો પ્રભુપદ પ્રેમ અપાર;
બાલાપનસોં કરી હરિસેવન, ભજત આનંદકુમાર. બાલા૦ ૧
તાતેં ધર્યો સબહિ મિલ સુંદર, ભકિત નામ કરી પ્યાર;
ભકિત ભકિત કહી સબહિ બોલાવત, નરત્રિય સકળ સંસાર. બાલા૦ ૨
શિશુચરિત્ર કરી મોહિલિયે સબ, માત તાત પરિવાર;
બાલચંદ્રસમ બઢત પ્રતિદિન, કોઉ ન કરન નિરધાર, બાલા૦ ૩
રૂપકી રાશી શીલ ગુણસાગર, સકળ ત્રિયા શિરદાર;
કપિલમાતસોં અધિક પ્રતાપી, મુકતાનંદ બલિહાર. બાલા૦ ૪

પદ ૨

પ્રીત કહી નહિ જાઇ, તાતકી પ્રીત કહી નહિ જાઈ;
નિજ કન્યાકો મુખ દેખે વિના, દંપતી દોઉ અકુલાઇ. તાતકી૦ ૧
રૂપ શીલ સુંદર સબ લક્ષણ, ધર્મ નિયમ અધિકાઇ;
અતહિં ઉદાર વચન અમૃતસમ, સુંનત સબહિ હરખાઇ; તાતકી૦ ૨
કાલુ તિવારિકી નારી ભવાની, કરત વિચાર મનમાંઇ,
યા પુત્રિકો યોગ્ય પતિ જોઈ, કહા જાને કહાં પાઇ. તાતકી૦ ૩
કાલુ તિવારી ઢુંઢત ઢુંઢત, રૈકહટ પુરમેં આઇ;
મુકતાનંદ કહે દેખિ ધર્મ વર, કિની તુરત સગાઇ. તાતકી૦ ૪

પદ ૩

ધર્મ ભકિતકી જોર, બની શુભ ધર્મ ભકિતકી જોર;
લીને લગન શોધી શુભ મુહુરત, પરતહેં ત્રંબ કઠોર. બની૦ ૧
બાલકરામ બરાતલે આયો, સજીકેં તોર મહોર;
વેદવિધિ કરી ધર્યો દ્વિજવરને, ધર્મદેવ શિરમોર. બની૦ ૨
ચરન ધોય શ્રીધર્મદેવકેં, કિનિ ચંદનખોર;
કિનો પાણિગ્રહણુ ભકિતકો, ધર્મદેવ ચિત્તચોર. બની૦ ૩
ભયો વિવાહ સુભગ દંપતિકો, સુતન મિટત અઘઘોર;
મુકતાનંદ એ જુગલ રૂપ છબી, કહા બરનું મતિ થોર. બની૦ ૪

પદ ૪

પ્રેમ પિયા પર ભારી, ભકિતકો પ્રેમ પિયા પર ભારી;
મન કર્મ વચન કરત પતિસેવા, પરમ સતી સુવિચારી. ભકિત. ૧
તાતેં નામ પ્રેમવતી પાયો, સબ મિલિકે નરનારી;
યાકું દેખિ અન્ય ત્રિય અગનિત, રહિ સબ પતિવ્રત ધારી. ભકિત. ૨
કરત ભકિત ત્રિભુવનકે વાસી, સુર નર અજ ત્રિપુરારી;
તિનહિ ન સ્વપ્ને દેત દેખાઇ, અકથ કથાહે ન્યારી. ભકિત. ૩
મુનિ શાપ માનુષ તનુ ધાર્યો, સબ જન હિત સુખકારી;
મુકતાનંદ શ્રીભકિત માત પર, વારવાર બલિહારી. ભકિત. ૪

ભક્તિમાતાની આરતિ.

આરતી ભક્તિ માતકી કીજે, કર જોરી વંદન કરી લીજે; આરતી૦
જયાકો મહિમા શુક મુનિ ગાયો, સનકાદિક નારદ ઉર છાયો. આરતી૦ ૧
ધર્મ વૈરાગ્ય જ્ઞાનાદિક જેહિ, સબકો મહાફળ ભક્તિહે તેહિ. આરતી૦ ૨
સાધન વ્રત દાનાદિ જોઇ, ઇનકો ફળ ભક્તિસેં હોઇ; આરતી૦ ૩
પુરૂષોત્તમ નારાયણ સ્વામી, ભક્તિસેં રિઝત પ્રભુ બહુનામી. આરતી૦ ૪
એસેં પ્રતાપી ભક્તિમાતા, પ્રગટે દ્વિજગૃહ જનસુખ દાતા. આરતી૦ ૫
જયજયકાર કરત નરનારી, મુક્તાનંદ ભયો સુખ ભારી. આરતી૦ ૬

મકરસંક્રાંતિ (પોષ માસ) રાગ બિરાવલ–પદ ૧

તિલસંક્રાંતિ આઇ અનુપમ, તિલસંક્રાંતિ આઈ;
કરી સ્નાન પહેરી પટ ભૂષન, ધર્મકુંવર સુખદાઇ. અનુપમ૦ ૧
જાની સુભગ મકરસંક્રાંતિ, વિપ્રન સભા બોલાઈ;
દેત દાન મનિ કંચન ભૂષન, અન્ન અંબર હરખાઇ. અનુપમ૦ ૨
ખંડ જુક્ત સુંદર તિલ મોદક, નિજ કર લિયે કનાઇ;
બાંટત હરખિ વિપ્ર મુનિવરકું, આનંદ ઉર ન સમાઈ. અનુપમ૦ ૩
તિલકો ઢેર લુંટાવત મોહન, તૃણ લે ચરાવત ગાઇ;
પ્રેમાનંદ ઘનશ્યામ નાથ પર, વારવાર બલ જાઈ. અનુપમ૦ ૪

પદ ૨

મકરસંક્રાંતિ આજ સુભગ દિન, મકરસંક્રાંતિ આજ;
તિલકો દાન કરત સુંદરવર, શ્રીઘનશ્યામ મહારાજ. સુભગ૦ ૧
પોષ માસ તિથિ સુભગ પ્રતિપદા, મકર રાશિ સુખધામ;
ભયે ઉત્તરાયન ભાનુ જગદીશ્વર, અખિલલોક શિરતાજ. સુભગ૦ ૨
આજ તેં ભયે દિવાકર ઉત્તર, કરત લોક શુભકાજ;
આનંદ ભયે સુકૃતિજન સબહિ, સુર નર મુનિકો સમાજ. સુભગ૦ ૩
સાધુ વિપ્ર જીમાવત મોદક, શ્રીહરિ કૃપા જહાજ;
પ્રેમાનંદ ઘનશ્યામ દયાનિધિ, મહાપ્રભુ ગરીબ નિવાજ. સુભગ૦ ૪

માઘશુક્લ વસંતપંચમીથી ગાવાનાં પદો—

દોહા—

સબ ઋતુરાજત વસંત હે, મોર્યો શ્રીહરિ અંબ;
વિરહી કોકિલ સ્વર કરે, ફુલે સંત કદંબ. ૧
પુરુષોત્તમ પ્રગટ જબે, તબ ઋતુરાજ વસંત;
જાય ચમેલી માલતી, કેસુ ફુલે સંત. ૨
શ્યામ સુંદરવર નિરખિકે, કિયો કુમતિકો અંત;
પુરુષોત્તમ પદરત ભયો, તા ઘર સદા વસંત. ૩
આજ પંચમી સુભગ દિન, આજ લગ્યો ઋતુરાજ;
મુક્તાનંદકે નાથસોં, ખેલન સજો સમાજ. ૪
તબ ઋતુરાજ વસંત હે, જબ ભઇ હરિસોં ભેટ;
પ્રેમ મગન ગુન ગાઇએ, લોકલાજ સબ મેટ. ૫

રાગ વસંત–પદ ૧

આજ અનુપમ દિવસ સખીરી, વસંતપંચમી આઇ;
પ્રેમમગન હોઇ પ્રભુસંગ ખેલે, બહુવિધ રંગ બનાઇ. આજ૦ ૧
ચુવા ચંદન અબીર અરગજા, કેસર ગાગર ઘોરી;
સબહિ સંગ લેહુ વ્રજવનિતા, ભર ગુલાલકી ઝોરી. આજ૦ ૨
ભૂષન વસન સુરંગિ પહિરો, પ્રેમસેં લ્યો પિચકારી;
શ્વેત વસ્ત્ર સબ ધારી શ્યામરો, ખેલનકું ભયે ત્યારી. આજ૦ ૩
રસિકરાય સંગ ફાગ ખેલિકે, તન મન અર્પણ કીજે;
મુક્તાનંદકે નાથકું ઉર ધારી, જનમ સુફળ કરી લીજે. આજ૦ ૪

પદ ૨

વસંત વધાવન સબ વ્રજવનિતા, નંદપોર ચલો પ્યારી;
વેગસેં આઓ સબહિ વિધુવદની, નિરખન નવલ વિહારી. વસંત૦ ૧
કનક કુંભમહિં અંબમોર ધરી, કર લે કંચન થારી;
મંગળસાજ લેહુ સબ સજની, રીઝે શ્રીવનમારી. વસંત૦ ૨

કદલીસ્તંભ રંગેહેં કુંકુમ, ધ્વજ તોરન છબી ભારી;
સો મંડપ મધ્ય સંગ સખા લે, ખેલતહેં ગિરિધારી. વસંત૦ ૩
વસંત વધાયકે રસિકરાય સંગ, ખેલો સબ સકુમારી;
મુકતાનંદકે શ્યામસોં ખેલત, હોઇહેં જીત તુમારી. વસંત૦ ૪

પદ ૩

વસંત વધાવનકું વ્રજવનિતા, નંદરાય ઘર આઇ;
શશિવદની સબ પ્રેમદિવાની, મોહનકે મન ભાઇ. વસંત. ૧
ગજગતિ ચાલ ચલત સબ ગોપી, અબીર ગુલાલ ઉડાવે;
શોભાધામ શ્યામમુખ નીરખે, પ્રેમમગન ગુન ગાવે. વસંત૦ ૨
કનકકુંભ ધર્યો કૃષ્ણકે આગે, પ્રેમસેં પૂજે મુરારી;
કંચન થાર કપૂરકી બાતી, આરતી સબહિ ઉતારી. વસંત૦ ૩
ગોપિવૃંદ મધ્ય ગિરિધારી, રંગકી ધૂમ મચાવે;
મુકતાનંદકો નાથ મનોહર, નેનમેં નેહ જનાવે. વસંત૦ ૪

પદ ૪

વસંત વધાયકે સબહિ સુંદરી, મગન ભઈ મતવારી;
મોરલીમેં વસંત ગાન કરે મોહન, નટવર કુંજવિહારી. વસંત૦ ૧
મોરલિકો નાદ સુનત સબકે ઉર, વિરહ વ્યથા ભઇ ભારી;
રસિકરાય સંગ રસબસ હોરહી, લોકલાજ સબ ટારી. વસંત૦ ૨
રસિક શ્યામકું રંગ ડારિકે, હસ બોલી વ્રજનારી;
તુંમબિના ફગુવા ઓર ન ચૈયે, ગુણસાગર ગિરિધારી. વસંત૦ ૩
ભકતનકે આધીન શ્યામશે, એહિ વાત સત્ય કીની;
મુકતાનંદકે પ્રભુ વ્રજવનિતા, સબ આપની કર લીની. વસંત૦ ૪

રાગ વસંત–પદ ૧

જહાં વાસુદેવ ખેલત વસંત, તહાં પરમ એકાંતિક મુનિ અનંત; જહાં૦
જહાં કોટિ ભાનુસમ અતિ ઉજાસ, શશિ કોટિસે શીતળ સો પ્રકાશ;

જહાં અતિ તેજોમય મુનિ અપાર, અતિ પ્રેમસેં હરગુન કરે ઉચ્ચાર. જહાં.
જહાં અગણિત બ્રહ્મા ભનત વેદ, તહાં અનંત શંભુ ગ્રહે અર્થ ભેદ;
તહાં અનંત સતી કરે મધુર ગાન, શુક શારદ નારદ તોરે તાન. જહાં. ૨
મચી ધૂમ રંગકી ભયે હેં લાલ, પ્રભુ ડારતહેં સબ પર ગુલાલ;
મુક્તાનંદ સો જેહિ લગ્યો હે રંગ, વાકું દિનદિન ચડત ખુમારી અંગ. જહાં. ૩

પદ ૨

જહાં શ્વેત દ્વીપપતિ ખેલે ફાગ, તહાં હોવત બહુવિધ રંગ રાગ; જહાં.
કમળા કર લે રહી રંગ માટ, સો સબકું દેવત બાંટ બાંટ;
ભયે સો રંગ રસબસ મુનિકે વૃંદ, પ્રભુ સબમાંહિ સોહત સુખકે કંદ. જહાં. ૧
લિયે વીણા નારદ કરત ગાન, તેહિસંગ તુંબરૂ તોરે તાન;
સનકાદિક નાચત સંગ આય, બની અતિશે શોભા કહિ ન જાય. જહાં. ૨
પ્રભુ સબ કારણ નિર્લેપ જેહિ, નિજ સંતકે સંગ ખેલે તેહિ;
મુક્તાનંદ સો છબી નિરખે જોય, વાકુ બહોરિ ન આવાગમન હોય. જહાં. ૩

પદ ૩

જહાં શ્વેતદ્વીપપતિ કરત ખેલ, મચિ ધૂમ રંગકી રેલ છેલ; જહાં૦
કસિ કમર સંતમધ્ય ઠાઢે શ્યામ, શોભાપર વારૂં કોટિ કામ;
નિરખિ છબી આનંદ ઉર ન માત, મુનિ ગુનિજન રાગ વસંત ગાત. જહાં. ૧
સબપર રંગ ડારત અપને હાથ, સંતનમધ્ય ખેલત સબકે નાથ;
પ્રભુ ડારે અલૌકિક સબકું રંગ, મુનિ રંગમેં રસબસ અતિ ઉમંગ. જહાં. ૨
અગણિત રવિ ચંદ્ર જ્યું શોભે દાસ, તિનકે મધ્ય પ્રભુકો અતિપ્રકાશ;
મુક્તાનંદ મહિમા કહ્યો ન જાત, જાકું નેતિ નેતિ કહિ નિગમ ગાત. જહાં, ૩

પદ ૪

અતિ તેજોમય દેવાધિદેવ, કરે અનંત ભુવનપતિ ચરણસેવ; અતિ.
તહાં અતિ તેજોમય સબહિ દાસ, તેજોમય કમલા રહત પાસ,
તેજોમય જળ સ્થળ વિમળ ધામ, તેજોમય નરત્રિય અતિ અકામ. અતિ, ૧
તેજોમય રંગ ઉડાવે સંત, તેજોમય મુનિ ગાવત વસંત;

તેજોમય બાજા બજત તાહિં, તહાં માયિક વસ્તુ કોઉ નાહીં. અતિ. ૨
સબ તેજોમય સાકાર રૂપ, કરે ખેલ અલૌકિક અતિ અનુપ;
મુક્તાનંદ તિનકી ભઇ જીત, જાકું શ્વેતદ્વીપપતિ સંગ પ્રીત. અતિ. ૩

રાગ વસંત—પદ ૧

નવલ શ્યામ નૌતમ વ્રજવનિતા, રંગભર ખેલત હોરી;
નૌતમ ખેલ કરત મનમોહન, ભરીહે ગુલાલકી ઝોરી. નવલ૰ ૧
નવલ વસંતી વસન સુરંગી, પહેરીકે નવલવિહારી;
નૌતમ રંગ ઉડાવે સાંવરો, કર કંચન પીચકારી. નવલ૰ ૨
શ્યામા શ્યામ પરસ્પર ખેલત, ભઈ શોભા અતિભારી;
મુક્તાનંદ નવલ પ્રીતમપર, વાર વાર બલિહારી. નવલ૰ ૩

પદ ૨

નવલ વસંત નવલ પિય પ્યારી, ખેલત રંગ બનાઇ;
પીચકારી દોઉ ડારે પરસ્પર, છબી બરની નહિ જાઇ. નવલ૰ ૧
નૌતમ પ્રીતિ પરસ્પર બાઢી, નૌતમ રંગ ઉડાવે;
બ્રહ્માનંદ કહે વ્રજવનિતા, જોર પકર રંગ ડારી. મોહન૦ ૩

પદ ૩

હાથ લીયે પીચકારી, શ્યામરો ગેલ પરતહે મેરી માઈ; હાથ૦ ટેક.
જો દેખે વાકું રંગમેં રોરત, ખેલન ચાહ ઘનેરી;
મસ્ત ભયો મનમોહન ડોલત, નાહી શંક નૃપકેરી. શ્યામરો૦ ૧
જમુનાતીર અહીર લીયે સંગ, ઘુમત રંગ ભરેરી,
જો કોઉયાકી નજર પરે વાકું, તરત લેનહે જ્યું ઘેરી. શ્યામરો૦ ૨
કમર કસી તત્પર ખેલનકું, પીત વસન તન પેરી;
બ્રહ્માનંદ કહે જલમટુકી, ફેરત સાંજ સવેરી. શ્યામરો૦ ૩

પદ ૪

પ્રીતમ પ્યારી સુજાન, દોઉ મીલ ખેલત હે રંગ હોરી માઇ; પ્રીતમ૦ ટેક.
એક ઓર ઠાઢે નવલ પીયા સજ, એક ઓર નવલ કીશોરી;
ભરભર રંગ અજબ પીચકારી, જ્યું મારત જોરાજોરી. દો૦ ૧
શ્યામ પકર રાધે શિરપર, રંગ ગાગરી ઢોરી;
રાધે દોર શ્યામકી પઘરી, કેસરમેં સહી બોરી. દો૦ ૨
સુર વિમાન ચઢ દેખન આયે, નૌતમ ખેલ રચ્યોરી;
બ્રહ્માનન્દ પીયા મુખ નિરખત, જેસે ચંદ ચકોરી. દો૦ ૩

રાગ હોરી દીપચંદ—પદ ૧

મોકું મસ્ત કનૈયે જાની, પાની ભરન ગઇતી મેં આજ;
સખી મોકું મસ્ત કનૈયે જાની. ટેક.
મારગ રોક ડરત નહી મનમેં, કરત વાત મસ્તાની. પાની૦

હોરી હોરી કહી ઝોરી ચલાવત, અખીયાં ગુલાલ ભરાની. પાની૦ ૨
રંગ ભરી પીચકારી લગાયકે, આયકે ચુંનર તાની. પાની૦ ૩
બ્રહ્માનંદ કહે યાકી બતીયાં, કીસવિધ રાખું હું છાની. પાની૦ ૪

પદ ૨

મેરી લાલ ચુનરિયાં ફારી, ગિરધારી ગારી મુખ બોલકે;
મેરી લાલ ચુનરિયાં ફારી. ટેક.
કાલ લઈ મેં નવલ ચુનરીયાં, આજ ટુક કરી ડારી. ગિરિ૦ ૧
કીસ વિધ ઉત્તર જાય કરંગી, પુછેગી સાસુ હમારી. ગિરિ૦ ૨
રંગ મટુકી મેરે શિરપર ડારી, મુખ ઉપર પીચકારી. ગિરિ૦ ૩
બ્રહ્માનંદ કહે મનમોહન, લોક વેદ હદ ટારી. ગિરિ૦ ૪

પદ ૩

મેરી નવલ ચુનર રંગ બોરી, હોરી ખેલતહી નંદલાલ પીયે,
મેરી નવલ ચુનર રંગ બોરી; ટેક.
મેં જમુનાજલ ભરન ગઈતી, લે શિર ગાગર કોરી. હોરી૦ ૧
મેં ગ્વાનન કછુવે નહીં જાનુ, યાકે મનમેં ચોરી. હોરી૦ ૨
આય અચાનક મોયપર ડારી, અબીર ગુલાલકી ઝોરી. હોરી૦ ૩
બ્રહ્માનંદ કહે નટ નાગર, કર પકર્યો જોરાજોરી. હોરી૦ ૪

પદ ૪

મત મોરો કહાના મોરી બાંહયાં, તેરે પાઇયાં પરૂં ઘનશ્યામ પીયા,
મત મોરો કહાના મોરી બાંહયાં; ટેક.
વાટે દેખત લોક નગરકે, કાહેકું કરત મસ્તાઇયાં, તેરે૦ ૧
જોલ કરોજી ન દેતહું મેં, તુમકું નંદબાવાકી દુવાઇયાં. તેરે૦ ૨
રંગ ભરી પિચકારી જ્યું લેકર, મુખપર આય લગાઇયાં. તેરે૦ ૩
આનંદકંદ પીયા તેરે ઉપર, બ્રહ્માનંદ બલજાઇયાં. તેરે૦ ૪

રાગ હોરી કાફી—પદ ૧

ગેલ પર્યો નંદલાલ મેરી, મેરી ગેલ પર્યો નંદલાલ. ટેક૦
ગાવત ગારી લીયે પીચકારી, અંખીન ભરત ગુલાલ. મેરી૦ ૧
આજ સખી મેરી બાંઇયાં મરોરી, મટુકી ફોરી કાલ;
જ્યું ત્યું બોલત ઇત ઉત ડોલત, સાથ લીયે સબ ગ્વાલ. મેરી૦ ૨
છેલછબીલો આલી ગેલ ન છાંડત, રોકત બનમેં રીસાલ;
બ્રહ્માનંદ નવલ પીતમસે, ખુબ રચ્યોહે ખ્યાલ. મેરી૦ ૩

પદ ૨

અંખીયન બીચ અબીર ડાર્યો, ડાર્યો અંખીયન બીચ અબીર. ટેક૦
આય અચાનક પકર લઇ, મોય કાલિન્દ્રીકી તીર. ડાર્યો૦ ૧
રંગ ડાર્યો મેરે શિર આલી, ફાર્યો નવરંગ ચીર;
વાટ ઘાટ મોય રોકત ડોલત, લીને સંગ અહીર. ડાર્યો૦ ૨
કરન ન દેવે કાજ જુ ઘરકો, ભરન ન દેવે નીર;
બ્રહ્માનંદ કહે કીત જૈયે, ફેર પર્યો બલવીર. ડાર્યો૦ ૩

પદ ૩

મોસે કરત હે રાર કનૈયો, કનૈયો મોસેં કરત હે રાર. ટેક૦
ગ્વાલ બાલ સબ સંગ લીયે, જ્યું લગ્યો રહે નીત્ય લાર. કનૈયો૦ ૧
ચુવા ચુવા ચંદન ઓર અરગજા, ચરચત વારમવાર;
સુભગ સુરંગ લીયે પીચકારી, ખેલત નંદકુમાર. કનૈયો૦ ૨
અલવ કરત નિત્ય ફેરે આવત, મુખસે ગાવત ગાર;
બ્રહ્માનંદ નવલ પ્રીતમસેં, હું માની અબ હાર. કનૈયો૦ ૩

પદ ૪

ખેલત નંદકીશોર આલી, આલી ખેલત નંદકીશોર. ટેક૦
ધૂમ મચી સબ ધૂમ રહેહે, ઝૂમત જોરાજોર. આલી૦ ૧
બાજત તાલ મૃદંગ ઝાંઝ ડફ, ભીર મચી ચહુ ઓર;
નવલ લાલ પ્રીતમ પ્યારેકું, ગ્વાલની પકરત દોર. આલી૦ ૨

માત જશોમતી વદન વિલોકત, જેસે ચંદ ચકોર;
બ્રહ્માનંદ કહે ખેલ મચ્યોહે, નંદમહરકી પોર. આલી૦ ૩

રાગ હોરી કાફી—પદ ૧

ભેટ ભઈ રી આલી ભેટ ભઇ રી, નવલ પ્રીતમસે ભેટ ભઇ રી ટેક.
આય અચાનક મીલ ગયે મોહન, ખ્યાધ બન્યો આનંદ ભઇ રી નવલ૦ ૧
મેં ડારી પીયકું પીચકારી, મેં પીયેકે રગ ભીજ રહી રી. નવલ૦ ૨
પ્રીતમ કર પકર્યો અબ મેરો, મેં પ્રીતમ ગલ બાંહી દઇ રી. નવલ૦ ૩
ભઇ હું નિહાલ લાલ સંગ ખેલત, બ્રહ્માનંદ ઉર શંક ગઇ રી. નવલ૦ ૪

પદ ૨

નવલ પ્રીતમસે જોરી બની હો, નવલ પ્રીતમસે જોરી બની હો.. ટેક.
ઉડત ગુલાલ અબીર અલૌકિક, અતિ શોભા નહીં જાત ભની હો. નવલ૦ ૧
અરસ પરળ પીયસેં ભઇ રસ બસ, કયા જાને ખ્યાલદની હો. નવલ૦ ૨
પીયકે સંગ રંગ ભર રમતાં, સુધ ન રહી કછુ પર અપની હો. નવલ૦ ૩
બ્રહ્માનંદ લાલ સંગ ખેલન, નહીં થોરી યા બાત ધની હો. નવલ૦ ૪

પદ ૩

નવલ પ્રીતમસે પ્રીત લગીરી, નવલ પીતમસે પ્રીત લગીરી. ટેક,
ખેલ બન્યો રંગરેલ પીયાસે, કાજ સર્યો જગ લાજત ગીરી. નવલ૦ ૧
હસ કર બાઇયાં ગ્રહી હરિ મેરી, નિડર ભઇ ઉર શંક ભગીરી. નવલ૦ ૨
આયો લાગ ખ્યાલકો આલી, યા રંગ ફાગસેં ભાગ જગીરી. નવલ૦ ૩
બ્રહ્માનંદ શ્યામ સુંદરસેં, ફગવા લેઉંગી મગી મગીરી. નવલ૦ ૪

પદ ૪

નવલ પ્રીતમ મેરી બાંઇયાં પકરી રી, નવલ પ્રીતમ મેરી બાંઇયાં પકરી. ટેક.
મેં ચલી જાત હતી સખીયન સંગ, વિચ ભેટે મોય પ્રગટ હરિ. નવલ૦ ૧
મહી મેરો ખાય બહાય દીયો સબ, કછુ શ્રદ્ધા કછુ જોરાવરી. નવલ૦ ૨
અબ તો છૂટ શકત નહીં આલી, અબલ સબલકે હાથ પરીરી. નવલ૦ ૩
બ્રહ્માનંદ લાલ પ્રીતમ સંગ, ખેલત રંગ ઉમંગ ભરીરી. નવલ૦ ૪

રાગ ખ્યાલ હોરી—પદ ૧

હાંરે હાંરે બંસીકે બજૈયા, હોરી ખેલત કુંવર કનૈયા;
બંસીકે બજૈયા, હોરી ખેલત કુંવર કનૈયા. ટેક૦
સખીયન સાથ હાથ પીચકારી, નટવર રૂપ બનૈયા. હોરી૦ ૧
ગ્વાલ બાલ સબ સંગ ઉમંગે, રંગ ભરે દૌ ભયા. હોરી૦ ૨
ચુવા ચુવા ચંદન ઓર અરગજા, કેસર માટ ભરૈયા. હોરી૦ ૩
નૌતમ ખ્યાલ લાલકે ઉપર, બ્રહ્માનંદ બલ જૈયા. હોરી૦ ૪

પદ ૨

હાંરે હાંરે ન છોડુ મેં કહાના, રહો અબ હોય કે છાના;
ન છોડું મેં કહાના, રહો અબ હોય કે છાના. ટેક૦
બહુ દિન દુર રહે મનમોહન, જબ' હમ કછુ ન જાના. રહો૦ ૧
આરત ખેલ કીયેકી પ્રીતમ, રત બસંત ફહરાના. રહો૦ ૨
બ્રહ્માનંદ કહે ગ્રહે નન્દનન્દન, છોડું તો કોન ઠેનાના. રહો૦ ૩
ઠેકાના

પદ ૩

હાંરે હાંરે મેં જાને ન દુંગી, હો બંસી અબ ખોંચકે લઉંગી;
મેં જાને ન દુંગી, હો બંસી અબ ખોંચકે લઉંગી. ટેક૦
બહુત દિવસસેં ભેટ ભઇ હે, અબ લપટાય રહુંગી. હો૦ ૧
ખ્યાલ બન્યો હે લાલ હથોહથ, નછુ દિલ વાત કહુંગી. હો૦ ૨
ધાર વિવેક ટેક તજી અપની, એક મેં કહ્યો પજયુંગી. હો૦ ૩
બ્રહ્માનન્દ આનંદ ભયો હે, લાલ સંગ હુલસુંગી. હો૦ ૪

પદ ૪

હાંરે હાંરે ગહે ગિરિધારી, નહિ મેં છોડન વારી;
ગહે ગિરિધારી, નહિ મેં છોડન વારી. ટેક૦
આય પરસપર ખેલ મચ્યો હે, પ્રેમ નેમ પીચકારી. નહિ૦ ૧
ઉડત ગુલાલસે લાલ રંગ અંગ, રંગ બન્યો હે ભારી. નહિ૦ ૨

મેં ગ્રહી છેડ પીયાકી કીની, પીય મોકું રંગ ડારી. નહિ૦ ૩
બ્રહ્માનંદ આજ યા રંગમે, લોકલાજ સબ ટારી. નહિ૦ ૪

રાગ ઠુમરી હોરી—પદ ૧

ખેલત દો ફાગ રી, ખેલત દો ફાગ રી, ગાવત નીકે રાગ રી. ખેલત૦ ૧
રાધે કૃષ્ણ રમત મીલ રંગ, ભર ધૂમ રૈહે લાગ રી. ખેલત૦ ૨
વૃંદ્રાવન મહી રચ્યો અખાડો, નિરખત જન બડભાગ રી. ખેલત૦ ૩
અરસ પરસ નરનાર ઉડાવત, અબીર ગુલાલ અથાગ રી. ખેલત૦ ૪
બ્રહ્માનંદ કહત હરિ ખેલત, લોક વેદ હઠ ત્યાગ રી. ખેલત૦ ૫

પદ ૨

ખેલત ઘનશ્યામ રી, ખેલત ઘનશ્યામ રી, બાવાનંદજીકે ધામ રી. ખેલત૦ ૧
ઘુમઘુમ મીલ ધૂમ મચાઇ, પલન લહત વિશ્રામ રી. ખેલત૦ ૨
છબી નિરખ વ્રજરાજ કુંવરકી, લાજત કોટિક કામ રી. ખેલત૦ ૩
ગોપી ગ્વાલ ગુલાલ ઉડાવત, છાયો ગોકુલ ગામ રી. ખેલત૦ ૪
બ્રહ્માનંદ રમત પ્રીય પ્યારી, ગનત ન છાયા ઘામ રી. ખેલત૦ ૫

પદ ૩

ખેલત્ત બ્રજરાજ રી ખેલત બ્રજરાજ રી, તજી દીની જગ લાજ રી. ખેલત૦ ૧
આદર કહાન રમનકો કીનો લીનો સંગ સમાજ રી. ખેલત૦ ૨
તાલ મૃદંગ ઉપંગ ચંગકી, ગહરી હોત અવાજ રી. ખેલત૦ ૩
કહી કહી હોરી કરત કુતુહલ, ઉઠયો હે ગોકુલ ગાજ રી. ખેલત૦ ૪
બ્રહ્માનંદ નિરખ નટવર છબી, જન્મ સુફળ ભયો આજ રી. ખેલત૦ ૫

પદ ૪

શ્યામળિયો ચિત્ત ચોરવે, શ્યામળિયો ચિત્ત ચોરવે, ખેલત જોરાજોરવે. શ્યામ૦ ૧
મેરે શિર પર રંગ મટુકી, મોહન દીની ઢોર વે. શ્યામ૦ ૨
ગાવત ગારી લ પીબકારી, મારત હોરા હોર વે. શ્યામ૦ ૩

ગોપી ગ્વાલ બાલ સબ ખેલત, નંદમહરકી પોર વે. શ્યામ૦ ૪
બ્રહ્માનંદ કહત યા છબીપર, વારૂ ચંદ કરોર વે. શ્યામ૦ ૫

રાગ જંગલો હોરી—પદ ૧

સખી આજ ખેલત નંદકિશોર, સખી આજ ખેલત નંદકિશોર;
એરી ચલ દોર, સખી આજ ખેલત નંદકિશોર ટેક.
સુંદર સંગ લીયે વ્રજનારી, રાજતહે ગિરિધારી;
રંગભીનો રંગભીનો નવલ વનમારી, પીચકારી પીચકારી ચલાવત જોર. સખી૦૧
રાધે નૌત્તમરૂપ નવીની, રંગમેંહી રસબસ કીની;
અલબેલે અલબેલે બાંહી ગ્રહી લીની, શિર દીની (૨) ગાગરીયા ઢોર. સખી૦૨
અબીર ગુલાલકી ધૂમ મચાવે, નટવર રંગ ઉડાવે;
બ્રહ્માનંદકો બ્રહ્માનંદકો પીયા, હોરી ગાવે (૨) સંગ આવે મેરે નિશ ભોર. સખી૦૩

પદ ૨

પ્યારો રંગ ફાગ રમે નંદલાલ, પ્યારો રંગ ફાગ રમે નંદલાલ;
અનુપમ ચાલ, પ્યારો રંગ ફાગ રમે નંદલાલ. ટેક.
રંગ મટુકીમેં કેસર ઘોરી, ડારત જોરાજોરી;
મતવારો મતવારો ગાવે, હોરી હોરી ભરી ઝોરી અબીર ગુલાલ. પ્યારો૦ ૧
ખેલત કાઉકી શંક ન માને, ગ્રહી કરી ચુનરી તાને;
મરજાદા મરજાદા કછુ નહી જાને, મસ્તાને (૨) રચ્યો યહ ખ્યાલ. પ્યારો૦ ૨
કર પીચકારી ગ્રહી અલબેલે, નજર ચડે નહી મેલે;
બ્રહ્માનંદકો બ્રહ્માનંદકો પીયા, એસે ખેલે (૨) રંગ રેલે કરીહે નિહાલ. પ્યારો૦ ૩

પદ ૩

છેલો રંગ ખેલત હોરી કહાન, છેલો રંગ ખેલત હોરી કહાન;
બજાવત તાન, છેલો રંગ ખેલત હોરી કહાન. ટેક.
દેખતહી મટુકી ગ્રહી દોરે, પકરત રંગમે રોરે;
નંદલાલો નંદલાલો વહાલો, ચિત્ત ચોરે (૨) ફુલ તોરે કરી ગુલતાન. છેલો૦ ૧

ઝગર ઝગર બઇયાં ઝકઝોરી, લે ગ્રહી કર ઘુંઘટ ખોલે;
ગિરિધારી ગિરિધારી ગારી મુખ બોલે, વન ડોલે (૨)ભયો મસ્તાન. છેલો૦ ૨
શિરપર રાજત નવલ કલંગી, ચલતકે ચાલ ત્રિભંગી;
બ્રહ્માનંદકે બ્રહ્માનંદક પ્યારે નવરંગી (૨) ફારી અંગી કરી હેરાન. છેલો૦ ૩

પદ ૪

દેખો હોરી ખેલત હે બલવીર, દેખો હોરી ખેલત હે બલવીર;
કાલિંદીકે તીર, દેખો હોરી ખેલત હે બલવીર. ટેક.
ધૂમ મચાવે ધરક નહીં ધારે, સાથીનકું લલકારે;
પીચકારી પીચકારી સો મુખપર મારે, અતિ ડારે (૨)ગુલાલ અબીર. દેખો૦ ૧
સુંદર વસન પહર તન ઝીના, ખેલ મનોહર કીના;
વ્રજનારી વ્રજનારી પરમ સુખ દીના, રંગભીના (૨) ગૌર શરીર. દેખો૦ ૨
વાજત ભેર તાલ ડફ બાજે, ઇંદ્રહુકી છબી લાજે;
બ્રહ્માનંદકું બ્રહ્માનંદકું ખુબ નિવાજે, સંગ રાજે (૨) સર્વ અહીર. દેખો૦ ૩

રાગ સોહિની હોરી—પદ ૧

ધનશ્યામ ખેલત હોરી, હો ધનશ્યામ ખેલત હોરી;
લે અબીર ગુલાલકી ઝોરી. હો૦
હોરી ખેલત હે મતવારો, વ્રજરાજ નંદદુલારો. લે૦ ૧
સબ લોક વેદ હદ ટારી, ગુલતાન કરી વ્રજનારી. લે૦ ૨
બિચ ખેલત છેલ ગુમાની, કીસ રીત ભરૂં અબ પાની. લે૦ ૩
બ્રહ્માનંદ કહત રંગભીનો, મેરો જોર પકર મન લીનો. લે૦ ૪

પદ ૨

હો હોરી ખેલત પ્રીતમ પ્યારી, હો હોરી ખેલત પ્રીતમ પ્યારી;
ભર રંગહુકી પીચકારી. હો૦ ટેક.
નટનાગર રાધા ગોરી, રંગ રોરત જોરા જોરી. ભર૦ ૧
કરી જોર અધિક વ્રજબાલા, મીલ પકર લીયે નંદલાલા. ભર૦ ૨

સબ વસ્ત્ર ખેંચ કરી લીને, રંગમાંહી ગરક કરી દીને. ભર૦ ૩
બ્રહ્માનંદ કહત વ્રજવાસી, દેખો પકરે કુંજ વિલાસી. ભર૦ ૪

પદ ૩

હો વ્રજરાજ હોરી ખેલે, હો વ્રજરાજ હોરી ખેલે;
સખી લાભ નયનકો લેલેરી. હો૦ ટેક.
કર કંચનકી પીચકારી, ભર મારત વારમ વારી. સખી૦ ૧
મુખ મધુરે મધુરે સૂર ગાવે, વ્રજનારીનકું લલચાવે. સખી૦ ૨
સબ ગ્વાલ બાલ લે સંગે, અતિ ઉમંગ દેખાવત અંગે. સખી૦ ૩
બ્રહ્માનંદકે શ્યામ સુહાગી, વ્રજવાસી કરે બડભાગી. સખી૦ ૪

પદ ૪

હો ઘનશ્યામ ખેલ મચાયો, હો ઘનશ્યામ ખેલ મચાયો;
વ્રજવાસીનકે મન ભાયો. હો૦ ટેક.
એક ઓર સબે વ્રજનારી, દુજી ઓર પીયા ગિરિધારી. વ્રજ. ૧
સબ હરખ ભરે વ્રજવાસી, બિચ ખેલત કુંજવિલાસી. વ્રજ. ૨
અતિ રંગ ઉડાવત કહાના, ચડી આયે દેવ વિમાના, વ્રજ. ૩
બ્રહ્માનંદકો નાથ રંગીલો, હોરી ખેલત છેલ છબીલો વ્રજ. ૪

માઘ કૃષ્ણ ચતુર્દશી, શિવરાત્રિમહોત્સવ—

દોહા

આજ મહોત્સવ શંભુકો, જન મન હર્ષ અપાર;
શૈલસુતાપતિ પૂજીએ, લે ષોડશ ઉપચાર ૧
કૃષ્ણ ચતુર્દશી માઘકી, પરવનિ પરમ અનુપ;
ભૂતપતિકે મન વસી, શિવરાત્રિ સુખસાર. ૨
પ્રહર પ્રહર મિલી કિજીએ, પૂજન અતિ અભિરામ,
ઉત્સવ કીર્તન જાગરન, તિથિ મધ્ય ચહુ જામ. ૩

રાગ માલિંગડો—પદ ૧

હાંરે હો આજ મહોત્સવ, ત્રિભુવન માંહિ; હો રહ્યો જયજયકાર હો.
ઉમાકાંત ગૌરિપતિ પૂજન, કરત સબહિ કરી પ્યારા હો. આજ૦ ૧
હાંરે હો કરત નિગમ ધ્રુની સુરપતિ ભૂસુર, મંત્ર ઉચ્ચે સ્વર ગાઇ હો;
લે ષોડશ ઉપચાર વિધિવત્, પૂજન ઘંટ બજાઇ હો. આજ૦ ૨
હાં રે હો કરી ઉપવાસ જાગરણ સબ તિથિ, કરત રટન શિવનામા હો,
પંચામૃત અભિષેક કરાવત, ધૂપ દીપ અભિરામા હો. આજ૦ ૩
હાંરે હો બિલિપત્ર અક્ષત શુભ દૂર્વા, અર્કપુષ્પ ધંતૂરા હો,
ભરી વર કુંભ કરત જળધારા, ઠાડે દેવ હજૂરા હો. આજ૦ ૪
હાંરે હો ધરી નૈવેદ્ય ખટ રસ ભોજન, કંદ મૂળ ફળ ફુલા હો,
પ્રેમાનંદ કહે કરી નીરાજન, પુષ્પાંજલિ સુખમૂળા હો. આજ૦ ૫

પદ ૨

હાંરે હો શિવશિવ નામ રટત મંગળમય, કરત અમંગળ દૂરી હો;
સુર નર અસુર નાગ મુનિ દાનવ, કરત ભજન ભરપુરી હો. શિવ૦ ૧
હાંરે હો શિવકી દઈ સંપદા ભોગવત, સકળ લોકપતિ ભૂપા હો;
અવટરદાની ઔર નહિ શિવ વિન, ધનદ મિત્ર સુખરૂપા હો શિવ૦ ૨
હરિ હો દીનદયાળ દયાકે સાગર, કાશીપતિ ભગવાના હો,
દેખી જરત સુરાસુર માનવ, કિન ગરલ કર પાના હો. શિવ૦ ૩
હાંરે હો જાહિ કે માર સ્થાપ્યો જગમાંહ્ય, ત્રિભુવન પાર્યો સાંકો હો,
ત્રિહું પુરમેં નિર્જલિંગ પુજાવત, એસો અટંકો વાંકો હો. શિવ૦ ૪
હાંરે હો *કલ્પાન્તે શૂલાગ્રહ પ્રૌવત, દિગ્ગજ અવનિ ધારી હો,
પ્રેમાનંદ કહે જારત છિનમેં, અખિલ લોક ત્રિપુરારી હો. શિવ૦ ૫

પદ ૩

હાંરે હો જયજય શંકર રૂદ્ર મહાદેવ, મદનરિપુ અભિરામા હો,
ભાલ વિશાળમેં બાળશશિ છબી, કોટિક લાવણ્ય ધામા હો. જય૦ ૧

હાંરે હો કુંદ ઈંદુ કર્પુર વિગ્રહ રૂચિ, કોટિ રવિ તન લાજે હો;
ભસ્મ સર્વ અંગ, અર્ધાંગ શૈલસુતા, વ્યાલ વિભુષન રાજે હો જય૦ ૨
હાંરે હો મૌલી સંકુળ જટા વિધુતછબી, શ્રવણકુંડળ નીલકંઠા હો,
કરૂણાકંદ સચ્ચિદાનંદ, વંદે મોક્ષ પદ ઘંટા હો. જય૦ ૩
હાંરે હો શૂલ સાયક પિનાક અસિ કર, શત્રુમર્દન ભગવાના હો,
પ્રેમાનંદ કહે જ્ઞાનવિજ્ઞાનઘન, વ્યાઘ્રચર્મ પરિધાના હો, જય૦ ૪

પદ ૪

હાંરે હો ગાઇએ ગિરિજારમન શ્રીશંકર, શંભુ કાશીનિવાસી હો,
નૃકપાલ ગલમાલ બિરાજે, કર ડમરૂ સુખરાશી હો ગાઇ૦ ૧
હાંરે હો મહાકલ્પાંત બ્રહ્માંડમંડળ પર, દવન દાવાનળ ભારી હો,
બ્રહ્મા ઈંદ્ર રવિ ચંદ્ર વરુણ વસુ, અર્ચિતપદ ત્રિપુરારી હો ગાઇ૦ ૨
હાંરે હો ધર્મ જ્ઞાન વૈરાગ્ય કૈવલ્યસુખ, દેત દયા દિલ આની હો,
દેતહેં દેવ દિયે બિનુ તાહે, વર પિનાક શરપાની હો. ગાઇ૦ ૩
હાંરે હો દાની કહું શંકરસેં નાહિં, જાચક સદા સોહાવે હો,
પ્રેમાનંદ કે અતિ દયાળ શિવ, નિશદિન દેવો હિમાવે હો. ગાઇ૦ ૪

શિવજીની આરતી

જય દેવ જય દેવ (૨) જય શંકર સ્વામી (૨)
કરત નીરાજન સુર મુનિ (૨) વૃષભેશ્વર ગામી. જય૦ ૧
ગૌરવરન ત્રિલોચન ચર્માંબર ધારી (૨) ગંગાધર ગૌરિવર (૨)
શંકર ત્રિપુરારી. જય૦ ૨
સર્વાંગે વર ભસ્મ રૂંડમાળ રાજે (૨) ઉરગ વિભૂષન ભૂષિત. (૨)
લલાટ શશિ ભ્રાજે. જય૦ ૩
ત્રિશૂળ ડમરૂ કર વામાંગે ગૌરી (૨) પ્રેમાનંદ કહે અવનિ (૨)
રહો અવિચળ જોરી. જય૦ ૪

રાગ ગરબી—પદ ૧

સિધ્ધેશ્વર શ્યામ સુંદર શોભે રે, જોઇ ભક્તતણાં મન લોભે રે. ટેક૦
માથે મુકુટ જટા કેરો ભારી રે, તમે ગંગાને લઇ ધારી રે;
તેણે લાગો રુડા ત્રિપુરારી રે, સિધ્ધે૦ ૧
કાજુ ચાંદલો ચંદ્ર કપાળે રે, ભાવે સહિત એને જે ભાળે રે;
તેનાં તુરત મહા દુઃખ ટાળે રે, સિધ્ધે૦૨
એને ભાંગ ધંતુરો તે ભાવે રે, નિત્ય મોટા મુનિવર ગાવે રે;
એના મહિમાનો પાર ન આવે રે, સિધ્ધે૦ ૩
છબી અજબ નવલ રંગી છાઇ રે, બ્રહ્માનંદ કહે સદા સુખદાયી રે;
નયણે કેફતણી કરડાઇ રે. સિધ્ધે૦ ૪

પદ ૨

સિધ્ધેશ્વર દેવ સુંદર સારા રે, પ્રેમી જનને લાગે અતિ પ્યારા રે;
ઉભા નંદી ભૃંગી જેવા આગે રે, મોટા દેવ આવી વર માંગે રે. ટેક૦
એને ભજતાં તે સંકટ ભાંગે રે, સિધ્ધે૦ ૧
છે જો ભાંગ ધંતૂરાના ભોગી રે, એનો જાણે છે મહિમા જોગી રે;
એને ભજતાં થવાય અરોગી રે. સિધ્ધે૦ ૨
ફાવે સુંદર હાર ફણાળા રે, જગજીવન દેવ જટાળા રે;
રૂડા લાગે છે રુપાળા રે, સિધ્ધે૦ ૩
એને ભજતાં મીટે સર્વ ખામી રે, બ્રહ્માનંદ કહે શિર નામી રે;
નર રૂપ શંભુ બહુનામી રે. સિધ્ધે૦ ૪

પદ ૩

સિધ્ધેશ્વર દેવની બલિહારી રે, એની મૂર્તિ મનોહર પ્યારી રે. ટેક૦
કાજુ કુંડળ કાને લળકે રે. વળી ચંદ્ર કપાળે ઝળકે રે;
એને ગંગ જટામાંહી ખળકે રે. સિધ્ધે૦ ૧
એના ગાયા છે ગુણ શેષે રે, કઇક અમર થયા ઉપદેશે રે;
શોભે નીલકંઠ નર વેશે રે. સિધ્ધે૦ ૨

પ્રસન્ન હોત પ્રમથેશ હર, નિજપુર દેત નિવાસ;
સો નર પાવત ચતુર્ફલ, સુખમય ભોગ વિલાસ. ૪

શોભે મસ્તક ફૂલના તોરા રે, ચિદધ્યાથી અધિક ચિત્ત ચોરા રે;
ગણનાથ શંભુ તન ગોરા રે. સિધ્ધે૦ ૩
એ તો દેવના દેવ કહાવે રે, એને પૂજે તે મહા સુખ પાવે રે;
બ્રહ્માનંદ હેતે ગુણ ગાવે રે. સિધ્ધે૦ ૪

પદ ૪

સિધ્ધેશ્વર દેવ પ્રગટ વિરાજે રે, નિજ જનને તે ખુબ નિવાજે રે, ટેક૦
જગ થાય જાય ભ્રકુટી-વિલાસે રે, એને ઈંદ્રાદિક દેવ ઉપાસે રે;
ભાવે ભજતાં તે જગત નવ ભાસે રે. સિધ્ધે૦ ૧
રાજે અચળ સદા એક રંગે રે, શોભે પાર્વતીજી નિત્ય સંગે રે;
અતિ ગૌર મનોહર અંગે રે. સિધ્ધે૦ ૨
એની મૂર્તિ જે ઉરમાં આણે રે, તે તો મુક્ત મહા સુખ માણે રે;
વળી મહિમા તે વેદ વખાણે રે. સિધ્ધે૦ ૩
હર સેવકના દુઃખ હારી રે, કરૂણાનિધિ મંગળકારી રે;
બ્રહ્માનંદ જાય બલિહારી રે. સિધ્ધે૦ ૪

ઉપદેશનાં પદો:—

(મુક્તાનંદમુનિકૃત)

રાગ કાફી—પદ ૧

જાનાહે નર જાનાહે, ઘર છોડી એકીલા જાનાહે; ટેક૦
મેડી મંદિર છોડી ચલોગે, એક દિન ભોંય બીછાનાહે. ઘર૦ ૧
નિજ તન નારી પુત્રકુ પોખે, જારીકે છાર મીલાનાહે. ઘર૦ ૨
બ્રહ્મા આદિ ભુવનકે સ્વામી, વહાંભી સ્થિર ન રહાનાહે. ઘર૦ ૩
દાસ મુકુંદ આશ તજ જુઠી, શ્રીહરિચરન ઠીકાનાહે. ઘર૦ ૪

પદ ૨

આવેગે જમ આવેગે, હરિભજન વિના જમ આવેગે; ટેક૦
હરિજન દેખકે હાંસી કરત વાંકે, મુખમેં આગ જરાવેગે. હરિ૦ ૧
કીર્તન કથારી સુને નહિ તાકે, શ્રવનમેં સીસા ઠરાવેગે. હરિ૦ ૨
કર્મ વિકર્મ કરે જીનકે હિત, ઇનમેંસે કોઇ ન બચાવેગે. હરિ૦ ૩
દાસ મુકુંદ ચલો ગુરૂચરણે, એક પલકમેં છોડાવેગે. હરિ૦ ૪

પદ ૩

પાવેગે દુઃખ પાવેગે, હરિભજન વિના દુઃખ પાવેગે, ટેક૦ ૧
દુર્લભ દેહ ભજન બીન તજીકે, માર જમનકી ખાવેગે. હરિ૦ ૧
જમકે મનમેં મહેર ન આવે, કાંટામાંહી ચલાવેગે. હરિ૦ ૨
પરનારી પ્રસંગ કરે વાંકુ, લોહ સ્થંભ લપટાવેગે. હરિ૦ ૩
દાસ મુકુંદ વાસ હરિચરણે, ઇન મારગમેં ન આવેગે. હરિ૦ ૪

પદ ૪

તારેગે સંત તારેગે, ભવજળમેં બુડત સંત તારેગે. ટેક૦
જન્મ મરણ ભય તબહી ભાગે, સંત શબ્દ ઉર ધારેગે. ભવ૦ ૧
જો તરી ગએ સો સંત સમાગમ, અબહી સંત ઉદ્ધારેગે. ભવ૦ ૨

સંત શબ્દકું જો લોપી ચલેગે, આગે બહુત સંભારેગે. ભવ૦ ૩
દાસ મુકુંદ નાવ સત્સંગત્ય, પલમેં પાર ઉતારેગે. ભવ૦ ૪

રાગ ગરવી—પદ ૧

મોહનને ગમવાને ઇચ્છો માનિની,
ત્યાગો સર્વે જુઠી મનની ટેક જો;
પતિવ્રતાનો ધર્મ અચળ કરી પાળજો,
હરિચરણે રહેજો અબળા થઇ છેક જો. મોહ૦ ૧
વળી એક વાત કહું છું અધિક વિવેકની,
સાંભળ બેની તારા સુખને કાજ જો;
હરિજનને સંગે રાખો પૂરણ પ્રીતડી,
ત્યાગો મદ મત્સર જુઠી કુળલાજ જો. મોહ૦ ૨
સુખદાયક તું જાણે સુંદર શ્યામને,
અતિ દુઃખદાયક મન પોતાનું જાણ જો;
મુક્તાનંદનો નાથ મગન થઇ સેવજે,
સમજી વિચારી બોલો અમૃત વાણ જો. મોહ૦ ૩

પદ ૨

સાંભળ બેની હરિ રીઝયાની રીતડી,
મોહનવરને માન સંઘાથે વેર જો;
સાધન સર્વે માન બગાડે પળવિષે,
જેમ ભળીયું પય સાકરમાં અહિઝેર જો. સાંભ૦ ૧
દાસી થઇ રહેજે તું દીનદયાળની,
નીચી ટેલ મળે તો માને ભાગ્ય જો;
ભવ બ્રહ્માદિકને નિશ્ચય મળતી નથી,
પુરષોત્તમ પાસે બેઠાની જાગ્ય જો. સાંભ૦ ૨
પ્રીત કરે પુરષોત્તમ સાથે નિત્ય નવી,

દાઝીશ માં દેખી કેનું સનમાન જો;
મુક્તાનંદનો નાથ મગન થઇ સેવજે,
તો રીઝે રસીયો સુંદર વર કહાન જો. સાંભ૦ ૩

પદ ૩

કહાન કુંવરની રીત સુણી મનમાં ધરો,
તો તમે રહેશો મગન સદા હરિસંગ જો.
પુરૂષોત્તમને નથી કોઇ પર પોતાતણું.
પુરણકામ ન રાચે કેને રંગ જો. કહાન૦ ૧
કરૂણાનિધિમાં કામાદિક વ્યાપે નહિ,
ઇર્ષ્યા માનતણો નહિ અંતર લેશ જો;
કડવાં વેણ કહે પોતાના દાસને,
ઔષધ સમ આપે ઉત્તમ ઉપદેશ જો. કહાન૦ ૨
જે જે વચન કહે સુંદરવર શ્યામળો,
સુખ ઉપજે તેમ કરવો શુદ્ધ વિચાર જો.
મુક્તાનંદનો નાથ સદા સુખદાઇ છે,
એવું જાણી કરજો પુરણ પ્યાર જો. કહાન૦ ૩

પદ ૪

સુખસાગર હરિવર સંગે સુખ માણજો,
અતિ ઘણી મહેર કરી છે શ્રીમહારાજ જો;
પુરૂષોત્તમ સાથે પૂરણ સગપણ થયું,
આપણ તુલ્ય નહિ કોઇ બીજું આજ જો. સુખ૦ ૧
રવિમંડળમાં રાતતણું દુઃખ નવ નડે.
પારસ પામે ધનદુર્બળતા જાય જો;
તેમ પ્રગટ પુરૂષોત્તમને જે જે મળે,
તેનો મહિમા ભવ બ્રહ્માદિક ગાય જો. સુખ૦ ૨

તનઅભિમાન તજે પૂરણ સુખ પામીએ,
શ્યામળીયા સંગ વાધે સાચી પ્રીત જો;
મુક્તાનંદ કહે મર્મ ઘણો છે વાતમાં,
જાણી લેજો અતિ ઉત્તમ રસ રીત જો. સુખ૦ ૩

રાગ-ધોળ

અલૌકિક આદિત્ય ઉદીયા રે, સહજાનંદ સ્વામી;
પતિતને પાવન કરવા રે, પ્રગટયા બહુનામી. ૧
સોમ થકી ઘણું શીલા રે, કરૂણારસ ધારી;
જનમન કુમુદ વિકાસ્યાં રે. મોહાદિક મારી. ૨
મંગળ રૂપ મુરારી રે, પુરૂષોત્તમ પોતે;
કોટી કર્મને ટાળે રે, નયણાં ભરી જોતે. ૩
બુધ થઇ બોધ પ્રકાશે રે. આપે અવતારી;
મૂઢ મલિન જન તાર્યાં રે. અગણિત નરનારી. ૪
ગુરૂજીનાં ચરણ ઉપાસે રે, હરિ હર અજ જેના;
બ્રહ્મરૂપ મુનિ મોટા રે. કરે સદ્દગુરૂ સેવા. ૫
શુકર શ્વાન ખર જેવા રે, જેને ચરણે રહે આવી;
બ્રહ્મરૂપ થયા ભવમાં રે, ગોવિંદ ગુણ ગાવી. ૬
શનીશ્ચર ગ્રહ સમ સહુને રે. મન મહા દુઃખકારી;
તેને તે વશ કરી રાખે રે, વચનાંકુશ મારી. ૭
અક્ષરપદ અવિનાશી રે, જેનું ધામ કહાવે;
મુકતાનંદ તે ગુરૂના રે, નિશદિન ગુણ ગાવે. ૮

રાગ સોરઠ-પદ ૧.

હરિગુણ ગાતાં, દુર્જનીયાંનો ધડક ન મનમાં ધારીયે;
શિરને સાટે, શ્વાસ ઉચ્છવાસે સુંદર વર સંભારીયે. ટેક૦

જે સાચું સમરણું આદરે, તેનો મૂરખ માણસ દ્રોહ કરે;
તે ઉલટો નિજ શિર ભાર ભરે. હરિ૦ ૧
જેમ સૂરજ સામી રજ નાખે, તે ઉલટી આવી પડે આંખે;
રવિ રોષ રાગ મન નવ રાખે. હરિ૦ ૨
એવું સમજીને મન દઢ રાખીયે, મુખ કાયરતા નવ ભ,ખીયે;
આ તન પ્રભુપર વારી નાખીયે. હરિ૦ ૩
તન મન ધન હરિચરણ ધરે, તેની સુંદર શ્યામ સહાય કરે;
કહે મુક્તાનંદ તારે ને તરે. હરિ૦ ૪

પદ ૨

અભિમાન તજી, શ્યામળીયા સંધાથે મન દઢ બાંધીયે;
તજી લોકલજ્જા, સાધુજન સંઘાથે પ્રીતિ સાંધીએ. ટેક.
જે સાધુજનનો સંગ કરે, તેના કામાદિક સંતાપ હરે;
તેનું મન લઇ મોહન ચરણે ધરે. અભિ૦ ૧
સઉ હરિ ભજતાં મોટયપ પામે, તેનાં જન્મમરણનાં દુઃખ વામે;
ફરી મન ન ચડે બીજે ભામે. અભિ૦ ૨
ધ્રુવ આદિ અચળ થયા હરિ સેવી, તેની શીખામણ મન ધારી લેવી;
ભક્તિ પણ કરવી તે જેવી. અભિ૦ ૩
કુજનના સંગથી દૂર રહીયે, હરિજનનો અવગુણ નવ ગ્રહીયે,
મુક્તાનંદના દાસના દાસ થઇયે. અભિ૦ ૪

પદ ૩

તન ધન જાતાં, હરિજન હોય તે હરિભક્તિથી નવ ચળે;
જેમ નારી સતી, સર્વે મમતા છોડી પતિસંગે બળે. ટેક.
જુવો પ્રહલાદે પણ નવ છોડયું, નિજ તાતતણું સગપણ તોડયું.
દઢ કરી મોહનસંગ મન જોડયું. તન૦ ૧
જુવો હરિશ્ચંદ્રે હરિ નવ તજીયા, પરઘેર વેચાઇ પ્રભુ ભજીયા,
ત્યારે મોહનના મનમાં રજીયા. તન૦ ૨

જુવો બળીનું મન નવ હારીયું, ગુરૂવચન હૃદે નવ ધારીયું;
તન મન ધન પ્રભુપર વારીયું તન૦ ૩
એવી દૃઢતા ધારે તે સુખીયા, તે કોઈ કાળે નો'ય દુઃખીયા;
કહે મુક્તાનંદ તે મહા સુખીયા. તન૦ ૪

પદ ૪

હરિજન થઇને, હાણુ વરધ સુખ દુઃખ મનમાં નવ ધારીયે;
ટાળ્યાં નવ ટળે, ઘટ સાથે ઘડીયાં હિંમત્ત નવ હારીયે.
જુવો કદરજ મહાદુઃખીયા કહાવ્યા, તે સુખ દુઃખ મનમાં નવ લાવ્યા;
ત્યારે મોહનના મનમાં ભાવ્યા. હરિ૦ ૧
જુવો વાસુદેવ દેવકી બંધ રહ્યાં, બહુ કાળે બંધન દૂર થયાં;
જેને હરિ પુત્ર તોયે દુઃખ સહ્યાં. હરિ૦ ૨
જુવો પાંડવ હરિને અતિ પ્યારા, જેથી પળ એક નાથ ન રહે ન્યારા;
તે વન ભટકયા લઇ સંગ દારા. હરિ૦ ૩
એમ જાણી હરખ શોક તજીયે, થઇ એકમના પ્રભુને ભજીયે;
કહે મુક્તાનંદ હરિને રજીયે. હરિ૦ ૪

રાગ ગરબી—પદ ૧

સતસંગી સૌ પરમ વિવેકી, ગૃહી ત્યાગી નરનારીરે;
અતિ સુખદાયક વચન અમારાં, લેજો ઉર ધારી રે; ૧
પાંડે અવધપ્રસાદ ભત્રીજા, દત્ત અમારા કીધા રે.
તેમ પાંડે રઘુવીર અમારા, દત્તપુત્ર કરી લીધા રે. ૨
એઉને ગૃહી ત્યાગી સૌના, ગુરૂ કીધા આજ મેહ રે;
એઉના વચનમાં સૌને વર્તવું, મારી આજ્ઞા છે એહ રે. ૩
પોતાની સમૃદ્ધિ પ્રમાણે, અન્ન વસ્ત્રાદિક લાવી રે;
ઇશ્વર જાણી સેવા કરવી, સેવક ભાવ જણાવી રે. ૪
ગૃહી ત્યાગી સૌના હિતકારી, ઇશ્વર અંતર્યામી રે;
મુક્તાનંદ કહે એવી રીત્યે, બોલ્યા શ્રીમુખે સ્વામી રે. ૫

પદ ૨

વળી ઉત્તમ ઉપદેશ અમારો સુંણજો સહુ હરિજન રે;
પ્રેમમગન થઈ મન કર્મ વચને, માનજો મારૂં વચન રે. ૧
આપતકાળ પડે જો પોતાને, તો પણ હૃદે વિચારી રે;
એ બેઉના ગુરૂનું કરજ ન લેવું, મારાં વચન ઉર ધારી રે. ૨
તેમ એ બેઉના મંદિરમાંથી પણ, કરજ ન કાઢવું લેશ રે;
તો રહેશે ગુરૂભક્તિ તમારી, એ મારો ઉપદેશ રે. ૩
તેમ એ બેઉના વસ્ત્ર આભૂષણ, કોઇદી માગી ન લેવાં રે;
તેમ તેહનાં વાહન નવ લેવાં, જાણવા પૂજ્યા જેવાં રે, ૪
તેમ તાંબા પીતળનાં વાસણ, આચાર્યનાં જે હોય રે;
મુક્તાનંદ કહે શ્રીમુખ વાણી, માગી ન લેવાં સોય રે. ૫

પ ૩

તેવી રીતે હરિમંદિર કેરાં, પાત્ર વસ્ત્રાદિક જેહ રે;
ઘોડા વેલ્યો આદિક જે વાહન, માગી ન લેવાં તેહ રે. ૧
એ આદિક જે જે કોઇ વસ્તુ, ગુરૂ કે શ્રીહરિની હોય રે;
પોતાના ઘરકામને સારૂ. માગી ન લેવી કોય રે. ૨
તેમજ કોઇ સારૂ હરિગુરૂનું, પાત્રાદિક જે કાંઇ રે;
તે પણ કોઇદી માગી ન લેવું, ટેક ધરી મનમાંઇ રે. ૩
જે જે પદાર્થ ગુરૂ કે હરિના. પૂજ્યા યોગ્ય કહેવાય રે;
તે જો પોતાને અર્થે લગાવે, તો અપરાધી થાય રે. ૪
ભવજળ પાર કર્યાને સારૂ, શીખામણ સુખકારી રે;
મુક્તાનંદ કહે શ્રીમુખવાણી, લેજો તે ઉર ધારી રે. ૫

પદ ૪

વળી બીજી સુખદાઈ શીખામણ, પ્રેમે કરી ઉર ધારો રે;
વચન પ્રમાણે રહી ભજો હરિને, મોહાદિક રિપુ મારો રે. ૧
પોતાને ઘેર વિવાહ આદિક, મંગળ કાર્ય હોય રે;

એમ ઉપર કંકોતરી તેની, કયારે ન લખવી કોય રે. ૨
આચાર્ય કે મોટેરા સાધુ, મંદિરના અધિકારી રે;
તેપર પણ કંકોતરી કયારે, લખવી નહિ એ વિચારી રે. ૩
તેમજ મરણ કાળે વળી પણ, હરિ ગુરૂપર ન લખાય રે;
લેણુ દેણુ વ્યવહાર કર્યાથી, જન અપરાધી થાય રે. ૪
હરિગુરૂ સંગે વ્યવહાર કરીને, શિષ્યને અવગુણ આવે રે;
મુક્તાનંદ કહે શ્રીમુખવાણી, તે ભવપાર ન પાવે રે. ૫

રાગ ધોળ–પદ ૧

આ જે વાત લખીછે રે કે, વ્યવહારિક રીતિ;
કરે હરિ ગુરૂ સાથે રે કે, તો ન રહે પ્રીતિ. ૧
લેવા આપવામાંથી રે કે, ગુરૂ ગોવિંદ સંગે;
થાય વાદ જરૂરજ રે કે, થાય અહંતાને રંગે. ૨
પછી ગુરૂ ગોવિંદનો રે કે, અવગુણ આણી;
તે પાપને જોગે રે કે, નરક પડે પ્રાણી. ૩
પરલોક બગાડી રે કે, જમપુરમાં જાયે;
આ લોકમાં એની રે કે, અતિનિંદા થાયે. ૪
એમ સ્વારથ સારૂ રે કે, જે ગુરૂદ્રોહ કરે;
તેનું લોક પરલોકમાં રે કે, કોઇ કારજ ન સરે. ૫
સતસંગી સહુને રે કે, શીખામણ દીધી;
વ્હાલે મુક્તાનંદને રે કે, અતિ કરૂણા કીધી. ૬

પદ ૨

વળી આ શીખામણ રે કે, ઉરમાં લેજો ધારી;
એમ વચને કરીને રે કે, સુંદર હિતકારી. ૧
જ્યારે હરિ ગુરૂ સંતના રે કે, દર્શનહિત જાવું;
ત્યારે હરિજન સૌનેરે કે, ગાંઠ ખરચ ખાવું. ૨

મારગના હરિજન રે કે, તાણ્ય કરે જ્યારે;
તોય હરિજનને ઘર રે કે, જમવું નહિ ક્યારે. ૩
ગૃહી ત્યાગી અજાણ્યે રે કે, સતસંગી જેવો;
નિજ ઘર ઉતરવા રે કે, ક્યારે નવ દેવો. ૪
સંત ને આચારજ રે કે, અમ સારૂ આવી;
માગે પદારથ રે કે, આપવું નહિ લાવી. ૫
શીખામણ સુંદર રે કે, આપી સુખકારી;
વ્હાલે મુક્તાનંદને રે કે, મહેર કરી મુરારી. ૬

પદ ૩

સુણો વચન અમારા રે કે, હરિજન બડભાગી;
જે જે હોય જાણ્યાં રે કે, ગૃહી અથવા ત્યાગી. ૧
તે પત્ર અમારો રે કે, મહોર સહિત લાવે;
કોઇ માગે પદારથ રે કે, ધુતવા ઠગવા દાવે. ૨
તેને જાણી ઠગારો રે કે, કાંઇ નવ દેવું;
એવું વચન અમારૂં રે કે, અંતર ધારી લેવું. ૩
જેને હોય ઓળખતા રે કે, તે પાસે કૈયે;
આજ દિન મહોરનો રે કે, છાપનો પત્ર હોયે. ૪
તે પત્ર છે જુઠો રે કે, લખશું પત્ર ફરી;
તે પત્ર મનાવશું રે કે, દિવસની અવધ્ય કરી. ૫
તે અવધીથી બાહેર રે કે, જુઠો જાણીને તજે;
વ્હાલે મુકતાનંદને રે કે, કહ્યું એમ કૃષ્ણ ભજે. ૬

પદ ૪

સત્સંગી હરિગુણ રે કે, સુણવા મન ધારે;
તે હરિજન દ્વિજને રે કે, બોલાવે ત્યારે. ૧
તે બ્રાહ્મણ પાસે રે કે, ભકતમાં આવ્યાનો;
હોય મહોરનો કાગળ રે કે, કથા વંચાવાનો ૨

તે બ્રાહ્મણ પાસે રે કે, સુણજો કથા પ્રીતે;
અન્ય પાસે ન સુણવી રે કે, રહેવું એવી રીતે; ૩
આ આઠે પદમાં રે કે, જે જે વાત લખી;
તેમ જે નહિ વર્તે રે કે, તે સઉ થાશે દુઃખી. ૪
તે વચનદ્રોહીને રે કે, ગુરૂદ્રોહી જાણી;
સત્સંગથી બાહેર રે કે, ગણવો તે પ્રાણી. ૫
સંવત અષ્ટાદશ રે કે, પંચાશી વરસે;
માઘ વદી દ્વાદશીયે રે કે, પત્રી લખી હરખે. ૬
આ પત્રીના પદને રે કે, અતિ પ્રગટ કરજો;
વ્હાલે મુક્તાનંદને રે કે, કહ્યું તેમ ઉર ધરજો. ૭

રાગ ગરબી

ભજો ભાવશું અખંડ માળા રે, માળા ટાળેછે મનકેરા ચાળા રે. ૧
હરિનું એક એક અંગ ઉર ધારો રે, સ્વામિનારાયણ નામ ઉચ્ચારો રે. ૨
જપો જુગલ ચરણ સુખકારી રે, ઊર્ધ્વરેખાદિક ચિન્હ સંભારી રે. ૩
દશ આંગળીની માળા દશ જાણો રે, ફણા જુગલની જુગલ પ્રમાણો રે. ૪
પાની જુગલ ગુલ્ફજુગ શોભે રે, માળા ચાર ફેરી જનમન લોભે રે. ૫
જંઘાજુગ ને જાનુજુગ વંદે રે, માળા ચાર ફેરી સંત આનંદે રે. ૬
ઉરૂ જુગલની માળા જુગ ફેરે રે, નાભી વર્તુળ સમાન પ્રીતે હેરે રે. ૭
નાભી ઉદર જુગલ સ્તન જોઇ રે, માળા ચાર ફેરી રહે જન મોહી રે. ૮
ભુજજુગલ હરિના સુખકારી રે, માળા ફેરી જાય દાસ બલિહારી રે. ૯
કરઆંગળીની માળા દશ કહાવે રે, જોતાં ભક્તને આનંદ ઉપજાવે રે. ૧૦
કંઠ ચિબુકની માળા જુગ ફેરી રે, મુખપંકજ ઉમંગે રહે હેરી રે. ૧૧
મુખનાસિકા જુગલ દ્રગ હેરે રે, માળા ચાર ચારે અંગ જો ફેરે રે. ૧૨
કાને કુંડળ વ્હાલાને જુગ કહાવે રે, ફેરી માળા ઉભય દાસ મન ભાવે રે. ૧૩
જોતાં જુગલ ભ્રકુટી ડરે કાળ રે, પ્રેમે જોઇ દાસ જપે જુગ માળ રે. ૧૪

ભાલ તિલકસહિત વ્હાલું લાગે રે, જપે માળા એક દાસ અનુરાગે રે. ૧૫
માથે પાઘ તોરાસહિત રૂપાળી રે, ફેરે માળા જન જુવે વનમાળી રે. ૧૬
એવી રીતે થઇ માલિકા પચાશ રે, જપે જન્મ મરણ કરે નાશ રે. ૧૭
સ્વામિનારાયણ દેવે માળા દીધી રે, પ્રેમે મુક્તાનંદે ઉર ધારી લીધી રે. ૧૮

રાગ સારંગ–પદ ૧

સંત સુખી સંસારમેં, ઉધા સંત સુખી સંસારમેં;
ઓર સબે જબ જરત નિરંતર, તિન તાપકી ઝારમેં. ઉધા૦ ૧
રાજાબિ દુઃખિયા રંકબિ દુઃખિયા, ધનપતિ દુઃખિત વિકારમેં;
વિના વિવેક ભેખ સબ દુઃખિયા, જુઠા તન અહંકારમેં. ઉધા૦ ૨
જ્ઞાન વિના દુઃખ પાવત દુનિયાં, માયા ઘોર અંધારમે;
મુક્તાનંદ મુનિવર વિજ્ઞાની, પહોંચે તેજઅંબારમેં. ઉધા૦ ૩

પદ ૨

મેરે જન મોકું ભજે, ઉધા મેરે જન મોકું ભજે;
પંચ ઇન્દ્રિય અરૂ મનકું જીતે, મો બિન સબ આશા તજે. ઉધા૦ ૧
પ્રેમ મગન મેરે ગુન ગાવત, જગ ઉપહાસસેં ના લજે;
જ્ઞાન ખડગ લે મોહ ફોજ પર, લડત શૂર હોકે સજે. ઉધા૦ ૨
અઘઅવગુન કે મૂળ ઉખારત, મમ જશ નોબત નિત્ય બજે;
મુક્તાનંદ સો સંત વિવેકી, બ્રહ્મસ્વરૂપ અમર અજે. ઉધા૦

પદ ૩

મેં જનહિત ભૂપર ફિરૂં, ઉધા મેં જનહિત ભૂપર ફિરૂં;
સંતનકે મનવાંછિત વપુ ધરી, દુષ્ટ મારી રક્ષા કરૂં. ઉધા૦ ૧
ભૂકો ભાર હરૂં સંતન હિત, સંતકી રૂચિ સમ અનુસરૂં;
સંતકે તાપ સબહિ મેટનકું, નિજ કર છત્ર જ્યું શિર ધરૂં. ઉધા૦ ૨
જો મોય ભજત ભજું મેં વાકું, નિજજન પલક ન વિસરૂં;
મુક્તાનંદ કહત યું મોહન, ભક્તન હિત અભરા ભરૂં. ઉધા૦ ૩

પદ ૪

સો સાચે મમ દાસ હે, ઉધા સોઈ સાચે મમ દાસ હે;
પિંડ બ્રહ્માંડમેં પ્રીત ન જાકું, મમ પદકંજ નિવાસ હે. ઉધા૦ ૧
કાંતા કનક જાળ જગ બાંધ્યો, તિનસેં અધિક ઉદાસ હે;
ગૃહમેં રહે મેમાન જ્યું મમ જન, જેહિ દ્રઢ ભક્તિ અભ્યાસ હે. ઉધા૦ ૨
મન ઇન્દ્રિય કૃત્યસેં ન્યારો, એકાંતિક મન જાસ હે;
મુક્તાનંદ સો સંત કે ઉર બિચ, મેરો પ્રબળ પ્રકાશ હે. ઉધા૦ ૩

રાગ ભુપાલિ કલ્યાન–પદ ૧

સંત જન સોઇ સદા મોય ભાવે; સંત૦ ટેક
દેહ ઇન્દ્રિય અરૂ મન આદિકકે, સંગમેં નહિ લપટાવે. સંત૦ ૧
કામ ક્રોધ અરૂ લોભ વશ, હોય ન મન લલચાવે;
મેરોઇ ધ્યાન રટન મુખ મેરો, સો તજી અંત ન જાવે. સંત૦ ૨
ક્ષર અક્ષર અરૂ અક્ષરપરકી, સબહિ સમઝ ઉર લાવે;
સબ ગુનપૂરન પરમ વિવેકી, ગુનકો માન ન આવે. સંત૦ ૩
પિંડ બ્રહ્માંડસેં પર નિજ આતમ, જાનિકે મમ ગુન ગાવે;
મુક્તાનંદ કહત યું મોહન, સોઈ જન સંત કહાવે. સંત૦ ૪

પદ ૨

નારદ એસે સંત સદા મોય પ્યારા, નારદ૦ ટેક.
જડ ચૈતનકું જાની જથારથ, રહત જગતસેં ન્યારા. નારદ૦ ૧
જ્ઞાન વૈરાગ્ય ભક્તિકે ભાજન, જાનત સાર અસારા;
બ્રહ્મભુવન લગી કાળ ચવિના, માનત જૂઠ પસારા. નારદ૦ ૨
મેરે વચન અચળ ઉર રાખત, મમ ગુન મગન ઉદારા;
સબ પર મોય જાની ઉર ધારત, મમ પદ પ્રેમ અપારા. નારદ૦ ૩
મમ ગુન શ્રવન મનન ઉર મેરો, મમ જશ કરત ઉચ્ચારા;
મુક્તાનંદ કહત યું મોહન, તે હિ ઉર વાસ હમારા. નારદ૦ ૪

પદ ૩

નારદ મેરે સંતકો અધિક ન કોઇ, નારદ૦ ટેક.
મમ ઉર સંત રૂ મેં સંતન ઉર, વાસ કરૂં સ્થિર હોઈ. નારદ૦ ૧
કમળા મેરૂં કરત ઉપાસન, માન ચપળતા ધોઈ;
યદ્યપિ વાસ દિયો મેં ઉર પર, સંતન સમ નહિ સોઈ. નારદ૦ ૨
ભૂકો ભાર હરૂં સંતન હિત, કરૂં છાયા કર દોઈ;
જો મેરે સંતકું રતિય કદુવે, તેહિ જડ ડારૂં ખોઇ. નારદ૦ ૩
જીન નરતન ધરી સંત ન સેવે, તિન નિજજનની વિગોઇ;
મુકતાનંદ કહત યુ મોહન, પ્રિય મોય જન નિર્મોઈ. નારદ૦ ૪

પદ ૪

નારદ એસી સાચે સંતકી રીતિ, નારદ૦ ટેક૦
જેહી સુની સાધુ પરત પિછાને, જીનકે મમ પદ પ્રીતિ. નારદ૦ ૧
ષટ્વિકાર જીત અનઘ ચ્યાનંદી, મેરે વચનમેં વાસા;
બ્રહ્માદિક ક્ષર જાની જગતકી, છાડત સબવિધ આશા. નારદ૦ ૨
અક્ષર પદ જાનત અવિનાશી, તેહિ મધ્ય મુકત અપારા;
પંચ વિષય ત્યાગી સબ સમર્થ, કહત કાલકા ચારા. નારદ૦ ૩
ક્ષર અક્ષર પર મોકું જાનત, સબ અક્ષરકો સ્વામી;
અપનો રૂપ શુદ્ધ બ્રહ્મ માનત, મેરો જન નિષ્કામી. નારદ૦ ૪
એસે મેરે જન એકાંતિક, તેહી સમ ઓર ન કોઇ;
મુકતાનંદ કહત યું મોહન, મેરો સરવસ સોઈ. નારદ૦ ૫

રાગ પદ-૧

ઉદ્ધવજીને શ્રીકૃષ્ણજી કહ્યું પ્રીતે રે, મારા ભક્ત રહે આવી રીતે; ઉદ્ધવ૦
ત્યાગી વર્તન પંચ તે રાખે રે, લોભ લાલચ તૃષ્ણાને નાખે રે;
પ્રેમે પૂરણ હરિરસ ચાખે. ઉદ્ધવ૦ ૧

ધાતુમાત્ર ન રાખે રખાવે રે, તે ન રાખે પૈસા જેના આવે રે;
તજી લોભ હરિ ઉર ધાવે. ઉદ્ધવ૦ ૨
અષ્ટ ભાંતિ ત્રિયાસંગ ત્યાગે રે, જાણી હરિજન નવ અનુરાગે રે;
પંચ હાથ દૂર ડરી ભાગે. ઉદ્ધવ૦ ૩
નારી સ્નાનાદિક સ્થળ જેહરે, ત્યાગી દૂરથકી તજે તેહરે;
ત્યાગે સમઝીને નારીસનેહ. ઉદ્ધવ૦ ૪
એક ભીંતને અંતરે નારી રે, ત્યાં ન રહે મુનિવર બ્રહ્મચારી રે;
નારીચિત્ર ન જુવે દુઃખકારી. ઉદ્ધવ૦ ૫
નારી સન્મુખ બેસે ન જ્ઞાની રે, ગુણ દોષ ન કહે મુખ ધ્યાની રે;
એમ કામ જીતે વિજ્ઞાની. ઉદ્ધવ૦ ૬
જો હોય સ્વપનમેં વનિતાનો સંગ રે, વ્રત એક કરે શુદ્ધ અંગ રે;
ટાળે ઉરથી સમૂળો અનંગ. ઉદ્ધવ૦ ૭
રસાસ્વાદ કરે સરવ ત્યાગ રે. ગ્રહી મધુકર વ્રત બડભાગ રે;
સ્વાદુ અન્નમાં નહિ અનુરાગ. ઉદ્ધવ૦ ૮
જળ પ્રોક્ષણ કરી અન્ન ખાયે રે, મનવાંછિત તે ન મગાવે રે;
હરિનું નામ પ્રતિગ્રાસ ગાવે. ઉદ્ધવ૦ ૯
તજે તન અભિમાનને ત્યાગી રે, ન કરે ક્રોધ ભજન અનુરાગી રે;
ત્યાગે ગ્રામ્યકથા બડભાગી. ઉદ્ધવ૦ ૧૦
તજે ત્યાગી પરસ્પર વાદ રે, ત્યાગે તન અભિમાન પ્રમાદ રે;
જાણે જુઠો વિષય રસસ્વાદ. ઉદ્ધવ૦ ૧૧
પ્રીતિ પિંડ બ્રહ્માંડથી ટાળે રે, આયુ જ્ઞાનવિચારમાં ગાળે રે;
મિથ્યા મનકેરી વાસના બાળે. ઉદ્ધવ૦ ૧૨
ચોરી જારી તજે ગૃહી દાસ રે, ટાળે માદક વસ્તુની આશ રે;
કયારે બેસે નહિ કેફી પાસ. ઉદ્ધવ૦ ૧૩
ત્યાગે મદિરા માંસ વટાળ રે, વિધવાસ્પર્શ તજે જાણી કાળ રે;
જાણે નાસ્તિક મત જમજાળ. ઉદ્ધવ૦ ૧૪

માતા ભગિની સુતા કેરે સંગે રે, ન રહે ગૃહસ્થ એકાંત પ્રસંગ રે;
આગે કૈકને માર્યા અનંગે. ઉદ્ધવ૦ ૧૫
પડી વસ્તુ કેની ન ઉઠાવે રે, મેલી માન હરિને લડાવે રે;
એવા ભક્ત પરમ પદ પાવે. ઉદ્ધવ૦ ૧૬
ત્યાગી વિધવાના ધર્મ સમાન રે, કરે સમઝિ વિચારી નિદાન રે;
ભજે પતિવ્રતા શ્રીભગવાન. ઉદ્ધવ૦ ૧૭
એવી રીતે રહે જે કોઇ જંતરે, તરે કુટુંબ સહિત તે સંત રે;
મુક્તાનંદ કહે તે બુદ્ધિવંત. ઉદ્ધવ૦ ૧૮

રાગ માલિગાડો—પદ ૧

સ્વામિનારાયણ કૃષ્ણ હરિ ભજ, કાઢય કુમતિ સર્વ ન્યારી રે;
હરિજનશું કર્ય હેત કપટ તજી, તો રીઝે ગિરિધારી રે. સ્વામિ૦ ૧
સંતના શબ્દ સુણી ઉર ધારો, તો અંતર શુધ્ધ થાશે રે;
કામ ક્રોધ મદ લોભ મહારિપુ, સંત વચન સુણી જાશે રે. સ્વામિ૦ ૨
સ્વામિનારાયણ નામ જપો મુખ, સંતશું રાખો પ્રીતિ રે;
મુક્તાનંદ કહે માન્ય શીખામણ, તો જાઇશ જગ જીતી રે. સ્વામિ૦ ૩

પદ ૨

હરિજનને ઘર બેઠાં તીરથ, નિત્ય ગોવિંદ ગુણ ગાવે રે;
અડસઠ તીરથ સંત સભામાં, અણતેડયાં નિત્ય આવે રે. હરિ૦ ૧
સંતસભામાં શ્રીપુરૂષોત્તમ, અખંડ રહે અવિનાશી રે;
રિધ્ધિ સિધ્ધિ હાજર રહે કર જોડી, મુક્તિ ચાર તેની દાસી રે. હરિ૦ ૨
હરિના જન મુક્તિ નવ માગે, પ્રભુસંગ પ્રીત બંધાણી રે;
મુક્તાનંદના નાથનો મહિમા, લીધો જથારથ જાણી રે. હરિ૦ ૩

પદ ૩

ધન જોબન તન રંગ પતંગી, જાતાં વાર ન લાગે રે;
મુરખ હોય તે પ્રભુ પાસેથી, નાશવંત સુખ માગે રે. ધન૦ ૧

હરિજન હોય તે પ્રભુપદ પંકજ, પ્રેમ અતિ ઘણો રાખે રે;
પ્રભુ વિના બીજું જે જે કહાવે, તે સર્વ તુચ્છ કરી નાખે રે. ધન૦ ૨
ભક્ત સકામી હરિને ન ભાવે, નિષ્કામી ઘણું પ્યારા રે;
મુક્તાનંદના નાથને સેવો, કામાદિક કરી ન્યારા રે. ધન૦ ૩

પદ ૪

જોજો આ જગની ચતુરાઈ, હરિ ભજતાં મરે લાજી રે,
નરનારી હરખે રમે હોળી, ભાંડ ભવાઈમાં રાજી રે. જોજો૦ ૧
સુખ કારણ ભજે ભુત પ્રેતને, હરિનું ભજન વિસારી રે;
જંત્ર મંત્ર સાચા કરી જાણે, નરક પડે નરનારી રે, જોજો૦ ૨
સંત અસંતની વિગત ન સુમજે, સહુને સરખું જાણે રે;
મુક્તાનંદનો નાથ ભજ્યા વિના, જમ ઉંધે શિર તાણે રે. જોજો૦ ૩

રાગ બિહાગડો—પદ ૧

ભજ મન રસિક શ્યામ સુજાન, ભજ મન. ટેક૦
જેહિ ભજન ભવ તાપ નાસે, પાવે પદ નિરવાન. ભજ૦ ૧
દિનબંધુ દયાળ મોહન, સકળ સુખકી ખાન;
ભજે તાહિ ન પળ વિસારત, કૃપાનિધિ ભગવાન. ભજ૦ ૨
સુખકરન દુઃખહરન શ્રીહરિ, ધરત મુનિવર ધ્યાન;
અલપ સેવા અધિક માનત, દેત નિજપદ દાન. ભજ૦ ૩
ચાંર વેદ પુરાણ સબહી, કરત જેહિ ગુનગાન:
મુકત મહાસુખ દેત સો પ્રભુ, મિલે હે પ્રગટ પ્રમાન. ભજ૦ ૪

પદ ૨

ભજ મન નંદનંદન ચરન, ભજ મન. ટેક૦
તરન ભવજળ પોત પૂરન, પતિત પાવન કરના. ભજ૦ ૧
જાહિ ભજી ભજી ભએ મુનિવર, સકળ જન દુઃખ હરન;
સનકાદિક શુકદેવ નારદ, અનંત જન ઉધરન. ભજ૦ ૨

જાની જગ અંગાર જૈસો, જાત કયું શઠ જરન;
હરિચરન કર્ય પ્રીત પૂરન, મોહજળધિ તરન. ભજ૦ ૩
પ્રગટ રૂપ અનુપ ભૂપર, એહિ અભરાભરન;
સુક્ત કહે મન તોય તેહિ વિન, ઠામ ન દુજો ઠરન. ભજ૦ ૪

પદ ૩

કરય મન શ્યામ ચરને વાસ, કરય મન૦ ટેક.
વાસ કરય મન શ્યામ ચરને, મીટે માયા પાસ. કરય૦ ૧
પ્રેમ પૂરન કરો પ્રભુપદ, છોડી જગકી આશ.
તબ લગેગો તોય જગ સબ, જૈસો સ્વપ્ન વિલાસ; કરય૦ ૨
સબહિ સુખકો સદન પ્રભુપદ, કરત પરમ પ્રકાશ;
કામ ક્રોધ વિકાર તૃષ્ણા, હોત સબકો નાશ. કરય૦ ૩
કમળનયન શ્રીકૃષ્ણ પદરતિ, રહત એહિ અભ્યાસ:
સુક્ત કહે મન તોય નહિ તબ, કાળ માયા ત્રાસ. કરય૦ ૪

પદ ૪

કરય મન પ્રભુ ચરન પર પ્રીત, કરય મન૦ ટેક.
હરિચરન કરય પ્રીત પૂરન, જાસે હોય પુનિત કરય૦ ૧
જેહિ ચરન ભજી ભએહે મુનિવર, અનંત ત્રિગુણાતીત;
તેહિ ચરન કરય વાસ દ્રઢ, તબ હોય જગમેં જીત. કરય૦ ૨
મોહવશ હોય ફિર્યો મનવા, તામેં ભયો હે ફજિત,
અલ્પ સુખકી આશ કરકે, ભયો અતિ ભયભીત. કરય૦ ૩
ભજે તાકું ભજત મોહન, એહિ અનાદિ રીત;
સુક્ત કહે અબ મિલ્યો હે અવસર, માન લેના મીત. કરય૦ ૪

રાગ કાફી–પદ ૧

મનવા ભજ વ્રજચંદ રે, મનવા ભજ વ્રજચંદ રે.
લોકલાજ બકવાદ વિસારીને, રહો આઠો પહોર આનંદ રે. મનવા૦ ૧
હરિનાં ચરણ તજી જે કાંઈ ચિંતવે, તે તો તુંજને છે જમફંદ રે. મનવા૦ ૨
સુર નર મુનિ જાચે જે અવસર, તે તો તુજને મળ્યો સ્વછંદ રે. મનવા૦ ૩
મુકતાનંદ પધાર્યા પરબ્રહ્મ, સાથે લઈ સંતનાં વૃંદ રે. મનવા૦ ૪

પદ ૨

ભજી લે શ્રી ઘનશ્યામ રે, ભજી લે શ્રીઘનશ્યામ રે;
સુખમાં સંભારો હરિ શ્વાસ ઉત્સ્વાસે, અંતકાળે નાવે મુખ નામ રે. ભજી૦ ૧
સ્વપ્ન સરિખા સુખમાં લોભાઈ ને, તું તારૂં બગાડી બેઠો કામ રે. ભજી૦ ૨
શિર વેરી જમરાણા જોરાયે, તુરત તજાવે ધન ધામ રે. ભજી૦ ૩
મુકતાનંદ પ્રગટ જે પરબ્રહ્મ, તેતો તને ઠરવાનું ઠામ રે. ભજી૦ ૪

પદ ૩

પ્રભુશું પ્રીતડી બંધાણી રે, પ્રભુશું પ્રીતડી બંધાણી રે;
ભવસાગરમાં હવે નહિ ભટકું, પીયુડે કીધી છે પટરાણી રે. પ્રભુ૦ ૧
બહુનામીનું બેઠું બદલામું; ત્રિભુવને વાત જણાણી રે. પ્રભુ૦ ૨
સુખડું અલૌકિક શ્યામ સુંદરનું, મુખથી તે કહું શું વખાણી રે. પ્રભુ૦ ૩
મુકતાનંદ બાંહ્ય ગ્રહી બળવંત, લીધી ભવજળમાંથી તાણી રે. પ્રભુ૦ ૪

પદ ૪

માધુરી મૂરતિ છે પ્યારી રે, માધુરી મૂરતિ છે પ્યારી રે;
સુંદર વદન કમળ દળલોચન, ભ્રકુટી ભાલની બલિહારી રે. માધુરી૦ ૧
જરકસિ પાગ કસુંબી જામો, પીતાંબર પટ ધારી રે. માધુરી૦ ૨
કરમાં કનકકડાં ઉર કંઠી, કુંડળની છબી ન્યારી રે. માધુરી૦ ૩
મુકતાનંદ લીધું મન લટકે, વ્રજપતિ અધિક વિહારી રે. માધુરી૦ ૪

રાગ કાફી પદ-૧

રે નર હરિ બિન કોઇ ન તેરા, રે નર૦ ટેક.
મેડી મંદિર છોડી ચલોગે, જંગલ હોયગા ડેરા. રે નર૦ ૧
જ્યુ તેતર પર બાજ ફિરતહે, ત્યું જમ દેતહે ફેરા. રે નર૦ ૨
દુર્લભ દેહ મિલ્યો માનુષ્યકો, તાતેં ચેત સવેરા. રે નર૦ ૩
મુકતાનંદ કહે ભજ ભગવંતકું, હો સંતકો ચેરા. રે નર૦ ૪

પદ ૨

રે નર માન્ય સિખામણ મેરી, રે નર૦ ટેક.
ધન જોબન દેખી મન ફુલે, હોયગિ રાખકી ઢેરી. રે નર૦ ૧
ભવજળ તારન કૃષ્ણ ભજ્યા બિન. જગમેં જીત ન તેરી. રે નર૦ ૨
હરિબિન ઠામ નહિ ઠરનેકો, સંત કહત સબ ટેરી. રે નર૦ ૩
મુકતાનંદ કહે નહિ માને તો, માર પડેગી ઘનેરી. રે નર૦ ૪

પ ૩

રે કયું તેરે નરતન યુંહિ ગમાવે, રે કયું૦ ટેક.
હરિકરૂણાસેં મિલ્યોહે મનુષ્યતન, વારમ વાર ન આવે. રે કયું૦ ૧
જો નરતન ધરી હરિ ન ભજે સો, માર જમનકી ખાવે. રે કયું૦ ૨
તાતે ચેત સવેરો પ્રાણી, અમુલખ અવસર જાવે. રે કયું૦ ૩
મુકતાનંદ મનુષ્ય તનકે ગુન, ભવ બ્રહ્માદિક ગાવે. રે કયું૦ ૪

પ ૪

રે હરિ ભજ વિસારે કયું પ્રાની, રે હરિ૦ ટેક.
મનકે ધાટ માની કે મૂરખ, હો રહ્યો દેહ અભિમાની. રે હરિ૦ ૧
વિષય વિકારમેં રાખત વૃત્તિ, એહિ તોકું બડી હાની. રે હરિ૦ ૨
પ્રગટ રૂપ મીલે પુરૂષોત્તમ, એહી સદા સુખદાની. રે હરિ૦ ૩
મુકતાનંદ કહે ભજ ભગવંતકું, સબ સાધન ફળ જાની. રે હરિ૦ ૪

રાગ કહેરવા–પદ ૧

સમઝ મતિમંદ રહેનાહે દિન ચાર, સમઝ૦ ટેક.
તેં કર્યું તૃષ્ણા અધિક ફેલાવત, તોય લેને જમ હે રહે ત્યાર. સમઝ૦ ૧
માત પિતા જુવતિ સુત બંધુ, એ સબ ઠગ સ્વારથકે યાર. સમઝ૦ ૨
ગર્ભવાસમેં કોલ દિયા હે, સો અબ ભુલ ગયાહે ગમાર. સમઝ૦ ૩
મુક્તાનંદ કહે તોય લગત દુઃખ, મેં હિતકી કહું વાત પોકાર. સમઝ૦ ૪

પદ ૨

મનુષ્યતન પાય કિયો તે કહા કામ, મનુષ્ય૦ ટેક.
ના હરિ ભજે ન કુકર્મ ત્યાગે, મોહી રહ્યો દેખત ધન ધામ. મનુષ્ય૦ ૧
ઠગની નારય લગીહે તેરે પિછે, ધન તોકું ઠગ્યો આઠું જામ. મનુષ્ય ૨
મનુષ્ય દેહ દયા કરી દીની, તું હોય એહો નિમકહરામ. મનુષ્ય૦ ૩
મુક્તાનંદકે નાથ વિના તોય, નહિ દુજો ઠરનેકું ઠામ. મનુષ્ય૦ ૪

પદ ૩

ભજી લે ભગવાન સ્વપન સંસાર, ભજી૦ ટેક.
જાતનકું તું લડાવત બહુવિધ, સોવત પલમેં હોત જરી છાર. ભજી૦ ૧
કહતા ઓર તું તાહિ ન જાનત. નાહક ઉંટ જ્યું ઠોવત ભાર. ભજી૦ ૨
જમકે મનમેં મહેર ન આવે, તે તોય બહુવિધ દેવેંગે માર. ભજી૦ ૩
મુક્તાનંદ કહે સુન બંદે, યાં કોઈ રહ્યા ન રહેવન હાર. ભજી૦ ૪

પદ ૪

જગદ્ગુરૂ બિન યાં નહિ તેરા કોય, જગદ્ગુરૂ૦ ટેક.
સ્વાર્થ કાજ મીલે સબ ઠગ જ્યું, ભજનમેં ભંગ કરાવત તોય. જગ૦ ૧
જબ સ્વારથ ન સરે દુનિયાકો, તબ સબ બોલત વચન વિગોય. જગ૦ ૨
તેહિવિધ જાની સદા જગ જુઠા, પ્રભુપદ પંકજ રહો ચિત્ત પ્રોય. જગ૦ ૩
મુક્તાનંદ કહે સુન બંદે, હરિ ભજ સબ કલ્પના ખોય. જગ૦ ૪

રાગ બિલાવર–પદ ૧

હરિ બિન સાધન કોટિસેં ભવપાર ન આવે, મનમુખી જ્યું કરણી કરે,
ત્યું ત્યું અહંતા આવે. હરિ૦ ૧
તિન ગુનનકે રાહમેં ચલે સબ સંસારા, જૂઠે ગુરૂકે જ્ઞાનસેં કેસેં
ઉત્તરંગે પારા. હરિ૦ ૨
જ્ઞાનહીન ગુરૂ શિષ્ય સો સબ માયાકે ચેરા, રવિ બિન ઉડુગન અનંતસેં
કેસેં મિટત અંધારા. હરિ૦ ૩
હરિપદ પંકજ પ્રીતસો ભવજળ તરી જાવે, મુકતાનંદ તેહિ ચરનકી
રજ શિશ ચડાવે. હરિ૦ ૪

પદ ૨

નરતનકા ફળ એહિ હે પ્રભુપદ રતિ લાવે, તેહિ બિન જીવન પ્રેતસો
યુંહિ જનમ ગમાવે. નર૦ ૧
જો તનકું સુર ચહતહે કરને નિજ કાજા, સો તન પાય હરિ ન ભજે
સોતો મૂઢકે રાજા. નર૦ ૨
જાહિ મનુષ્યતન પાયકે હરિશું રતિ લાગી, ભવ બ્રહ્માદિક તાહિકું
જાનત બડભાગી. નર૦ ૩
ચિત્ત જાકો હરિચરનમેં મુખ ઓર ન બોલે, મુકતાનંદ સો સંતકે
હરિ પિછે પિછે ડોલે. નર૦ ૪

પદ ૩

હરિ બિન ટેક અનેક સો સબ ધુરમેં જાવે, શ્વાન શુકર ખર કાગ
હો કહું ઠોર ન પાવે. હરિ૦ ૧
હરિકી ભકિત બિન જો કરે સો તો કર્મ કહાવે, ત્રિભુવનમેં તિનસેં
ફિરે ભવપાર ન આવે. હરિ૦ ૨
કહાં રહે શૌચ આચાર સો જબ અધોગતિ જાના, જીવદયા તબ
કહાં રહે જબ માંસહિ ખાના૦ હરિ૦ ૩

સાધન સબ તાકે ખરે જન પ્રગટ પિછાને, મુક્તાનંદ મોહન
વિના સબ મનકૃત જાને. હરિ૦ ૪

પદ ૪

રસિક શિરોમણી શ્યામશું જાનેકે દૃઢ પ્રીતિ, તાહિ ન કછુ કરનો
રહ્યો સો તો જગ જીતિ. રસિ૦ ૧
જનમ રંક ધનકું ચહે તિન પારસ પાયો, સો અન્ય ઉદ્યમ ના કરે
સબ કષ્ટ ગમાયો. રસિ૦ ૨
જાહિ પ્રગટ મોહન મીલે તેહિ ઓર ન ભાવે, અમૃતરસ પૂરણ
પિયો સોતો વિષ નહિ ખાવે. રસિ૦ ૩
નિમિષ ધ્યાનકી તુલ્યના ત્રિભુવન સુખ નાવે, મુક્તાનંદ યહ
મર્મકું પ્રેમિજન પાવે. રસિ૦ ૪

રાગ કાફી—પદ ૧

મન મૂઢ મંદમતિ, હરિ તજી અન્ય વિચારે; મન૦ ટેક.
પરહરિ કૃષ્ણભકિત સુરસરિતા, નરક નદીમેં મુખ ડારે. મન૦ ૧
કનકપિંજરે કાક પઢાવે, મુખસેં ન કૃષ્ણ ઉચ્ચારે. મન૦ ૨
તેંશઠ ચૌદ લોક સત્ય કીનો, સો સબ જુઠ હમારે. મન૦ ૩
દાસ મુકુંદ દેખી મનકી ગતિ, હરિચરને ચિત્ત ધારે. મન૦ ૪

પદ ૨

મન મર્મ ન જાન્યો, હરિ તજી કહાંહિ ભુલાનો. મન૦ ટેક.
ચૈતન્ય રૂપસો ચર્મદૃષ્ટિ કરી, હાડ ચામ લપટાનો. મન૦ ૧
દેખ બિચાર નરક નરનારી, કરી લે ઓર ઠેકાનો. મન૦ ૨
શ્રીહરિ ચરનકમળ સુખકારી, તેહિ તજી કાંહાં ભમાનો. મન૦ ૩
મુક્તાનંદ કહે ભજ ભગવંતકું, તબહિ તું પરમ સયાનો. મન૦ ૪

પદ ૩

મન સુન લે મેરો, દાવ બન્યોહે અબ તેરો; મન૦ ટેક.

કોટિ કલ્પ ભ્રમે ભવ ફીરતે, એહી અવસર હે અનેરો. મન૦ ૬
ભુતળ ભરતખંડમેં નરતન, જહાં ગુરૂ સંત વસેરો. મન૦ ૨
ચુકે પડે નહિ ઠોર ઠેકાના, તાતે ચેત સવેરો, મન૦ ૩
મુકતાનંદ બોધ કરી મનકું, દિયોહે અગમ ધરદેરો. મન૦ ૪

પદ ૪

મનકો મત એહા, સંત ન માને તેહા; મન૦ ટેક.
નામ રૂપકું સત્ય વિચારે, સત્ય વિચારે દેહા. મન૦ ૧
કરત કુતર્ક કામિની કંચન, ઇનસેં અધિક સનેહા. મન૦ ૨
ભકિત ભજન તજી જો કછું ચાહે, સુખ સંપત્તિ સુત ગેહા. મન૦ ૩
મુકતાનંદ ત્યાગિકે મનમત, શ્રીહરિશું કરો નેહા. મન૦ ૪

રાગ કાફી—પદ ૧

પ્રાણી જાવું છે જરૂર મરી,
ધન જોબન સ્વપનાની સંપત્ય, તે માટે તું ભજી લે હરિ; પ્રાણી૦ ૧
કોલ દઇ છુટયો ગર્ભસંકટ, હરિ ભજ જમથી ડરી. પ્રાણી૦ ૨
કુકર્મ કરી કરી માયારે મેલી, તેતો રહેસે સરવે ધરી. પ્રાણી૦ ૨
મુકતાનંદના સ્વામીને સેવો, અવસર નાવે ફરી. પ્રાણી૦ ૩

પદ ૨

પ્રાણી કેમ તેં વિસાર્યા હરિ,
મનુષ્યા દેહ દેવને દુર્લભ, દીધી વાલે કરૂણા કરી; પ્રાણી૦ ૧
ભવજળ તરવા નાવ મનુષ્યતન, બોળ્યું અઘભાર ભરી. પ્રાણી૦ ૨
જેને કાજ ભુલ્યો તું જગપતિ, તેને મુંકીને જાવુ મરી. પ્રાણી૦ ૩
મુકતાનંદના સ્વામીને ભજી લે, રહેશે સર્વ કારજ સરી. પ્રાણી૦ ૪

પદ ૩

પ્રાણી કેમ તારૂં કમળ ફર્યું,
ગરભમાં જઠર અગ્નિથી ઉગાર્યો, તેહનું ભજન ન કર્યું. પ્રાણી૦ ૧

રંગ પતંગી જોબન જોઈને, વનિતાનું ધ્યાન ધર્યું. પ્રાણી૦ ૨
પરનારી સંગ પ્રીત કરીને, પાપથી મન ન ડર્યું. પ્રાણી૦ ૩
મુક્તાનંદનો નાથ ભજ્યા વિન, કોઈનું ન કાજ સર્યું. પ્રાણી૦ ૪

પદ ૪

સાચી પ્રભુ સંગ પ્રીતડી કરો,
શ્રીહરિ ચરણકમળ સુખદાયક, અહર્નિશ ઉરમાં ધરો. સાચી૦ ૧
ઈન્દ્રજાળ સમ ધન તન જોબન, કુડામાં શું કુટી મરો. સાચી૦ ૨
ચૌદ ભુવન લગી કાળ ન છોઢે, તેથી હવે તમે નહિ ડરો. સાચી૦ ૩
મુક્તાનંદના સ્વામીને સેવો, ફેરા નહિ ભવમાં ફરો. સાચી૦ ૪

રાગ ધોળ—પદ ૧

સુખદાયક રે (૨) સાચા સંતનો સંગ, સંત સમાગમ કીજીએ;
જીરે સંતસમાગમથી ટળે, આશા તૃષ્ણા રે (૨) ઈરષા અભિમાન;
મોહ મત્સર મમતા બળે, પ્રગટે ઉરમાં રે (૨) પ્રભુનું દઢ જ્ઞાન. સંત. ૧
જીરે સંતસમાગમથી થયા, મુનિ નારદ રે (૨) હરિનું મન આપ;
અનેક પતિત ઉધ્ધારિયા, જેના જશનો રે (૨) મોટો પરતાપ. સંત૦ ૨
જીરે સિધ્ધ થયા સતસંગથી, શુક આદિક રે (૨) મુનિવર સુખરૂપ;
ચિત્ત ચોટયું હરિચરણમાં, જાણ્યો સંતથી રે (૨) મોટો મર્મ અનુપ. સંત૦ ૩
જીરે મહિમા મોટો છે મહંતનો, જેને સેવે રે (૨) છુટે માયાનું જાળ;
પ્રીતિ વધે પરબ્રહ્મમાં, મુક્તાનંદ કહેરે (૨) તજી આળ પંપાળ. સંત૦ ૪

પદ ૨

બડભાગી રે (૨) પામે સંતનો સંગ, સંતથી મહાસુખ પામિયે;
જી રે સંત બડા પરમારથી, ટાળી ઉરથી રે (૨) અવિદ્યા અભિમાન;
જનમ સુફળ કરે જંતુનો, આપે અનુભવિ રે (૨) પ્રભુ પ્રગટનું જ્ઞાન. સંત૦ ૧
જી રે પ્રભુસંગ પ્રીતિ વધારવા, ફરે જગમાં રે (૨) સાચા સંત સુજાણ;

પરમાતમ પ્રિછાડવા, પરમારથી રે (૨) આપે પદ નિરવાણ. સંત૦ ૨
જી રે સંતના જશ શ્રીમુખ કહ્યા, ગીતા મધ્યે રે (૨) ગોવિંદ સુખધામ;
અનુભવી મારો આતમા, જેના મનથી રે, (૨) ટળ્યા કામ ને ક્રોધ. સંત૦ ૩
જી રે સંત વચન ભાવે સુણે, તેનાં પાતક રે, (૨) પામે સર્વ નાશ;
પ્રીત વધે પરબ્રહ્મમાં, મુક્તાનંદ કહે રે (૨) પામે પદ અવિનાશ. સંત૦ ૪

પદ ૩

સાચા સાધુ રે (૨) સુંદર ગુણધામ, સમઝિને સતસંગ કિજીએ;
જીરે સંત સુલક્ષણનાં ભર્યા, અવગુણનોરે (૨) ઉરમાં નહિ લેશ;
મહાનુભાવ તે મુનિ ખરા, આપે સૌને રે (૨) સાચો ઉપદેશ. સમ૦ ૧
જીરે સંત સદા શીતળ રહે, ક્યારે ન તપેરે (૨) કામ ક્રોધની જાળ;
લોભ તજી હરિને ભજે, ધારે ઉરમાં રે (૨) દૃઢ કરી શ્રીગોપાળ. સમ૦ ૨
જીરે ત્રિભુવનની સંપત મળે, તોય ન તજેરે (૨) અર્ધ પળ હરિ ધ્યાન;
બ્રહ્મરૂપ થઈ હરિ ભજે, એવા સંતને રે (૨) કાચ કંચન સમાન. સમ૦ ૩
જીરે એમ શુભ લક્ષણ ઓળખી, શુદ્ધ ભાવે રે (૨) કરવી સંતની સેવ;
હરિસમ હરિજન જાણવા, મુક્તાનંદ કહે રે (૨) તે તરે તતખેવ. સમ૦ ૪

પદ ૪

સદા કરવો રે (૨) હરિજનનો રે સંગ, દુર્લભ દર્શન સંતનાં;
જીરે સંતસભામાં શ્રીહરિ, સદા રહે છે રે (૨) વાલો વૈકુંઠનાથ;
સર્વે તીરથ તેના ચરણમાં, એવા સંતથી રે (૨) વેગે થાયે સનાથ. દુર્લભ૦ ૧
જીરે સંત મળ્યા તેને હરિ મળ્યા, એનો મહિમા રે (૨) વદે વેદ પુરાણ;
સાખ્ય પ્રગટ સંસારમાં, શુક નારદ રે (૨) પામ્યા પદ નિરવાણ. દુર્લભ૦ ૨
જીરે સંતવચન સાચાં ગણી, ગયો વનમાં રે (૨) ધ્રુવ નાનો બાળ;
પ્રગટ પ્રભુને તે પામિયો, થયો અવિચળ રે (૨) જશ વાધ્યો વિશાળ. દુર્લભ૦ ૩
જીરે એવું જાણી અહંતા તજી, શુદ્ધ ભાવે રે (૨) કરવી સંતની સેવ;
મનુષ્યભાવ મનથી તજો, મુકતાનંદ કહે રે (૨) સાચા સંત છે દેવ. દુર્લભ૦ ૪

રાગ સિંધુડો—પદ ૧

ધીર ધુરંધર શુર સાચા ખરા, મરણનો ભય તે મનમાંજ ના'ણે;
અબ ખર્વદલ એક સામાં ફરે, તૃણને તુલ્ય તેહનેજ જાણે. ધીર૦ ૧
મોહનું સૈન્ય મહા વિકટ લડવા સમે, મરે પણ મોરચો નવ ત્યાગે;
કવિ ગુણી પંડિત બુધ બહુ આગલા, એ દળ દેખતાં સર્વ ભાગે. ધીર૦ ૨
કામ ને ક્રોધ મદ લોભ દલમાં મુખી, લડવા તણો નવ લાગ લાગે;
જોગીયા જંગમ તપી ત્યાગી ઘણા, મોર થૈગિએ ધર્મદ્વાર માગે. ધીર૦ ૩
એવા એ સેંન શું અડીખંભ આથડે, ગુરુમુખી જોગિયા યુક્તિ જાણે;
મુક્તાનંદ મોહ ફોજ માર્યો પછી, અખંડ સુખ અટલ પદ એજ માણે. ધીર૦ ૪

પદ ૨

જીહાં લગી જકતજંજાળ ઉરમાં ખરે, તિહાં લગી શૂરતા ચિત્ત ના'વે;
જે જે વિચારીને જુક્તિ કરવા જશે, તેજ કાયરપણું નામ કાં'વે. જીહાં૦ ૧
પરચો ઇચ્છે તેને પામર જાણવો, જન ન ઇચ્છવું જોગ્ય જાણે;
નિષ્કામી તે નારાયણરૂપ છે, આશ ને ત્રાસ ઉરમાં નવ આણે. જીહાં૦ ૨
વિશ્વવ્યાપી હરિ એક વિલસી રહ્યા, તેહને સુઝશે તેજ કરશે,
જંત મતિમંદ અણુછતા ઉભા થઈ, તાંણુતા તાણુતા તૂટી મરશે. જીહાં૦ ૩
કેશરીબાળને ભય નહિ કોઈનો, મત્ત મેંગલતણાં જુથ ભાગે;
મુક્તાનંદ તે શિષ્ય સદ્‌ગુરુતણા, જકતથી ઉલટી રીત જાગે. જીહાં૦ ૪

પદ ૩

મતવાલા તણી રીત મહાવિકટ છે, પ્રેમરસ પીવે તે જન જાણે;
મંડા શું જાણે મજઠના પાડને, ભિખતાં જન્મનો અંત આણે. મત૦ ૧
વર્ણ આશ્રમ તણી આજ્ઞ સહુને વિકટ, તે કેમ પાધરી વાત ઓછે;
શિશ અરપ્યા વિના શ્યામ રીઝે નહિ, શિશ અરપે જે કોઈ ચરણ ઇચ્છે. મત૦ ૨
પ્રેમ નવ બાગ બગીચે નીપજે, દામ ખરચે નવ પ્રેમ પામે;
મસ્તક ધડામાં જે જન મુકશે, તે ઘટ પ્રેમપ્રવાહ સામે. મન૦ ૩
સુર નર મુનિતણી ચાંચ ખુંચે નહિ, ચૌદ લોકમાં એ અગમ સહુને;
મુક્તાનંદ એ અગમ રસ અતિ ઘણો, સદ્‌ગુરુ મોજથી સુગમ બહુને. મન૦ ૪

પદ ૪

જીહાં લગી જાત્ય ને પાંત્ય જંજાળ છે, તિહાં લગી આત્મા જાણ અળગો;
જેહને હરિ વિના અન્ય અળખામણું, સત્ય સ્વરૂપ નર તેજ વળગો. જીહાં૦ ૧
ઉલટા અન્નની સેંજ ઇચ્છા ટળી, દેખતાં ઉબકો સહુને આવે;
તેહને જે ભખે મનુષ્યમાં નવ ખપે, શ્વાન સૂકર તણી જાત્ય કા'વે. જીહાં૦ ૨
જીહાં લગી દેહને હું કરી જાણશે, તિહાં લગી ભોગવિલાસ ભાવે;
શ્વાન સૂકર તે મનુષ્યમાંથી ટળ્યો, હરિતણો જન તે કેમ કહાવે. જીહાં૦ ૩
હરિના જન હરિને ગુણે જુક્ત છે, મુક્ત તનનું નહિ માન જેહને;
મુક્તાનંદ તે સંત જનશું રમા, પ્રગટ પરબ્રહ્મ રહે પાસ તેહને. જીહાં૦ ૪

પદ ૫

વેષ ને ટેક વર્ણાશ્રમ પાળતાં, ઉલટો એજ જંજાળ થાયે;
ગાડર આણીયે ઉનને કારણે, કાંતેલાં કોકડાં તેજ ખાયે. વેષ૦ ૧
જે જેવો થઇ રહે સાર તેહને કહે, એજ આવરણતણું રૂપ જાણો;
જેમ ઘોલારી તેમ એ ધર્મરત, તેમાં તે શું નવલું કમાણો, વેષ૦ ૨
તજે ત્રણ એષણા તેજ વિચક્ષણા, જહદાજહદનો મર્મ જાણે;
ભાગ ત્યાગનો ભેદ ગુરુમુખ ગ્રહે, પિંડ બ્રહ્માંડ ઉરમાં ન આણે. વેષ૦ ૩
એજ સંન્યાસ શ્રીપાત તેણે કરી, શ્રીતણું કૃત્ય નવ સત્ય દેખે;
ભિક્ષુક તે ખરા ભ્રમ મનનો તજે, સત્ય મુક્તાનંદ પ્રભુજ દેખે. વેષ૦ ૪

પદ ૬

મેલ્ય મન તાણ ગ્રહે વચન ગુરુદેવનું, સેવ તું રૂપ એ શુધ્ધ સાચું;
મન મત્ત થઇને તું કોટી સાધન કરે, સદ્‌ગુરુ શબ્દ વીણ સર્વ કાચું. મેલ્ય૦ ૧
જગ્ન જાગે કરી સ્વર્ગ સુખ ભોગવે, પુણ્ય ખુટે પડે નરક પાછો;
તીરથ વ્રતનું જોર પણ તિહાં લગી, ગુરુગમ વિના ઉપાય કાચો. મેલ્ય૦ ૨
અડસઠ તીર્થ સદ્‌ગુરૂ ચરણમાં, જાણશે જન જે હશે પુરા;
મન કર્મ વચને મોહ મનનો તજી, ભજે પરબ્રહ્મ તે સંત શૂરા. મેલ્ય૦ ૩
મનનાં કૃત્ય તે મિથ્યા જાણીતજ્યાં, મન પ્રાણ અમન થઇ મળ્યું ત્યારે;
મુક્તાનંદ ગુરુ મર્મ છે વચનમાં, વચન વિચારીને જોયું જ્યારે. મેલ્ય૦ ૪

પદ ૭

શૂર સંગ્રામને દેખતાં નવ ડગે, ડગે તે શૂર સ્વપ્ને ન હોયે.
હય ગવય ગર્જના હાક વાગે ઘણી, મનમાં ધડક નવ ધરે તોયે. શૂર૦ ૧
અડગ સંગ્રામને સમે ઉભા રહે, અર્પવા શીશ આનંદ મનમાં;
ચાકરી સફળ કરવાતણે કારણે, વિકસ્યું વદન ઉમંગ તનમાં. શૂર૦ ૨
અકથ અલૌકિક રાજને રિઝવે, જે નર મનતણી તાણ મુકે,
વચન પ્રમાણુ તે વિપત્યે વર્તતાં, એક પગભર ઉભાજ સુકે. શૂર૦ ૩
એવાની આગળ મોહદળ નવ મંડે, ભગતાં ભૂમિજ ભારે લાગે;
મુક્તાનંદ ને શૂર સાચા વદે, જે ચાકરી કરી નવ મોજ માગે. શૂર૦ ૪

પદ ૮

અવસર આવિયો રણુ રમવાતણો, અતિ અમૂલ્ય નવ મળે નાંણે;
સમઝવું હોય તે સમઝજો સાનમાં, તજી પ્રપંચ તક જોઈ ટાણે. અવ૦ ૧
મુનિ મનમધ્ય વિચાર એવો કરે, મોહશું લડે એ મર્દ કેવા;
પાખરિયા નર કૈંક પાડયા ખરા, શૃંગી શશિ સુરરાજ એવા. અવ૦ ૨
એવા તો કૈકની લાજ લીધી ખરી, એક ગુરુદેવથી એજ ભાગે;
તે ગુરુદેવ તો તાહેરી કોર છે, જડમતિ તોય નવ બુધ જાગે. અવ૦ ૩
કરી લે કામ રટય રામ ઉતાવળો, ગુરતણી મોજ ગોવિંદ મળશે;
મુક્તાનંદ એ વચનમાં, મર્મ જાણે મદ મોહ ટળશે. અવ૦ ૪

પદ ૯

ધાર તરવારની સોયલી ચપળ છે, વચનની ચોટ તે વિકટ જાણે;
ભેખની ટેક તે વચનમાં નવ રહે, તે પ્રગટ ભક્તિ પ્રમાણે. ધાર૦ ૧
શૂરને એક પળ કામ આવી પડે, મરે કાં મોજ લઈ સુખ પામે;
સંત સંગ્રામથી પલ ન પાછા હઠે. મન દમવા તણે ચડે ભામે. ધાર૦ ૨
મનશું લડવા કોણ સામો મંડે, સુર નર અસુર સહુ હાસ્ય માને;
ગુરુમુખી શિષ્ય વિન રૂંઢ રણમાં ફરે, જકતનો શબ્દ નવ સુણે કાને. ધાર૦ ૩
શૂર ને સંતમાં અંતર અતિ ઘણો, સૂર્ય સંગ ખદ્યોત શોભા;
મુક્તાનંદ તે સંતની આગળે, મોહ ને મન કરે ત્રાય તોભા. ધાર૦ ૪

પદ ૧૦

કર્મનું કુટણું સકળ સંસારમાં. લખ્યું લલાટમાં તેજ થાશે;
શુભાશુભ ભોગ તે લખ્યા લલાટમાં, અલખ લખાઈ શું નામ જશે. કર્મનું૦
ભાગ્યમાં લખ્યા ભગવંત જો હોય તો, સાધન લેશ નવ ઘટે કરવું;
ભાગ્યમાં લખ્યું અણુવાં છે આવી મળે, તેહને શું કાજ પચિ મરવું. કર્મનું૦ ૨
સુજનતણો સંસ્કાર શો શુભ હતો, ગીધ ગનિકા અજામેળ તેવા;
એવા અધમઉદ્ધારણ પ્રભુને પરહરી, કર્મ કર્તા કહે પશુ જેવા. કર્મનું૦ ૩
કર્મની રેખ કર્મજડને શિર ખરી, મર્મના જાણતલ ધર્મ પાળે;
મુક્તાનંદ ગુરુચરણને સેવતાં, બ્રહ્મઅગ્નિ સર્વ કર્મ બાળે. કર્મનું૦ ૪

રાગ ગરબી પદ ૧

ભજી લેને ભાવશું ગિરિધારી રે, નાહ તો થાશે ફજેતી ભારી; ભજી૦ ટેક.
પ્રાણી કેમ ફુલાય છે આવો રે, તારે માથે છે જમકેરો દાવો રે;
મેલી જાવું મંદિર ધન નારી. ભજી૦ ૧
તું તે શું સમજી ફરે ફુલ્યો રે, ગર્ભવાસના કોલને ભુલ્યો રે;
અંત્યે શી ગતિ થાશે તારી. ભજી૦ ૨
ધન જોબન રંગ પતંગી રે, સગાં કુટુંબી નહિ તારાં સંગી રે;
લેશે જમરા જોરાવર મારી. ભજી૦ ૩
કહે મુક્તાનંદ જોને જાગી રે, મોહ્યો મમતામાં મૂઢ અભાગી રે;
મેં તો કહી સત્ય વાત પોકારી. ભજી૦ ૪

પદ ૨

ભજો વ્રજરાજ શ્રીવનમાળી રે, નહીતો રહેશે માથે ટીલી કાળી; ભજો૦ ટેક.
તારે લખચોરાશીમાં ફરવું રે, માથે રહેશે જનમવું ને મરવું રે,
આવો અવસર લેને સંભાળી. ભજો૦ ૧
લેવા પડશે અનંત અવતાર રે, વહેશો ભાર સહી ઘણો માર રે;
ટાળો અનંત જનમ કેરી ગાળી. ભજો. ૨

તેં તો માત પિતા ઘણાં કીધાં રે, પય શ્વાન સુકર કેરાં પીધાં રે;
હવે જોને નિર્લજ પાછું વાળી. ભજો૦ ૩
કહે મુક્તાનંદ એ સાચું રે, હરિ ભજન વિના સર્વ કાચું રે;
સખા ત્રિકમ નામની તાળી. ભજો૦ ૪

પદ ૩

રાખો હરિરૂપમાં મન પ્રોઈ રે, નહીતો જાશો જનમ વગોઈ; રાખો. ટેક.
હરિ વિમુખની સંગતિ ટાળો રે, સાધુસંગમાં હુંપદ ગાળો રે;
રહેજો મોહનને સંગે મોઈ. રાખો૦ ૧
પરનારી ને પરધન ત્યાગો રે, દેખી પાપને વેગળા ભાગો રે;
ધારો પ્રભુચરણે ચિત્ત ઠોઈ. રાખો૦ ૨
સાચા સંતનો દ્રોહ ન કરજો રે, પગ જોઈ વિચારીને ભરજો રે;
રહેજો સતસંગે મદ ખોઈ. રાખો૦ ૩
ખાલી શ્વાસ ન ખોષ્યો પ્રાણી રે, નરદેહ અમુલખ જાણી રે;
મુક્તાનંદ કહે સત્ય સોઈ. રાખો૦ ૪

પદ ૪

મોહનસંગ રાખજે મન સાચું રે, નહીતો કામ થાશે સર્વે કાચું, મોહન૦ ટેક.
પાસે સમઝજે સારંગ પાણી રે, બોલે સમઝિ વિચારીને વાણી રે;
ડરજે જગપતિ સાચા સમર્થ જાણી. મોહન૦ ૧
કરજે સ્મરણ શ્વાસ ઉત્સ્વાસે રે, ફુલ્યો ફરીશ માં દેહ અધ્યાસે રે;
રહેજે સદ્ગુરુ વચનમાં વાસે. મોહન૦ ૨
કરજે સદ્ગુરુ સંતની સેવા રે, જે હોય શુક સનકાદિક જેવા રે;
ત્યાગો જુઠ વિષયસુખ મેવા. મોહન૦ ૩
કહે મુક્તાનંદ વિચારી રે, સાચા સદ્ગુરૂ ભવ ભય હારી રે;
એનાં વચન લેજે ઉર ધારી. મોહન૦ ૪

પ્રેમાનંદમુનિકૃત પદો—

રાગ પરજ હોરી પદ ૧

હમતો ના ખેલે એસી હોરી, હમતો૦ ટેક.
જ્યાં હોરીમેં લાગી રહે, નિત્ય આવાગમનકી દોરી. હમતો૦ ૧
સ્થાવર જંગમ સ્વાંગ ધરી ધરી, કોન ફીરે ભવ ખોરી. હમતો૦ ૨
બહુત નચાવે ધર્મરાજકે દૂત, પકરી પકરી બર જોરી. હમતો૦ ૩
પ્રેમાનંદ કહે અચળ આશરો, પુરુષોત્તમ પતિકોરી. હમતો૦ ૪

પદ ૨

કો ખેલે એસી ફાગ, હમારે કો ખેલે એસી ફાગ; કો ખે૦ ટેક.
શ્યામચરન તજી કરનો પરે નિત્ય, ઘરઘરમેં અનુરાગ. કો ખે૦ ૧
ફગુવા માંગત કોન ફીરે અબ, સ્વાન શૂકર હોઇ કાગ. કો ખે૦ ૨
ના ઓઢે હમ એસી ચુનરીયાં, ઠોર ઠોર જ્યાંમેં દાગ; કો ખે૦ ૩
પ્રેમાનંદ મીલે શ્રીઅક્ષરપતિ, પૂરણ હમારે ભાગ. કો ખે૦ ૪

પદ ૩

ના ડારે પીચકારી, એસી ના ડારે પીચકારી; ના ડા૦ ટેક.
એસી હોરી હમ ના ખેલે. લોક હસે દે તારી. ના ડા૦ ૧
પ્રેમ પ્રતીત છાંડી માધોસું, અંત ચલે જમ દ્વારી. ના ડા૦ ૨
ના પીછતાવે ના લોગ રીઝાવે, અપનો કાજ બીગારી. ના ડા૦ ૩
પ્રેમાનંદ કહે વાસુદેવકી, ચઢત નાહીં પ્રેમ ખુમારી. ના ડા૦ ૪

પદ ૪

હમતો ના છીરકે એસો રંગ; હમતો૦ ટેક.
જ્યાં રંગ સોં રંગાયો નાહીં, ચિત્ત શ્યામકે સંગ. હમતો૦ ૧
નિરખી નૈન શ્રીનવલ સાંવરો, પ્રફુલિત હોત ન અંગ. હમતો૦ ૨
એસી હોરી હમ ના ગાવે, ઉઠત ના પ્રેમ ઉમંગ. હમતો૦ ૩
પ્રેમાનંદ કહે જ્યાં હોરીમેં, હોત ન ભવકો ભંગ. હમતો૦ ૪

રાગ સામેરી—પદ ૧

સુણો સતસંગી, ધર્મકુંવર સાથે પ્રીત નહીં જેને;
હોયે વહાલો તોયે શત્રુસમ જાણીને તજવો તેને. સુણો૦ ટેક.
જુવો પ્રહ્લાદે પિતા ત્યાગ્યો, નિજબંધુ તજીને વિભીષણ ભાગ્યો;
બળી ગુરૂ તજીને હરિપદ લાગ્યો. સુણો૦ ૧
જાણી ભરતે તજી નિજમહતારી, પતિ તજી ભજ્યા હરિ વ્રજનારી;
સહુ જગમાં કે'વાયા મંગળકારી. સુણો૦ ૨
માટે તેજ પૂજ્ય પ્રિતમ ભાઇ, જેને મળતાં સાંભરે હરિ સુખદાઇ;
હરિ હેતે આવે હૈયું ભરાઇ. સુણો૦ ૩
જેને હરિ હરિજન સાથે પ્રીતિ, તે તો જાશે આ જગમાં જીતી;
પ્રેમાનંદ કહે થાશે નહીં તો ફજીતી. સુણો૦ ૪

પદ ૨

સુણો હરિજન, જે શ્યામચરણમાં પ્રીત વિના જે પ્રાણી;
ખર શૂકર સમાન, વૃથા જીવે માયાનાં લગડાં તાણી. સુણો૦ ટેક.
સુર અસુર નાગ નર પશુ ખગમાં, ભુખ તરસ મૈથુન ભય સૌ જગમાં,
શું અધિક પશુ નરના અંગમાં. સુણો૦ ૧
જુવો નરતન સુર મુનિ વખાણે, કહે છે દુર્લભ તે ન મળે નાણે;
પામી નરતન જો હરિને જાણે. સુણો૦ ૨
હોયે રૂપ શીલ બહુ ચતુરપણું, હરિ હેત વિના જેવું ઇંદ્રાવણું;
દીસે રૂડું ન જાયે કડવાપણું. સુણો૦ ૩
જેને હેત હરિ હરિજન સાથે, હરિની પૂરણ કૃપા એને માથે;
પ્રેમાનંદને સ્વામીએ ઝાલ્યો હાથે. સુણો૦ ૪

પદ ૩

ઘનસ્યામ વિના, બીજે ઠેકાણે જે જન પ્રીતિ જોડે;
તે તો મંદમતિ વિખ ફલ લાવે. અમૃતના વન ગોડે. ઘન૦ ટેક.
જે હરિ વિના હેત બીજે કરશે, લખ ચોરાસી જાતના દેહ ધરશે;
પછી પરવશ માર ખાતાં મરશે. ઘન૦ ૧

જેણે ધર્મકુંવર મેલ્યા વિસારી, તે તો જીતી બાજી ગયા હારી;
નવ માસ માતાને ભારે મારી. ધન૦ ૨
આવ્યો અમુલખ અવસર તે જાશે, પછી હાથ ઘસી ઘસી પસ્તાશે;
તે તો હરિના ચોર નિશ્ચે થાશે. ધન૦ ૩
માટે સર્વથકી પ્રીત તોડીને, એક હરિના ચરણાં જોડીને;
જાશે ધામ પ્રેમાનંદ દોડીને. ધન૦ ૪

પદ ૪

હરિભક્ત ખરા, પ્રભુ વિના જે બીજે પ્રીતિ ન રાખે;
હરિ હરિજનપર, તન મન ધનને પ્રાણ વારી વારી નાખે. હરિ૦ ટેક.
સુખ સંપત સગાં જાણે ખોટાં, જેમ થાયે પાણીમાં પરપોટા;
કંઇ ઉપજે મટે નાના મોટા. હરિ૦ ૧
ઉંડી અંતર વાસનાને બાળે, મન ઇન્દ્રિયનું ગમતું ટાળે;
તેમ વળે સંત હરિ જેમ વાળે. હરિ૦ ૨
ભજે હિમંત સહિત હરિ જગતપતિ, નવ હઠે પાછો સુખદુઃખમાં રતિ;
ગણે તૃણવત જગતને અચળમતિ. હરિ૦ ૩
દૃઢ નેમ પ્રેમે હરિગુણ ગાયે, એક હરિ વિના બીજું નવ ચ્હાયે;
પ્રેમાનંદ કહે હરિ એને વશ થાયે. હરિ૦ ૪

રાગ ધનાશ્રી—પદ ૧

કર મન સહજાનંદ પદ પ્રીત, કર૦ ટેક.
તજ અભિમાન અશુભ આશા સુખ મોહન કર લે મીત. કર૦ ૧
અસુરયોનિ પ્રહ્લાદ વિભીષણ છાંડી સકળ અનીત;
સાદર ચરન સુમરી શ્રીપતિકે કીની જગમેં જીત. કર૦ ૨
ગજ અરૂ ગીધ પશુ બનચર દોઉ સુમરે શ્યામ પટપીત,
અજામિલ ગનીકા ઉતરે ભવ ચરનકમળ ધરી ચીત. કર૦ ૩
ધ્રુવ અમરીષ અચળ પદ પાયે કીની અચળ પ્રતીત;
પ્રેમાનંદ નાથસેં નાતો કર લે નેહ સહીત. કર૦ ૪

પદ ૨

ભજ મન સહજાનંદ પદકંજ; ભજ૦ ટેક.
રટુ નામ સુખધામ શ્યામકો મગન હોઇ મન રંજ; ભજ૦ ૧
કરઉં નિવાસ ચરનપંકજમેં ચરનસુધા તન મંજ;
સુંદર રૂપ વિલોકી શ્યામકો રુપ જ્ઞાન દ્રગ અંજ. ભજ૦ ૨
પ્રગટ પ્રતાપ પેહેરી તન બકતર મદન મોહ મદ ગંજ;
અચળ નેમ ગ્રહી બચન ખડગ કર સકળ શત્રુ દળ ભંજ. ભજ૦ ૩
યેહી પદકમળ ભજે બીના ભવમેં હોઇ હો કાગકું લંજ;
પ્રેમાનંદ તજી આન ભરોસો સુમર ચરન સુખપુંજ. ભજ૦ ૪

પદ ૩

રે નર સમજ સયાને કૌવા, રે નર સમજ શયાને કૌવા; રે ન૦ ટેક.
કપટ ચપટ કરી જનમ ગમાયો, ખેલ ગંજીફા જાવા. રે ન૦ ૧
ત્રિયાકો તન કુંડ નરકકો, ભ્રષ્ટ ચીજકો તું ખૌવા. રે ન૦ ૨
નારી ધન જોબન બીચ ડુબો, હરિકો નામ ન લૌવા. રે ન૦ ૩
પ્રેમાનંદ કહે આવેંગે જમરા, માર લે જાયેંગે લઠૌવા. રે ન૦ ૪

પદ ૪

રે નર સમજ સયાને ઉલુ, રે નર સમજ સયાને ઉલુ; રે ન૦ ટેક.
હરિ ભાનુ દેખત નહીં અંધે, મોહ નિશીમાં ભુલુ. રે ન૦ ૧
પરનારી પરધન રેનીમેં, ઘરઘર તાકત ડુલુ. રે ન૦ ૨
પરનિંદા હિંસામેં ચાતુર, કરત મગન મન ફુલુ. રે ન૦ ૩
પ્રેમાનંદ કહે જમ મારેંગે, બાંધી ઉંધે શીર ઝુલુ. રે ન૦ ૪

પદ ૫

રે નર સમજ સયાને સ્વાના, રે નર સમજ સયાને સ્વાના, રે ન૦ ટેક.
સુખો હાડ ત્રિયા તન મુરખ, યામે કહારે લોભાના. રે ન૦ ૧
નિશદિન મગન રહત યેહી ચાખત, અપનોં લોઉં નીદાના. રે ન૦ ૨
મુંછ મરોરી ડરાવત સબકું, મુંછ નહીં પુંછ જાના. રે ન૦ ૩
પ્રેમાનંદ કહે માન સીખ મેરી, કર ગોવિંદ ગુન ગાના. રે ન૦ ૪

પદ ૬

રે નર સમજ સયાને ખરુવા, રે નર સમજ સયાને ખરુવા; રે ન૦ ટેક.
ગરુડપતિ ગોવિંદ નહીં ગાવત, શબ્દ સુનાવત ગરુવા. રે ન૦ ૧
હરિકું બીસારી નારીસંગ ડોલત. લાજ ન આવત ભરૂવા. રે ન૦ ૨
તેરે હિત કારન મતિ મુરખ, બચન સુનાવું કરૂવા. રે ન૦ ૩
પ્રેમાનંદ કહે ભજ પુરૂષોત્તમ, ભવજલ પાર ઉતરવા. રે ન૦ ૪

રાગ ગોડી—પદ ૧

કેશીમથન મુરારી, ભજ નર કેશીમથન મુરારીરી; ભજ૦ ટેક.
જતન કરી જઠરામેં રાખ્યો, જમકી ત્રાસ નિવારી. ભજ૦ ૧
જાકે પ્રતાપ પાયો તન સુંદર, સુખ સંપત અરૂ નારી;
એસે હરિકું ક્યોંરે વિસારે, સોવત પાંઉ પસારી. ભજ૦ ૨
માત પિતા કુટુંબ સુત બંધુ, એ નહિ તેરે હિતકારી;
ઇનકે સંગ લાગી નર અંધે, જાત જનમ સબ હારી. ભજ૦ ૩
જોબન ધન તન રંગ પતંગ નર, દેખ તું હૃદે બીચારી;
પ્રેમાનંદ માની શીખ મેરી, ભજ લે ગિરિવરધારી. ભજ૦ ૪

પદ ૨

સુખકે સાગર સ્વામી, ભજ નર સુખકે સાગર સ્વામી; ભજ૦ ટેક.
એસે પ્રભુકું કયુંરે વિસારે, મૂરખ લુણહરામી. ભજ૦ ૧
નારી ધનમેં મોહી રહ્યો મંદ, સૂકરકો સુખ પામી;
ગરભવાસમેં કોલ દીયો શઠ, સો કયું વિસર્યો કામી. ભજ૦ ૨
કોટિ ઉપાય કરે ધનકે હિત, સ્વાન જ્યું ડોલત વામી;
તેરે મનકો કુર કપટ સબ જાનત અંતરજામી. ભજ૦ ૩
તજદે ઘાત બાત સુન મેરી, ગોવિંદ ભજ સુખધામી;
પ્રેમાનંદ કહે આવ હરિ શરને, ચરણકમળ શિર નામી. ભજ૦ ૪

પદ ૩

કમળનયન જદુરાઈ, ભજ નર કમળનયન જદુરાઈ; ભજ૦ ટેક.
જમ બેરી ગરજત શિર ઉપર, લોહકી સાંગ ફેરાઈ. ભજ૦ ૧
અભિમાની રાવન હોય બેઠો, ફેરત આન દોહાઈ;
મહા વિકરાળ ચૌદ કોટિ જમ, તેરે કારણ ભાઈ. ભજ૦ ૨
ધરી પલ છીન માસ દિન જુગમેં, આવેંગે જમરા ધાઈ;
મારી પછારી તોરી તોરો શિર, જમદ્વારે લે જાઈ. ભજ૦ ૩
લોહ જંજીર બાંધી ઉંધે શિર, મારેંગે સોં ખાઈ;
પ્રેમાનંદ કહે માન શીખ મેરી, અબહિં છોડાવું આઇ. ભજ૦ ૪

પદ ૪

વ્રજચંદ નંદકુમાર, ભજ નર વ્રજચંદ નંદકુમાર; ભજ૦ ટેક.
જુગ જુગમેં હરિ પ્રગટ હોતહેં, પતિત ઓધારન હાર; ભજ૦ ૧
અધમ અજામિલ દાસી કુબજા, ગનિકા પાપ પહાર;
ગિધ ગયંદ દયાનિધિ કેશવ, લીને સબહિ તાર. ભજ૦ ૨
રંકા બંકા વિપ્ર સુદામા, શિવરી અહલ્યા નાર;
હરિકે ચરનકમળ ઉર ધરકે, ઉતરે ભવજળ પાર. ભજ૦ ૩
એસી વિધિ તું ભજ અવિનાસી, સબ સુખકો ભંડાર;
પ્રેમાનંદ માન શીખ મેરી, જમકો કાગદ ફાર. ભજ૦ ૪

રાગ કલ્યાન આદી ત્રેતાલ પદ ૧

રટ મન નામ ઘનશ્યામ, પૂરન પુરૂષોત્તમ હરિ સુખધામ. રટ૦ ટેક.
અક્ષરપતિ અખિલ જગકારન, અધમઓધાર પતિતજનતારન;
ધર્મકુંવર સુંદર સુખદાયક સંતનકે વિશ્રામ. રટ૦ ૧
આદિ પુરૂષ ઇશ્વર અવતારી, કૃષ્ણ કમળદ્રગ કુંજબિહારી;
સ્થાપન ધર્મ અધર્મ ઉથાપન પાવન પૂરનકામ.

દીનાનાથ દીનદુઃખભંજન, ભક્તાધાર ભક્તમનરંજન;
પ્રેમાનંદ ચરનપંકજ છબી રાખત ઉર અષ્ટ જામ. ૨૮૦ ૨

પદ ૨

ભજ મન સહજાનંદ સ્વામી. સમરથ સુખદાયક હરિ બહુનામી; ભજ૦ ટેક.
જાકો ધ્યાન ધરત બ્રહ્મ અક્ષર, મહાપુરૂષ મહામુક્ત મુનીશ્વર;
વિશ્વાધાર વિશ્વકે કારન ઇશ્વર અંતરજામી. ભજ૦ ૧
કરી કરૂના માનુષ વપુ લીનો, અવિચળ સુખ સબ જનકું દીનો;
મહા પતિતકો કારજ કીનો તારે વામી કામી.
વિધિકે લેખપર મેખ લે મારી, લીનો પ્રેમાનંદ ઉગારી;
એસે પરમ દયાળ મુરારી ન ભજે સો લુનહરામી. ભજ૦ ૨

પદ ૩

હો સહજાનંદ સુખદાઈ, પ્રગટે સુરરાઇ દ્વિજકુળ આઈ; હો સ૦ ટેક.
અધમઓધારન પતિતજનપાવન, જનમમરન દુઃખ તરત નસાવન
અશરનશરન શરનાગત વત્સલ બજત ભક્ત ઉર લાઈ. હો સ૦ ૧
પરમકૃપાળ સકળજનત્રાતા, અતહિં ઉદાર અભયવરદાતા;
સદય હૃદય કૃપાનિધિ કેશવ ભરનત નિગમ બડાઈ.
કલિમળહરન ભરન પોષન જન, નિજજન મન આનંદ કરૂનાધન;
પ્રેમાનંદ પ્રગટ હરિ ઉરપર બાર બાર બલજાઇ. હો સ૦ ૨

પદ ૪

સ્વામિનારાયણ ગાવે, સુરમુનિ સદ્ભાવે નિત્ય ઉર લાવે; સ્વામિ૦ ટેક.
વ્યાસ વિરિંચી શેષ શિવ સારદ, શુક સનકાદિક વાલ્મિક નારદ,
આગમ નિગમ મુક્ત મુનિ મહિપતિ પળ એક ના વિસરાવે. સ્વામિ૦ ૧
અક્ષર અમિત અમિત સુરનાયક, ભજત સકળ મન કાયક વાયક;
સર્વાધાર ચરાચર સ્વામી કોઉ જાકો પાર ન પાવે.
કરી કરૂના દ્વિજકુળ વપુ ધાર્યો, ધર્મકુળકો જશ વિસ્તાર્યો;
શ્રીઘનસ્યામ ચરનનખ છબીપર પ્રેમાનંદ બલજાવે. સ્વામિ૦ ૨

રાગ હમીર કલ્યાન–પદ ૧

ગોવિંદ ગાવરે (૨) ભલા બુદ્ધિવંત સમજ ધરીયે;
જનમ વ્યર્થ ગયો લેખીયેરે નર બાવરે. ગોવિંદ૦ ટેક.
બાલ તરૂન વય વીત ગઈ શિર શ્વેત હાંરે શિર શ્વેત;
મૂરખ મૂંઢ તેરી હાલત ચલી ન શકત એક પાવરે, ગોવિંદ૦ ૧
માત પિતા બંધુ સુંદર સુત નારી હાંરે સુત નારી;
મંદિર માલ ખજીના વેરી જાની વિસરાવરે. ગોવિંદ૦ ૨
સ્વર્ગ મૃત્યુ પાતાળ કાળ બસ જાની હાંરે બસ જાની;
માની નર્કતુલ્ય સબ હરિ ચરને ચીત લાવરે. ગોવિંદ૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામ ચરન વિન પ્રાની હાંરે હો પ્રાની;
તેરો કઉં નહીં ઠોર ઠીકાનો, સતસંગ મહીં આવરે. ગોવિંદ૦ ૪

પદ ૨

ભજ ઘનશ્યામરે (૨) કહું તોયે ટેરી બાર બાર;
અશરનશરન સંભાર સબ સુખધામરે. ભજ૦ ટેક.
ધન જોબન તન રંગ પતંગી મત ભૂલે હાંરે મત ભૂલે;
દેખત કાળ ઉડ જાયગા કછુ નહીં આવે તેરે કામરે. ભજ૦ ૧
અતિ વિકરાળ કરાળ કાળ શિર તેરે હાંરે શિર તેરે;
ધુંમત પ્રાની તોયે લેને ધરી પલ છીન દિન જામરે. ભજ૦ ૨
શ્રીહરિ ચરનસરોજ ધરી નર અંતર હાંરે નર અંતર;
આની અચળ વિશ્વાસ રહો કોઉ ન પુછે તેરો નામરે. ભજ૦ ૩
પ્રેમાનંદ કહે નાથ ભજે બીના પ્રાની હાંરે પ્રાની;
કઠીન નર દુઃખ નહીં વાતો કહું ઘડી પલ છીન બીસરામરે. ભજ૦ ૪

રાગ ખમાચ–પદ ૧

અટકી રહો યેહી ઠોર દીલા રે, દીલા૦ માની લેઉ શીખ મોર; અટ૦ ટેક.
ભક્તિધર્મસુત ચરનકમળ બીના, અચળ ઠોર નહીં ઓર. દીલા૦ ૧

યેહી હિત ધ્રુવ પ્રલ્હાદ વિભીખન, કીને જતન કરોર. દીલા૦ ૨
અતિ ચંચળ નિશ્ચળ હોય સંતત, સેવત શ્રી નિસભોર. દીલા૦ ૩
પ્રેમાનંદ કહે શુક સનકાદિક, ચિંતવત ચંદ જ્યું ચકોર. દીલા૦ ૪

પદ ૨

હરિજનસોં કર હેત જીયારે, હરિ૦ નહીં તો હોઈ ફજેત; જીયા૦ ટેક.
હરિ હરિજનસું હેત કરીકે, પાઓ અચળ નિકેત. જીયા૦ ૧
હરિજનસું કર ગાઢ સુદ્રઢતા, દુરિજનં તજ જેસેં પ્રેત. જીયા૦ ૨
હોવહું અનન્ય દાસ હરિજનકો, મન કર્મ વચન સમેત. જીયા૦ ૩
પ્રેમાનંદ કહે માન શીખ મેરી, અજહું સવેરો ચેત. જીયા૦ ૪

પદ ૩

અવિલોકીયે યેહી રૂપ અંખિયાં, અવિ૦ શ્રી ઘનશ્યામ સ્વરૂપ; અંખિ૦ ટેક.
ભક્તિધર્મસુત રૂપ સુધાનિધિ, શોભાધામ અનૂપ. અંખિ૦ ૧
એહી બીતુ ઓર છબી ત્રિભુવનમેં, દુઃખદાયક તમ કૂપ. અંખિ૦ ૨
જાચત રૂપ સકળ જગ હરિસું, લોકપાળ સુર ભૂપ. અંખિ૦ ૩
પ્રેમાનંદ એહી રૂપ દીવાની, મુનિવર નિકર મધૂપ. અંખિ૦ ૪

પદ ૪

કેશવ કેશવ ગાવરે રસના, કેશ૦ ભલોહિ બન્યો હે દાવરે રસના; કેશવ૦ ટેક.
અસદ આલાપ ત્યાગીકે રસને, સદગુન કથની કહાવરે. રસ૦ ૧
ભવસાગર તરવેકોં કલીમેં, યેહી અનોપમ નાવરે. રસ૦ ૨
દશશતબદન આદિ શુક નારદ, રટતહેં પરમ ઉછાવરે. રસ૦ ૩
પ્રેમાનંદ કહે પ્રગટ નામકી, રટન નિરંતર લાવરે. રસ૦ ૪

રાગ ખમાચ–પદ ૧

ભજી લે નારાયણ સ્વામી રે, આવો અવસર પામી; ભજી. ટેક.
ખુંતો ખર કુકર શુકર જ્યું, વિષય કીચમેં કામી રે. આવો૦ ૧
કરત પ્રમાદ માનમેં ફુલ્યો, ભુલ્યો તું અંતરજામી રે. આવો૦ ૨

દિનકરસુત પૂત તને બાંધી, મારતાં ન મેલશે ખામી રે. આવો૦ ૩
પ્રેમાનંદ કહે માન શિખામણ, ગોવિંદ ભજ સુખધામી રે. આવો૦ ૪

પદ ૨

સ્વામિનારાયણ કે'ની રે, મારૂ કહ્યું માની લેની; સ્વામિ૦ ટેક.
ભવદુઃખ કઠીણ કઠીણ જમ વેરી, માર કઠીણ છે તેની રે. મારૂં૦ ૧
કાળ કરમ વશ મહા દુઃખ પામીશ, દાસ હરિનો થઈ રે'ની રે. મારૂં૦ ૨
દુરમતિ મેલ ઝેલ વ્રત પાંચો, પ્રભુ ચરણે ચિત્ત દેની રે. મારૂં ૩
પ્રેમાનંદ કહે ભજ પરમેશ્વર, માન શિખામણ ઘેની રે. મારૂં ૪

પ ૩

ચિંતા ચિત્તમાં આણી રે, પ્રભુ ભજી લેને પ્રાણી; ચિંતા૦ ટેક.
પ્રાણનાથ ગોવિંદ ભજ્યા વિના, ફરીશ ચારૂં ખાણી રે. પ્રભુ૦ ૧
ખર થાઈશ ત્યારે ખાવા ન પામીશ.:મરીશ ઘંટીયું તાણી રે. પ્રભુ૦ ૨
નાકમાં નાક આંખ પર પાટો, તાણીશ રાત દિન ઘાણી રે. પ્રભુ૦ ૩
પ્રેમાનંદ કહે મેલ વિષયસુખ, ભજી લે સારંગપાણી રે. પ્રભુ૦ ૪

પદ ૪

સ્વામિનારાયણ ગાશે રે, તારૂં સારૂં તેદી થાશે. સ્વામિ૦ ટેક.
આજ વા કાલ કલપ સો કેડે, દાસ પ્રભુનો કે'વાશે રે. તારૂં૦ ૧
હરિજન જોઇને હરખીશ મનમાં, કુસંગ જોઈને મન કા'શે રે. તારૂં૦ ૨
સ્વામિનારાયણ તાળી દઇને, ગાતાં મુખડું ફુલાશે રે. તારૂં૦ ૩
પ્રેમાનંદ કહે નહિ માનીશ તો, માર ખાતાં જીવ જાશે રે. તારૂં૦ ૪

રાગ નટમાઢ-ત્રિતાલ-પદ ૧

સુમરે સુખ હોય હો મન મેરે, શ્રીઘનસ્યામચરન, સુમરે૦ ટેક.
જીન સુમરે તીન મહા સુખ પાયો, છુટે જનમ મરન. સુમરે૦ ૧
સમજ સવેરો માન શીખ મેરી, જો હિત ઇછો અપનો કરન,
પ્રેમાનંદ કહે હરિપદ પંકજ, અશરનકો હે શરન. સુમરે૦ ૨

પદ ૨

શરન હોય રહિયે હો મન મેરે, શ્રીઘનશ્યામ હરિકે; શરન૦ ટેક.
હોયે રહો અનન્ય હરિસેવક, ચરને શિશ ધરીકે. શરન૦ ૧
માયા કાળ કર્મ નહીં પુછે, ના બેર બેર જૈહો પરીકે;
પ્રેમાનંદ કહે મહા સુખ પૈહો, હરિપદ નેહ કરીકે. શરન૦ ૨

પદ ૩

કરરે મન મેરે હો બાવરે, હરિપદ પંકજ પ્રીત; કરરે૦ ટેક.
સબહિ કાજ તેરો સુધર જાયેગો, હોઇહેં જગમેં જીત. કરરે૦ ૧
જો માને અબકે કહ્યો મેરો, તો તું અપનો સાચો મીત:
પ્રેમાનંદ ઘનશ્યામ પિયાકી, કર અવિચલ પરતીત. કરરે૦ ૨

પદ ૪

રટરે દિનરેન હો મન પ્યારે, શ્રીસહજાનંદ નામ; રટરે૦ ટેક.
પરહરિ અસદ કથારસ જગકો, રટ રસના ઘનશ્યામ. રટરે૦ ૧
સબ સાધનકો ફલ હે યોહિ, સબ સુખકો હે ધામ;
પ્રેમાનંદ કહે હરિ બીના, નહીં કીતઉં બીસરામ. રટરે૦ ૨

રાગ ગરબી—પદ ૧

નારાયણ રે નારાયણ રે નારાયણનું નામ;
ભજો સુખધામ રે. સ્વામિનારાયણ૦ ૧
અંતકાળે પોકારયો, અજામલ તારયો રે. સ્વામિનારાયણ૦ ૨
સંભારી શરણે આવ્યો, ગજને છોડાવ્યો રે. સ્વામિનારાયણ૦ ૩
શરણાગત સુખકારી, ગનિકા ઓધારી રે. સ્વામિનારાયણ૦ ૪
અધમઓધારણ નામ, પ્રેમાનંદના શ્યામ રે. સ્વામિનારાયણ૦ ૫

પદ ૨

સહજાનંદ રે સહજાનંદ રે સહજાનંદ સુખકારી;
ભજો નરનારી રે. સ્વામિ સહજાનંદ રે૦ ૧

કૃપાના નિધાન, ભજો ભગવાન રે. સ્વામિ સહજાનંદ રે૦ ૨
સદા આનંદસિંધુ, દીનના બંધુ રે. સ્વામિ સહજાનંદ રે૦ ૩
સદા સુખનું ધામ, પુરણકામ રે. સ્વામિ સહજાનંદ રે૦ ૪
અનંત નામના નામી, પ્રેમાનંદના સ્વામી રે. સ્વામિ સહજાનંદ રે૦ ૫

પદ ૩

શ્યામળિયો રે શ્યામળિયો રે શ્યામળિયો સરદાર;
હૈડાનો હાર રે સખી શ્યામળિયો રે૦ ૧
સુંદર વર વનમાળી, જીવું ભાળી ભાળી રે. સખી શ્યામળિયો રે૦ ૨
નેણાંનો શણગાર, પ્રાણ આધાર રે. સખી શ્યામળિયો રે૦ ૩
નટવર નવરંગી, સદા મારો સંગી રે. સખી શ્યામળિયો રે૦ ૪
શરણાગત સુખકારી, પ્રેમાનંદ વારી રે. સખી શ્યામળિયો રે૦ ૫

પદ ૪

નાથજી રે નાથજી રે આવો નેણમાં રાખું;
પ્રાણ વારી નાખું રે. મારા નાથજી રે૦ ૧
નિરખું ચંદ જયું ચકોરી, મોરી જીવનદોરી રે. મારા નાથજી રે૦ ૨
તન મન ધન લઈ મારૂં, તમપર વારૂં રે. મારા નાથજી રે૦ ૩
સુફલ કીધો અવતાર, જાઉં બલિહાર રે. મારા નાથજી રે૦ ૪
નારાયણ બહુનામી, પ્રેમાનંદના સ્વામી રે. મારા નાથજી રે૦ ૫

રાગ ગરબી પદ ૧

સહજાનંદ સ્વામી તું ભજને પ્રાણિયા રે,
જાશે તારાં જનમ મરણનાં દુઃખ રે. સહ૦ ટેક.
માનજે શિખામણ રે કહું છું સ્યાણિયા રે,
થાશે તારે અતિ અલૌકિક સુખ રે. સહ૦ ૧
શ્રીનારાયણ રે જેનું નામ છે રે,
ભક્તિધર્મસુત સુર મુનિ ઇશ રે.

સુખના સિંધુ રે પુરણકામ છે રે;
થાને એ પ્રગટ હરિનો તું શિષ્ય રે. સહ૦ ૨
આવો અવસર રે વારે વારે નહીં મળે રે;
જોને આ પ્રગટ પૂરણ મહારાજ રે.
અવિદ્યાએ આંજ્યો રે તે તો નહીં કળે રે;
જેને મળી વરણુ આશ્રમની લાજ રે. સહ૦ ૩
નારદ નિગમના રે વેણુ હરિ પાળવા રે;
પ્રગટ થયા પ્રભુ આનંદકંદ રે.
નરનારીને રે વેહેતાં વાળવા રે;
વારણે જાયે નિત્ય પ્રેમાનંદ રે. સહ૦ ૪

પદ ૨

નારાયણ ભજ રે નર તું પ્રેમમાં રે;
કહું છું તારે કાજે હિતની વાત રે. નારા૦ ટેક.
ઓળખીને રહેજે રે તું હરિના નેમમાં રે;
નહીં તો તારે થાશે મોટી ઘાત રે. નારા૦ ૧
જોને તું તપાસી રે આ સંસારને રે;
હરિ વિના રહેનું નથી તારે કોય રે.
કઠણ વેળામાં રે કોઈ ન કરે સારને રે;
નિશ્ચે તું મનમાં વિચારીને જોય રે. નારા૦ ૨
સ્વારથીયાં સગાં રે તને સારો કહે રે;
નહીં વખાણે કોઇ મોટા સંત રે;
ફુલણ ફુલીને રે તું ભવમાં કાં વહે રે;
સાંભળ શિખામણ ચેત બુદ્ધિવંત રે. નારા૦ ૩
જોબન બુઢાપણ રે ખોયું તેં કામીને રે;
લીધો તેં સરવે સંસારનો લાભ રે.
પ્રેમાનંદ કહેછે રે ભજ મારા સ્વામિને રે;
નહીં તો તારે ઉગશે દુઃખના ડાભ રે. નારા૦ ૪

પદ ૩

શ્યામળિયો સ્નેહિ રે ભજ નર ભાવસું રે;
તોડીને સગાં કુટુંબથી પ્રીત રે. શ્યામ૦ ટેક.
નેહડા કર રે નટવર નાવસું રે;
થાશે તારી અખિલ ભુવનમાં જીત રે. શ્યામ૦ ૧
અંતનો સંગાથી રે હરિ વિના નહીં મળે રે;
વહાલા સગા ભાઇ બ્હેન મા બાપ રે.
નારી તો તારી રે સાથે નહીં બળે રે;
સાથે તારે આવશે કીધલ પાપ રે. શ્યામ૦ ૨
મુવા કેડે દેશે રે પુન્ય તને સૌ મળી રે;
પેહેલાં તને દેશે વધતા વાળ રે.
આંસુડાં ખેરવશે રે ભેળાં સહું વળી રે;
ઉપર તને દેશે લીંટ ને લાળ રે. શ્યામ૦ ૩
અંગ તો ધોઈને રે સહુ આપશે મેલને રે;
મારશે જૂ ચાંચડને જરૂર રે.
પ્રેમાનંદ કહે છે રે હરિ ભજને અલબેલને રે;
થાશે તું પાપ પુણ્યથી દૂર રે. શ્યામ૦ ૪

પદ ૪

જનમ સંગાથી રે ભજ બલવીરને રે;
અંતકાળે કઠણ જણાયે છે કામ રે. જનમ૦ ટેક.
એણે સમે કોઇ રે નવ ધરે ધીરને રે;
મેલવું છે જરૂર ધન ને ધામ રે. જનમ૦ ૧
નાડીયો ત્રુટીને રે થાશે નોખિયો રે;
કંઠમાં થાશે કફનું જોર રે.
નવ દરવાજેથી રે ઉઠશે ચોકીયો રે;
ત્યારે તું માનીશ દૈવના ચોર રે જનમ૦ ૨

જમકિંકર રે આવી તને ઝાલશે રે;
થાશે તારા પ્રાણતણા પરિયાણ રે.
કોટિક વિંછીની રે વેદના ચાલશે રે;
કુડીયાં કુટશે સહુ તારી કાણ રે. જનમ૦ ૩
આવો અવસર રે અભાગી નર પામીને રે;
ચાલ્યો તું જરૂર જમને દ્વાર રે.
પ્રેમાનંદ કહે છે રે ભજ મારા સ્વામિને રે;
હમણે છોડાવું તને નહીં લાગે વાર રે. જનમ૦ ૪

રાગ ગરબી—પદ ૧

રે પુરૂષોત્તમ બોલ્યા પ્રીતે, કહું છું સર્વે સાંભળો એક ચિત્તે; રે પુ૦ ટેક.
રે સત્ય કહું છું નરનારી, રે જેમ છે તેમ કહું વિસ્તારી;
એમાં ખોટી ન મળે લગારી રે. રે પુ૦ ૧
રે સમજાવું કહી દૃષ્ટાંતે, જથારથ હોયે તેમ કહું ખાંતે;
મારૂં રૂપ જેમ છે તેમ ભારી રે. રે પુ૦ ૨
રે પક્ષી ઉડે જેમ આકાશે, રે દેહ સહિત બોલે હાસે;
અનંત એવા જાયે આવે ભાસે રે. રે પુ૦ ૩
રે વાદળ વિજળી ને વારી, રે વાયુ ઘટા શોભે સારી;
સૌની આકૃતિ ન્યારી ન્યારી રે. રે પુ. ૪
રે શૂન્યમાંહી સહુ સમાવે, રે હીમે તે જેમ નીર જમાવે;
વહાલો પ્રેમસખીનો સમજાવે રે. રે પુ૦ ૫

પદ ૨

રે હેત કરી કહે છે રસીયો, વહાલો મારો રૂદિયામાં વસીયો રે; રે હે૦ ટેક.
રે અક્ષર આકાશ ઠેકાણે, રે માયા મહાશૂન્ય પરમાણે;
મુકત કોટિ વિજળીયો જાણે રે. રે હે૦ ૧

રે પક્ષી તે અનંત પુરૂષ લેખો, રે અષ્ટાવણુ દેહને દેખો;
મહાવિષ્ણુ વાદળિયાં પેખો રે. રે હે૦ ૨
રે સ્થિર ને અસ્થિર ગતિયો રહે છે, રે કાળ શક્તિ તેને કહે છે;
બુદ્ધિવંત સમજીને લહેછે રે. રે હે૦ ૩
રે નિરગુણ સગુણ સમજી લેતાં, રે તે સરવે અક્ષરને કહેતાં;
સ્વતંતર પોતે સદા રહેતાં રે. રે હે૦ ૪
રે કાળે માયા ક્ષોભને પામે, રે અનંત બ્રહ્માંડ થાએ તામે;
એમ કહ્યું પ્રેમસખીને શ્યામે રે. રે હે૦ ૫

પદ ૩

રે સ્નેહ વશ થઈ શ્યામળિયો, કહે છે પ્રાણજીવન પાતળિયો; રે સ્ને૦ ટેક
રે રચના બ્રહ્માંડોની રચાયે, રે સગુણસ્વરૂપ અક્ષર થાયે;
જેને વેદ જય જયકારી ગાયે રે. રે સ્ને૦ ૧
રે મહાવિષ્ણુ આદિ અનંત કોટી, રે ધરી દેહ મહાકૃતિ મોટી;
રહે અક્ષરરોમમાંહી લોટી રે. રે સ્ને૦ ૨
રે એમાં રહે સહુ લય પામી, રે અક્ષર અનંત કળા સ્વામી;
કા'વે પોતે નિરગુણ બહુનામી રે. રે સ્ને૦ ૩
રે જેમ અક્ષરમાં હું રહું છું, રે તે સમજાવીને કહું છું;
સુણો એક દૃષ્ટાંત દઉં છું રે. રે સ્ને૦ ૪
રે શબ્દ બોલે નભમાં રહીને, રે એક અનેક રૂપે થઈને;
સમજાવે વહાલો પ્રેમસખીમા કહીને રે. રે સ્ને૦ ૫

પદ ૪

રે સુંદરવર બોલ્યા શ્યામ; કહે છે વહાલો પોતાનું ધામ રે. રે સું૦ ટેક.
રે ભિન્ન ભિન્ન આકાશ રચાયે, રે જુજવો શબ્દ તેમાં થાયે;
તેમજ સહુમાં વેદ મુને ગાયે રે. રે સું૦ ૧
રે અક્ષરશક્તિ ઘણી સારી, રે બ્રહ્માંડ પ્રત્યે ન્યારી ન્યારી;
તેમાં સહુ મૂર્તિયો મારી રે રે. સું૦ ૨

રે ક્ષર અનંત કળા ધારે, રે અગણિત રૂપ થાઉં ત્યારે;
મુને જીવ પામે એણે આરે રે. રે સું૦ ૨
રે અક્ષરકોટીનો હું સ્વામી, રે મુજમાં રહે સહુ લય પામી;
શોભું સદા એકરૂપ ધામી રે. રે સું૦ ૪
રે સતસંગી સહુ નરનારી, તમ અરથે આજે દેહ ધારી;
પ્રેમસખી જાયે બલિહારી રે. રે સું૦ ૫

રાગ ગરબી—પદ ૧

"ધન્ય ધન્ય ગોરસડાવાળી રે"–એ ઢાળ છે.

દીક્ષાવિધિ પવિત્ર ગુણ ગાવું રે, રૂડી રીત કહી સમજાવું રે, ૧
શિષ્ય આચારજને શરણે જાયે રે, દીક્ષા લઈ ને વૈષ્ણવ થાયે રે. ૨
શિષ્ય નાહી પવિત્ર વસ્ત્ર ધારે રે, રૂડી નિત્યવિધિ તે વિચારે રે. ૩
શ્રીફળ સોપારી કર લઈને રે, ગુરૂ આગે જાયે દીન થઈને રે. ૪
હરિ પાસે બેઠા હોય ગુરૂ રે, રૂડું નિત્યકર્મ કરી પુરૂં રે. ૫
શુદ્ધમતિ શ્રીફળ મેલી આગે રે, દીન વચન બોલીને પાયે લાગે રે. ૬
સુણો દીનબંધુ સુખકારી રે, જન્મ મૃત્યુનો ભય છે ભારી રે. ૭
આવ્યો શરણે તમારે ભય પામી રે, તારો પ્રેમાનંદન સ્વામી રે. ૮

પદ ૨

ગુરૂ વિનતિ મારી ઉર ધારો રે, અધર્મ સર્ગથકી તે તારો રે. ૧
અધર્મી ગુરૂ પણ એવો રે, જેવો કળી ને અધર્મ તેવો રે, ૨
તે થકી નાસીને આવ્યો શરણે રે, દયા કરીને રાખો સ્વામી ચરણે રે. ૩
ત્યારે બોલ્યા ગુરૂ સુખ કરતા રે, બોલી અભયવચન દુઃખ હરતા રે. ૪
આવ્ય ઓરા શિષ્ય બ્હીશ માં લગાર રે,તારી રક્ષા કરશે વિશ્વાધાર રે. ૫
શ્રીકૃષ્ણ સ્વામી દીનદયાળ રે, સરવે ભયથકી રાખશે કૃપાળ રે. ૬
એમ કહીને બેસાડયો પાસ રે, ઘણી રીતે દીધો વિશ્વાસ રે. ૭
આપી હાથમાં જળ કહી એમ રે, પ્રેમાનંદ કહે અગ્યાર નેમ રે. ૮

પદ ૩

તેના હાથમાં આપી જળ સ્વામી રે, સંકલ્પ કરાવે બહુનામી રે. ૧
આપે મંત્ર કરે ઉપદેશ રે ગુરૂ કહે તેમ બોલે શિષ્ય રે. ૨
કાળ માયા ને પાપરૂપ કર્મ રે, જમદૂતના ભયનો શર્મ રે. ૩
તે સારૂં શરણ આવ્યો નાથ રે, શ્રીકૃષ્ણ ઝાલો મારો હાથ રે, ૪
મંત્ર કહીને પ્રસાદી ચંદન દીધું રે, તેનું તિલક મનોહર કીધું રે. ૫
ઉર્ધ્વપુંડ્ર કરાવ્યું પ્રીતે રે, ઉદ્ધવસંપ્રદાયની રૂડી રીતે રે. ૬
લક્ષ્મીનું પ્રસાદી કંકુ લઈ ને રે, તિલક માંહી તે ચાંદલો દઇને રે. ૭
તુલસીની કંઠી બેસેરી દીધી રે, પ્રેમાનંદ કે' ચઢાવી માથે લીધી રે. ૮

પદ ૪

કંઠી હરિની પ્રસાદી કરી આણે રે, શિષ્ય બાંધે પોતાને જાણે રે. ૧
ગુરૂ ઉપદેશ કરે રૂડી રીતે રે, મહામંત્રરાજનો અતિ પ્રીતે રે. ૨
જમણે કાને કહે ત્રણ વાર રે, અષ્ટ અક્ષરતણો ઉચ્ચાર રે. ૩
ત્રણે વર્ણને કહે જમણે કાને રે, મંત્રરાજ હળવા રહી છાને રે. ૪
સતશદ્રને કહે કાન ડાબે રે, ગુરૂ એનો એ મંત્ર બતાવે રે. ૫
મંત્ર દેતાં ગુરૂ બેસે છેટે રે, નવ અડે બીજા ગુરૂની પેઠે રે. ૬
વળી શિષ્યને કહે ગુરૂદેવ રે, બીજો ત્રણ અક્ષરનો મંત્ર સેવ રે. ૭
નાહી ધોઇ પવિત્ર શિષ્ય થઈને રે, પ્રેમાનંદ કહે જપ મંત્ર જઇને રે. ૮

રાગ ગરબી—પદ ૧

"ઓરા આવો તો એક કહું વાતડી જો" -એ ઢાળ છે.

શિષ્ય સાંભળ એ વારતા અનુપ છે જો, અતિદુર્લભ સદા સુખરૂપ છે જો. ૧
સર્વ કાળે ક્રિયા સર્વ કરતાં જો, જપ મંત્ર બીજો હરતાં ફરતાં જો. ૨
આજથકી તું શિષ્ય નિરભે થયો જો, કાળ માયાનો ભય સરવે ગયો જો. ૩
ગોલોકપતિ કૃષ્ણચંદ્રને જો, થયો શરણે ટાળી ભવફંદને જો. ૪
એમ મહિમા સમજાવ્યો શિષ્યને જો, ગાયા સાત્વતપતિ જગદીશને જો. ૫
સી રીતે ગુરૂએ રક્ષા કરી જો, પ્રેમાનંદ કહે શિષ્ય કહે ફરી જો. ૬

પદ ૨

કાળ માયાનો ભય મોટો ગયો જો, જન્મ મૃત્યુથકી નિર્ભે થયો જો. ૧
થયો શ્રીકૃષ્ણનો હું ભક્ત આજથી જો,
આવ્યો આશરે ન ડરૂં લોકલાજથી જો. ૨
એમ બોલ્યો વચન શિષ્ય પ્રેમમાં જો, હરિભક્ત થઇને રહ્યો નેમમાં જો. ૩
ગુરુ જોઈ મતિ રુડી શિષ્યની જો, આપી મૂર્તિ પૂજવા કૃષ્ણ ઇશની જો. ૪
ગુરૂ ધર્મ કહે તેને પ્રીતસું જો, સદ્ગ્રંથ અનુસારે રીતસું જો. ૫
વર્ણ આશ્રમ અવસ્થા જોઈને જો, પ્રેમાનંદ કહે આપે તત્વ દોહીને જો. ૬

પદ ૩

સાંભળ શિષ્ય બુદ્ધિવાન સાદરે જો; તને ધર્મ કહું મારગ પાધરે જો. ૧
ધર્મનિષ્ઠ થઈને ધર્મ રાખજે જો, કેદી અધર્મ મુખે નવ ભાખજે જો. ૨
આ બ્રહ્માંડ ધર્યું છે ધર્મે કરી જો, સત્ય માનજે ખોટી નથી જરી જો. ૩
પ્રાતઃકાળે ઉઠીને નાહી લીજીયે જો, ઊર્ધ્વપુંડ્ર તિલક રૂડું કીજીયે જો. ૪
નિત્યવિધિ રૂડી રીતસું કરી જો, પછી અંતર બાહર પૂજવા હરિ જો. ૫
ઉર મંત્રરાજનો જપ કરીયે જો. પ્રેમાનંદ કે' ભવસાગર તરીયે જો. ૬

પદ ૪

બીજા નિયમ સર્વે ઉર ધરવા જો, નિજ શકિત પ્રમાણે કરવા જો. ૧
વ્રત એકાદશી નિત્ય નાહિયે જો, ઉપવાસ કરીને ગુણ ગાઈએ જો. ૨
હરિના જન્મ દિવસ વ્રત કીજીયે જો, કરી ઉત્સવ હરિ ઉર લીજીયે જો. ૩
દારૂ માટી ચોરી અવેરી ત્યાગીએ જો, જીવહિંસા થકી ડરી ભાગીએ જો. ૪
વર્ણસંકર કર્મ નવ કીજીએ જો, આત્મહત્યા થકી અતિ બ્હીજીએ જો. ૫
ભાંગ ગાંજા આદિક મેલી કેલને જો, પ્રેમાનંદ કે' ભજીયે અલબેલને જો. ૬

રાગ ગરબી—પદ ૧

રે નર સુન સમજાવું તોય રે; નર૦ ટેક.
ધર્મકુંવર ઘનસ્યામ બીના તેરો, જગમેં નાહીં કોય રે. નર૦ ૧

યહ સંસાર ફુલ સેંવરકો, ફુલી રહ્યો દિન દોય રે;
દેખતહી ઉડ જાય રૂઇ હોય, પ્રાપ્ત કછુ ના હોય રે. નર૦ ૨
દુર્લભ નરતનુ દેય સરાહત, સુલભ ભઇહે સોય રે;
અબ યહ અવસર જાત ભજન બીના, ફીર પછતાઈ હો રોય રે. નર૦ ૩
શ્રુતિકો સાર સકળ સાધન ફળ, સત સંગત ચીત પોય રે;
પ્રેમાનંદ કહે ભજ નારાયન, અબ ના રહો કઉં મોય રે. નર૦ ૪

પદ ૨

રે નર સુનલે મેરી બાત રે;
રમાપતિ હરિચરન ભજે બીના, દુઃખ પૈહો દિન રાત રે. નર૦ ૧
વાસુદેવ પદ કલ્પતરૂ તજી. જહાં જહાં પ્રાની જાત રે;
તહાં તહાં માયા કાળ કર્મ બસ, શિર ધુની ધુની પછતાત રે. નર૦ ૨
કરત કુકર્મ વિષયકે લાલચ, પચત સાંઝ પરભાત રે,
રહે સકલ અધબીચ મનોરથ, પરત જમનકે હાથ રે. નર૦ ૩
નહિ ધન દારા સંગ ચલે સબ, નહિં સુત તાત રૂ માત રે.
પ્રેમાનંદ કે' ન ભજ્યો નાથકું, પર્યો પરબસ વિલલાત રે. નર૦ ૪

પદ ૩

રે સત્ય કહું નર તોયે સાન રે. સત્ય૦ ટેક.
શ્રી નારાયન નાથ ચરન બીના, નહિં ઠોર કઉં આન રે. સત્ય૦ ૧
વાસુદેવ નારાયન સ્વામિ; અવિચળ સુખકી ખાન રે;
તાહિ તજી ફીત ભ્રમત ભુરમતિ, ચાહત અપની હાન રે. સત્ય૦ ૨
તજી નેહ પરિવાર ગેહસોં, કર હરિસોં પહેચાન રે;
અધમ જીવ ઓધારન કારન. પ્રગટે કૃપાનિધાન રે. સત્ય૦ ૩
ટાર્યો તિમિર મતાંતરકો, સબ, જ્ઞાન તત્વકે ભાન રે;
પ્રેમાનંદ ભજ ભક્તિધર્મસુત, સુખસાગર ભગવાન રે. સત્ય૦ ૪

પદ ૪

રે નર ભજ ભયભંજન શ્યામ રે; નર૦ ટેક.
શ્રીનારાયન ભક્તિધર્મસુત. સુખ સંપતકે ધામ રે. નર૦ ૧

કર પરતીત અચળ સુહૃદતા. તજ મદ મત્સર કામ રે;
હરિકૃષ્ણ નારાયણ વિષ્ણુ, રટઉ નિરંતર નામ રે. નર૦ ૨
જોગ જગ્ન વ્રત કરત ફીરત નીત, અડસઠ આઠોજામ રે;
તોઉ ન સ્વપને દેત દરસ પ્રભુ, કૃષ્ણ રમાપતિ રામ રે, નર૦ ૨
એસે દુર્લભ દેવ દયા કરી, સુલભ ભયે ગુનગ્રામ રે;
પ્રેમાનંદ કહે કૃષ્ણ નાથકો, હોઉં, કિંકર બીનુ દામ રે. નર૦ ૪

રાગ ઠુમરી પદ ૧

કયું ન ભજે ભયહારી, કૃષ્ણ હરિ, કયું ન ભજે ભયહારી રે; કયું૦ ટેક.
ગર્ભવાસ તનત્રાસ અધોમુખ, રોવત ત્રાહે પોકારી રે;
સો તોયે લીનો બચાય મંદમતિ, જઠરા અનળસું ઉગારી રે. કયું૦ ૧
આંખ કાન મુખ કર ચરનાદિક, દીને તોયે સુધારી રે;
કરત ભરન પોખન કરુનાનિધિ, મધુસૂદન મુરારી રે. કયું૦ ૨
માત તાત ભગિની સુત બંધુ, નાહીં ચલેગી સંગ નારી રે;
એ સબ સ્વારથરત પરપંચી, દેખ તું રૂદે બિચારી રે. કયું૦ ૩
કરત કુકર્મ ઇનહિંકે કારન, પચત રેન દિન ભારી રે;
પ્રેમાનંદ કહે સો તજીહે તોયે, કરીહે છાર તન જારી રે. કયું૦ ૪

પદ ૨

ભજી લે શ્યામ સુખદાઈ, સમજ નર, ભજી લે શ્યામ સુખદાઇ રે; ભજી૦ ટેક.
રતન ચિંતામની કલ્પવૃક્ષ સમ, અતિ દુર્લભ તન પાઈ રે;
કરત અધર્મ સજી દુર્મતિ, બિષયભોગ રત લાઈ રે. ભજી૦ ૧
સહસ્રબાહુ દશવદન આદિ, નૃપ બચે કાલતેં નાઈ રે;
મેરી મેરી કરત ચલે ઉઠી, અંતે પરે કાળ મુખમાંઇ રે. ભજી૦ ૨
બીતે અવસર ગઇ બાજી તબ, રોઇહો મન પછતાઇ રે;
ખર કુક્કર શૂકર તનુ ધરી ધરી, પૈહો બહુત દુઃખ ભાઇ રે. ભજી૦ ૩

ચેત સવેરો સમુજ શઠ ભજ હરિ, સંત સંગતમેં આઇ રે;
પ્રેમાનંદ કહે માન શીખ મૂરખ, કહતહું હાથ બજાઇ રે. ભજી૦ ૪

પદ ૩

કોન સગો હે તેરો, હરિ બીના, કોન સગો હે તેરો રે; કોન૦ ટેક.
માત તાત બંધુ સુત નારી, ઓરઉ કુટુંબ ઘનેરો રે;
અંતકાળ કોઉ કામ ન આવે, સુન શઠ સમજ સવેરો રે. કોન૦ ૧
તું તો જાનત પરમ સનેહિ, સબ ચોરનકો ઘેરો રે;
લુસત ચુસત ધન આવરદા, કહી કહી મેરો મેરો રે. કોન૦ ૨
કરત ગુલામી નોકર જ્યું નીત, દોરત સબકો પ્રેરો રે;
ઇનસું નેહ જોરીકે ફેરીહો, લખ ચોરાસી ફેરો રે. કોન૦ ૩
તજી પરમાદ સુમર નારાયન, તજી સંગ સબ કેરો રે;
પ્રેમાનંદ કહે મન કર્મ બચને, હોઉ હરિકો ચેરો રે. કોન૦ ૪

પદ ૪

કોઉ કામ નહીં આયા, હરિ બીના, કોઉ કામ નહીં આયા રે; કોઉ૦ ટેક.
યા અવનિપર હો ગયે કેતે, બાંકે રાવ ઉમરાયા રે;
મેરી મેરી કરત ગયે જક મારત, જમકી ફાંસ બંધાયા રે. કોઉ૦ ૧
કરી કરી કપટ ચપટ અતિ અનર્થ, જોરી અનલગ માયા રે;
ધરી રહી ધરનીમેં સબહી, ના ખરચી ના ખાયા રે. કોઉ૦ ૨
તજી અવનિ ગયે સાગર સરને, બાંકે કીલા બનાયા રે;
સો સબ ચપટ ઝપટકે લીને, ન આઇ કાળકું દાયા રે; કોઉ૦ ૩
ચૌદ ભુવન લગી દેખ બિચારી, અવિચળ કોઉ ન રહાયા રે;
પ્રેમાનંદ ભજ્યા જીન શ્રીહરિ, સો અવિચળ પદ પાયા રે. કોઉ૦ ૪

રાગ રેખતા–પદ ૧

સુમર ઘનશ્યામ સુખદાઇ, અમોલિક દેહ નર પાઇ; સુમર૦ ટેક.
અંત કોઉ નાહી હે તેરા, સત્ય તું માની લે મેરા. સુમર૦ ૧

રચી હે જુઠકી બાજી, જુઠમેં હોતહે રાજી;
ખડા હે કાળ શિર બેરી, અચાનક લેવેગા ઘેરી. સુમર૦ ૨
બતાસા નીરકા ફુટા, પાત જ્યું ડારતેં તુટા;
એસી નર જાન જીંદગાની, સમજ નર ચેત અભિમાની. સુમર૦ ૩
જીમીષર જીવના થોરા, ફુલે મન દેખી તન ગોરા;
હોવેગા ખાખકી ઢેરી, પ્રેમાનંદ કહતહેં ટેરી. સુમર૦ ૪

પદ ૨

કઉં બેર બેર નર તોયે, સાવધાન કયું નહિં હોયે; કઉ૦ ટેક.
ગઠરીયાં બાંધી મમતાકી, ફીરત શઠ શિશપર રાખી. કઉ૦ ૧
મેરો ધન મેરો હે ધામ, મેરો સુત મેરી હે વામ;
મેરે પશુ મેરે હે ગ્રામ, મેરે સબ આવેંગ કામ. કઉ૦ ૨
તું તો ભયો બાવરો પ્રાની, પરયો અંધકુંપમેં જાની;
આઈ નહીં તોહિકું લાજ, બિગારયો સબહિં તેં કાજ. કઉ૦ ૩
બીતેગો અવસર આવો, હોવેગો મનહિં પછતાવો;
પ્રેમાનંદ કહત હેત લાઇ, ધરેંગે કેશ જમ આઈ. કઉં ૪

પદ ૩

કહત નર ભુલકે મેરી, તેરે કહે હો ગઇ તેરી; કહે૦ ટેક.
ગયે દાદા બાપ સબ છોડી, સાથ નહીં લે ગયે કોડી. કહે૦ ૧
ખજાના દેશ ગજ સેના, સુકર, સબ છોડી ચલ દેના;
કુટુંબી બંધુ સુત નાતી, નાહીં કોઈ તેરે એ સાથી. કહે૦ ૨
વદનદશ સહસ્રભુજવારે, મહિપની બાંકે મતવારે;
અકલવંત રૂપ ગુન પૂરે, કીયે સબ કાલને ચુરે. કહે૦ ૩
દીવાને ખોલી દેખ નેના, પ્રેમાનંદ કે' સમજ સેના;
કરીલે નાથસુ નેહા, મીલેગા નાહીં નર દેહા. કહે૦ ૪

પદ ૪

ચપેટા કાલકા એસા, ઝપેટા બાજકા જેસા, ચપે૦ ટેક.
કડાકા ગાજકા જાનો, સડાકા બીજુરી માનો. ચપે૦ ૧

અચાનક પકરી લે આઈ, મનોરથ રહે મનમાંઈ;
નાહર જ્યું પકરી લે બકરી, બિલાડી મુસા લે પકરી. ચપે૦ ૨
મીન જ્યું બગલે લપકાવે, દાદુર જ્યું સાપ સપકાવે;
એસે તું કાળ મુખ જૈહો, ફેરી તું પ્રાની પછતૈહો. ચપે૦ ૩
માનીલે બાત તું મેરી, સમુજીલે જગત સબ એરી;
સુમરલે શ્યામ સુખદાઈ, પ્રેમાનંદ કહત હિત લાઇ. ચપે૦ ૪

બ્રહ્માનંદમુનિકૃત પદો–

રાગ ગરબી—પદ ૧

[illegible] લેને તું પ્રાણી રે, બદ્રીનાથ પ્રગટ જગ જાણી. નારા૦ ટેક.
[illegible] નાથે રે, હોય ધન તો વાવર તારે હાથે રે;
[illegible] કોડી સાથે. નારા૦
ગર્ભ [illegible] રક્ષા તારી રે, લીધો જઠરાગ્નિથી ઉગારી રે;
બેઠો [illegible] મ વિસારી. નારા૦
દિના [illegible] છે મારૂં મારૂં રે, ધન કાજ ભમે મન બા'રૂં રે;
તારે [illegible] તન તારૂં. નારા૦
મિથ્યા સુખમાંહી તું ભરમાણો રે, બાંધ્યો લોકલજ્જા ગળે પાણો રે;
જાય છે તૃષ્ણાને પૂર તણાણો. નારા૦
કાયા માયા છે જો તારી કાચી રે, તેને રંગે રહેજે માં તું રાચી રે;
બ્રહ્માનંદ કહે છે વાત સાચી. નારા૦

પદ ૨

બદ્રીપતિ નાથનું લેને શરણું રે, મટે મહાદુઃખ જનમ ને મરણું. બદ્રી૦ ટેક.
તાકે પરધન ને પરનારી રે, નથી ભજતો તું દેવ મુરારી રે;
આગે શી ગતિ થાશે તારી. બદ્રી૦ ૧

રે'છે મન રે માયામાં રાજી રે, જુઠાં બોલે ને મમતા ઝાઝી રે;
દેખી કોઈનું રૂડું મરે દાઝી. બદ્રી૦ ૨
નહિ આવે ભેળાં સુત દારા રે, મેલી મેડી ને મંદિર સારાં રે;
કરવા જંગલમાંહી ઉતારા. બદ્રી૦ ૩
ફરી બાંધ કમર ટળ ફેલી રે, થાને તત્પર આળસ મેલી રે;
બહુનામી થાશે તારા બેલી. બદ્રી૦ ૪
ચિત્ત ચડવ મા ખોત તોફાને રે, કથા પ્રભુની સાંભળજે તું કાને રે;
બ્રહ્માનંદનું કહ્યું સત્ય માને. બદ્રી૦ ૪

પદ ૩

ઓળે બદ્રીનાથને તું રહેને રે, નરસહિત નારાયણ કહેને. ઓળે૦ ટેક.
જમ હાથ જરૂર જ જાવો રે, પછી થાશે તુંને પસ્તાવો રે;
પ્રાણી અવસર નહીં મળે આવો. ઓળે૦ ૧
ક્ષેત્ર સબળ સમાર્યાં તેં ખેડી રે. ધર્યા રહેશે મંદિર ને મેડી રે;
હાલી જાય છે જોને તારી હેડી. ઓળે૦ ૨
દેખી ભુલીશ મા તન ગોરે રે, હું હું ઠાલું કરે હોરે હોરે રે;
નિત્ય કાળ આવરદાને ચોરે. ઓળે૦ ૩
દિલ પાપથકી તું ડરજે રે, ઝાઝો ભાર માથે મત ભરજે રે.
કરમ સમજી વિચારીને કરજે. ઓળે૦ ૪
કર પ્રીતિ તું સંતસમાજે રે, જેમાં પ્રગટ હરિ નિત્ય રાજે રે;
બ્રહ્માનંદ કહે તારે કાજે. ઓળે૦ ૫

પદ ૪

પ્રાણી નર દેહ સુંદર પામી રે, ભજ નર રે નારાયણ સ્વામી. પ્રાણી. ટેક.
સાચા સંતને શરણે તું રેહેને રે, દયા આણીને અન્ન જળ દેને રે;
તારો જનમ સફળ કરી લેને પ્રાણી૦ ૧
ભવતારણ જગપતિ ભેંટી રે, મેલ લોકની લાજ સમેટી રે;
બાંધ પ્રેમતણી કશી પેટી. પ્રાણી૦ ૨

લાગ્યું જમનું વાંસે તારે લારૂં રે, લેશે આવીને સાંજ સવારૂં રે;
માટે કર તારા જીવનું સારૂં. પ્રાણી૦ ૩
સાચા સંતને સંગે કરીને રે, દ્રઢ અંતર ધીર ધરીને રે;
ભજ પ્રગટ પ્રમાણુ હરિને. પ્રાણી૦ ૪
મેણું અનંત જન્મનું ઉતારે રે, હવે જીતી બાજી મત હારે રે;
બ્રહ્માનન્દનું કહ્યું હૈયે ધારે. પ્રાણી૦ ૫

રાગ ગરબી–પદ ૧

પ્રભુ સાથે કરને રે નર તું પ્રીતડી રે;
મેલી દૈને મોહ મત્સર અભિમાન રે. પ્રભુ૦ ટેક.
દિન ઝાઝા રે'વું નથી આ દેહમાં રે;
હૈયાફુટા શાને તું થાયછ હેરાન રે. પ્રભુ૦ ૧
સમજીને શરણુ તું લેને સાચા સંતનું રે;
જાય ત્યારે અનંત જન્મનો રોગ રે. પ્રભુ૦ ૨
દુરર્લભ મનુષ્ય જન્મ ભરતખંડમાં રે;
વારે વારે એવો નઈ આવે જોગ રે; પ્રભુ૦ ૩
સમઝિ વીચારીને જોને તું કુણુ છો રે;
ક્યાંથી તું આવ્યો જાઇસ કેને ઘેર રે. પ્રભુ૦ ૪
ચાર દિવસ રે રહેવું આ સંસારમાં રે;
અમૃત તજીને શીદ ખાયછે ઝેર રે. પ્રભુ૦ ૫
મમતામાંહી રે માથાલગે ખુંતિયો રે;
મારૂં મારૂં કરી થયો મતિમંદ રે. પ્રભુ૦ ૬
કહેને તારૂં હરિ વિના રે સગું કુંણ છે રે;
માન સત્ય કહેછે બ્રહ્માનન્દ રે. પ્રભુ૦ ૭

પદ ૨

શરણુ તું તો લેને રે નટવર શ્યામનું રે;
તજી દેને મૂરખ ઠાલિ તાણુ રે. શ૦ ટેક.

વારીને વલોણે રે ઘૃત નવ નિકળે રે;
તેવું આ જગનું ડહાપણ જાણ રે. શ૦ ૧
કુબુદ્ધિ મેલિને રે જતન કર જીવનું રે;
જોને તારી ઉમર વુઢિ જાય રે; શ૦ ૨
પ્રભુનાં ભજન વિના રે તુંને પ્રાણિયા રે;
કોઈ દિન સુખ સ્વપને નહિ થાય રે. શ૦ ૩
મોટેરો થઈને ફરે અભિમાનમાં રે;
જાણે હું જીવાડું પરિવાર રે; શ૦ ૪
શકટને હેઠે રે શ્વાન જેમ ચાલતું રે;
માને સર્વે પોતાને શિર ભાર રે. શ૦ ૫
ભરણ ને પોષણ રે સૌનું હરિ કરે રે;
સુખ દુઃખ સૌનું હરિને હાથ રે. શ૦ ૬
એવું તું જાણીને રે તજ અહંકારને રે;
ભજી લેને બ્રહ્માનન્દનો નાથ રે; શ૦ ૭

પદ ૩

માનીલે શીખામણ રે ડહાપણ તારૂં મેલી રે;
ધન તન જોબન સ્વપ્ન જાણ રે. મા૦ ટેક.
ચારને દિવસના રે જીવત કારણે રે;
ભટકીશ પરવશ ચારૂ ખાણ રે. મા૦ ૧
મનમાં વિચારી રે જોને તું મૂરખા રે;
નહિ આંઈ રે રહેવાનું નિદાન રે. મા૦ ૨
મહલ બગીચા રે મંદિર માળિયાં રે;
મેલિને વસવું છે મેદાન રે; મા૦ ૩
સગાં ને કુટુંબી રે રહેશે રોઇ કળકળિ રે;
દાટયું સર્વે રહેશે તારૂં ઘરમાં દામ રે; મા૦ ૪

અંતકાળે ઠાલે હાથે જાવું પ્રાણી એકલું રે;
કોઇ નહિ આવે તારા જીવને કામ રે. મા૦ ૫
શરીર સાચવીયું રે, જાન કીધું જીવને રે;
સાચો કીધો નરક ચોરાસીનો ખેલ રે. મા૦ ૬
બ્રહ્માનંદ કહે છે રે બુઢો જમપુરમાં રે;
દિલમાં સમજી વિચારીને તું દેખ રે. મા૦ ૭

પદ ૪

વિષયમાં વળુંધ્યો રે હરિને વિસારીને રે;
ફરે મરડાતો અતિ મનમાં ફુલ રે. વિ૦ ટેક.
જેને વઠીયે જીવે રે તેને નથી જાણતો રે;
મણુમાં તારે આઠ પાંચ શેરીની ભૂલ રે. વિ૦ ૧
તોળ્યા વિના ખર થઇને ભાર તાણતો રે;
હાંકતા સૌ તુંને કહી હાડ હાડ રે. વિ૦ ૨
મટાડી પશુ કીધો રે તુંને માનવી રે;
પ્રભુનો કાંઇ નથી જાણતો પાડ રે. વિ૦ ૩
જઠરા અગ્નિથી રે રાખ્યો તૂંને જાળવી રે;
સુંદર દીધો તનનો સાજ રે. વિ૦ ૪
અન્ન જળ હમણાં રે તેનું દીધું ખાય છે રે;
તેનું નામ લેતાં આવે છે તૂંને લાજ રે. વિ૦ ૫
ભુંડપ કેરૂં રે ભાતું તેં તો બાંધીયું રે;
માથે લીધો મમતા કેરો બોજ રે. વિ૦ ૬
બ્રહ્માનંદ કહે રે હરિ નવ ઓળખ્યા રે;
ફરતો ડોલે જેવો વનનો રોઝ રે. વિ૦ ૭

રાગ ગરબી પદ ૧

હરિજન સાચા રે, જે ઉરમાં હીંમત રાખે;
વિપતે વરચી રે, કે'દી દીન વચન નવ ભાખે. ૧

જગતું સુખ દુઃખ રે, માયિક મિથ્યા કરી જાણે;
તન ધન જાતાં રે, અંતરમાં શોક ન આણે. ૨
પર ઉપકારી રે, જન પ્રેમ નિમમાં પૂરો;
દૈહિક દુઃખમાં રે, દાઝે નહિ સાધું શૂરો. ૩
હરિને સમરે રે, નિત્ય અહોનિશ ઉમંગ ભરીયા;
સરવ તજીને રે, નાગર વા'લા કરીયા. ૪
બ્રહ્માનંદ કહે રે, એવા હરિજનની બલિહારી:
મસ્તક જાતાં રે. નવ મેલે ટેક વિચારી. ૫

પદ ૨

ટેક ન મેલે રે, તે મરદ ખરા જગમાંઈ;
ત્રિવિધ તાપે રે, કેદી અંતર ડોલે નાંઇ. ૧
નીધડક વરતે રે, દઢ ધીરજ મનમાં ધારી;
કાળ કર્મની રે, શંકા દેવે વિસારી. ૨
મોડું વેહેલું રે, નિશ્ચે કરી એક દિન મરવું;
જગસુખ સારું રે, કેદી કાયર મન નવ કરવું. ૩
અંતર પાડી રે, સમજીને સવળી આંટી;
માથું જાતાં રે, મેલે નહિ તે નર માટી. ૪
કોઇની શંકા રે, કેદી મનમાં નવ ધારે;
બ્રહ્માનંદના રે, વહાલાને પળ ન વિસારે. ૫

પદ ૩

જો હોય હીંમત રે, નરને ઉરમાંહી ભારી;
દઢતા જોઇને રે, તેની મદદ કરે મુરારી. ૧
બીક તજીને રે, નિત્ય હિંમત સોતો બોલે;
મસ્તક માયા રે, સરવે તૃણ જેવું તોલે. ૨
કેસરી સિંહને રે, જેમ શંક મીલે નહીં મનમાં;
એકાએકી રે, નિર્ભય થઇ વિચરે વનમાં. ૩

પિંડે છોટા રે, મોટા મેંગળને મારે;
હીંમત વિનાનો રે, હાથી તે જોઇને હારે. ૪
બ્રહ્માનંદ કહે રે, એમ સમજે તે જન શૂરા;
તન કરી નાંખે રે, ગુરૂ વચને ચુરાચુરા. ૫

પદ ૪

પેટ કટારી રે, પેરીને સનમુખ ચાલ્યા;
પાછા ન વળે રે, કોઇના તે ન રહે ઝાલ્યા. ૧
આમાં સામા રે, ઉડે ભાલાં અણીઆળાં;
તે અવસરમાં રે, રહે રાજી તે મતવાળા. ૨
સાચા શૂરા રે, જેના વેરી ધાવ વખાણે;
જીવત જુઠું રે, મરવું તે મંગળ જાણે. ૩
તેની પેરે રે, હરિજન પણ જોઇએ તીખા,
અંતર શત્રુને રે, લાગે અતિ વજ્ર સરીખા. ૪
માથું જાતાં રે, મુખનું પાણી નવ જાવે;
બ્રહ્માનંદ કહે રે, તે સંત હરિ મન ભાવે. ૫

રાગ ગરબી પદ-૧

નિત્ય ભજીએ રે નિત્ય ભજીએ સુખદાયક રામ, અંતરકામ વિસારીયે. નિત્ય૦ ટેક.
અંતે એ છે રે અંતે એ છે ઠરવાનું ઠામ, શ્વાસ ઉચ્છવાસે સંભારીયે. નિત્ય૦૧
મેલી જાવું રે મેલી જાવું ધરતી ધન ધામ, જન્મ વૃથા નવ હારિયે. નિત્ય૦૨
મત ફુલે રે મત ફુલે તન ગૌરે ચામ, લેઈ જાશે જમદ્વારીયે. નિત્ય૦૩
બ્રહ્માનન્દનો રે બ્રહ્માનન્દનો વાલો સુંદર શ્યામ, તે છબી અંતર ધારીયે નિત્ય૦૪

પદ ૨

સર્વે જુઠું રે સર્વે જુઠું સગું કુટુંબ શરીર, જગપતિ સાચા જાણજે. સર્વે ટેક.
અંતે ન કરે રે અંતે ન કરે તારી કોઈ ભીર, ભાર વૃથા નવ તાણજે. સર્વે૦૧
જમ જડશે રે જમ જડશે પગે લોહ જંજીર, માર જોઇ સુખ માણજે. સર્વે૦૨

તારે આગે રે તારે આગે ઉદી ગયા રે અમીર, રહ્યા ન રાજા રાણજે. સર્વે૦૩
બ્રહ્માનંદ કહે રે બ્રહ્માનંદ કહે ધારી અંતર વીર, ભજન ભરોસો આણજે. સર્વે૦૪

પદ ૩

મરી જાવું રે મરી જાવું મેલી ધનમાલ, કોઈ સગું નહિ કોઈને. મરી૦ ટેક.
શ્યાને કાજે રે શ્યાને કાજે તું થાયે છે બેહાલ, ચિત્ત માયામાં પ્રોઈને. મરી૦૧
નથી છેટે રે નથી છેટે જાવું આજ કે કાલ, પગલાં તું ભરજે જોઈને. મરી૦૨
કામે નાવે રે કામે નાવે હીરા મોતી ને લાલ, મુઢ રહ્યો શું મોઈને. મરી૦૩
બ્રહ્માનંદ કહે રે બ્રહ્માનંદ કહે જમ પાડશે ખાલ, રહેશે સગાં સર્વે રોઈને. મરી૦૪

પદ ૪

સ્વારથીયાં રે સ્વારથીયાં સગાં તાત ને માત, ભજજે તું ભગવંતને. સ્વાર૦ ટેક.
મેલી દેજે રે મેલી દેજે અંતરથી ઘાત, દુઃખવે માં કોઇ જંતને. સ્વાર૦૧
કેદી મ કરે રે કેદી મ કરે અનરથ ઉતપાત, જો ઇચ્છે દુઃખ અંતને. સ્વાર૦૨
રૂડી રીતે રે રૂડી રીતે નિત્ય દિવસ ને રાત, સમરે તું કમળાકંતને. સ્વાર૦૩
બ્રહ્માનંદ કહે રે બ્રહ્માનંદ કહે તારા હિતની વાત, સેવે તું સાચા સંતને. સ્વાર૦૪

રાગ અંગળ–પદ ૧

ચેત ચેત નર અંધ, કહત સંત ટેરકે;
અવસર મળ્યા હે અનુપ, ન આવે ફેરકે. ૧
સુર વાંછિત નર દેહ, પાયકે કયા કીયા;
મરણ જનમ જમ માર, સો ઉલટા શીર લીયા. ૨
કાલ વ્યાલ વિકરાલ, ખડા હે તો શીરે;
ભુલ્યા મુઢ ગમાર, તું ફુલ્યા કયા ફીરે. ૩
ધર્યાં રહે ધન માલ, ખજીના મેડીયાં;
બંધુ કુટુંબ પરિવાર, ત્રિયા સુત ચેડીયા. ૪
કાળ અચાનક આય, ઝડપ લે જાયગા;
માર પડે જમદ્વાર, તબે પછતાયગા. ૫

બ્રહ્મા કીટ પ્રજંત, દેહ સ્થિર ના રહે;
એ તો અચળ સિદ્ધાંત, શ્રુતિ સ્મૃતિ કહે. ૬
સબસે છોડ સનેહ, નેહ કર નાથસે;
ચિંતામણી નરદેહ, ખોત કયું હાથસે. ૭
હરિજન વારમવાર, કહત પોકારકે;
બ્રહ્માનન્દ ભજ રામ, કામ વિસારકે. ૮

પદ ૨

કેતી તેરી પોંચ, કેતા તેરા જીવના;
તાતે અમૃત ઢોળ, જહર કયું પીવના. ૧
જોબન તનકે જોર, પ્રીરત મગરૂરમેં;
એક દીવસ યા તમામ, મીલેગા ધુરમેં. ૨
અપના કામ બીગાડ, સુધારત ઓરકા;
આ તન હોત વિછોહ, પીછે કુન ઠોરકા. ૩
દેહ ગેહ સુત દાર, છોડ છબ જાવના;
અંબર ઓઢન કાજ, રૂ ભૂમિ બીછાવના. ૪
અંધ ધંધ મદમસ્ત, લસ્ત સંગ કામની;
રહ્યા વિષે લપટાઇ, દિવસ અરૂ જામની. ૫
સુત બંધવ ત્રીય કાજ, કરત હે કરમકું;
એ સબ આયુકે ચોર, ન પાવત મરમકું; ૬
તેરે દેખત મૂઢ, દેખ કેતા ગયા;
આ જગમેં ધરી દેહ, અવિચળ ના રહ્યા. ૭
બ્રહ્માનન્દ કહે માન, જાંન લે સાંઇયાં;
તેરા સબહી ગુના વિસાર, ગ્રહેગા બાંઇયાં. ૮

પદ ૩

દીલ નેનું કરી દેખ, યામેં તેરા કવન હે;
તું કીસકા હે મૂઢ, ભુલા નિજભવન હે. ૧

કહાં ગઈ અક્કલ બીકાઈ, ભયા કયું બાવરા;
જુઠે સુખકે કાજ, ફીરત ઉતાવરા. ૨
જાનનકું સુખ માન, લગ્યા દીન રાત હે;
સો સબ દુઃખકો મૂલ, શ્રુતિયું ગાત હે. ૩
વૃત્તિ ન હોત વિરામ, અષ્ટહિ જામમેં;
અંતર અતિસે કુષ્ટ રૂ, દ્રષ્ટ હરામમે. ૪
હાડ માંસ મળ મુત્ર, રક્ત હે સબ રગે;
તાસંગ ક્રીડા કરતે, લાજ પુનિ ના લગે. ૫
ચલ્યા જાત સંસાર, દેખ લે આંધ રે;
તનકી યારી તોડ, હરીસેં સાંધ રે. ૬
દો દીનકે મજમાન, માન તજી દીજીયેં
જો પાઇ નરદેહ, ભલાઈ લીજીયેં. ૭
કહત હે બ્રહ્માનંદ, સબનકે હેતકી;
ભજન વિના નરદેહ, સો માનું પ્રેતકી. ૮

પદ ૪

વારવાર સમજાય, કહ્યો કછ વૈર હે;
શ્વાન પુંછકી રીત, વક્રતા લે રહે. ૧
જેસો સ્વપ્ન વિલાસ, જકત સુખ જાન લે;
કહત હે સંત સુજાન, સોઈ સંત માન લે. ૨
યા શરીર કે મધ્ય, સો રહનાં કેતનાં;
હો જા અબ હુશીયાર, ધાર ઉર ચેતનાં. ૩
આ તન રંગ પતંગ, વાર નહીં જાવતે;
જોબન ગઈ હરી બહાર, વિલંબ અતિ જાવતે. ૪
દુઃખસાગર સંસાર, પાર નહી આવહી;
તાતેં નર બુધવંત્ત, વેગ વિસરાવહી. ૫
આ ભવજળકે પાર, ભયો કો નર ચહે;

સમજુ સંત સુજાન, શરણ તાકી રહે. ૬
રહ્યા ન રહસી કોઈ, વિચારકે જોઇએ;
રત્ન ચિંતામણી દેહ, વૃથા ન ખોઇએ. ૭
તન ધન સબસે તોડ, હરિ સંગ જોડીએ;
બ્રહ્માનંદ વિચાર, આશ જગ છોડીએ. ૮

રાગ પૂરવ—પદ ૧

મન તોય કુંન કુટેવ પરી રે, મન૦ ટેક.
આળ પંપાળ બકત હે મુખસેં, સમરત નાહીં હરી રે. મન૦ ૧
વિષે વિકાર અસાર જગતકું, વિસરત નાહીં ઘરી;
જ્યાતે હોવે સુખ તેરે જીયકું, તામે વિલંબ કરી રે. મન૦ ૨
ધનકો ધ્યાન રહત નિશી વાસર, ત્રિય ઉર માંહી અરી;
સંત શીખામન સત્ય વાતકું. શ્રવને નાહીં ધરી રે. મન૦ ૩
કામ ક્રોધ મદ લોભ કુટિલતા, અંતર માંહી ભરી;
બ્રહ્માનંદ ભજે વિન મોહન, સબહી વિધિ બગરી રે. મન૦ ૪

પદ ૨

મન તોય રંચ હું લાજ ન આવે હો, મન૦ ટેક.
શ્રી ઘનશ્યામ ચરનકું તજકે, વિષયનકી દીશ જાવે હો. મન૦ ૧
યહ સુંદર મનુષા તનુ પાયકે, પશુકી રીત રહાવે;
હરિકી મોજ અનુપમ મુખસે, બની તન ગુન ગાવે હો. મન૦ ૨
નીકી વાત સોહાવત નાહીં, બુરી વાત મન ભાવે;
પ્રભુકી કથા અમૃત પરહરકે, જહર ખાય સુખ પાવેહો. મન૦ ૩
જ્યોં જ્યોં ચીજ હરામ કરી હે, તાકે ઘાટ કરાવે;
બ્રહ્માનન્દ કહત હે તેરે, કાન કાન ન રહાવે હો. મન૦ ૪

પદ ૩

મનવા ચાલ કુઢંગી તેરી રે, મનવા૦ ટેક.
નીચ સ્વભાવ તજત તું નાહીં, બરજ્યા તોય બહુ બેરી રે. મનવા૦ ૧

યા સુંદર મનુષતનુ પાયકે, કરત ઘાત પર ફેરી;
મમતામેં માથા લગ બુડ્યો, કરીકે મેરી મેરી રે. મનવા૦ ૨
હરિકી કથા સુનત નહીં કબહુ, સુનત હે બાત અનેરી;
ઇંદ્રીનકે સુખકું અતિ ચાહત, જીયકો પૂરન વેરી રે. મનવા૦ ૩
મહરીકે રંગમેં મદમાતો, ધનકી ચાહ ઘનેરી;
બ્રહ્માનન્દ કહત હરિ ભજતે, તોકું લાજ લગેરી રે. મનવા૦ ૪

પદ ૪

મનવા તો સમ ઓર ન પાજી રે, મનવા૦ ટેક.
પ્રભુકે ચરન કમળ પરહરીકે, રહત વિષયમેં રાજી રે. મનવા૦ ૧
કબહુકતો મુનિ હોય બેઠત, કબહુંક કહત કથાજી;
કબહુક ત્યાગી કછુ ન રાખે, કબહુક માયા ઝાઝી રે. મનવા૦ ૨
કબહુક રૂખા સૂકા ચાહત, કબહુક ચીજાં તાજી;
કબહુક રંક હોય કરી બોલત, કબહુક બનત મીજાજી રે. મનવા૦ ૩
જોગી જતી સન્યાસી લુંટે, પંડિત મુલ્લાં કાજી;
બ્રહ્માનંદ કહત સો ઉબરે, હરિ શરણે ગયે ભાજી રે. મનવા૦ ૪

રાગ ગોડી—પદ ૧

સંતો નારી નાગની જેસી, સંતો૦ ટેક.
ભક્તિભાવ જ્ઞાન જપ તપકું, ખાવત અંતર પેસી. સંતો૦ ૧
નેન જીભસેં લેત લબરકા, હાંસી હોઠ હલાવે;
જો વિશ્વાસ કરે નર યાકો, ઝડપ નાખ લેજાવે. સંતો૦ ૨
ચિંતવેતે ચિત્તમેં ચઢી જાવે રગરગમેં વિખ વ્યાપે;
તિન લોક લીના સુખ ભિતર, તો પુનિ અજહું ન ધાપે. સંતો૦ ૨
જીનકું ડંક લગ્યો સો ડોલત, ઘેન ભરે જગમાંહી;
બ્રહ્માનંદ ગયે હરિશરણે, તીનહુંકું ડર નાંહી. સંતો૦ ૩

પદ ૨

સંતો વનિતા વાઘન ભારી, સંતો૦ ટેક.
નજર ચડયો સો જાન ન પાવે, તપસી દુધાધારી. સંતો૦ ૧
લટકાં કરે સુંદર લાવણ્યતા, મંદ ચલે અંગ મોડે,
જો કોઈ યાકે નેરે જાવે, ખાયે વિના નહીં છોડે. સંતો૦ ૨
ગ્રહવંતી નિત્ય વ્યાકુળ ડોલે, કબુ તૃપત નહીં હોવે,
મુખમેં આયો કોઉ ન મેલે, ઉંચ નીચ નહીં જોવે. સંતો૦ ૩
જો કો ઇચ્છો કૂશળ જીવકો, તો યાકો સંગ ત્યાગો,
બ્રહ્માનંદ સકળ વિસારી. હરિચરણે અનુરાગો. સંતો૦ ૪

રાગ ગોડી–પદ ૧

તું ચેત ચેત નર મૂઢરી, તેરો જનમ અલખે જાતરી,
કાળ ખડા શિર ઉપર તેરે, આય અચાનક ખાતરી. તેરો૦ ૧
કરત અકાજ લાજ નહીં આવત, વિષે વિકળ દીન રાતરી,
નવરા રહે તો નિઃશ્શંક હોય કે, ગુણ લલનાકા ગાતરી. તેરો૦ ૨
પાપે પેટ ભરતહે નિશ દિન, કરત જીવકી ઘાતરી,
બ્રહ્માનંદ કહે નર ગાફલ, સબે બગારી બાતરી. તેરો૦ ૩

પદ ૨

હાંરે તુ દેખ નર અંધરી, સબ સંત કહતહે ટેરકે,
ધામ ધરા ધન સંપત્તિ તજકે, ચલના સાંજ સવેરકે. સબ૦ ૧
માત પિતા જુવતી સુત બંધું, સબે રહેગે હેરકે,
જમકે દૂત ડાર ગલે ફાંસી, લે જાવેગે ઘેરકે. સબ૦ ૨
વંકા જોધ અનંત અવનિપર, થિર કોઉ રહ્યા ન ડેરકે,
બ્રહ્માનંદ કહે હરિ ભજી લે, અવસર નાવે ફેરકે. સબ૦ ૩

પદ ૩

પ્યારે સમજ સમજ સત્ય વાતરી, તું ભજ લે સુંદર શ્યામકું,
ભક્તવત્સળ ભગવાન વિસારી, કયું વલગ્યા ધન ધામકું. તું૦ ૧

પરત્રિય તકત બદત મુખ નિન્દા, નિશ દિન ચહાત હરામકું,
સ્વારથ લગ્યો શ્વાનકી નાંઇ, દોરત ઇત ઉત દામકું. તું૦ ૨
કામ ક્રોધ મદ મોહ વિષયમે, વિકળ ફરત તજ રામકું,
બ્રહ્માનંદ ભજે બીન મોહન, કયું પાવત આરામકું. તું૦ ૩

પદ ૪

હાં રે તું મેલ મેલ નર માનરી, તું કર બંદગી કીરતારકી,
ભવ દુઃખ કટે હટે સબ દુષ્કૃત, શંક મીટે જમ મારકી. તું૦ ૧
મદ્ય અરુ માંસ ભખે સો જગમેં, નીશ્ચે હોવે નારકી,
જો તેરે ઇચ્છે કુશલ જીવકો, તજ ઇચ્છા પરદારકી. તું૦ ૨
ખોટ મીટે તેરે અનંત જનમકી, મોટ ડાર શિર ભારકી,
બ્રહ્માનંદ કહે તેરે હીતકી, પરિહર નિન્દા પારકી. તું૦ ૩

રાગ કાફી—પદ ૧

ભજી લેને શ્રી વ્રજરાજ, આ જગ જીવન થોરા, ભજી૦ ટેક,
ભવસિંધુ તરવેકો સાધન, નરતન મીલ્યોહે જહાંજ, આ૦ ૧
નેન શ્રવન મુખ હસ્ત નાસિકા, સુંદર સબ તન સાજ. આ૦ ૨
અનંત કાળ દેખી દુઃખ આતુર, મેહર કરી મહારાજ. આ૦ ૩
બ્રહ્માનંદ કહે સબ તજકે, કરી લેને અપનો કાજ. આ૦ ૪

પદ ૨

ભજી લેને નટવર નાથ, સબ વિધ માન તજીને, ભજી ટેક,
માત પિતા જુવતી અરૂ માયા, કો ન આવે સાથ. સબ૦ ૧
અનરથ કરત ફીરત હે કુલ્યા, ભાર ધરત કયું માથ. સબ૦ ૨
જો તોસે સુકૃત બની આવે, તો કરી લેને અપને હાથ. સબ૦ ૩
બ્રહ્માનંદ શરણ ગ્રહ તાકો, સબ વિધ જો સમરાથ. સબ૦ ૪

પદ ૩

સમરને સરજનહાર, હે નર મૂઢ અજ્ઞાની; સમર૦ ટેક.
મેડી મંદિર દેશ વિલાયત, નહિ તેરા નિરધાર. હે૦ ૧
કાયા માયા દેખ મ ભુલે, સ્વપના તુલ્ય સંસાર. હે૦ ૨
સબકું છોડ અકેલા ચલના, કહત હે નિગમ પોકાર. હે૦ ૩
બ્રહ્માનંદ કહે એહી અવસર, ન મીલે દુજી વાર. હે૦ ૪

પદ ૪

રે'ના હે દિન દોય, દીલમેં સમજ વિચારો, રે૦ ટેક.
વિષય વિકાર ભવન વનિતામેં, મૂઢ રહ્યો કહા મોય. દી૦ ૧
જમકે દુત પકર લે જાસી. રેસી સબ મીલ રોય. દી૦ ૨
અવિચલ તન ધરકે અવની પર, રહ્યા નહીં રહસી કોય. દી૦ ૩
બ્રહ્માનંદ સમજ ગ્રહ એસી, જનમ મરણ નહીં હોય. દી૦ ૪

રાગ કાફી—પદ ૧

બદ્રીપતિ નરનારાયણકો, દાલિબંધ કહાવુંરી, બ૦ ટેક.
હુકમ હજુર ધનીકે આગે, ટુક ટુક ઉડ જાવુંરી. બ૦ ૧
મન ઘોડા મસ્તાન મહાબળ, વશ કરી તાહી ફીરાવુંરી;
ભૂલેઈ રંચ કરે મસ્તાઇ તો, ચાબક ચોટ લગાવુંરી. બ૦ ૨
કાયા કોટ કરૂં મેં કબજે, નામ નિશાન ચડાવુંરી;
કામ ક્રોધ મારૂં કફરાના, હરિકા હુકમ બજાવુંરી. બ૦ ૩
પાંચુ ચોર પકડ વશ કરકે, સાહબ સનમુખ લાવુંરી.
બ્રહ્માનંદ શ્યામકે પાસે, મોજ ચરન રતિ પાવુંરી. બ૦ ૪

પદ ૨

નરનારાયણ શ્યામ પીયાકો, મેં હું સંત સીપાઈરી. ન૦ ટેક.
દેહ નગરસેં દુબધા કાઢું, ફેરૂં અદલ દોવાઈરી. ન૦ ૧

બ્રહ્મવિચાર પેહેર તન બકતર. એદહ ટોપ બનાઈરી,
પેટી પ્રેમ કમર કસ બાંધુ, શીલ સાંગ કર સાઈરી. ન૦ ૨
ધીરજ ઢાલ જ્ઞાન ગુરુ ખાંડા, કેક ધ્યાન કરડાઈરી,
શ્યામ હુકમ શિર ઉપર ધરકે, મારૂં સર્વે અન્યાઈરી. ન૦ ૩
પીછા પાવ ધરૂં નહીં કબહું. સન્મુખ લેહુ લડાઈરી,
બ્રહ્માનંદ ટેક દઢ અંતર, શ્યામ ચરણુ લેલાઈરી. ન૦ ૪

પદ ૩

મેં ચાકર નરનારાયણકો, ધડક ન મનમેં ધારૂંરી,
શત્રુ સેન દેખકે રનમેં, દીન વચન ન ઉચ્ચારૂંરી. મેં૦ ૧
કામ ક્રોધ મદ મોહ પકડકે, બ્રહ્મ અગ્નિમેં જારૂંરી;
નિરત સુરતસે નારાયણકી, મૂર્તિ અખંડ સંભારૂંરી. મેં૦ ૨
જબ લગ પ્રાન પિંડમેં તબ લગ, હિંમત કબુ ન હારૂંરી,
તીન તાપ તન વ્યાપ શકે નહિં, પંચ પચીસું મારૂંરી. મેં૦ ૩
જે જે ભજન વિરોધી અંતર, તાકે મૂળ ઉખારૂંરી.
બ્રહ્માનંદ શરન સદ્ગરૂકે, તન ટુકડા કરી ડારૂંરી. મેં૦ ૪

પદ ૪

કદમી નોકર નારાયણકો, એહી નોકરી મેરીરી,
શ્યામ છબી ઉર અંતર ધરકે, મારૂં પંચ એહી વેરીરી, ક૦ ૧
મેં ચૈતન દઢ બકતર મેરે, પ્રેમ ટોપ શિર પેરીરી,
સુરત નિરત શમશેર ગ્રહું કર, લેઉં મોહ ગઢ ઘેરીરી. ક૦ ૨
દેહનગરકું સુવસ વસાઉં, ચોર શકત નહીં ઠેરીરી,
તતપર રહું કમર કસ દાડો, નિશ દિન દેઉં ફેરીરી. ક૦ ૩
કામ ક્રોધ વંકા મેંવાસી, હરિ પ્રતાપ હનેરીરી;
બ્રહ્માનંદ વાસ કદમુંમેં, તજી આશ તન કેરીરી ક૦ ૪

રાગ કાફી આશાવરી—પદ ૧

કહત હે સંત સુજાન, સમજ મન મેરા હો, કહત૦ ટેક.
આ જગમેં કોઉ રહન ન પાવે, કાહેકું મંદિર મહલ બનાવે,
દીલમેં વિચાર જ્યું હોવેગા, જંગલ ડેરા હો. કહત૦ ૧
કર કર કુડ કપટ ધન જોરે, સંગ ચલત નહીં દમડી બી તોરે,
ઉઠ ચલના સબ છોડકે, સાંજ સવેરા હો. કહત૦ ૨
તેં કછુ મનમેં ઓર વિચારે, નહીં તેરાઆ તન હાથ હિતારે,
નિશ દિન આય કાલ, શિદ દેવત ફેરા હો. કહત૦ ૩
જૂઠ હી તન ધન જોબન જાની, પ્રગટ પ્રમાણ ભજો હરિ પ્રાની,
બ્રહ્માનંદ કહે જ્યું, ભલા કર તેરા હો. કહત૦ ૪

પદ ૨

માન પરમ હિત જાન, બાત સત્ય મેરી હો, માન૦ ટેક.
આ તન મૂરખ રંગ પતંગા, ધન અરૂ ધામ ચલત નહીં સંગા,
શિશ ખડા જમકિંકર, જેસા વેરી હો. માન૦ ૧
માત પિતા સુત બંધવ સારે, ઠગત હે આયુષ સર્વ ઠગારે,
પલકમેં હો વહી દેખત, ખાખકી ઢેરી હો. માન૦ ૨
ગઠરી બાંધ ખડે મગ માંઇ; નિશ્ચલ યહ કોઉ રહવત નાઈ;
નિશ દિન બાજત, ધરધર કાલકી ભેરી હો. માન૦ ૩
કરનાં હે સો કયું નહી કરતા, જીવન શ્વાસ ધમન જ્યુંહી ભરતા,
બ્રહ્માનંદ વિચાર કહે, તોય ટેરી હો. માન૦ ૪

પદ ૩

નરતનં બોત અમૂલ્ય, વૃથા કયું ગમાવે હો; નર૦ ટેક.
બોત કાળ ભટકત્ત તોય બીતા, તબ તોકું હરિ નરતન દીતા;
ફેર ફેર યેહી મોજ જું; હાથ ન આવે હો. નર૦ ૧
આ તન ભવજળ તરન જહાંજા, તા કરકે સબ હોવત કાજા,
સો તન પાયકે, કાહેકું બેર લગાવે હો. નર૦ ૨

દેવનકું દુર્લભ નરદેહા, તેહી કરી પ્રભુપદ બાંધ સનેહા,
યાહીતેં પરમ અભય પદ પાવે હો. નર૦ ૩
સમરણ કર અબ શ્વાસ ઉશ્વાસા, બ્રહ્મમોહલ હોવત દૃઢ વાસા,
બ્રહ્માનંદ કહે સબ, સંકટ જાવે હો. નર૦ ૪

પદ ૪

ભજ લે રે ઘનશ્યામ, સર્વ સુખદાતા હો; ભજ૦ ટેક.
ગર્ભવાસ ઉંધે મુખ ઝુલ્યા, સો દુઃખ ગાફલ તેં કયુંહી ભુલ્યા,
ઉદર મહીં દીન રૈન, પર્યા હી પીડાતા હો. ભજ૦ ૧
જઠર અગ્નિ તેં રક્ષાહી કીની, કાંચન જેસી જો નરતનુ દીની,
અન્ન જળ દેવત આજ હી, તોય જીવાતા હો. ભજ૦ ૨
સુંદર વર સબકે હિતકારી, જનસુખ કાજ મનુષતનુ ધારી,
સો પ્રભુ છાંડ પલક, તોહે દુર ન જાતા હો. ભજ૦ ૩
સગુન પુરૂષ સબહી સુન લીજો, આપનેહી જીયકા કારજ કીજો,
બ્રહ્માનંદ પોકારકે, પ્રગટ બતાતા હો. ભજ૦ ૪

રાગ કાફી—પદ ૧

કાનુડા કેડે ફરવું રે, કોઇથી ન ડરવું; કાનુડા૦ ટેક.
દુરીજન લોક દુભંખર બોલે, તે હૈડે નવ ધરવું રે. કોઇથી૦ ૧
સગા કુટુંબી સર્વ સંગાથે, હેતડલું પરહરવું રે. કોઇથી૦ ૨
સંસારીથી સગપણ તોડીને, કાન કુંવરથી કરવું રે. કોઇથી૦ ૩
બ્રહ્માનન્દ કહે મન કર્મ વચને, વ્રજજીવનજીને વરવું રે. કોઇથી૦ ૪

પદ ૨

કાનુડા કેડે જાવું રે, સમજી છું આવું; કાનુડા૦ ટેક.
મોહનનું મે'ણું મારે માથે, કોઈ દી બીજાની નહીં કાવું રે. સમજી૦ ૧
ચૌદ લોકમાં સર્વે રે અબળા, તેને વરીને ખોટી થાવું રે. સમજી૦ ૨
વરીયે તો નટનાગર વરીયે, અખંડ એવાતન છાવું રે. સમજી૦ ૩
બ્રહ્માનન્દ કહે અવર પુરૂષને, વરવાથી રૂડું વિખ ખાવું રે. સમજી૦ ૪

પદ ૩

કાનુડા કેડે ચાલી રે, થઇ મતવાલી: કાનુડા૦ ટેક.
હું જાણું લોકડીયાં રે કાલાં, લોક કહે છે મુને કાલી રે. થઈ૦ ૧
જે ચાલે કાનુડાને કેડે, તેની ખેપ જાય ન કેદી ખાલી રે. થઈ૦ ૨
શીર જાતાં નટવર નહીં છોડું, ટેક અચળ ઉર ઝાલી રે. થઇ૦ ૩
બ્રહ્માનન્દના નાથ સંગાથે, લાગી છે રંગડાની તાળી રે. થઈ૦ ૪

પદ ૪

કાનુડા કેડે જાયે રે, શીદ લજાયે; કાનુડા૦ ટેક.
લાજ વિના લોકડીયાં તેથી, દુર્બળ થઈ ન દબાઇયે રે. શીદ૦ ૧
જગજીવનને ભજતાં વારે તો, નામ તેનું લઈ નાઈયે રે. શીદ૦ ૨
કહોને સારૂં શું થવાનું, લોકતણી મોટાઇયે રે. શીદ૦ ૩
બ્રહ્માનંદ કહે નિઃશંક થઈને, ગોવિન્દના ગુણ ગાઈયે રે. શીદ૦ ૪

રાગ કાફી—પદ ૧

ભજી લેને શ્યામળો સુખકારી રે, ભજી લેને શ્યામળો સુખકારી રે;
વાલો ભક્તવત્સળ ભયહારી રે. ભજી૦ ટેક.
માત પિતા નશ્ચે નહીં તારાં, નહીં તારાં સુત નારી રે. ભજી૦ ૧
મારૂં મારૂં કરી કરી મૂરખ, અક્કલ વેંચાઈ ગઇ તારી રે. ભજી૦ ૨
માલ મલક સર્વે મેલાવીને, લઈ જાશે જમ મારી રે. ભજી૦ ૩
બ્રહ્માનન્દ કહે મનુષ્યતણો દેહ, ન મળે વારમવારી રે. ભજી૦ ૪

પદ ૨

પ્રાણી શી ગતિ તારી થાશે રે, પ્રાણી શી ગતિ તારી થાશે રે;
જ્યારે જમના દૂત દેખાશે રે. પ્રાણી૦ ટેક.
કમણાં તો રસિયો વાલમ થઈ, રહે છે પરત્રિયા પાસે રે. પ્રાણી૦ ૧
સંતતણી સોબત તુંને ન ગમે, રીઝે જગત તમાસે રે. પ્રાણી૦ ૨

કોઇનું સુખ દેખીને દાઝે, એવો, મલિન તારો આશે રે. પ્રાણી૦ ૩
બ્રહ્માનંદ કહે જોઈ તન ગોરૂં, ધુલીશ માં એતો જશે રે. પ્રાણી૦ ૪

પદ ૩

મનુવા માનને કહ્યું મારૂં રે, મનુવા માનને કહ્યું મારૂં રે;
શાને તું બગાડે કામ તારૂં રે. મનુવા૦ ટેક.
નારાયણનું નામ તજીને, બોલે શીદને નઠારૂં રે. મનુવા૦ ૧
ધન દોલત ઉભી મેલીને, જાવું સાંજ સવારૂં રે. મનુવા૦ ૨
જોઈ વિચારીને પગલાં રે ભરજે, વાંસે જમનું છે લારૂં રે. મનુવા૦ ૩
બ્રહ્માનંદ કહે છત્રપતિ વંકા, ચાલ્યા જાય છે હજારૂં રે. મનુવા૦ ૪

પદ ૪

ગર્ભમાંહી શું કહીને તું આવ્યો રે, ગર્ભમાંહી શું કહીને તું આવ્યો રે;
પ્રાણી તે સંકટ વિસરાવ્યો રે. ગર્ભ૦ ટેક.
નીચું શીશ ચરણ તારા ઉંચા, દશ મહિના લટકાવ્યો રે. ગ..૦ ૧
બાર આવી રસિયો થઈ ડોલે, કામિનિયે ભૂલાવ્યો રે. ગર્ભ૦ ૨
સગાં કુટુંબી સહુ મળીને, મોટો કહીને બોલાવ્યો રે. ગર્ભ૦ ૩
બ્રહ્માનંદ કહે હરિ ભજ્યા વિના, એળે જન્મ ગમાવ્યો રે. ગર્ભ૦ ૪

રાગ કાફી—પદ ૧

મેલીને સર્વે એકલા જાવું જાવું રે; મેલીને૦ ટેક.
ઇન્દ્રિય પોષણ કાજ અજ્ઞાની, ચોર હરિનું નવ થાવું રે. મેલીને૦ ૧
જેવું ભાથું રે બાંધીને જાઇશ, તેવું તારે આગે પ્રાણી ખાવું રે. મેલીને૦ ૨
પાપ તજીને જપ જપ પ્રભુનો રે, વાત તારા હિતની બતાવું રે. મેલીને૦ ૩
બ્રહ્માનંદ કહે થા સુખિયો રે, લેને સાચા સંતનું બોલાવું રે. મેલીને૦ ૪

પદ ૨

શરણ ઘનશ્યામનું તું લેને લેને રે. શરણ૦ ટેક.
મુખથી આળ પંપાળ તજીને રે, કૃષ્ણ કૃષ્ણ નિત્ય કહેને રે. શરણ૦ ૧

મોહનલાલ મનોહર મેલીને, શીદને બાઝે છે જેને તેને રે. શરણ૦ ૨
નાત જાતમાંહી મોટો રે થાવા, ચડીશ માં માયા કેરે વેને રે. શરણ૦ ૩
બ્રહ્માનન્દ કહે ફેલ તજીને, રાધાવરનો તું થઈ રહેને રે. શરણ૦ ૪

પદ ૩

હાલી જો તારી જાય છે હેડી હેડી રે; હાલી૦ ટેક.
દમડી એક ન સાથે રે આવે, જોને આંખ હિયાની ઉઘેડી રે. હાલી૦ ૧
જમના દુત ગળે દઈ ફાંસી, તુરત લઈ જાશે તુંને તેડી રે. હાલી૦ ૨
પાર ઉતારવા રે સમર પ્રભુને, મહા દરિયામાં તારી બેડી રે. હાલી૦ ૩
બ્રહ્માનંદ કહે અધવચ જાવું, મેલીને મંદિર ગઢ મેડી રે. હાલી૦ ૪

પદ ૪

ઉમર તારી જાય છે ચાલી ચાલી રે; ઉમર૦ ટેક.
જેમ જેમ ઉમર ઓછી રે થાય, તેમ તેમ કીધી ત્રિયા વહાલી રે. ઉમર૦ ૧
જોર જુલમ કરી માયા રે જોડી, ખરચી નહીં ભૂમાં ખોદી ઘાલી રે. ઉમર૦ ૨
આવ્યો તો ત્યારે બાંધી રે મુઠી, જાતો તું જાઈશ હાથ ખાલી રે. ઉમર૦ ૩
બ્રહ્માનંદ કહે જન્મ બગાડ્યો, જમ લઈ જાશે ગળે ઝાલી રે. ઉમર૦ ૪

રાગ કાફી—પદ ૧

કામ તજ્યા તો કયા ભયા, મન દામ વસત મનમાંહે વે;
જગત જાળ ઉર અંતર સાચા, તબ લગ શરા નાહી વે. કામ૦ ૧
સુભગ સુહાત શીલ સુંદરતા, ભૂષણ બસન બનાવે વે;
તન પર સ્વેત કોટકી ચટકી, સબ ગુનકું હરી જાવે વે. કામ૦ ૨
નારી તજ બ્રહ્મચારી બનકે, લઘુ આહારી લક્ષ લીના વે;
મમતા ફાંસી મીટી નહીં મનકી, તબ લગી કછુ નહીં કીના વે. કામ૦ ૩
ત્રિવિધ નરક દ્વારહે તાકું, ગીતા પ્રગટ પોકારા વે;
કામ ક્રોધકું મૂવા જગાવે, એસા લોભ અટારા વે. કામ૦ ૪

ત્યાગી ભરત મૃગી સુરાગી, લાગી તાલી છુટી વે;
બ્રહ્માનંદ મોહ નર બાંધત, તાકી નેતાં ફુટી વે. કામ૦ ૫

પદ ૨

ધનકું ધુર ન સમજે જબ લગ, તબ લગ કૈસા ત્યાગી વે,
મેંહરિ તજી મોહકે મારે, લેહરિ લોભકી લાગી વે. ધન૦ ૧
કનક કામિની દોય કહાવે, જગમેં દીર્ઘ ફંદા વે,
એક તજ્યા પણ એક ન છુટત, તબ લગી કાચા બંદા વે. ધન૦ ૨
કાયકું કલેશ કરત હે કાયા, માયા મન અટકાંના વે,
મનવા ગઢકે બીચ મહાબલ, સ્થિરરૂ લોભકા થાના વે. ધન૦ ૩
પૈસાકી અતિ ઘટી નહીં પ્યાસા, મીટે ન આશા મનકી વે,
ભોજન છાજન કષ્ટ કરત હે, ક્યા તપસા કરી તનકી વે. ધન૦ ૪
બાહાર ત્યાગી અંતર રાગી, પ્રેમ નિમમાં પૂરા વે,
બ્રહ્માનંદ મીટેગી મમતા, તબ કાવેગા શૂરા વે. ધન૦ ૫

રાગ કાફી

મારૂં કહ્યું માનને પ્રાણી, મત પોતાની મ તાણ રે, મારૂ૦ ટેક.
ઉજડમાં તું શું ઉજાણો, વે'તી મેલી વાટ;
તેં તારૂં હાથે કરીને, દેખત વાળ્યો ડાટ રે પ્રાણી. મારૂ૦ ૧
સવળું કહેતાં અવળું સુઝે, જુવાનીને જોર;
છોગાં મેલીને નરકે ચાલ્યો, નાતીલાને નોર રે પ્રાણી. મારૂ૦ ૨
કામિની રૂપી અંધ કુવામાં, ધસવા કીધી ધાંખ;
કર દીપક લઇ કુદી પડિયો, હવે કહે કેનો શો વાંક રે પ્રાણી. મારૂ૦ ૩
ગોવિંદના ગુણથી ગયો ને, થઈ રહ્યો ત્રિયા દાસ;
મનનો મુગટ થઈ ફરે છે હવે, તારો શો વિસવાસ રે પ્રાણી. મારૂ૦ ૪
કેશ સમારે ને વેશ બનાવે, ચાલે નિરખત છાંય;
વિના પ્રયોજન જાહશ તણાણો, ભવસાગરની માંય રે પ્રાણી. મારૂ૦ ૫

આ તન રંગ પતંગનો પ્રાણી, જાતાં ન લાગે વાર;
બ્રહ્માનંદ કહે સુણને મુરખ, કહાં ન ભજે કરતાર રે પ્રાણી. મારૂ૦ ૬

રાગ કનડો.—પદ ૧

જયાકી પ્રભુ પદમેં નહિ પ્રીતિ, જયાકી૦ ટેક.
તો પિતુ ભ્રાત ગુરૂ સુત ભરતા, તજીએ કોટી શત્રુકી રીતિ. જયાકી૦ ૧
તાત તજ્યો પ્રહલાદ મહાબળ, હરિ પ્રતિકૂળ લખી અસુર અનીતિ;
અતિશય હિતકરી નિજજનની, કેકૈ ભરત વૈરીસમ કીતી. જયાકી૦ ૨
તજ્યો બંધુ નિજભક્ત વિભીષણ, લંકા નગરી કુટુંબ ભરીતી;
નિજપ્રતિ ત્યાગ કિયો વ્રજવનિતા, બલિ ગુરૂ ત્યાગો શંક ન લીતી. જયાકી૦ ૩
હરિ સંગ પ્રીત હોત જેહી કરીકે, દઢ ભકિત ભાવ સહીતી;
બ્રહ્માનંદસો સ । હમારો, સત્ય બાત અવિચળ કહી દીતી. જયાકી૦ ૪

પદ ૨

જે નર હરિ હરિજનકે દ્વેષી; જે૦ ટેક.
તેહી સંગ પ્રીત કીયે તે હત્યા, લાગત કોટી વિપ્રવધ જેસી. જે૦ ૧
અપને પ્રભુકી દેખી અધિકતા, અંતર જરત અંગીઠી વેશી;
તેહી પાપીકા વદન વિલોકત, ઉરમેં હોવત પાપ પ્રવેશી. જે૦ ૨
હરિસેં વિમુખ બંધુસો રાવન, ભગિની પુની શુર્પણખા તેસી;
માતા વિમુખ પુતના જાનો, મામો કુટુંબ કંસ અઘ કેસી. જે૦ ૩
નમન ઠમન બહુ ભાંતિ બોલાવે, બાહ્ય દેખાવત ભક્તકી દેશી;
બ્રહ્માનંદ કહે તેહી તજીયે, જાકે ભાવ નહીં લવ લેશી. જે૦ ૪

પદ ૩

નરનારાયણ જાહી ન પ્યારે; ન૦ ટેક
સો નર ખર શૂકર કુકુર સમ, જીવત પ્રેત જ્યુંહી તનુ ધારે. ન૦ ૧
ભય નિંદ્રા આહાર મૈથુન, સબ જીવનકે લાર લગારે;
નરતન અધિક ભજે જો પ્રભુપદ, નહીં તો કહે હે પશુ સમ સારે. ન૦ ૨

સુંદર રૂપ સુજાન સકલ ગુન, ઉત્તમ કુલ ઉત્પન્ન ધન ભારે;
જો ઉર ભક્તિ નહી પ્રભુજીકી, ઈંદ્રામન ફળ સમ કરવારે. ન० ૩
ક્રિયા કુલ સબ જગમેંહી કીર્તિ, અતિશય દૈવત દાન ઉદારે;
બ્રહ્માનંદ ભક્તિ વિન શોભિત, જેસે ભૂષન નાંક વિનારે. ન० ૪

પદ ૪

યું મીલ ચારૂ વેદ બતાવે; યું० ટેક.
શ્રીનારાયણ સરણકમળ બીન, કોઉ ન અવિચળ સ્થાન કહાવે. યું० ૧
જ્યાકે ચરન સરોજ નિરંતર, ભવ બ્રહ્માદિક ધ્યાન લગાવે;
મહામુક્ત સનકાદિક મુનિ, શેષ સહસ્ત્રમુખ નિશદિન ગાવે. યું० ૨
ચળસ્વભાવ તજી અચળા ભઇ, શ્રી પદમ કંજ તજી દૂર ન જાવે;
એહી વિન સુર નર અસુર ઈશ અજ, સબકું કાળ બ્યાલ ગ્રહી ખાવે. યું० ૩
સુંદર સુખ સંત ચિંતામની, કરૂણાદિ દરીયાવ કહાવે;
બ્રહ્માનંદ મુકુંદ ચરન બીન, કો નર સુખ સુપનેહુ ન પાવે. યું० ૪

રાગ કનડો. પદ ૧

રામ ભજે સો સબમેં ભલાહે, રામ ટેક
નહિ કુળ ઉંચ નીચકો કારણ, જ્યું જળ ઉરહી ગંગ મિલ્યાહે. રામ० ૧
સજના ઉસના કહા કુળ સુંદર, જાત કબીરા પ્રગટ જલ્યાહે;
ગોત કહા ઉત્તમ ગનકાકો, પરમ સોહાગન ભઈ પિંગલાહે. રામ० ૨
કહા કુળ ઉત્તમ સબરી કુબજા, ગજ ગીધનકી પ્રગટ વલાહે;
જાકું નહિ અધિકાર શ્રુતિકો, વ્રજવનિતા કિયે શ્યામ ગલાહે. રામ० ૩
બાલ પ્રહલાદ વિભીષણ આદી, કપિ હનુમંત સુગ્રીવ કલાહે;
એસેહી સબ સંતનકી જાતી, હોય હરિદાસહી આશ ટલા હે. રામ० ૪
સોઈ કુળ ઉંચ સરસ સબહીસે, પ્રભુ ચરનનસે ચિત્ત અચલાહે;
બ્રહ્માનંદ જાન ઉર અંતર, પકડ્યા હાથ શ્રીનાથ પલાહે. રામ० ૫

પદ ૨

રામ ભજે સો સબમે નીકો; રામ૦ ટેક
જગકી આશ પાસ પરહરકે, દઢ વિશ્વાસ ગ્રહ્યો હરિજીકો. રામ૦ ૧
કહા કુળ ઉંચ સરસ સબહીસે, રાજત છત્ર રાજ ભોમીકો;
શુચિ સમાન જાનસો કુળકું, જ્યા નાહી ગુણ જ્ઞાન હરીકો. રામ૦ ૨
અંતર આશ વાસ વિષયમેં, દાસ ભયો રહે દુભરીકો;
સો નરને સબ વંશ બગાર્યો, નાંહી સંભાર્યો નાથ ધરીકો. રામ૦ ૩
વિષે વિકાર અસાર વિસારકે, ગ્રહ સંસાર કીયો જીન ફીકો;
લગિન કર હરિપદ ચિત્ત લાયો, તીન પાયો ફળ દેહ ધરીકો. રામ૦ ૪
નિશ દિન પ્રભુપદ રટન નિરંતર, અંતર પીડત નાંહી અરીકો;
બ્રહ્માનંદ કહે સત્ય વાયક, સો લાયક નાયક સબહીકો. રામ૦ ૫

પદ ૩

રામ ભજે સો ધન્ય હરિજનકું; રામ૦ ટેક
રટન લગી એકતાર પ્રભુપદ, માર પકડ વશ કીનો મનકું. રામ૦ ૧
ધન્ય ધન્ય માત તાત તાહીકે, તેહી કુળ ધન્ય ધર્યો જેહી તનકું;
ધન્ય જેહી દેશ વેશકું ધન્ય હે, સાદશ સમજતહે ગ્રહ વનકું. રામ૦ ૨
હરિપદ પ્રીત જીત ઇન્દ્રિય સબ, વૃત્તિ જાકી ગઈ મેલ ત્રિગુનકું;
અપાર હિત વ્યાપ બ્રહ્મ અંતર, નહીં આરંભત પાપ રૂ પુન્યકું. રામ૦ ૩
સબ વિધ ક્ષેમ નેમ અંગ માવત, પ્રભુસે પ્રેમ અધિક પ્રતિદિનકું;
સાચી ટેક વિવેક સદોદીત, સમજત સાદશ પર આપનકું. રામ૦ ૪
અંતર સુર નુર સુખ ઉપર, ધુરસમાન જાનત તન ધનકું;
બ્રહ્માનંદ વૈરાગ્ય ત્યાગ બલ, કાકવિષ્ટ સુખ ચૌદ ભુવનકું. રામ૦ ૫

પદ ૪

રામ ભજે સો રામહી પ્યારા; રામ૦ ટેક
જાકો ચિત્ત લગ્યા હરિચરણે, સો સબમેં ઉત્તમ તત્વ સારા. રામ૦ ૧
બ્રાહ્મણ ક્ષત્રી વૈશ્ય શુદ્રાદી, ચાર વર્ણ આશ્રમ પુની ચારા;

તામહી હરિ ભજે સોઈ હરીકા, નહિ સ્ત્રી પુરૂષ જાતી નીરધારા. રામ૦ ૨
કહા ભયો જગ શ્રેષ્ટ કહાવત, અધિક ધનાઢય અધિક આચારા;
ચાર રૂપ અનુપ ચાતુરી, તાતે નહિ હરિ રીઝન હારા. રામ૦ ૩
બાહર બાના લોક દેખાવત, પેટ ભરનકા સબ ઉપચારા;
હરિ તો સબ જાને અંતરકી, નહિ રહવત વહી જનસે ન્યારા. રામ૦ ૪
ભક્તિવશ ભગવાન નિરંતર, એસે કહે નિગમ પોકારા;
બ્રહ્માનંદ ચોગાન પડી હે, જો મારત તાકી તરવારા. રામ૦ ૫

રાગ અડાણો. પદ ૧

કુંન સગો નર ગાફલ તેરો, શ્રી ઘનશ્યામ વિના જગમાંહી; કુંન૦ ટેક.
જનિની જનક નારી સુત બંધુ, ભીર પરે નહિ હોત સહાઈ. કુંન૦ ૧
કાળ કરાળ વદનતે રાખત, જઠર ઝાળતેં લેત બચાઈ. કુંન૦ ૨
બ્રહ્માનંદ તાહી પદ તજકે, કયું રાખત હે આશ પરાઈ. કુંન૦ ૩

પદ ૨

શ્રી ઘનશ્યામ ચરન પંકજ તજી, કયું જગકેર ભ્રમતમન ભૃંગા; શ્રી૦ ટેક.
વારમવાર નીવારત હું તોય, ચિતત વિષય વિકાર પ્રસંગા. શ્રી૦ ૧
શોક મોહ જુત જુક્ત બગીચા, પ્રફુલિત વિષય ફુલ પચરંગા. શ્રી૦ ૨
બ્રહ્માનંદ ત્યાગ મન વન યહ, રહ હરિ ચરનસરોજકે સંગા. શ્રી૦ ૩

પદ ૩

હે મન મૂઢ કહા કહું તોકું હરિપદ ત્યાગી વિષય દિશ જાવે. હે૦ ટેક.
તું નહિ માનત રંચ શીખામન, અમૃત છાંડી જહર નિત્ય ખાવે. હે૦ ૧
અનંત કાળ ભટકયો ભવમાંહી, અજ હુ પુની તોય લાજ ન આવે. હે૦ ૨
બ્રહ્માનંદ કહતહે મનવા, ગોવિંદકે ગુન કયું નહિં ગાવે. હે૦ ૩

પદ ૪

પ્રાણનાથ સમરણ કર પ્રાણી, જેહી સુંદર મનુષા તન દીનો; પ્રા૦ ટેક.
પ્રાણ ભરન પોષણ એહી કરત હે, એહી હરિ ત્રાણ ગર્ભમે કીનો. પ્રા૦ ૧

ધર્મનંદન ભવફંદ મિટાવન. આનંદકંદ જન્મ જગ લીનો. પ્રા૦ ૨
બ્રહ્માનંદ તેહી ન પીછાને તો, નરતનુ સબ તેનુંતે હીનો. પ્રા૦ ૩

બિહાગડો. પદ ૧

ભજ મન નવલ નંદકિશોર; ભજ૦ ટેક.
સ્યામસું કર આશકી, એક નેહ જગસે તોર. ભજ૦ ૧
પેટ કારણુ પાપ કીને, ભયા હરિકા ચોર;
ક્યું એસા તોલ ન કરે, જાઉંગા કુંન ઠોર. ભજ૦ ૨
દુર્ગ મંદિર માલિયા, ધન ધરે લાખ કરોર;
ચલન વેરીયાં સાથ દેવે, હાથ હાંડી ફોર. ભજ૦ ૩
અજબ બાંધત પાગ ટેડી, ચલત ચાલ મરોર;
બ્રહ્માનંદકે કાલ ઠાડા, લેત સંજશા ભોર. ભજ૦ ૪

પદ ૨

કર મન પ્રગટ હરિપદ પ્રીત; કર૦ ટેક.
કુમતિ પરહર શીખ ઉર ધર, સમજ સુલટી રીત. કર૦ ૧
વિષય કારન વિકળ નિશદીન, ફિરત હોત ફજિત;
સુભગ નરતન પાયકે, શિરભાર ઉલટા લિત. કર૦ ૨
આયાતા કયા કારનકું, કયા કરતહે તું ઇત;
જરા પોહોંચી ભયો જિરન, ગઇ આયુષ વીત. કર૦ ૩
સંતજનકો સંગ ન કરત, ચહત ધન ત્રીય ચીત;
બ્રહ્માનંદ કહે અમૃત તજકે, જહર ભર કયું પીત. કર૦ ૪

પદ ૩

કર મન પ્રગટ હરિપદ નેહ; કર૦ ટેક.
ભાવ જુત ગોવિંદ ભજી લે, જન્મકો ફળ એહ. કર૦ ૧
વિષમ ભવજળ વારીધી, નહિ આત કબહુ છેહ;
કર્મકાગદ નાવ કરકે, તરત કિસવિધ તેહ. કર૦ ૨

સાજબાજ રૂ સાયબી સુખ, દાર સુત ધન દેહ;
કઠિન વિષમિત કાળ કરકે, સબે હોયગે ખેહ. કર૦ ૩
ભરતખંડમેં મનુષકો તન, મીલત નહિ પુનિ જેહ;
બ્રહ્માનંદ કહે લાજ તજકે, કાજ નિજ કર લેહ. કર૦ ૪

પદ ૪

મન તું સમર સરજન હાર; મન૦ ટેક.
સંતહુકે સંગ કરકે, સમજ સાર અસાર. મન૦ ૧
મહાસુંદર મનુષતનું, નહિ મીલત વારમવાર;
ચોટ શીરપર કાલકી હે, મોટ મમતા ડાર. મન૦ ૨
માત પિત અરૂ ભ્રાત મેહરી, પુત્ર જુત પરિવાર;
કર્મ કરી તહિ તાહીકે, તેં લેત કયું શિર ભાર. મન૦ ૩
પ્રગટ હરિકા ધ્યાન ધરે જો, ફીરન નરતન ધાર;
બ્રહ્માનંદ ચઢ નામ નૌકા, ઉતર પર લે પાર. મન૦ ૪

બીહાગડો—પદ ૧

ભજ મન દ્વારિકા અધિરાજ; ભજ૦ ટેક.
હરત ખળ જગ કરત મંગળ, ધરત તનુ જન કાજ. ભજ૦ ૧
બુડતે જળ કરિકિં હરી, ધરી શ્રવન અવાજ;
દુષ્ટ મંડળ માંઇ રાખી, દ્રૌપદીકી લાજ. ભજ૦ ૨
ઋષિવર દુરવાસ વનમેંહી, આયે સહિત સમાજ;
પાત જીમી કરે ત્રપત, ત્રિભુવન ગયે દ્વિજ તબ ભાજ. ભજ૦ ૩
અકળ ભવજળ ઉપરે, જેહી પ્રસિદ્ધ બાંધી પાજ;
કહત બ્રહ્માનંદ જાકો, બરદ ગરીબ નવાજ. ભજ૦ ૪

પદ ૨

ભજ મન કૃષ્ણ પરમ દયાળ; ભજ૦ ટેક.
જુધમેંહી ગજ ઘટકે, તલ રખે કરરી બાલ. ભજ૦ ૧

દુષ્ટ કીનો લાખકો ગ્રહ, વિક અતિ વીકરાળ;
જલત પાંડવ કાઢી લીને છબી નહીં તન ઝાળ. ભજ૦ ૨
સહી સમૃથ આપ શ્રીહરી, દુષ્ટકી સો ગાળ;
મસક જ્યું તતકાળ માર્યો, પલકમેંહી શીશુપાલ. ભજ૦ ૩
નામ જાકો રટત નીકે, મિટત જગ જંજાળ;
કહત બ્રહ્માનંદ જાકું, નીરખ હોત નીહાલ. ભજ૦ ૪

પદ ૩

ભજ મને રૂકિમણી ભરથાર; ભજ૦ ટેક.
ધરત જાકો ધ્યાન છન મહી, કરત ભવજળ પાર. ભજ૦ ૧
ભક્તવત્સળ સ્યામ સુંદર, અખિલ જગ કીરતાર;
આગમ મહિમા નેતી નેતી, નિગમ કહત પોકાર. ભજ૦ ૨
જરાસંધ મદાંધ જેહી, દીયા છનમે હી માર;
બંધતે છોડાય લીને, નૃપતિ વીસ હજાર. ભજ૦ ૩
બરદ અવિચળ સદા શોભે, દાસ દોષ નીવાર;
કહત બ્રહ્માનંદ અગનીત, ઉધરે નર નાર. ભજ૦ ૪

પદ ૪

ભજ મન દ્વારીકાપતિ દેવ; ભજ૦ ટેક.
શિવાદિક મન અખંડ ચાહે, ચરન રજકી સેવ. ભજ૦ ૧
અધમ જન ઉધારવેકી, ટરત નહી મન ટેવ;
નિગમ જાકું અગમ ગાવત, કો લહત ન ભેવ. ભજ૦ ૨
ગયંદ કારન ગરૂડ તજકે, પહુંચ ગયે તતખેવ;
સુદામાકે પાય તાંદુલ, કનકમહેલ કરેવ. ભજ૦ ૩
ચક્ર ધરકે હર્યો છન મહી, અસુર કુલ અહંમેવ;
કહત બ્રહ્માનંદ જુધમે, રખ્યો પન ગંગેવ. ભજ૦ ૪

રાગ ખમાચ. પદ ૧

નરનારાયણ ગાવો રે, અવસર ન મળે આવો; નર૦ ટેક.
અમૃત કેરાં મૂળ ઉખેડીને, ઝેર શીદ બીજ વાવો રે. અ૦ ૧
માલ વિલાયત મંદિર મેડી, મેલી એકલાં જાવો રે. અ૦ ૨
મુરખ નર નિશદિન તારે માથે, થાય છે કર્મ ભરાવો રે. અ૦ ૩
બ્રહ્માનંદ કહે હરિ ભજી લે, પછી થાશે જો પસ્તાવો રે. અ૦ ૪

પદ ૨

ભજતો નથી ગિરિધારી રે, શી ગતિ થાશે તારી, ભ૦ ટેક.
ગરભ વાસ ઉંધે મુખ ઝુલ્યો, તે દુઃખ મેલ્યું તેં વિસારી રે. શી૦ ૧
જઠર અગ્નિથી જતન કરીને, લીધો તુજને ઉગારી રે. શી૦ ૨
હરિજનની હાંસી કરી હરખે, નીરખે છે પર નારી રે. શી૦ ૩
બ્રહ્માનંદ કહે જમપુરીમાં, થાશે ફજેતી ભારી રે. શી૦ ૪

પદ ૩

અરથ સાધી લે તારો રે, અવસર આવ્યો સારો, અ૦ ટેક.
તતપર કાળ ખડો શિર ઉપર, લેશે સાંજ સવારો રે. અ૦ ૧
ચાર દિવસના જીવત માટે, શાને થાય છે અકારો રે. અ૦ ૨
મનુષ્યતણો અવતાર અમુલક, ઉતરવાનો આરો રે. અ૦ ૩
બ્રહ્માનંદ કહે ગુરૂચરણે, છોડ કર્મ કેરો ભારો રે. અ૦ ૪

પદ ૪

શ્યામ સુંદર સુખદાઇ રે, હરિ ભજી લેને ભાઇ. શ્યા૦ ટેક.
કોઇ ન આવે તારે કેડે, સર્વે જુઠ સગાઇ રે. હ૦ ૧
સ્વપના જેવા સુખને કાજે, થાય છે શીદ અન્યાઈ રે. હ૦ ૨
ભરત ખંડમાં નરતન પામિ, કરી લે સુકૃત કમાઇ રે. હ૦ ૩
બ્રહ્માનંદ કહે હરિગુણ ગાઇશ, તો પામીશ મોટાઇ રે. હ૦ ૪

રાગ ખમાચ પદ ૧

હરિ ભજી લેને તું પ્રાણી રે, હરિ ભજી લેને તું પ્રાણી;
પ્રાણી રે અંતર માંહે મત આણી. હરિ૦ ટેક.
હરિ ભજ્યા વિના જીવ અજ્ઞાનિ, ભટકિસ ચારૂ ખાણી રે. હરિ૦ ૧
બાલપણુ રમત વશ ડોલ્યો, જેમ તેમ બોલ્યો મુખ વાણી રે. હરિ૦ ૨
જુવાનિમાં જંજાળ વધાર્યો, કંઠ ત્રિયા લપટાણી રે. હરિ૦ ૩
બ્રહ્માનંદ કહે વૃદ્ધપણામાં, સર્વે અકલ વેચાણી રે. હરિ૦ ૪

પદ ૨

ભજી લે ગિરિવર ધારી રે, ભજી લે ગિરિવર ધારી;
ધારી રે કુબુદ્ધિ કામ વિસારી. ભજી૦ ટેક.
મહા અમુલખ નરતન પામી, શીખ્યો વાત નઠારી રે. ભજી૦ ૧
મમતામાં હું હું કરી મૂરખ, જાઇશ મનખો હારી રે. ભજી૦ ૨
કોઇને ઘેર દોલત ધન દેખી, છાતી બળે છે શીદ તારી રે. ભજી૦ ૩
બ્રહ્માનંદ કહે નહીં રહેવાનું, અંતર જોને વિચારી રે. ભજી૦ ૪

પદ ૩

શિખામણુ માની લેને રે, શિખામણ માની લેને;
લેને રે નરનારાયણુ કહેને. શિ૦ ટેક.
જતન કરી જઠરાગ્નિથી ઉગાર્યો, તું કેમ ભૂલ્યો પ્રાણી તેને રે. શિ૦ ૧
સગાં સંબંધિ સુત ને દારા, વાલાં કીધાં તેં એને રે. શિ૦ ૨
નાત જાતમાં મોટો થાવા, ચઢીયો ઠાલે વેનેરે રે. શિ૦ ૩
બ્રહ્માનંદ કહે જો હોયે તારે, દયા આણીને અન્ન દેને રે. શિ૦ ૪

પદ ૪

નરનારાયણુ સેવો રે. નરનારાયણુ સેવો;
સેવો રે મનખો સુફળ કરી લેવો. ન૦ ટેક.
નરનારાયણુ ભજતાં પામીશ, મહા અમુલખ મેવો રે. ન૦ ૧
શ્વાન શુકરનો જન્મ મટાડી, કીધો પોતા જેવો રે. ન૦ ૨

નવલ છબી નૌતમ ઉર ધારી, તન ધન તુચ્છ કરી દેવો રે. ન૦ ૩
બ્રહ્માનંદ કહે આળસ તજી દે, અવસર નહિ મળે એવો રે. ન૦ ૪

રાગ સોરઠ. પદ ૧

મન મોહ ટળે રામ મળે, નિર્મળ હરિજનના સંગથી;
ઉર ગ્રંથી ગળે, અવિદ્યાનાં આવ્રણ સર્વ નાસે અંગથી. ટેક.
નિત્ય સંત સભામહીં રામ રટે, સુનતે વિષ વ્યાધિ ઉપાધી ઘટે;
મન શુદ્ધ હોયે અહંભાવ મટે. મ૦ ૧
જે સંતસભા મહીં ચલી આવે, તેનો જીવપણો તતક્ષણ જાવે;
તે બ્રહ્મરૂપ થઇને પરબ્રહ્મ ગાવે. મ૦ ૨
દુબધા દીલ માયા પાસ દહે, નિત્ય સંતસભા મહીં રામ રહે;
એમ વેદ પુરાણ કુરાન કહે. મ૦ ૩
જેને ગ્રંથી ત્રણ જડ મૂળ ગઇ, સત્ય પદમાં કીધો વાસ સઈ;
બ્રહ્માનંદ તેની શરણ લઈ. મ૦ ૪

પદ ૨

સતસંગ વિના, જનમ મરણ બ્રહ્મ જાળ મટે નહીં જંતને;
મન માન તજી તે માટે, શરણે જાય રૈયે સંતને. ટેક.
જો અડસઠ તીરથ ફરી આવે, નિત્ય નિગમ વિધિ કરી કરી નાવે;
કેદી જીવપણું તેનું નવ જાવે. સ૦ ૧
જો ઇંગલા પીંગલાની ખબર જડે, કરી આગ્રહ તેને કેડ પડે;
તેણે ચિત્તને બમણો ફેર ચડે. સ૦ ૨
કોઈ વાસ કરે જાઇને કાશી, કોઇ અન્ન ખાય રહે અપવાસી;
એ મનની છે સરવે હાંસી. સ૦ ૩
જો ફીરતાં સંતસમાજ મળે, તો સુખે મનની ભ્રાંતિ ટળે;
કહે બ્રહ્માનંદ સંતમાંહી ભળે. સ૦ ૪

પદ ૩

ભવસાગર મહીં, શરણુ ચરણ અવિનાશી સાચા સંતનો;
શ્રુતિ સ્મૃતિ સાખ હરિ હરિજનનાં, પ્રાણુ વચન ભગવંતનો. ટેક.
જેમ જળ તરંગ નહીં ભેદ જદા, તેમ તેજ અગ્નિ નહીં ભિન્ન તદા;
એમ હરિ હરિજન એક સદા. ભ૦ ૧
જેમ ભટ ભમરીને સંગ કરી, ગતિ એળ તજીને થઇ ભમરી;
એમ હરિગુરૂ ધ્યાને પામે હરિ. ભ૦ ૨
જેમ કેર ખેર વન વૃક્ષ કયાં, તે ચંદન વાંસે ચંદન થયાં;
તેનાં નામ રૂપ ગુણુ ભેદ ગયાં. ભ૦ ૩
શ્રીમુખ કહ્યું મહાતમ સંતતણું, અશ્વમેધ જગ્નથી અનંતપણું;
કહે બ્રહ્માનન્દ શું કહું ઘણું. ભ૦ ૪

પદ ૪

હે જડબુદ્ધિ જીવ, પ્રભુપદને ઇચ્છે તો કર સંતનું પારખું;
રંગ પીતપણે સોનું ને, પીતળ ન હોયે એક સરખું. ટેક.
હોય સંત અનંત ફીરે જગમેં, રહે દામ ચામ જેની દગમેં;
તું ભૂલીશ માં ધોળે ભગમેં. હે૦ ૧
અંગ ભસ્મ લસે શિર જૂટ જટા, ગળે માળ તિલક તન ચટાપટા;
મહી કામ ક્રોધ મદ મોહ થટા. હે૦ ૨
જે મૈથુન અષ્ટ પ્રકાર તજે, નિત્ય સારાસાર મરમ સમજે;
ભજ તેને જે હરિ પ્રગટ ભજે. હે૦ ૩
જેને કામ ક્રોદ મધ મોહ નઇ, જેની વૃત્તિ બ્રહ્માકાર થઇ;
કહે બ્રહ્માનન્દ સો સંત સઇ. હે૦ ૪

રાગ ભૈરવી પદ ૧

હો મન, શીખ શ્રવન ધર મેરી. હો૦ ટેક.
ગોરે તનકો ગર્વ ન કીજે, છીનમેંહી હોવત ખાખકી ઢેરી. હો૦ ૧

ફુલ્યા ફીરત હરત પરધન ત્રિય, શિરપર બાંધત પાઘ સોનેરી. હો૦ ૨
આય અચાનક કાળ પકરહી, જ્યું મુસેકું સાપ ગ્રસેરી. હો૦ ૩
બ્રહ્માનન્દ અંત શ્રીહરિ વિન, કુન સહાય કરેગો તેરી. હો૦ ૪

પદ ૨

હે મન મુઢ લાજ નહિ આવે; હે૦ ટેક.
રસમૂર્તિ ઘનસ્યામ વિસારીકે, કાહેકું આયુષ વૃથા ગુમાવે. હે૦ ૧
ગયંદ પીઠ અસવારી તજકે, સ્વાનહી ખર ચઢી મકુલાવે. હે૦ ૨
અમૃતરૂપ છાંડી અવિનાશી, વિષય વિકાર ઝહર કયું ખાવે. હે૦ ૩
બ્રહ્માનન્દ કહત હે મનવા, યહ અવસર ફીર ફીર નહીં પાવે. હે૦ ૪

પદ ૩

હે મન મુઢ શીખ ઉર ધર લે. હે૦ ટેક.
નવરા બેઠી બીરાની નિંદા બુજે, બીન બકબક કયું બરલે. હે૦ ૧
હરિચરિત્ર અમૃત ઉદધિતે, તું તેરે વાસનકું ભરલે. હે૦ ૨
કુબુદ્ધિ કુડ કુટીલતા તજકે, સંત મહંત ચરન અનુસરલે. હે૦ ૩
બ્રહ્માનન્દ સર્વ પરીહરકે, પ્રભુપદ સમજ પ્રીત દ્રઢ કરલે. હે૦ ૪

પદ ૪

હે મન નિર્લજ લાજ ન તેરે. હે૦ ટેક.
ખળ મંડળમેં ખુશીવે રહતહે, નહિં આવત સંતનકે નેરે. હે૦ ૧
બોલત જ્યું ત્યું લેત બુરાઈ, હરિ તજી પરધન પરત્રીય હેરે. હે૦ ૨
કર્મકા ભાર કંધલે ડોલત, અંધ ભયા મદ માયા કેરે હે૦ ૩
બ્રહ્માનન્દ કહત ધીક તોકું, ભુલતહે શઠ ફેરે ફેરે. હે૦ ૪

રાગ જંગલો.—પદ ૧

હાંજી ભલા જોગી હરીસેં જોગ, જબવે ભોગ તજકે સોઇ જોગી. ટેક.
જોગી વાંકું જાનીયે, જાકા હરીસેં જોગ;
રહે નિરંતર રામમે, અંતર સદા અરોગ. જ૦ ૧

પકડ કરે વશ પંચકુ, ચલે ન મનકે સંગ;
નેજા રોપે નામકા, અનભે અચળ અભંગ. જા૦ ૨
પ્રેમરતા સમતા પ્રબળ, જ્ઞાનરત ગંભીર;
ચિત્ત નિરમળ વિરાગતા, ચિત્ત ધરતા ધ્યાન સુધીર. જા૦ ૩
લાગી સુરતી લાલસે, મતિ જાગી મજબુત;
શ્રીરંગ બડ ભાગી સોઇ, ધન ત્યાગી અબધુત. જા૦ ૪

પદ ૨

હાંજી ભલા સુનના સંત, સુજાન રીત અતિ તનકી. ટેક.
કહની જેસી કહત હે, રહાવે તેસી રીત;
વચન પ્રમાણે વરતનાં, અલમસ્તાન અતીત. રી૦ ૧
દેશ પ્રદેશમેં ડોલના, મમતા તનકી મેલ;
એહી મત અબધુતકા, શિર સાટેકા ખેલ. રી૦ ૨
લેહરી લગે નહી લોભકી, મેરી સબહી માત;
અવગુણ પરહરે અંગકા, ગુણ સદ્દગુરૂકા ગાત. રી૦ ૩
આપ સમાવે આપમેં, તાપ ગમાવે તીન;
શ્રીરંગ સો નિર્વિધનહે, લગન મગન લે લીન. રી૦ ૪

પદ ૩

હાંજી ભલા ફીરના ફકત ફકીર, દેશ પ્રદેશમાં સોઇ ફીરનાં. ટેક.
એક ગુરૂકા આશરા, એક ગુરૂકી આશ;
તિનસે રાજી રહીયે, ઓરનસે ઉદાસ. દે૦ ૧
નિસપેહી નિસકામી, નીરલોભી નીરસ્વાદ;
નીરમાની નિત્ય રહે, જતન સહિત મરજાદ. દે૦ ૨
રાજી રહીયે રામસેં, દામ વામસેં દૂર;
પિયા પીયાલા પ્રેમકા, મતવાલા મગરૂર. દે૦ ૩
સોઈ ફકત ફકીર હે, શબ્દ સુનેસે સુર;
શ્રીરંગ એક આંનસોં, સદગુરૂકે ઉ દેશ. દે૦ ૪

પદ ૪

હાંજી વૈરાગી સોઈ રે સુજાન, જગ અનુરાગ તજે સો વૈરાગી. ટેક.
રાગ દ્વેષસે રહિત હે, સો સાચા વૈરાગ;
લોકલાજ કુલ આદ્ય દે, તન મન ધનકા ત્યાગ. જ૦ ૧
કામ ક્રોધ મદ લોભકા, ઉઠત નહી અંકુર;
રૂઠા સબ જગસેં રહે, હરીસેં રહે હજુર. જ૦ ૨
નારી જાને નાગની, સબ ધન ધૂર સમાન;
મનસંકલ્પ મિથ્યા કીયા, લીયા પંથ નિરવાન. જ૦ ૩
ઉરમી ભાગી અંતરે, લાગી સેજ સમાધ;
શ્રીરંગ સોઈ સંતહે, જાકા મત અગાધ. જ૦ ૪

રાગ જંગલો પદ ૧

હાંજી ભલા શૂરા જગમાં સંત, મન બલવંત જીતે સોઇ શૂરા. ટેક.
શૂરા જગમે સંતહે, ઓર સબ લાજ મજુર;
મનકા કૃત માને નહી, ધન તન જાનત ધુર. મ૦ ૧
મન જીતે સો મરદ હે, તજે નરદસે નેહ;
પેહરે જરદ અંગ પ્રેમકા, દેખે ગરદ સમ દેહ. મ૦ ૨
ધુમ પડે જબ બાહરે, સબ દોડે સંસાર;
કયા પક્કા પારખા, જબ નીકસે તરવાર. મ૦ ૩
એક હરિસેં આસક્ત હે, નહી જક્ત ઉર માંય;
બ્રહ્માનન્દ ગુરૂ વાયકપર, ટુક ટુક ઉડ જાય. મ૦ ૪

પદ ૨

હાંજી મતવાલા સોઇ મગરૂર, રન બીચ શિશ લડે સો મતવાલા, ટેક.
શબ્દ ગુરૂ સિંધુ સુણી, હોય મન અધિક ઉલ્લાસ,
ચડત રંગ અતિ ચોગણા, અંગ સંગકી તજી આસ ર૦ ૧

બાવન બાહેર ઝુઝના, ઝુઝના આઠું જામ;
મતવાલેકા મામલા, નહી કાયરકા કામ. ૨૦ ૨
ગ્રહ્યા ખડગ ગુરૂ જ્ઞાનકા, રહ્યા અડગ પગ રોપ;
સજ બખતર અંગ શીલકા, ત્રિગુણ રહિત શીર ટોપ. ૨૦ ૩
પરહરી આશા પીંડકી, સકળ બ્રહ્માંડ સમેત;
મારી વિખડે મોહકું, નહી છોડે રણ ખેત. ૨૦ ૪
મંડયા રહે મન મોરચે, હીંમત હુકમ હજુર;
બ્રહ્માનન્દ બેહદમેં, જઈ પહોંચ્યા સો શૂર. ૨૦ ૫

પદ ૩

હાંજી ભલા સાચા અસલ અતીત, ત્રિગુણાતીત રહે સોઇ સાચા. ટેક.
ભગવા રંગે ભાવકા, રટન ગુરૂરુદ્રાખ;
ચોળે ચિત્ત લગાયકે, ખુબ ફકીરી ખાખ. ત્રિ૦ ૧
પાસે કુંડી પ્રેમકી, સત્ય ગુઠા તતસાર;
વિજયા બૃહદ્ વૈરાગ્યકી, પીવત કરકર પ્યાર. ત્રિ૦ ૨
એક કૃષ્ણસું આમના, મઠ ગગનકે માંય;
આસન વચન એકાંતકા, ધુણી ધ્યાન લગાય. ત્રિ૦ ૩
ઝોળી પત રજતકા, પ્રગટ દત્તકા પૂત;
ઈંદ્રી અંતઃકરણકું, ધુતે સો અબધુત. ત્રિ૦ ૪
માયા તજે સો મહાપુરૂષ, મન જીતે સો મહંત;
આપ મેલે અલખમેં, વચન ગુરુ વરતંત. ત્રિ૦ ૫
ફક્ત નહાવા લે ફરે, આ તનકી તજે આસ;
બ્રહ્માનંદ કહ્યા વેદમે, સો સાચા સંન્યાસ. ત્રિ૦ ૬

પદ ૪

હાંજી બ્રહ્મ ચીના કીના વિવેક, બ્રાહ્મણ સોઇ ખરા હો બ્રહ્મચીના. ટેક.
બ્રાહ્મણ તાકું જાનીયે, શમ દમ શીલ સંતોષ;
જગ સાચા માને નહી, જાનત જીવન મોક્ષ. બ્રા૦ ૧

આ તન પ્રાણ અંન આત્મા, ધરે ન આત્મ ભાવ;
પરસ કરે પંચકા, સરસ રહે એક ચાવ. બ્રા૦ ૨
સુશુદ્ધિકા ચોકા કરે, નહાવે જ્ઞાનકા નીર;
મોદક જમે સો બોધકા, ત્રિવેણીકે તીર. બ્રા૦ ૩
સબ ઘટ અંતર એકતા, બાહ્યત્રય શુભ વિચાર;
બ્રહ્માનંદસો બ્રાહ્મણ ખરા, જાકે હૃદે નહી ધન નાર. બ્રા૦ ૪

રાગ જંગલો–પદ ૧

માયા કૈસે તજી નહિ જાવે, માયા૦ ટેક.
ભટ પંડિત ધન કારન ભટકત, લોકનકું સમઝાવે. માયા૦ ૧
પરમારથકો મિષ લે પાપની, ઘર ઘર ભીખ મંગાવે. માયા૦ ૨
કનક કામિની ત્યાગ કરે તો, માન ઇરષા લાવે. માયા૦ ૩
બ્રહ્માનંદ પ્રગટ હરિ સેવે, તાકે ઢિગ નહી આવે. માયા૦ ૪

પદ ૨

માયા કૈસે જાત ન મેલી; માયા૦ ટેક.
ઘરકું તજી મઠ દ્વારા બાંધે, ધારત ચેલા ચેલી. માયા૦ ૧
જોગી કે પીછે જોગની હોય, ખાખ લગાય કે ખેલી. માયા૦ ૨
તપસીકું તજી દુર ન જાવે, ક્રોધરૂપ રહે ભેલી. માયા૦ ૩
બ્રહ્માનંદ પ્રભુ પ્રગટ ઉપાસી, તિન યાકું નહિ ઝેલી. માયા૦ ૪

પદ ૩

માયા અજબ બડી ધુતારી; માયા૦ ટેક.
માત પિતા સુત જુવતિ રૂપે, સબ ધુતે સંસારી. માયા૦ ૧
જટા ભસ્મ અરૂ કેશ લુંચ કરી, ધુતે ભેખન ધારી. માયા૦ ૨
કોકું ઉંધે શીશ ઝુલાવત, પૂજત નર અરૂ નારી. માયા૦ ૩
બ્રહ્માનંદ હરિ પ્રગટ ભજનરત, તાતે રહી હે હારી. માયા૦ ૪

પદ ૪

માયા કો વિધિ જાત ન જાની. માયા૦ ટેક.
પંડિત હોય કે લોક પ્રબોધે, જ્ઞાન કથે હોય જ્ઞાની. માયા૦ ૧
ખાખ લગાય આય કે પનઘટ, ધ્યાન કરે હોય ધ્યાની. માયા૦ ૨
દુધ પીયે નાગો હોય ડોલત, અંતર અતિ અભિમાની. માયા૦ ૩
બ્રહ્માનંદ હરિ ભજન પ્રતાપે, સાધુજન પહેછાની. માયા૦ ૪

રાગ જંગલો. પદ ૧

જગમેં મત કીજો અભિમાન. જગમેં૦ ટેક.
પેટ અર્થ કો પાપ ન કીજે, દો દિનકે મીજમાન. જગમેં૦ ૧
આજત શિરપર કાલ દદામાં, સુનતા નહી અજાન. જગમેં૦ ૨
પળ છન ઘડી પ્રહર દિન કરકે, લેતહે આયુષ તાન. જગમેં૦ ૩
બ્રહ્માનંદ કહતહે સાચી, ધરી લીજો નિજ કાન. જગમેં૦ ૪

પદ ૨

અપના યા જગમેં નહી કોય. અપના૦ ટેક.
મેં હરિ પૂત જનક અરૂ જનની, સબહી રહેગે રોય. અપના૦ ૧
દેશ વિલાયત હયગય છનમે, સબહી બરાને હોય. અપના૦ ૨
દેવનકું દુરલભ યા નરતન, કયું નાખત હે ખોય. અપના૦ ૩
બ્રહ્માનંદ કહત તેરે હિતકી, અંતર દ્રગ કરી જોય. અપના૦ ૪

પદ ૩

મનુવા સમજ સયાને કાગ. મનુવા૦ ટેક.
વ્રજજીવન ઘનશ્યામ વિસારી, રહારી વિષયમેં લાગ. મનુવા૦ ૧
ધરત શ્રવન નહી વાત ધરમકી, પાપ કરન અનુરાગ. મનુવા૦ ૨
સંત પુરૂષકી સોબત કરકે, પરત્રિય પરધન ત્યાગ. મનુવા૦ ૩
બ્રહ્માનંદ કહે દુરમતિ તજકે, હો જા નર બડભાગ. મનુવા૦ ૪

પદ ૪

મનુવા સમજ સયાને ધૂર. મનુવા૦ ટેક.
પરધન પરત્રિય હરન પ્રવીના, વિષયનમેં ભરપૂર. મનુવા૦ ૧
પરમારથકી વાત ન પ્રીછત, અનરથમેં અતિ શૂર. મનુવા૦ ૨
દયા ધરમકો લેશ નહિ ઉર, કપટી કુટિલ કરુર. મનુવા૦ ૩
બ્રહ્માનંદ કહે હરિ ન ભજ્યા નર, પરીરી અકલમેં ધૂર. મનુવા૦ ૪

રાગ ધોળ—પદ ૧

દાટયો રહેને ચોર દૈવના, શું મુખ લઇને બોલેજી;
સ્વારથ કારણ શ્વાનતણી પેર, ઘર ઘર ફરતો ડોલેજી. ૧
આતમસાધન કાંઈ ન કીધું, માયામાં ભરમાણોજી;
લોક કુટુંબની લાજે લાગ્યો, સઘળેથી લુંટાણોજી. ૨
પિંડને અરથે પાપ કરંતાં, પાછું ફરી ન જોયુંજી;
કોડી બદલે ગાફલ કુબુદ્ધિ, રામરતન ધન ખોયુંજી. ૩
વિષય વિકાર હીયામાં ધાર્યા, વિસાર્યા મુરારીજી;
મૂરખ તેં આમે દશ મહીના, જનિની ભારે મારીજી. ૪
સંત પુરૂષની સોબત ન ગમે, ભાંડ ભવાઇમાં રાજીજી;
બ્રહ્માનંદ કહે નરતન પામી, હાર્યો જીતી બાજીજી. ૫

પદ ૨

પ્રભુ ભજ્યા વિના ગાફલ પ્રાણી, આમેં ઉમર ખોઇજી;
મેડી મંદિર માલ ખજાના, કામ ન આવે કોઈજી.
માયા માયા કરતો મૂરખ, તૃષ્ણામાંહી તણાણોજી;
લોકતણી લજ્જાનો લઈને કોટે બાંધ્યો પહાણોજી. ૨
ઉંચે કુળ અવતાર લઇને, કહે શું સારૂં કીધુંજી;
લખ ચોરાશી કેરૂં લગડું, તાંણી માથે લીધુંજી. ૩
જીવતણું કાંઇ જતન ન કીધું, મન માયામેં મોહ્યુંજી;

રાત દિવસ તતપર થઈ રળિયો, ઠાલું નીર વલોયુંજી. ૪
લોક કુટુંબમાં મોટો થાવા, કામ બગાડયું તારુંજી;
બ્રહ્માનંદ કહે રે પ્રાણી, હજી સમજ તો સારુંજી. ૫

પદ ૩

આ તન રંગ પતંગ સરીખો, જાતાં વાર ન લાગેજી;
અસંખ્ય ગયા ધન સંપતિ મેલી, તારી નજરુ આગેજી. ૧
અંગે તેલ ફૂલેલ લગાવે, માથે છોગાં ઘાલેજી;
જોબન વનનું જોર જણાવે, છાતિ કાઢી ચાલેજી. ૨
જેમ ઉંદરડે દારૂ પીધો, મસ્તાનો થૈ ડોલેજી;
મગરૂરીમેં અંગ મરોડે, જેમ તેમ મુખથી બોલેજી. ૩
મનમાં જાણે મુજ સરીખો, રસિયો નહિ કોઇ રાગીજી;
બારે તાકી રહી બીલાડી, લેતાં વાર ન લાગીજી. ૪
આજ કાલમેં હું તું કરતાં, જમરા પકડી જાશેજી;
બ્રહ્માનંદ કહે ચેત અજ્ઞાની, અંત ફજેતિ થાશેજી. ૫

પદ ૪

મનુષ્યા દેહ ધરીને મૂરખ, કહે શું કરી કમાણીજી;
શ્વાન તણી પેરે ફરતો ડોલ્યો, બોલ્યો મિથ્યા વાણીજી. ૧
પેટ ભર્યાંનો ઉદ્યમ કીધો, રાત દિવસ ધન રળીયોજી;
નરતનનું મહાતમ નવ જાણ્યું, પશુ જાતિમાં ભળીયોજી. ૨
માત પિતા સુત બંધવ મેહરી, અંતે નહી કોઈ તારાંજી;
આવરદા હરવાને કાજે, સરવ મળ્યાં ધૂતારાંજી. ૩
સગાં કુટુંબી સૌ મળીને, લુંસી ચુશી લીધોજી;
છેલ્લી વારે સ્વારથ સાધી, જમને આગે દીધોજી. ૪
કાગદ ઘડી ઘડીના કાઢી, લેખાં જમરા લેશેજી;
બ્રહ્માનંદ કહે સૌ વાસેથી, કોઇ ન માણ્યો કહેશેજી. ૫

પદ ૫

દશ મહીના માના ઉદરમાં, ઉંધે માથે ઝુલ્યોજી;
જઠર અગ્નિની ઝાળે દાઝયો, તે દહાડા કેમ ભુલ્યોજી. ૧
ઓલા ચરમતણા પટમાંહી, આઠ પહોર અકળાતોજી;
રાત દિવસ મળ ભીંતર રહેવું, મળનો રસ તું ખાતોજી. ૨
ખાટું ખારૂં માતા ખાતી, તેની થાતી પીડાજી;
કોમળ જાણી બહુ કરડતા, કૃમીયા ને વળી કીડાજી. ૩
ગર્ભતણા દુઃખમે ઘેરાણો, ત્રાહી ત્રાહી તું કરતોજી;
કોલ દેઇને બારે આવ્યો, ત્રાસ હૈયે નથી ધરતોજી. ૪
છેલ થઈ મરડાતો ચાલે, જેમ કીધું તેમ ફાવ્યુંજી;
બ્રહ્માનંદ કહે હરિભજ્યા વિના, એ દુઃખ આગેઆવ્યુંજી. ૫

પદ ૬

જે તન દેખી છાકયો ડોલે, તે તું દેખ વિચારીજી;
નખ શિખ સુધી નિંદ્યા જેવું, શી માંહી વસ્તુ સારીજી. ૧
માંસ રૂધિરને માંહી ભરીને, ઉપર મઢીયું આળુંજી;
મોહતણે વશ થઇને મૂરખ, દેખે છે રૂપાળુંજી. ૨
હાડતણા પગ હાથ બનાયા, કટકા કટકા સાંધીજી;
તે માંહી દ્રઢ મમતા તુંને, એશી આવી આંધીજી. ૩
ઉદરમાંહી આંતરડાં ભરીયાં, આવે ગંધ નઠારીજી;
રગરગમેં રોગે વિંટાણું, મળ મુતરની કયારીજી. ૪
ટળતાં એને વાર ન લાગે, આદ્ય અંતનું ખોટુંજી;
બ્રહ્માનંદ કહે એ સારૂં, તેં કામ બગાડયું મોટુંજી. ૫

પદ ૭

બાળપણું તેં જીવ અજ્ઞાની, ખબર વિનાનું ખોયુંજી;
સારૂં ભૂંડું કાંઇ ન સૂજ્યું, રમતમેં મન મોહ્યુંજી. ૧
જવાનપણું જુવતિમેં ખોયું, ધનને અરથે ધાયોજી;

મનમેં સમજે મુજ સરીખો, નથી જગતમેં ડાહ્યોજી. ૨
વૃદ્ધાપણુમેં ચિંતા વાધી, હાથ પાવ નવ હાલેજી;
ઘરનાં માણુસ કહ્યું ન માને, તે દુઃખ અંતર સાલેજી. ૩
ભાળે નહી રોગે ભેલાંણો, પડીયો લાંબો થઇનેજી;
જમના કિંકર ગરદન ઝાલી, ચાલ્યા જોરે લઇનેજી. ૪
ઠાલો આવ્યો ભૂંડો બુઢો, કાંઇ ન લઈ ગયો સાથેજી;
બ્રહ્માનંદ કહે જમપુરી કેરૂં, મહા દુઃખ લીધું માથેજી. ૫

પદ ૮

પશુતણી પંક્તિ મેલાવી, દેહ મનુષ્યની દીધીજી;
અનંત કાળ રડવડતો જોઇને, કરૂણા અતિશે કીધીજી. ૧
જળ્યો નહી જઠરાઅગ્નિમેં, રાખ્યો તાપ નિવારીજી;
તે હરિને તું ભુલ્યો પામર, ધિક ધિક સમજણ તારીજી. ૨
જીવાડયો તેનો જીવે છે, અન્ન જળ તેણે દીધુંજી;
જ્યાં ત્યાં તારી રક્ષા કીધી, તેનું ભજન ન કીધુંજી. ૩
કુડ કપટ અતિ તૃષ્ણા કરી કરી, માયા કુષ્ટે મેલીજી;
પામર હૈયે વિચારી જોને, કોડી નાવે ભેળીજી. ૪
સમજુને અરથે શીખામણ, કહી છે હેત કરીનેજી;
બ્રહ્માનંદ કહે નિશદિન સમરો, શ્વાસોત્શ્વાસ હરિનેજી. ૫

રાગ આશાવરી—પદ ૧

કર લે ખૂબ ફકીરી રે, બંદે કર લે ખૂબ ફકીરી;
અદલ બ્રહ્મ અમીરી રે, બંદે કર લે ખુબ ફકીરી. ટેક.
ધર લે ધ્યાન અચળ સદગુરૂકા, દુબધા તજ દીલગીરી રે. બંદે૦ ૧
પાંચ પચીસ ચોર યા ઘટમેં, પ્રગટ લેત ધન હેરી;
યાકું માર પકડ વશ કર લે, તીન લોક જય તેરી રે. બંદે૦ ૨
કિસકે માત પિતા સુત બંધવ, કીસકી માયા મેરી;

યાકે સંગ લગ્યા, ક્યા મોહવશ, અવસર નાવે ફેરી રે. બંદે૦ ૩
શરણ પકડ સદ્‌ગુરૂ સાહેબકી, છોડ આશ જગ કેરી;
અનહદ નાદ ટકોરા વાજે, સુન લે ગગન ઘુંન ગેરી રે. બંદે૦ ૪
અષ્ટ સિદ્ધિ નવ નિધિ તેરે આગે, સબે હોયગી ચેરી;
બ્રહ્માનંદ ઝીલ નીરસસે, પ્રેમ ઉદધિકી લેહરી રે. બંદે૦ ૫

પદ ૨

કર લે અજબ તમાસા રે, મનુવા કર લે અજબ તમાસા;
સ્મરણ શ્વાસ ઉશ્વાસા રે, મનુવા કર લે અજબ તમાસા. ટેક.
સદ્‌ગુરૂ સાહેબકું રીઝાવે, તો ખેલાડી તું ખાસા રે. મનવા૦ ૧
આશ્ચર્જ ઢોલ શ્રવણ સુંની સબ, મીલ દેખત લોક ખરાસા;
અબ તેરા પાઓ ડગેગા વતસે, તો હોયગા જગમે હાસા રે. મનવા૦ ૨
નિર્ભે વાંસ ખડા કર નિશ્ચે, વરત અચળ વિશ્વાસા;
સુરત નીરતસેં ચલઆ ઉપર, યા તનકી તજ આશા રે. મનવા૦ ૩
પેટી પ્રેમ કમર કસ જત, સતતની આશી લસ દાસા;
તોલ વિવેક ધાર ઉર આગે, પગ ન ડગે કોઇ પાસા રે. મનવા૦ ૪
ઉલટી ખેલ કુશલ રહી આવે, તો સાચા હરિદાસા;
બ્રહ્માનન્દ મોજ દે સદ્‌ગુરૂ, બ્રહ્મમહોલકા વાસા રે. મનવા૦ ૫

પદ ૩

તું સાચા વેપારી રે, તું મનુવા સાચા વેપારી;
લે લે લાભ અપારી રે, મનુવા તું સાચો વેપારી. ટેક.
વાર વાર ન મીલે યા મોસમ, કર લે વણજ વિચારી રે. મનવા૦ ૧
ત્રિવિધ કર્મ લેકે તન હટીયાં, સબ આયે નર નારી;
એકું લાભ લીયા બહુ તેરા, એકું પુંજી હારી રે. મનવા૦ ૨
પહેલા તોલ અદલ કર પીંડમે, કુંણ અહંતા ધારી;
યાકું કાઢ સાફ કર અંતર, ભર લે માલ હજારી રે. મનવા૦ ૩
ઐસા વણુજ ન કીજે મનુવા, જાતે હોવત ખ્વારી;

સાહેબ આગળ અદલ ચુકત હે, રાઓ રંક એક બારી રે. મનવા૦ ૪
અબકી ખેપ પાર જો ઉતરે, તો હોત નફા અતિ ભારી:
બ્રહ્માનન્દ અચળ રહી આવે, સદ્દગુરુસેં સાહુકારી રે. મનવા૦ ૫

પદ ૪

તો સાચા તું શુરા રે, મનુવા તો સાચા તું શુરા;
કુબધાકું તજી દુરા રે, મનુવા તો સાચા તું શુરા. ટેક.
આણી અણીપર આય બની હે, લડલે ધણી હજુરા રે. મનવા૦ ૧
કામ ક્રોધ મદ લોભ મહાબળ, મહાસેન મગરૂરા;
મમતા મેલ ખેલ કર યાસે, ધ્યાન અચળ ધરી ઉરા રે. મનવા૦ ૨
બખતર સજ અંગ પ્રેમ મહાબળ, ચાડ કમળ અતી નુરા;
ગુરૂ ગમ ખડગ ઢાલ કર ધીરજ, ચલદે સાંમે પુરા રે. મનવા૦ ૩
પાંચ પચીસ માર વશ કર લે, સબ જગ કર તફતુરા;
તબ માનું દ્દાલીબંધ સાચા, હે અહંતા ન અંકુરા રે. મનવા૦ ૪
સબ તજ આશ વાસ કર ચરણું, ધન તન સબહી ધૂરા;
બ્રહ્માનન્દ સદ્દગુરૂ વચનપર, હો જા ચુરાચુરા રે. મનવા૦ ૫

રાગ લાવની—પદ ૧

સમર સમર સદ્દગુરૂ સાહેબકું, કયા મુખ બકબક કરતા હે;
નિશદિન કાળ ખડા શીર ઉપર, તાતે ક્યું નહી ડરતા હે. ૧
પરત્રિયા પરધન કારન તતપર, કાટે નેને ફરતા હે;
કુન ગતિ મેરી હોયગી, એસી ધડક ન મનમેં ધરતા હે, ૨
રાજાકી ચોરી કરી મૂરખ, રંક શરણ અનુસરતા હે;
લોક કુટુંબ ત્રિયા ધન આશ્રિત, કાલ વદનમે પરતા હે. ૩
જેહી દીના નર દેહ અમુલખ, તાકું નાહી સમરતા હે;
કામ ક્રોધ મદ લોભ અગ્નિમે, અહોનિશ અંતર જરતા હે. ૪
હોય બેહાલ નિરંતર ડોલે, લોકનકે સંગ લરતા હે;
બ્રહ્માનંદ કહે હરિ ભજે બિન, શ્વાસ ધમન જયું ભરતા હે. ૫

પદ ૨

કર કર ભજન અખંડ સદ્‍ગુરૂકા, ગાફલ હોય કયા સુતા હે;
બેરી કાળ ખડા શીર ઉપર, તાકું કયું નહી જોતા હે. ૧
માયા કારણ નિશદિન મુરખ, ખાલી ઉમર ખોતા હે;
માખનકી આશા કરી મનમે, વૃથા નીર વલોતા હે. ૨
દમડી કાજ દશોદીશ દોડે, પૈસામેં ચિત્ત પ્રોતા હે;
કરત ન સોબત સાધુ કેરી, મેરીમેં મન મોતા હે. ૩
માયા મીલે તો રાજી મનમેં, જાવ તો શીર રોતા હે;
ધ્યાન રહત નિશદિન ધંધેકા, મન તૃપ્તિ નહી હોતા હે. ૪
પીવત ભરભર ઝહર પીયાલા, અમૃતકું નહી છોતા હે;
બ્રહ્માનંદ કહે તું નર નહી, બીના અક્કલકા ખોતા હે. ૫

પદ ૩

સમજ સમજ બેખબર અજ્ઞાની, મિથ્યા જન્મ ગમાતા હે;
રામ ભજનકું ભુલ રયન દીન, ચાંમ દામ ચિત્ત લાતા હે. ૧
મન નહી ભાવત સંત સમાગમ, રંગ માયાકે રાતા હે;
અમૃત ફળ હરિ ભજનકું તજકે, ઝહર વિષ કયું ખાતા હે. ૨
દેખ વિચાર સમજ દીલ દીઠુ, કુન પિતા કુન માતા હે;
અપને અપને તનકે કારન, સ્વાર્થકું સબ ધાતા હે, ૩
મેરી મેરી કરી કરી મૂરખ, પચી પચી કે મરી જાતા હે;
કુટી હાંડી હાથ પકરહી, ઓર નહીં સંગ આતા હે. ૪
બ્રહ્માનંદ કહે નરક ચલ્યો તું, ભર શીર કુકર્મ ભાતા હે;
જમકી માર પડે તબ મનમેહી, શીર ધુની ધુની પીછતાતા હે. ૫

પદ ૪

દેખ દેખ દીલ દીલ દીવાના, શીર વેરી જમ દૂતા હે;
આય અચાનક કંઠ પકરહી, ગાફલ હો કયું સુતા હે. ૧
પાપ કરત પીછા નહી જોવે, મમતાકે રથ જુતા હે;

હરિકા ભજન સો હૃદે ન આયા, માયા કર્દમ ખૂતા હે. ૨
સબહી અપના સ્વાર્થ તાકત, કુન પિતા કુન પુતા હે;
કુનકી માયા કુનકી મેહરી, મિથ્યા તું તમ તુતા હે. ૩
નારીકે પર નેન મુંદકે, રનસુ રાજ્યું રૂતા હે;
દીવસ રાત વ્યાકુળ હોય ડોલે, જેસા કાતી કુતા હે. ૪
સંતનકો મારગ નહી સુજત, પુજત ભૈરવ ભુતા હે;
બ્રહ્માનંદ કહે ઓર ક્હા કહું, ગુરૂ મીલ્યા સોઈ ધુતા હે. ૫

પદ ૫

ગુરૂ ગુરૂ કહત સકળ સંસારા, એસે જગ ભરમાયા હે;
ગુરૂ જગતમે બહુત કહાયે, તાકા ભેદ ન પાયા હે. ૧
માત પિતા પ્રથમ ગુરૂ જાનો, દુજા દાઈ કહાયા હે;
તીજા ગુરૂ તાહીકું જાનો, જીનને નામ ધરાયા હે. ૨
ચોથા ગુરૂ જેહી વિદ્યા દીના, અક્ષરજ્ઞાન શીખાયા હે;
માળા દીયા સો ગુરૂ પાંચમા, જેહી હરિ નામ બતાયા હે. ૩
છઠ્ઠા ગુરૂ સો સંત કહાવે, જીન સબ ભર્મ મીટાયા હે;
સરજનહાર સો ગુરૂ સાતમા, આપેહી આપ લખાયા હે. ૪
એસે ગુરૂ વિના ભવ જળકો, પાર કોઉ નહી પાયા હે;
બ્રહ્માનંદ અચળ સદ્‌ગુરૂકે, ચરનકમળ લપટાયા હે. ૫

પદ ૬

ભટક ભટક સબહી ભવ ખોયો, અંતર હો ગયા અંધેરા હે;
ગુરૂ મીલ્યા કપટી મન ગરજૂ, કિંકર ધન કામનીકેરા હે. ૧
કોઉ કહે આઓ હમારે મતમેં, હોત કલ્યાણ તરત તેરા હે;
મનભર ગાંજા ભાંગ મરચાકા, કર સંતન આગે ઢેરા હે. ૨
બુટી જડી કાજ હમ બાહર, દેવત હે વનમે ફેરા હે,
માઈ ફલાનિ સહરમાંય એક, જાનત હે મહાત્મ મેરા હે. ૩
તબ જાનત કોઉ સિદ્ધ મીલે મોય, શિશ ધરત હોવત ચેરા હે;

યું નહી જાનત મૂઢ અજ્ઞાની, હેત કરત પુની ધન હેરા હે. ૪
જાકે ઘર માયા અરૂ મેહરી, તેહી ઘર નિત્ય દેવત ડેરા હે;
બ્રહ્માનંદ કહે ગુરૂ શીશ બુડે, બેઠ પથ્થરનકે બેરા હે. ૫

પદ ૭

પ્રગટ પ્રમાણુ હરિ બીન આણી, કયું જહાં તહાં ભટકતા હે;
ઓર ઉપાય કીયે તે કોઈ વિધી, આત ન ભવકો અંતા હે. ૧
સોમીમેહી જલ સભર ભર્યા હે, તાપર પ્યાસ મરંતા હે;
વાપી કુપ તડાગ નદી બીન, ત્રાતી કુંન લહંતા હે. ૨
છોકરીયાં ઢીંગલિયાં ખેલત, તેહી લખી મન હરખંતા હે;
જયો પરનેકે સુખકું પાયે, સો તેહી દેખી હસંતા હે. ૩
સ્વપ્નેમેં પંચામૃત પાયા, જાગે ભૂખ મરંતા હે;
પ્રગટ બીના ત્યુંહી પ્રીત લગે નહી, સબ મીલ સંત કહાતા હે. ૪
પ્રગટ પ્રમાણુ પુરાણુ બતાવે, ગીતા પ્રગટ કથંતા હે;
પ્રગટ પ્રમાણુ વિના બ્રહ્માનંદ, સબહી જગ ભરમંતા હે. ૫

પદ ૮

કયા બકબક કરત દીવાના, રહની તો નહી રહતા હે;
ઓરનકું અજુવાસ બતાવે, આપ અંધેરે વહતા હે. ૧
પૈસા હીત વિલલાત અહોનીશ, બાત બ્રહ્મકી કહતા હે;
માયાકુ મિથ્યા કહે મુખસેં, હીત કરીકે કર ગ્રહતા હે. ૨
કામ ક્રોધ મદ લોભ અગ્નિમેં, નિત નિત અંતર દહતા હે;
ખોટા અજ્ઞાન બતોવત જક્તકું, ઠગ ઠગકે ધન લહતા હે. ૩
વિષયામાંય બિહાલ ફીરત હે. પાલ ધર્મકી ઠહતા હે;
બોલત રામ હરામ ન છોડત, ચામ દામ મન ચહાતા હે. ૪
સમજત નહી કછુ વાત મર્મકી, મોટ કર્મકી ઠહતા હે;
બ્રહ્માનંદ કહે સો જમપુરીમેં, માર જમનકી સહતા હે. ૫

પદ ૯

સંત સદા સબ જીવસહાયક, દીલમેંહી પરમ દયાલા હે;
રટત રહત ઘનશ્યામ ચરનકા, મગન મગન મતવાલા હે. ૧
અંતરમેં હરિ ધ્યાન નિરંતર, બાહર તિલક રૂપાળા હે;
ધનકું ધુર બરાબર જાનત, કામની જાનત કાલા હે. ૨
શીલ સંતોષ સદા ઉર શમતા, મમતા રહિત મરાલા હે;
કામ ક્રોધ મદ મોહ વિષે રસ, સબતેં રહત નિરાલા હે. ૩
શ્વાન શુકર ખર ઘૂડ બલાડા, એસા જીવ બિહાલા હે;
તાકું સંત કરતહે નતખન, એસે સંત કૃપાલા હે. ૪
આતમરૂપ લહત હે અપના, જગકૃત દૂર જંજાલા હે;
બ્રહ્માનંદ કહે સોઈ સાધુ, પીવત પ્રેમ પીયાલા હે. ૫

પદ ૧૦

દેખ્યા સમજ વિચાર જક્તમેં, સંત પરમ હિતકારી હે;
પ્રેમ નેમ વિન પ્રફુલ્લિત, જેહી આધીન મુરારી હે. ૧
અપને તનકે સુખ નહી ચાહત, ડોલત પરહિત ભારી હે;
ઉદધિ જ્યુંહી તેહી પાર ન આવે, ધીરજતા ઉર ધારી હે. ૨
અસત જગતકી સર્વે ઉપાધી, તન હુંસે સબ ટારી હે;
પાપ સમી જાનત પ્રભુતાઇ, સાપ સમી જેહ નારી હે. ૩
કૃષ્ણ ભજન લેલીન નિરંતર, જગ બકવાદ વિસારી હે;
ઇંદ્ર લોક અગ્નિસમ જાનત, જાનત સિદ્ધિ ઠગારી હે. ૪
ભાવભકિત નિર્મળ ઘટ ભીતર, અંતર આશય ભારી હે;
પરમ કૃપાળ અચળ સંતનપર, બ્રહ્માનંદ બલિહારી હે. ૫

પદ ૧૧

હરિ હરિ રટત નિરંતર મૂખતે, ધ્યાન રૂદે ઠહરાને હે;
માયિક વસ્તુ ન ચાહત મનમે, જગકૃત તે અલસાને હે. ૧
મહા મલીન જીવ જગમાંહી અંતર અધિક અજ્ઞાને હે;
જ્ઞાની કરત આપ સમતાતે, પરમ દયાળ કહાને હે. ૨

માયા જીવ ઇશકે સબહી, ભેદ જથારથ જાને હે;
ડોલત જગ નિર્વિઘ્ન નિરંતર, મગન લગન મસ્તાને હે. ૩
નિસ્પ્રેહી નિષ્કામી નિઃસ્વાદી; નિર્લોભીક સયાંને હે;
નિર્માની અહંતા મદ નાંહી, ભક્તિભાવ ભરાને હે. ૪
ગાવત હે મહિમા જેહી ગીતા, વેદ પુરાણ વખાને હે;
બ્રહ્માનંદ કહત હે એસે, સંતનકુ હમ માને હે. ૫

પદ ૧૨

જોગ જુક્તિ જાનત સોઈ જોગી, રાહત જગતસેં ન્યારે હે;
કરત નહી મન દ્રોહ કોઉકો, મમતા મોહ નીવારે હે. ૧
નારી દરશન આદિક જગમે, મૈથુન અષ્ટ પ્રકારે હે;
તાકું તજત ભજત હરિ પદકું, ડોલત હોય મતવારે હે. ૨
જો શરણાગત આયે પ્રાણી, તાકું પાર ઉતારે હે;
પર્વતપ્રાય ધર્મતે ન ડગત, બ્રહ્મદ વ્રત અંગ ધારે હે. ૩
દેહ અધ્યાસ મીટાય દીયા હે, વિષય વિકાર વિસારે હે;
ઈંદ્રી પાંચ પકડ વશ કીને, મોહાદિક રીપુ મારે હે. ૪
અક્ષર ક્ષરકે પાર અખંડીત, તેહી સિદ્ધાંત વિચારે હે;
બ્રહ્માનન્દ કહત હે એસે, સંત પ્રભુકે પ્યારે હે.

રાગ લાવણી—પદ ૧

જગતમેં જીવના થોરા, મ ભુલે દેખી તન ગોરા;
ખડા શીર કાળ સા વેરી, કરેગી ખાખકી ઢેરી. ૧
કરમકુ સમજકે કરના, શિરે નિજ ભાર ના ભરના;
કાગદ નીકસતહી જબહી, કઠીન હે બોલના તબહીં. ૨
નહીં તહાં સગા કો અપના, અગ્નિકી ઝાળમે તપના;
લેખાં જમરાજ જબ કરહી, કીયે કૃત ભોગને પરહી. ૩
બ્રહ્માનંદ કહતહે તમકુ, ન દીજો દોષ અબ હમકુ;
પોકારે પીટકે તાળી, જાયગા હાથ લે ખાલી. ૪

પદ ૨

સમજ બે મૂઢમતિ હીના, મનુષ્યતન પાય કયા કીના;
ભજ્યા નહી કૃષ્ણકું કબહી, આયુ તેરી વીત ગઈ સબહી. ૧
બાલપન ખેલમે વીતા, હરિકા ભજન નહી કીતા;
જુવાપન ત્રીયા સંગ ખોયા, વૃદ્ધાપન નિરબલા હોયા. ૨
પિતા અરૂ માત સુત નારી, માયાકી ફાંસી હે ભારી;
ઘોડા અરૂ બેલ રથ હાથી, નહી કોઇ અપના સાથી. ૩
બ્રહ્માનંદ કહત સત્ય બાની, ચલી યહ જાત જીંદગાની;
તાતે તું ચેતરે અંધા, જગતકી જાલમે બંધા. ૪

પદ ૩

સાંઈકું ભુલે કે બંદે, તેં ગાફલ હો રહ્યા ગંદે;
ખજીના પાપકા કીના, ધર્મકા રાહ નહી ચીના. ૧
કહેતા દીન કરેગા મોજું, ચડી હે કાલકી ફોજું;
પકડકે લીયા કે લીતા, જાયગા હાથ લે રીતાં. ૨
ધરે રહે ધામ ધન ધરની, ત્રિયા રહે આપકી પરની;
ધરે રહી છોકરા છોરી. લે જાવે ડાર ગલે દોરી. ૩
બ્રહ્માનંદ કહત હે સાચી, યામે તીલ ભાર નહીં કાચી;
સબનકું છોડકે જાના, જમનકી માર શીર ખાના. ૪

પદ ૪

અજ્ઞાની સમજ કયા સૂતા, જમુકા ખાયગા જૂતા;
તહાં શીર ધુની પછતાવે, ધની વિન કોણ છોડાવે. ૧
લીયા નહીં સંતકા શરના, શીખ્યા એક ઉદરકા ભરના;
રહ્યા પરનારસેં રાજી, ગઈ સબ હાથસેં બાજી. ૨
માયા અતિ પાપસેં જોડી, ચલે નહીં સંગ એક કોડી;
આગે તો કઠીન હે રસ્તા, જાયગા હાથકૂં ઘસતા. ૩
બ્રહ્માનંદ કહત હે ભાઈ, ભજો હરિ ચરન લે લાઇ.
મટે સબ જન્મકા ફંદા, કરે જો મહેર વ્રજચંદા; ૪

નિષ્કુળાનંદમુનિકૃત પદો—

રાગ ધોળ—પદ ૧

માનો મળી છે મોટી વાત, આવી તે ન હારજો રે;
કરી જતન દિવસ રાત, સુતા બેઠા સંભારજો રે. ૧
સાચો મળ્યો છે સતસંગ, અંગે અચળ કરી રાખજો રે;
રખે ચડે બીજાનો રંગ, એવું ડહાપણ દુર રાખજો રે. ૨
લઈ બેઠા છો મોટો લાભ, ભેટી પૂરણ બ્રહ્મને રે;
નહિતો દુઃખનો ઉગત આભ, માની લેજો એ મર્મને રે. ૩
આજ પામ્યા છો આનંદ, વામ્યા દારૂણ દુઃખને રે;
એમ કહે નિષ્કુળાનંદ, રખે મુકતા એવા સુખને રે. ૪

પદ ૨

બહુ મોંઘા છે ઘનશ્યામ, નાવે નજરે તમને કોઈને રે;
અક્ષરવાસી આદિ આમ, જેને રહ્યા છે અખંડ જોઈને રે. ૧
અતિ થઈને દીન આધીન, નિત્ય નમાવે છે શિશને રે;
લગની લગાડી રહે લીન, જોઈ રહ્યા છે જગદીશને રે. ૨
એવા મુક્તને પામવા કાજ, મોટા ઇચ્છે છે મનમાં રે;
શિવ [illegible] ને સુરરાજ, તેતો તલસે છે તનમાં રે. ૩
એવા દેવનાં દર્શન થાતાં નથી થોડી વાતમાં રે;
નિષ્કુળાનંદ વિચારો મન, આવો હસી બેસો એકાંતમાં રે. ૪

પદ ૩

કિયાં જીવ કિયાં જગદીશ, જાણો જુજવી એ વાત છે રે;
મર આપીએ [illegible] સો શિશ, તોય વણમળ્યાની વાત છે રે. ૧
કિયાં કીડી કરી મેળાપ, ભેળા થાવા ભારે ભેદ છે રે;
કિયાં પૂરણ પુરષોત્તમ આપ, કિયાં જીવ જેને બહુ ફેદ છે રે. ૨

પ્રીત અણુમળાનું એહ, મળવું માયિક અમાયિકનું રે;
તે તો દયા કરી ધરી દેહ, આવે ઉદ્ધારવા અનેકને રે. ૩
ત્યારે થાય એનો મેળાપ, જ્યારે નરતન ધરે નાથજી રે;
નિષ્કુળાનંદ કહે આપ, ત્યારે મળાય એને સાથજી રે. ૪

પદ ૪

એવા મળ્યા છે મહારાજ, જે કોઈ સર્વના શ્યામ છે રે;
વળી રાજ એ અધિરાજ, એને આધારે સૌ ધામ છે રે. ૧
ધામધામના જે રહેનાર, હાજર રહે છે જોડી હાથને રે;
કરી આરત્યેસું ઉચ્ચાર, શિશ નમાવે છે નાથને રે. ૨
શિવ બ્રહ્મા ને સુરેશ, દેવ અદેવ રહે છે ડરતા રે;
જેની આજ્ઞામાં અહોનિશ, શશિ સુર્ય રહે છે ફરતા રે. ૩
કંપે કાળ માયા મનમાંય, અતિ ઘણું અંતરમાં રે;
કહી નિષ્કુળાનંદ ગાય, તું પણ ડરને તેના ડરમાં રે. ૪

પદ ૫

એની આગળ જો આપણ, કોણ ગણતરીમાં આવીયે રે;
શીદ ડોળીને ડહાપણ, સમજુ સ્યાણા હસાવીયે રે. ૧
જેણે રચ્યું છે આ જગત, જોને જુજવી જાતનું રે;
જોતાં મુંઝાઈ જાય મત, એવું કર્યું ભાતભાતનું રે. ૨
એણે કર્યું એવું એક, થાય નહિ જરૂર જાણીએ રે;
વણકર્યે એ વિવેક, શીદ અભિમાન આણીયે રે. ૩
મેલી ડહાપણ ભોળાપણ, રહીએ દાસના દાસ થઈને રે;
કહે નિષ્કુળાનંદ આપણ, તો બેસીયે લાભ લઈને રે. ૪

પદ ૬

જે જે હરિએ કર્યું હેત, એવું કરે કોણ આપણે રે;
માત તાત સગાં સમેત, માન્યાં સ્નેહી ભોળાપણે રે. ૧
જેને ગર્ભવાસની ત્રાસ, ટળે કેમ ટાળી કોઈની રે;
તેપણ ટાળીને અવિનાશ, રાખે ખબર અન તોયની રે. ૨

વળી સમે સમે સંભાળ, જાણો કરે હરિજનની રે;
બીજું એવું કોણ દયાળ, કાંરે મનાય નહિ મનને રે. ૩
એમ સમજ્યા વિના જન, આવે ઉન્મત્તાઇ અંગમાં રે;
કહે નિષ્કુળાનંદ વચન, પછી મન માને કુસંગમાં રે. ૪

પદ ૭

જ્યારે ગણ્યો પોતામાં ગુણ, જાણ્યું હું પણ છઉં કોઇ કામનો રે;
ત્યારે કહોને વધ્યો કોણ, લેતાં આશરો સુંદર શ્યામનો રે. ૧
જ્યારે કરે દીનતા ત્યાગ, અંગે લીધો અહંકારને રે;
ત્યારે મળ્યો માયાને લાગ, ખરો કરવા ખુવારને રે. ૨
પછી પ્રભુ પામવા કાજ, જે જે કર્યું આ જગમાં રે;
તે તો સર્વે ખોયો સાજ, પડયો હાવકો જગફંદમાં રે. ૩
એવા મૂરખની મીરાંત, એને અર્થે નથી આવતી રે;
કહે નિષ્કુળાનંદ વાત, હરિભક્તને મન ભાવતી રે. ૪

પદ ૮

આવી અરથની જે વાત, કોયે નર ઉતારે અંગમાં રે;
ત્યારે સુખી થાશે સાક્ષાત, પછી સમજી સત સંગમાં રે. ૧
થઈ ગરીબ ને ગરજવાન, શિષ્ય થઈ રહે સર્વેનો રે;
મેલી મમતા ને માન, ત્યાગ કરે તન ગર્વનો રે. ૨
ખોળી ખોટ્ય ન રાખે કોઈ, ભલી ભક્તિ ભજાવવા રે;
એક રહે અંતરમાંહી તાન, પ્રભુને રીઝાવવા રે. ૩
એવા ઉપર શ્રીઘનશ્યામ, સદા સર્વદા રાજી રહેછે રે;
સરે નિષ્કુળાનંદ કામ, એમ સર્વે સંત કહેછે રે. ૪

રાગ ગરબી—પદ ૧

જાવું છે રે (૨) જાવું છે નિદાન, ભજ ભગવાન રે જીવ જાવું છે. ટેક.
જાવું છે રે (૨) રહેવાનું છે કાચું, માની લેજે સાચું રે. જીવ૦ ૧

જાવું છે રે (૨) માલ ધન મેલી, ઠાલું ઠેલી રે. જીવ૦ ૨
જાવું છે રે (૨) આવું તન ત્યાગી, જોને જાગી રે. જીવ૦ ૩
જાવું છે રે (૨) આપો જમણે હાથે, આવશે સાથે રે. જીવ૦ ૪
જાવું છે રે (૨) કહે નિષ્કુળાનંદ, ભજ ગોવિંદ રે. જીવ૦ ૫

પદ ૨

ભૂલે માં રે (૨) આવું અંગ ભાળી, દેશે બાળી રે ભાઈ ભૂલે માં. ટેક.
ભૂલે માં રે (૨) તન નથી તારૂં, માને મારૂં રે. ભાઈ૦ ૧
ભૂલે માં રે (૨) દેખી દેહ રૂડી, છે જો કુડી રે. ભાઈ૦ ૨
ભૂલે માં રે (૨) દેહ દેશે દાટી, થાશે માટી રે. ભાઈ૦ ૩
ભૂલે માં રે (૨) દેખી દેહ સારી, જોને વિચારી રે. ભાઈ૦ ૪
ભૂલે માં રે (૨) કહે નિષ્કુળાનંદ, સ્વામી સુખકંદ રે. ભાઈ૦ ૫

પદ ૩

માની લે રે (૨) માની લે મન મારૂં, તો ઘણું સારૂં રે મન માની લે. ટેક.
માની લે રે (૨) ખોટામાં શું ખુંત્યો, તજને તું તો રે. મન૦ ૧
માની લે રે (૨) ધાઈશ માં ધન નારી, થાશે ખુવારી રે. મન૦ ૨
માની લે રે (૨) સાચાનો થા સંગી, મન બહુરંગી રે. મન૦ ૩
માની લે રે (૨) તાણુ તારી તજી, હરિ લેને ભજી રે. મન૦ ૪
માની લે રે (૨) કહે નિષ્કુળાનંદ, ટીટે ભવફંદ રે. મન૦ ૫

પદ ૪

વિચારે રે (૨) વિચારે વીર વારૂ, તો ઘણું સારૂં રે વીર વિચારે. ટેક.
વિચારે રે (૨) વિચારીને ચાલે, જાવું કાલે રે. વીર૦ ૧
વિચારે રે (૨) વિચારીને બોલે, હરિ કેમ ભૂલે રે. વીર૦ ૨
વિચારે રે (૨) સત્સંગ કુસંગ, તો રહે રંગ રે. વીર૦ ૩
વિચારે રે (૨) દુર્લભ છે આ દેહી, ગઈ આવે નહી રે. વીર૦ ૪
વિચારે રે (૨) કહે નિષ્કુળાનંદ, છેલી છંદ રે. વીર૦ ૫

જંગલો—પદ ૧

જનની જીવો રે ગોપીચંદની, પુત્રને પ્રેર્યો વૈરાગ્યજી;
ઉપદેશ આપ્યો એણીપેરે, લાગ્યો સંસારીડો આગ્ય જી. જનની૦ ૧
ધન્ય ધન્ય માતા ધ્રુવતણી, કહ્યાં કઠણ વચન જી;
રાજસાજ સુખ પરહરી, વેગે ચાલ્યા વન જી. જનની૦ ૨
ભલો ત્યાગ ભરથરીતણો, તજી જેણે સોળસેં નાર જી;
મંદિર જરૂખા મેલી કરી, આસન કીધલાં બાર જી. જનની૦ ૩
ઉઠી ન શકે ઉંટીયો, બહુ બોલાવ્યો બાજંદ જી;
તેને દેખીને ત્રાસ ઉપજ્યો, લીધી ફકીરી છોડ્યો ફંદ જી. જનની૦ ૪
એવા વૈરાગ્યવંતને જાઉં વારણે, બીજા ગયા અનેક જી;
ભલા ભુંડા અવનિ ઉપરે, ગણતાં ન આવે છેક જી. જનની૦ ૫
ક્યાં ગયું કુળ રાવણતણું, સગરસુત સાઠ હજાર જી;
ન રહ્યું નાણું રાજા નંદનું, સર્વે સ્વપ્ન વ્યવહાર જી. જનની૦ ૬
એવા છત્રપતિ ચાલી ગયા, રાજ મુકી રાજન જી;
દેવ દાનવ ઋષિ મુનિ, સર્વે જાણ્યો સુપન જી; જનની૦ ૭
સમજી મુકો તો સારૂં ઘણું, જરૂર મુકાવશે જમ જી;
નિષ્કુળાનંદ એ નહિ મટે, સાચું કહું ખાઇ સમ જી. જનની૦ ૮

પદ ૨

જંગલ વસાવ્યો જોગીએ, તજી જેણે તનડાની આશ જી;
વાત ન ગમે આ વિશ્વની, આઠો પહોર ઉદાસ જી. જંગલ૦ ૧
સેજ પલંગે પોઢતા, મંદિર જરૂખા માંય જી;
તેને નહિ રે તૃણ સાથરો, રહેતા તરુતળ છાંય જી. જંગલ૦ ૨
સાલ દુશાલા ઓઢતા, ઝીણા જરકશી જામા જી;
તેણે રાખી કંથા ગોદડી, સહે શિર શીત ને ઘામ જી. જંગલ૦ ૩
ભાવતાં ભોજન જમતા, અનેક વિધિના અન્ન જી;
તેરે માગણ લાગ્યા ટુકડા, ભિક્ષા ભવન ભવન જી. જંગલ૦ ૪

હાજી કહેતાં હજારૂં ઉઠતા, ચાલતા લશ્કર લાવ જી;
તે નર ચાલ્યા એકલા, નહિ પેજાર પાય જી. જંગલ૦ ૫
રહો તો રાજા રસોઈ કરૂં, જમતા જાઓ જોગી રાજ જી;
ખીરની પાવું ક્ષણ એકમાં, તે તો ભિક્ષાને કાજ જી. જંગલ૦ ૬
આહાર કારણ ઉભો રહે, કરી એકની આશ જી;
તેરે જોગી નહિ ભોગી જાણવો, અંતે થાશે વણાશ જી. જંગલ૦ ૭
ધન્ય એ ત્યાગ વૈરાગ્યને, તજી જેણે તનડાની આશ જી;
કુળ તજી નિષ્કુળ થયા, તેનું કુળ અવિનાશ જી. જંગલ૦ ૮

પદ ૩

ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના, કરે કોટી ઉપાય જી;
અંતર ઉંડી જે ઇચ્છા રહે, તે તો કેમ તજાય જી. ત્યાગ૦ ૧
વેશ લીધો વૈરાગ્યનો, દેશ નહિ ગયો દૂર જી;
ઉપરનો આછો બન્યો, મહીં મોહ ભરપૂર જી. ત્યાગ૦ ૨
કામ ક્રોધ મદ લોભનું, જ્યાં લગી મૂળ ન જાય જી;
સંગ પ્રસંગે તે ઉપજે, જ્યારે જોગ ભોગનો થાય જી. ત્યાગ૦ ૩
ઉષ્ણ ઋતુ અવનિ ઉપરે, બીજ નવ દીસે બહાર જી;
ઘન વરસે વન પાંગરે, એમ ઈંદ્રિય વિષે વિકાર જી. ત્યાગ૦ ૪
ચમક દેખીને લોહ ચળે, ઈંદ્રિય વિષયસંયોગ જી;
અણભેટે અભાવ છે, ભેટે ભોગવશે ભોગ જી. ત્યાગ૦ ૫
ઉપર તજે ને અંતર ભજે, એમાં ન સરે અર્થ જી;
તે વરણી આશ્રમથી, અંતે કરશે અનર્થ જી. ત્યાગ૦ ૬
ભ્રષ્ટ થયો જોગ ભોગથી, જેમ બગડયું દુધ જી;
ગયુંરે ઘૃત મહીં માખણથી. આપે થયું અશુધ જી. ત્યાગ૦ ૭
પળમાં જોગી પળમાં ભોગી, પળમાં ગૃહી ને ત્યાગી જી;
નિષ્કુળાનંદ કહે એ નરનો, વણસમજ્યો વૈરાગ્ય જી. ત્યાગ૦ ૮

પદ ૪

હું બાલહારી રે વૈરાગ્યને, ઉપજ્યો જેને અંગ જી;
ચૌદ લોક જે ચતુર્ધા, ન ગમે સુખનો સંગ જી. હું૦ ૧
સુખ ન ઇચ્છે સંસારનું, સમજે સ્વપ્ના સમાન જી;
વાત ગમે રે વૈરાગ્યની, તનસુખ ત્યાગવા તાન જી. હું૦ ૨
દુ:ખી દેખી આ દેહને, રહે રાજી તે મન જી;
અનર્થનું એ આગાર છે, એમ જાણી ન કરે જતન જી. હું૦ ૩
રાત દિવસ હૃદયમહીં, વર્તે એમ વિચાર જી;
હું કોણ ને જઇશ કિયાં, કરૂં તેનો નિરધાર જી. હું૦ ૪
કરૂં ઉપાય હવે એહનો, ડોળી દેશ વિદેશ જી;
કોઇ રે ઉગારે મને કાળથી, સોંપું તેને લઇ શિશ જી. હું૦ ૫
રહે આતુરતા અંતરે ઘણી, દેખી દેહ અનિત્ય જી.
સુખ ન માને સંસારનું, ન કરે કોઇશું પ્રીત જી. હું૦ ૬
એવો વિચાર આવ્યા વિના, ન હોય તનસુખ ત્યાગ જી;
ઉપરનો લાગેરે લજામણો, વગોણા સરખો વૈરાગ્ય જી. હું૦ ૭
હરિ ગુરુદેવ દયા કરી, આપે એ વિચાર જી;
નિષ્કુળાનંદ કહે નિ:શંક થઇ, સહજે તરીયા સંસાર જી. હું૦ ૮

પદ ૫

પ્રથમ વૈરાગ્ય જેને પ્રગટે, તજે સકળ સંસાર જી;
રાજસાજ સુખ સંપત્તિ, મેલે માલ ભંડાર જી. પ્રથમ૦ ૧
અશન વસન ભૂષણ શય્યા, એથી ઉતારે મન જી;
અંતર વૈરાગ્ય જેને ઉપજે, તજી ભવન ઇચ્છે વન જી. પ્રથમ૦ ૨
સપ્ત ધાતુ સુવર્ણલગી, વાંછે નહિ તે વાસણ જી;
ગ્રામ્યભોગ તે ગમે નહિ, ઇચ્છે અરણ્યમાં આસન જી. પ્રથમ૦ ૩
માત તાત સુત સંબંધી, તજે ભગિની ને ભાઇ જી;
નારી ન દીઠી ગમે નયણે, ત્રોડે સહુથી સગાઇ જી. પ્રથમ૦ ૪

એટલાં તજી નર નીસરે, વળતાં લીયે વેશ જી;
સુખદુઃખ સહે શરીરને, દેખે દેશ વિદેશ જી. પ્રથમ૦ ૫
પછી થાકી બેસે કોઈ સ્થાનકે, જોઇ સુંદર જાગ્ય જી;
નિષ્કુળાનંદ કહે એ નરને, વળતો ન રહે વૈરાગ્ય જી. પ્રથમ૦ ૬

પદ ૬

વૈરાગ્યને વિઘન ઘણાં, તાકી રહ્યાં તૈયાર જી;
માન મોટાઇ ઇચ્છે મારવા, છોડાવા ધન નાર જી. વૈરાગ્ય૦ ૧
ઉપરના રે અભાવથી, ટકે નહિ કેદી ટેક જી;
પાંચ વૈરી પ્રચંડ છે, અધિક એકથી એક જી. વૈરાગ્ય૦ ૨
ખાતાં પીતાં સુતાં જાગતાં, વસવું વેરીને વાસ જી;
જોતાં સુણતાં બોલતાં, તેનો કરવો તપાસ જી. વૈરાગ્ય૦ ૩
તપાસ્યા વિના જે ત્યાગીયું, હોડે કરી હૈયાજોર જી;
તે કોઈ દહાડે કચવાઈને, કાંઈ ભાંગશે ભુર જી. વૈરાગ્ય૦ ૪
અંતર ઉંડા અભાવથી, કરીયે તન મન ત્યાગ જી;
પછી ભરીયે પગલાં, તો ન વણશે વૈરાગ્ય જી. વૈરાગ્ય૦ ૫
સાચે કારજ સર્વે સરે, કાચે રાચે નહિ રામ જી;
નિષ્કુળાનંદ કહે ન કીજીયે, વણસમજે એ કામ જી. વૈરાગ્ય૦ ૬

પદ ૭

વૈરાગ્ય વીતે એ વાણી વદે, લોકો સમજે નહિ લેશ જી;
મોટા સંતની સેવા કિયાં મળે, એમ આપે ઉપદેશ જી. વૈરાગ્ય૦ ૧
તન ધન વસન વતે, સેવા સાધુની કીજે જી;
વિધવિધના વ્યંજનસું, રૂડી રસોઈયું દીજે જી. વૈરાગ્ય૦ ૨
આગે સાધુને આપીયાં, સુત વિત્ત ઘર ને બાર જી;
એવા ભક્ત લખાણા ભક્તમાળમાં, દેખ્યા દીલના ઉદાર જી. વૈરાગ્ય૦ ૩
આજ સાધુને આપતાં, કરે મુંઝાય મન જી;
સુત કલત્ર કારણે, દોડી ખરચો છો ધન જી. વૈરાગ્ય૦ ૪

અમેરે ત્યાગી સર્વે ત્યાગીયું, ત્યાગ્યા રાજ ને પાટ જી;
તમારા કલ્યાણને કારણે, સંત બતાવે વાટ જી. વૈરાગ્ય૦ ૫
એ વણસ્યા વૈરાગ્યની વાતડી, સુણો સહુ નરનાર જી;
નિષ્કુળાનંદ એ નરનું, કેમ પડશે પાર જી. વૈરાગ્ય૦ ૬

પદ ૮

જેનું રે મન વન વાંછતું, અતિ રહેતા ઉદાસ જી;
તે તાકયા વસ્તીએ વસવા, બાંધી સૌ સાથે આશ જી. જેનું૦ ૧
જેને રે ગમતી જીર્ણ કંથા, જેવું તેવું જળઠામ જી;
તેણે રે રંગ્યાં રાતાં તુંબડાં, ગમતાં વસ્ત્ર માગે ગામોગામ જી. જેનું૦ ૨
રસરહિત અન્ન ઇચ્છતા, દેવા દેહને દંડ જી;
તેને રે જોઇએ તીખા તમતમા, ખાવા ખીર ને ખાંડ જી. જેનું૦ ૩
જેને રે જાગ્ય આગ્ય લાગતી, ગમતું નહિ શય્યા ઘર જી;
તેને રે આસનથી ઉઠાડતાં, જાણે જગવ્યો મણીધર જી. જેનું૦ ૪
પોતાનો પરિવાર પરહરી, ચાલ્યો એકીલો આપ જી;
તેણે રે કર્યો સ્નેહ શિષ્યસું, લીધો પરનો સંતાપ જી. જેનું૦ ૫
ઓછી સમજણે જે આદરે, કાચો થકો જે કોય જી;
નિષ્કુળાનંદ એ નરનું, અંતે એમજ હોય જી. જેનું૦ ૬

પદ ૯

અમે જડભરથી રે જોગીયા, ઇચ્છું નહિ વૈભોગ જી;
જક્ત પદારથ જીવને, રુચે નહિ જેમ રોગ જી. અમે૦ ૧
જુનાપાના પટ પહેરશું, નહિ ઇચ્છશું નવીન જી;
શીત ઉષ્ણ શિર સહીશું, રાખી કંથા કોપીન જી. અમે૦ ૨
ખટરસ ખાવા નહિ ખોળીયે, જમશું જે મળશે અન્ન જી;
નિર્માને દિન નિગમશું, રહેશું મને મગન જી. અમે૦ ૩
પ્રીત સહુસું પરહરિ, કરશું કૃષ્ણભજન જી;
મોરે અમારા મનમાં, મુગે કર્યું તું વીધન જી. અમે૦ ૪

હર્ષ શોક હાણુ વધને, સહેશું સુખદુઃખ તન જી;
નિષ્કુળાનંદ કહે નહિ દઇએ, નિજકુળને લાંછન જી. અમે૦ ૫

પદ ૧૦

ઋષભકુંવરની રીતને, સુણો સંત સુજાણ જી;
સમર્થ ભરત નામે કરી, પરઠયો ખંડ પ્રમાણ જી. ઋષભ૦ ૧
રાજ તજી તપ આદર્યું, તજી સહુશું સનેહ જી;
દયામાંહી દુઃખ ઉપજ્યું થયો મૃગશું નેહ જી. ઋષભ૦ ૨
તેણે કરી તન ધારીયું, ધર્યું જ્ઞાન અભંગ જી.
અંગિરા કુળમાં અવતર્યાં, રહ્યા સહુશું અસંગ જી; ઋષભ૦ ૩
માબાપ મેલી મરી ગયા, રહ્યા ભાઈ ને ભોજાઇ જી;
જડ જાણીને જેવું તેવું, અન્ન આપે તે ખાયજી. ઋષભ૦ ૪
પાવા સારૂ ખેતર મોકલ્યા, ચોર લઈ ગયા ત્યાંય જી:
દેતાં બળિદાન દેવીયે, કરી કાળીયે સહાય જી. ઋષભ૦ ૫
ત્યાંથી જડભરત જોડીયા, રાયે લઈ શિબીકાય જી;
નિષ્કુળાનંદ કહે એ નૃપને, કહ્યો સુખનો ઉપાય જી. ઋષભ૦ ૬

પદ ૧૧

જડભરતની જાતના, જોગી જે જગમાંય જી;
ઇંદ્રિય મનને ઉપરે, રહે શત્રુતા સદાય જી. જડ૦ ૧
વિકળ ન થાય વિષયસુખમાં, રહે પર્વતપ્રાય જી;
ધર્મ ધીરજ મૂકે નહિ, મર મસ્તક જાય જી. જડ૦ ૨
આઠો પહોરમાં એક ઘડી, ન માને નિજ દેહ જી;
તેના સુખસારૂં શું કરે. ઉપાય નર એહ જી. જડ૦ ૩
હરિઇચ્છાયે હરે ફરે, કરે જીવનો ઉદ્ધાર જી;
જેને મળે એવા જોગીયા, પામે તે ભવપાર જી. જડ૦ ૪
એવા જોગીને આવીને મળે, જાણે અજાણે જે જન જી;
નિષ્કુળાનંદ એ નરને, કરે પળમાં પાવન જી. જડ૦ ૫

પદ ૧૨

જોગી જીવો રે એવા જગતમાં, સગા સહુના સોય જી;
શત્રુ શોધતાં સંસારમાં, જેને ન જડે કોય જી. જોગી૦ ૧
સ્થાવર જંગમ સ્થુળ સૂક્ષ્મ, ચરાચર જે જંત જી;
મન કર્મ વચને દુભવે નહિ, દલે દયા અનંત જી. જોગી૦ ૨
નિર્વૈર એવાને નીરખી, દયા દુષ્ટને નોય જી;
દુઃખીયો સર્વે દયા કરે, જ્યારે એવાને જોય જી. જોગી૦ ૩
દેહદર્શી દુઃખ ભોગવે, કરે સુખનો ઉપાય જી;
આત્મદર્શી આનંદમાં, રહે સુખમાં સદાય જી. જોગી૦ ૪
ભુલે પોતાનું ભાસે નહિ, ત્રણે કાળમાં તન જી;
નિષ્કુળાનંદ એમ સમજીને, જોગી ન કરે જતન જી. જોગી૦ ૫

રાગ ગરબી પદ ૧

જુવો વિચારી આ સોબત સારી, એકાએકી ચાલ્યા ઉઠી જી. જુવો૦
કોઇક આજ ને કોઇક કાલ, અહીં રહ્યાની વાત જુઠી જી. જુવો૦ ૧
નાના ને મોટા નજરે નીરખતાં, ગયા આપણા ગોઠી જી. જુવો૦ ૨
દિનદિન પ્રત્યે અંગરંગ પલટે, ખેતવાળ કાળ કોઠી જી. જુવો૦ ૩
કર્મ વિકર્મ કર્યાં જેણે જેવાં, તેવી પલાણી ચાલ્યા પોઠી જી. જુવો૦ ૪
નિષ્કુળાનંદ કહે ભજી લે ગોવિંદ, તું જીત્યો હારી જામાં બાજી જી. જુવો૦ ૫

પદ ૨

કાળ વિકરાળ વેરી શિર ગાજે, ચેતો ચેતો નર નારી જી. કાળ૦ ટેક.
જે કોઇ જન્મ્યું તે જાશે જરૂર, જુવોને મનમાં વિચારી જી. કાળ૦ ૧
દેવ દાનવ માનવ મુનિવર, રહે નહિ તનધારી જી. કાળ૦ ૨
કોઇક જીતી જશે આ જગતમાં, કોઇ જાશે મૂડી હારી જી. કાળ૦ ૩
કેડા મેર રહ્યું નહિ કોઇ, સહુ સંત કહે છે પોકારી જી. કાળ૦ ૪
નિષ્કુળાનંદ કહે ભજલે ગોવિંદ, માન શીખામણ મારી જી. કાળ૦ ૫

પદ ૩

જુઠી માયા કાયા પણ જુઠી, તેમાં લોભાણો શું લ્હેરી જી. જુઠી૦ ટેક.
તેં તો જાણ્યું જે જીવીશ જુગ ચારે, માથે ન દીઠો કાળ વેરી જી. જુઠી૦ ૧
માત તાત કેના સુત સંબંધી, કેના માલ ધન મેડી જી. જુઠી૦ ૨
અંતકાળે કોઈ કામ ન આવે, જ્યારે લીયે જમ ઘેરી જી. જુઠી૦ ૩
ભુલવણીમાં ભૂલ્યો ભગવંત, ખાધાં ફળ ઝાઝાં ઝેરી જી. જુઠી૦ ૪
નિષ્કુળાનંદ કહે ભજીલે ગોવિંદ, માની વાત સંતકેરી જી. જુઠી૦ ૫

પદ ૪

પરદેશી છે આ પ્રાણી પરોણો, તે રહી રહીને કેટલુંક રહેશે જી, પર૦ ટેક.
ચાલું ચાલું નિત્ય ચિત્ત ચિંતવેછે, ચાલી અચાનક દેશે જી. પર૦ ૧
મારૂં મારૂં કરી મમતે મરે છે, ચાલતાં શું લઇ લેશે જી. પર૦ ૨
માયા મોહમાં અતિ ભરમાણો, ઉપદેશ અંતર ન પેસે જી. પર૦ ૩
જતી વેળા કહેશે કાંઇ ન માણ્યો, કેડે કાણીયા એમ કહેશે જી. પર૦ ૪
નિષ્કુળાનંદ કહે ભજીલે ગોવિંદ, આ વાત હૈયામાં જો બેસે જી. પર૦ ૫

રાગ કાફી—પદ ૧

સહજાનંદ હરિ પ્રગટ થયા સહજાનંદ હરિ, ટેક૦
વ્યાસમુનિએ જે પૂર્વે કહીતી, તે વાત સાચી કરી. પ્રગટ૦ ૧
કૌસળ દેશમાં પ્રગટ્યા પોતે, દ્વિજકુળ દેહ ધરી પ્રગટ૦ ૨
અધર્મ કેરાં મૂળ ઉખાડી, સદ્ધર્મ સ્થાપ્યો ફરી. પ્રગટ૦ ૩
નિષ્કુળાનંદ કહે દુર્ગપુર આવ્યા, નીરખ્યા નેણાં ભરી. પ્રગટ૦ ૪

પદ ૨

સહજાનંદ હરિ ભજી લ્યોને સહજાનંદ હરિ, ટેક૦
દારૂ માટી ચોરી અવેરી, એ ચારનો ત્યાગ કરી. ભજી૦ ૧
જન્મ મરણનું સંકટ મોટું, તે થકી મનમાં ડરી. ભજી૦ ૨
નારાયણનું નામજ લેતાં, ભવજળ જાશો તરી. ભજી૦ ૩
નિષ્કુળાનંદ કહે નિઃશંક થઇને, માનજો વાત ખરી. ભજી૦ ૪

પદ ૩

જાવું જરૂર મરી મેલીને સર્વે જાવું જરૂર મરી, ટેક૦
રાતદિવસ રળ્યો ધનને કાજે, સમર્યાં નહિ ઘડીએ હરિ. મે૦ ૧
મેડી મંદિર માલ ખજીના, સંપત રહેશે ધરી. મે૦ ૨
સગાં સંબંધી સહુ જોઇ રહેશે, કેનું ન ચાલે જરી. મે૦ ૩
નિષ્કુળાનંદ કહે જોને વિચારી, રહે નહિ દેહ ધરી. મે૦ ૪

પદ ૪

મનમાં વિચારી જરી જોયું નહિ મનમાં વિચારી જરી. ટેક૦
સાધુજનની વાત ન માની, પાપીની સોબત કરી. જોયું૦ ૧
નારાયણનું નામ ન લીધું, મનુષ્ય દેહ ધરી. જોયું૦ ૨
જુવાનીમાં જોરે ભરીયા, ચોરી અવેરી કરી. જોયું૦ ૩
નિષ્કુળાનંદ કહે માગીને લીધી, માથે ચોરાશી ફરી. જોયું૦ ૪

રાગ પરજ—પદ ૧

મનની વાતો મનમાં રહી રહી ગઇ રહી રે;
વ્હાલમ વિના મનની કેની આગે દેખાડું કહી રે. મનની૦ ટેક.
અરધી વાત ઉચ્ચારતાં આવે અંતર વિચાર થઈ રે;
પછી પુરૂં પ્રકાશતાં મારૂં હૈયું હાલે નઇ રે. મનની૦ ૧.
સાચું કહેતાં સંતાપ છે કહોને કેમ કરીએ ભાઇ રે;
જીભ્હાને રાખું જાળવી રે રખે વધુ જાતી તું વઇ રે. મનની૦ ૨.
વણખપવાળાને વારતા જો દાખીએ દીલ દઈ રે;
શ્રદ્ધા વિનાનાં સાંભળી ઉઠે આપે અવળું લઇ રે. મનની૦ ૩.
જેને દેહને સુખે સુખ છે તેને દઇએ શીખામણ સહી રે;
નિષ્કુળાનંદ ન બોલવું રહેવું મને મૌન ગ્રહી રે. મનની૦ ૪

પદ ૨

શોધી શોધીને શોધીયું સત્ય વાર્તા કેરો સાર રે;
દેહમાનીને દુઃખનો કહું કેદી ન આવે પાર રે. શોધી૦ ટેક૦
પંચ વિષયશું પ્રીતડી જેની લાગી રહી એકતાર રે;
તેને સાચું સમજાવતાં વળી લાગે લગારેક વાર રે. શોધી૦ ૧
સુતાં ઉઠી જે સુખના કરે હીસોરા હજાર રે;
તેને વાતો ત્યાગની સુણી લાગે સોમલ ખાર રે. શોધી૦ ૨
અમટ ઇચ્છા અંતરે પેટ પોષવા છે પ્યાર રે;
તેનું તાન તજાવતાં લાગે અંગમાંહી અંગાર રે. શોધી૦ ૩
પ્રતીત નહિ પરલોકની જેના અંતરમાંહી લગાર રે;
નિષ્કુળાનંદ એ નરને કહેવું તે પણ કરી વિચાર રે. શોધી૦ ૪

પદ ૩

ખોળી ખોળીને ખોળીયું ખરા ખપવાળાની ખોટ રે;
જેને ન જોએ જાળવ્યા સુણી સમજે સીધું સોટ રે. ખોળી ટેક૦
બીજા ઠેલ્યા ન ખસે ઠામથી રોકે ત્યાં મૂકે દોટ રે;
સુખ થવાના સાજન ભાંગી લઇ કરે છે લોટ રે. ખોળી૦ ૧
જે કર્યાનું તે કરે નહિ, અણકરવા લે દોટ રે;
મરણ લગી જે મૂકે નહિ બાંધી મમતની જે મોટ રે. ખોળી૦ ૨
સ્વારથ અર્થે શબ્દની સહે ચાકર થઇને ચોટ રે;
સંત કહે જે સુખને તજે તેસું પાડી તોટ રે. ખોળી૦ ૩
એવા અકોણા નરને કહીએ હિતની વાતો કોટય રે.
નિષ્કુળાનંદ કહે ન્યાયમાં ઝાલ્યા પછીયે કરે જોટ રે. ખોળી૦ ૪

પદ ૪

કહી કહીને કહીએ કોઇને નથી કહેવાનું કાજ રે;
પારકા દોષ દેખાડતાં થાય આપણું અકાજ રે. કહી૦ ટેક૦
ફાટે આભે ન લાગે થીગડી, શીદ દીલે કરીએ દાઝ રે;

લાગ્યો દાવ ડુંગરે એતો ઓલાય નહિ આજ રે. કહી૦ ૧
આવે પૂરે ઉતાવળો, સર્વ સરિતા સમાજ રે;
રહીએ તેને જો રોકવા થાય તન પોતાનું તાજ રે. કહી૦ ૨
તીર આદિ ગોળા તોપનો તેનો વારવા જાય વાજ રે;
ત્યાં જોખમ થાય જીવનું એની સહુ પાડે છે હાજ રે. કહી૦ ૩
એવા વેગમાં હોય ઉતાવળા અતિ રજ તમ ને રાગ રે;
નિશ્કુળાનંદ ન છોડીએ એને છેડે ખોઇએ લાજ રે. કહી૦ ૪

રાગ વેળ—પદ ૧

સંતો વિમુખથકી રહીએ વેગળા; ડરીએ દિવસ ને રાત રે;
સંતો વિશ્વાસ કરતાં વિમુખનો, વણસી જાય જો વાત રે. સંતો૦ ૧
સંતો વિમુખ વિષ આપે વાતમાં, કરી હેત અપાર રે;
સંતો રંગરસમાં તે રમી રહે, ન રહે વચનનો ભાર રે. સંતો૦ ૨
સંતો સોબત ન ગમે પછી સંતની, વ્હાલા લાગે વિમુખ રે;
સંતો નિયમ ન ગમે પછી નાથના, માને મોકળે સુખ રે. સંતો૦ ૩
ત્યારે કરવાનું તે કયાંથી કરે, થાય ન કરવાનું કામ રે;
કહે નિષ્કુળાનંદ નિશ્ચે નર, ન પામે સુખ ઠામ રે. સંતો૦ ૪

પદ ૨

સંતો વચનદ્રોહીનો ધણી નહિ, ઘણો રે ગુન્હેગાર રે;
સંતો જ્યાંજ્યાં જાયે ત્યાં જન મળી, વળી કરે તિરસ્કાર રે. સંતો૦ ૧
સંતો લેશ વચન જો લોપીએ, અતિ થઈ ઉન્મત રે;
સંતો એક એકડો જેમ ટાળતાં, ખોટું થઈ જાય ખત રે. સંતો૦ ૨
કોઈ સો કન્યા પરણાવે સુતને, પછી મરે એ ઓટીયારે રે;
સંતો રાંડયા વિના એમાં કોણ રહે, રાંડે સહુ એક હારે રે. સંતો૦ ૩
એમ વચન વિના આ વિશ્વમાં, વર્તે છે જે વિમુખ રે;
કહે નિષ્કુળાનંદ તેને નીરખતાં, સંત ન માને સુખ રે. સંતો૦ ૪

રાગ ગરબી—પદ ૧

તને સાંભળ આપું શીખ, એક મોટા મારી માનને રે;
તારે નથી રહેવાનું ઠીક, માટે ભજી લે ભગવાનને રે. ૧
આજ કાલમાં આવશે કાળ. ઠાલો બાંધી રહ્યો થોકમાં રે;
જોને જોબન બુઢા બાળ, ઝાલી જાય છે જમલોકમાં રે. ૨
તારા મનમાં મંદિર માળ, ધણી ધનની છે ધાખડી રે;
જોને હાલતી વેળાના હાલ, કાંરે ફુટી તારી આંખડી રે. ૩
શીદ માથડે બાંધછ મોટ, પોટ પૂર્ણ પાપનો રે;
તારે ખરી જાય છે ખોટ, સોદો શ્યાને કરછ સાપનો રે. ૪
માન્ય માન્ય હો મોટા મંદ, અંધ ધણી થાય છે ધાટડી રે;
એમ કહે નિષ્કુળાનંદ, વ્હાલી વાલપની વતડી રે. ૫

પદ ૨

તારે ટહાપણે વાળ્યો છે ડાટ, ઘાટ ઘડછ ઘણી ઘાટના રે;
તું તો ચાલીયો બારેવાટ, રડવડતલ રાતના રે. ૧
લીધો ભુંડાઇનો તેં ભાર; ચાર પાંચે મળીને પુછીયો રે;
તું તો ખરો થયો ખુવાર, માથ લગી મૂરખ ખુંચીયો રે. ૨
તેં તો ભેળી કીધી ભુલ, ડુલ્યો દુર્મતિના દીકરા રે;
ક્ષીયા થાશે તારા સુલ, થઈશ જખમ આવશે જરા રે. ૩
કંઠ આવીને ઘેરશે કાળ, કાપી કાળજ જીવને કાઢશે રે;
તે તો તેડી જાશે તત્કાળ, તુંને ચોરની પેઠે પાઢશે રે. ૪
શીદ માનતો નથી મંદ, ફંદ કોટે પડ્યો કાળનો રે;
એમ કહે નિષ્કુળાનંદ, દોષ કાઢીશ માં દયાળનો રે. ૫

પદ ૩

તારે માથડે આવ્યું સોત, જોત જાંખી જોને થાયછે રે;
તારૂં પલટી ગયું છે પોત, જરા આવી જોબન જાયછે રે. ૧
તારા ડગવા લાગ્યા દાંત, કાળપ ગઇ વળી કેશની રે;

તોય બાળ થવાની ખાંત, વાત ન માને ઉપદેશની રે. ૨
તારે કાને પડી ધાક, નાક નથી વળી નકટા રે;
હવે કેતલનો શો વાંક, સંત મળી કહે છે સામટા રે. ૩
તારૂં થર થર ધ્રુજે સ્થુળ, કુળમાંયે કડવો રે;
તુંને મીઠું મેલી મૂળ, ભાંડી કહેછે સૌ ભડવો રે. ૪
ખશી ડગલી ને થયો દૂલ, મૂલ ન રહ્યો કોડી કામનો રે;
કહે નિષ્કુળાનંદ કામ ભુલ્ય, લેને આશરો શ્રીરામનો રે. ૫

પદ ૪

તને સાચું કેલાં સૂળ, સ્થુળમાંહી શીદ થાયછે રે;
તું તો તપાસ તારૂં મૂળ, વ્હાલા વેરી થઇને વાયછે રે. ૧
તું તો આવ્યો તો કોણ કાજ, આજ આવી કર્યું અવળું રે;
તુંને લેશ ન આવી લાજ, કાજ સુઝ્યું નહિ સવળું રે. ૨
ભર્યો ભુંડાઈમાં ભરપુર, ભુર ભેળેલ ભુતના રે;
શીદ થઇને આડોતુર, તું નાખશ રહ્યો તુતના રે. ૩
તેં તો ખોટમાં દીધી દોટ, કોટે બાંધી કાળા પાણને રે;
તું તો ચાલ્યો ચડી ચોટ, ઝોંટે પડ્યો જમરાણને રે. ૪
હવે સમર સુંદર શ્યામ, કામ તજીને હરામનું રે;
કહે નિષ્કુળાનંદ આમ, નામ સુખ થાવા લે શ્રીરામનું રે. ૫

રાગ ગરબી—પદ ૧

વાય વાશ કુમતિ મતિ તારી રે, મેલી મોહન વદન જોઈ નારી રે;
હાર્યો હેવાન કુબુદ્ધિ જીતી બાજી રે, લાગી પેજાર ન આવી લાજ પાજી રે. ૧
તેં તો ખારી બલાને ખોળી લીધી રે, તેં તો વાઘણીશું વાલપ કીધી રે;
તજી મહારસના પ્રભુ મેવા રે, જાણી ઝેરનું પારખું જાય લેવા રે. ૨
તેં તો સ્નેહ કીધો સર્પ સાથે રે, માગી લીધું મુરખ દુઃખ માથે રે;
ઘણી ઘાત થઇ છે ઘરમાંઈ રે, તેનો તુજને વિચાર નહિ કાંઇ રે. ૩

તારૂં વિષય સંગાથે ચિત્ત બાંધ્યું રે, આંબ તજીને આકફળ ખાધું રે;
તેં તો વણસાડયું છે કાજ તારૂં રે, કહે નિષ્કુળાનંદ તે સારૂં રે. ૪

પદ ૨

ધિકધિક તારો જો અવતાર રે, તેં તો ન કર્યો નર જો વિચાર રે;
ચૌદ લોકને ગઈ છે નારી ચાવી રે, તુને તેની પ્રતીત કેમ આવી રે. ૧
બ્રહ્મા સરખાને જેણે ભુલાવ્યા રે, શિવ સરખાને જેણે જો ડોલાવ્યા રે;
જેણે એકલશૃંગીને અંધ કીધો રે, જેણે પારાશર પરડીમે લીધો રે. ૨
કીધું નારદતણું તે મુખ કાળું રે, ઋષિ સૌભરીતણું તે તપ ટાળ્યું રે;
જેણે અંધ તે અસુરકુળ કીધું રે, કહી અમૃતને જો વિખ દીધું રે. ૩
જેણે રાવણતણું તે કુળ ખોયું રે, ત્યાં તારૂં તે મન કેમ મોહ્યું રે;
લીધું દુઃખ તેં અલ્પ સુખ સારે રે, કહે નિષ્કુળાનંદ તે માટે રે. ૪

પદ ૩

બાળ બાળ કુમતિ મતિ તારી રે, તેં તો વાત કાંઈ જો ન વિચારી રે;
ક્યાં ગઈ તારી અક્કલ અભાગી રે, તજી સુખ દુઃખ મુખ લીધું માગી રે. ૧
તુંને વિષયના મોદક કેમ ભાવે રે, થવા હડકાયાની હોંશ કેમ આવે રે.
તારૂં ધન દારા દેખી દિલ ડોલે રે, થઇ બાવરો ને હકબક બોલે રે. ૨
તારૂં અસત ધંધે મન લાગ્યું રે, સુતા અહિને ઉઠાડી વીખ માગ્યું રે;
મનગમતી ખાધી તેં ઠગમુળી રે, તજી સુખ સેજ સુતો જઈ સુળી રે. ૩
ફૂટફટ કુમતિ મતિ તારી રે, તજી મહીને વલોવ્યું જઈ વારી રે;
કહે નિષ્કુળાનંદ નર તુને રે, વળી કહીશ કહ્યું નહિ સુને રે. ૪

પદ ૪

એક અચંબો થાય છે અતિ ભારી રે, તુંને લાજ નથી આવતી લગારી રે;
લખ ચોરાશી કુટુંબ કુળ તારૂં રે, ખર શુકરમાં કેને કુણ સારૂં રે. ૧
અંડજ ઉદ્ભીજ ને સ્વેદજ જરાયો રે, વાર અનેક તું ઉપન્યો મરાયો રે.
ઉચનીચમાં લીધો તેં અવતાર રે, આઘે શ્વપચદેવળું અદાર રે. ૨
એક એકને ઉદર નર આવ્યો રે, તું તો સર્વે તણો સુત કહાવ્યો રે;

તેની લાજ તુંને ન આવી લેશ રે, હવે આપીયે તે શો ઉપદેશ રે. ૩
દીઠો નહિ તુજ જેવો કોઇ ડાહ્યો રે, તું તો ભુખ ને દુઃખથી ન કાયો રે;
કહે નિષ્કુળાનંદ કેટલું રે, માન તજી હજી માને તો છે ભલું રે. ૪

પદ ૫

સત્ય વાત એક સાંભળોને સારી રે, જોજ્યો જન મન વાત એ વિચારી રે;
આવી મનુષ્યા દેહ શા માટે રે, આવ્યો કોણ કામ ચાલ્યો કોણ વાટે રે. ૧
તેની સંતને ન પુછી વાત સાચી રે, તું તો આપણે ડાપણે રહ્યો રાચી રે;
કરે સુખના સમાજ કાજ કામ રે; તારૂં મન મોહ્યું દામ વામ ધામ રે. ૨
કરે મનોરથ મન નિત્ય નવા રે, વિષયસુખ વળી જે ભોગવવા રે;
આજ સુધી તેનો અભાવ ન આવે રે, કેમ ધંતુરાનાં ડોડાં ભુંડાં ભાવે રે. ૩
કશ્યો ભોરંગને લાગે લીંબ મીઠો રે, કરી કમાણીને હાલ્યો નર હેઠો રે;
શી અક્કલ લીધી છે નર શીખી રે, કહે નિષ્કુળાનંદ નર દેખી રે. ૪

પદ ૬

એક વાત વળી સાંભરી છે સારી રે, કહું વિવિધ પ્રકારે જો વિચારી રે;
એક બાવરો બેસાર્યો વહાણે રે, માન્યું મૂરખ પડયો હું બંધીખાને રે. ૧
ચડયો ફેર ને દીઠું એ સર્વે ફરતું રે, માન્યું મનમાં જે પામ્યો હવે મૃત્યુ રે;
થયો આકળો અભાગી લાગી લેરી રે, ખરા ખારવા વિશેષે જાણ્યા વેરી રે. ૨
ચડી ડોલ ને દીઠું છે દુઃખદાઈ રે, મારી ઠેક છેક પડયો પાણીમાંઇ રે;
એમાં દોષ કહો કેને હવે દઇયે રે, મળ્યો સતસંગ તરી તજી જઇયે રે. ૩
તજી સુખ પડયો દુઃખોદધિમાંઈ રે, એમ કાર્યમાં જાયે કચવાઇ રે;
સર્વે સુખદુઃખ વહાણનું જો સહીયે રે, કહે નિષ્કુળાનંદ પાર થઇયે રે. ૪

પદ ૭

એક મૂરખને હાથ મણિ મળી રે, જોઇ ચાખી સુંઘી ન લાગી ગળી રે;
હતો વેવલો ને કહાવતો વિવેકી રે, જોઇ ત્રોડી ફોડી નાખી નરે ફેંકી રે ૧
તેમ સતસંગ મળ્યો શિરોમણી રે, હતી બાળબુદ્ધિ કબુદ્ધિ ને ઘણી રે;
તેણે સતસંગ રંગ અંગ ત્યાગ્યો રે, કાળા કામળાને કસુંબો ન લાગ્યો રે. ૨

રહી પથ્થર કોરો જો પાણીમાંઇ રે, જેમ જળ મળે જવાસો સુકાઈ રે;
મળી મર્કટને રાજ સાજ રીધિ રે, દેખી ટોપરૂં ને તરત ઠેક દીધી રે. ૩
મળી અલ્પમતિને વાત મોટી રે, કરે અનુમાન જ્ઞાન કહે ખોટી રે;
મળી અનુપમ મોજ તેજ ત્યાગી રે, કહે નિષ્કુળાનંદ એ અભાગી રે. ૪

પદ ૮

જેમ સર્પને પાળીને દૂધ પાય રે, તે તો ઘરનાં પરનાંને ખીજ્યો ખાય રે;
જેમ વેરીને શીખવે વિદ્યા વિધ રે, કરે દાવ ઘાવ પાછો પરસિધ રે. ૧
દેખે દિનમાં અંધારૂં ખાંતે ખોળી રે, એવા અંધ નર ઉલુકની ટોળી રે;
એવો નર કોઈન દીઠો નઠારે રે, મળ્યું કલ્પવૃક્ષ માગ્યો છે કુઠારે રે. ૨
પડયું અવળું ન સુજે બીજું આજ રે, રીઝયા રાજ પાસ માગી છે પિયાજ રે;
હરિ કલ્પવૃક્ષ સમ કહાવે રે, મળે તેને તેવું જેવું જેને ભાવે રે. ૩
કહે છે દૈવનો ચોર મેલ્યું દેખી રે, પણ અંતરની ઇચ્છા ન ઉવેખી રે;
પડી જન્માંતરે વાત પાચી રે, કહે નિષ્કુળાનંદ એ સાચી રે. ૪

રાગ રેખતા—પદ ૧

પિયુ મેરા પ્રેમકા પ્યારા, રહે નહિ પ્રેમીશું ન્યારા;
સદા રહે પ્રેમકે સંગે, રાચી જેહી પ્રેમકે રંગે. ૧
આધીન પિયા પ્રેમકે આગે, જિનકું પ્રેમ લીયે લાગે;
પ્રેમીકું પલ નહિ છોડે, પિવસું પ્રીત જો જોડે. ૨
રીઝે નહિ ઔર કો બાતે, ઉપર તે કાયે ફુલાતે;
દેખત હે દલકિ એઠે, ન કેવે આપકી જેઠે. ૩
જાને સબ આપને દિલકી, ચુક જેહિ પલહિ પલકી;
નિષ્કુળાનંદ કયા ફુલે, ભોલે નહિ પિવ જું ભૂલે. ૪

પદ ૨

સ્વામી હે સાચકા સંગી, મ ભૂલે મનવા રંગી;
ભક્તિ સાચકી કીજે, જાહિતે નાથજી રીઝે. ૧

દેખાવે કયા બારકા ડંભા, આવત મોહે એહિ અચંભા;
સાચી કહું સમઝમેં ખામી, જાન્યા કયા અંતરકે જામી. ૨
કુમત્ય એહ દિલકી કાઢી, પ્રીતિ કર પિયશું ગાઢી;
રહે તો રંગ સબવિધ, સાચી કહું બાત એહ સીધી. ૩
પુરણ બ્રહ્મ પિયકું જાની, ભજ હિયે હેત મન આણી;
નિષ્કુળાનંદ કે સાચી, કુડકી ભક્તિ હે કાચી. ૪

પદ ૩

પ્રીતકી રીત હે ન્યારી, જીનકું લાલકી યારી;
જાનો તેહિ જનકી રીતિ, જાકી હે શ્યામશું પ્રીતિ. ૧
જગતકી બાત નહિ ભાવે, હરિગુણ મુખશું ગાવે;
ઉદાસી અંતરે વર્તે, ગમે નહિ કાજુ કો કરતે. ૨
સંભારી પિવકે ચિન્હા, ભરે દોઉ જળસેં નૈનાં.
મુખસેં બોત નહિ બોલે, વિકાર ભવકે ભૂલે. ૩
ભૂષણશું ભાવ જ્યું ત્રોડે, વસનશું પ્રીત નહિ જોડે.
નિષ્કુળાનંદ કરી નેહા, ભજે એક શ્યામ સનેહા. ૪

પદ ૪

ધન્ય એહ જન જો તાકું, લાલનકી લગન હે જાકું;
છોડી સબ આપકી મમતા, કરતહે પિવકે ગમતા. ૧
જેહીવિધિ રાજી હોયે શ્યામ, કરત કર જોડ સોઈ કામ;
ગમતા પિવકા જોવે, કછુ નહિ નાથકું દૂવે. ૨
સુખ સબ તનકે ત્યાગી, રહે હરિ લગનમેં લાગી;
કઠન બેન પિવકા સેવે, કુભાવ કછુ ના લેવે. ૩
અકામી અંગ હે જાકો, પિયાર પિવકું તાકો;
નિષ્કુળાનંદ કહે ધન્ય ધન્ય, શ્યામકું પ્રિય સોહિ જન. ૪

રાગ પરજ—પદ ૧

સંતો સાભળો સાચી વારતા, નથી લીધો આ ભુખ્યે ભેખ રે;
જનનીનો જાયો કહું છું અવશ્ય હતો હું એક રે. સંતો૦ ૧
ગાડું બળદ ગાય ને ઘોડી, ડોબાં હતાં દશ બાર રે,
પાંચ મળીને પુછતાં મુને, કરતો હું કારભાર રે. સંતો૦ ૨
અન્ન ધન ધામ ને ધરણી, પરણી હતી ઘેર રે;
છોટાં છોટાં છોકરાં હતાં, હતી માતાજીની મેં'ર રે. સંતો૦ ૩
ખાવા પીવાનું ખુબ જડતું, વસ્ત્રનો નહિ પાર રે;
જોઈયે તેવા જોડા જડતા, તકે તકે તૈયાર રે. સંતો૦ ૪
એટલું મેલી અહિં આવ્યો છું, ઉર કરી વિચાર રે;
ભુખે મરતાં ભેખ લીએ છે, ગણશો નહિ એની હાર રે. સંતો૦ ૫
જ્ઞાન વૈરાગ્યે ગળે ઝાલ્યો, ક્યાંઈ ન ચોંટયું ચિત્ત રે;
નિષ્કુળાનંદ કહે નહિ કહું તો, જોડશે મારૂં ગીત રે. સંતો૦ ૬

દેવાનંદમુનિકૃત પદો–

રાગ ગરબી—પદ ૧

આવો રૂડો અવસર રે, ઓળખવા એક હરિ;
મોંઘો મનુષ્યતન રે, નાવે તારે ફરી ફરી. આવો૦ ટેક.
ધન જોબન તનરંગ પતંગી, વણસે વારમવાર;
તે સારૂં તું જતન કરે છે, સ્વપ્નાસમ સમજો સંસાર;
મેલી એને મરવું રે, ડરવું દિલ દોષ ધરી. આવો૦ ૧
વાસ કરે નિત્ય વૈષ્ણવ જનમાં, મનમાં નાવે વાત;
દાસપણું દેવતાને દુર્લભ, ભજેથી જન્મ મરણ દુખ જાય;
ભક્તિ કરજો ભાવે રે, ધર્મની ટેક ધરી. આવો૦ ૨
સૌમ્ય સ્વભાવ પરમ સુખ સંપત્તિ, એહ પામ્યાનો ઉપાય;
પ્રગટ સ્વરૂપને ઓળખજે, એવું દુર્લભ દેવ ગવાય;
એવું તન આવ્યું રે, લેજો વ્રજરાજ વરી. આવો૦ ૩
માયાની મોટપ મિથ્યા, નથી ઘડીનો નિરધાર;
દેવાનંદ કહે ભજ દુઃખભંજન, કરૂણાનિધિ એવા કિરતાર;
કઠણ વેળામાંહે રે, લેશે તારાં કારજ સરી. આવો૦ ૪

પદ ૨

સાચું તે સગપણ રે, સમજ મન શ્યામતણું;
બાકી સહુ જૂઠું રે, કશું નથી કામતણું. સાચું૦ ટેક.
માત પ્રિયા સુત તાત ને ભગિની, સગાં સહોદર સોય;
કુળ કુટુંબ સખા ગોત્ર ને જ્ઞાતિ, એમાં તારૂં છે નહિ કોય;
સગું એ તો સર્વે રે, સુખ ને દામતણું. સાચું૦ ૧
જનની જનક કર્યાં એવાં કેટલાં, તેં જેટલી ધરી દેહ;
લેણ દેણનો સંબંધ તૂટ્યો, ત્યારે મૂકી ગયા એહ;

કોઈએ ન દેખાડયું રે, ઠેકાણું વિશ્રામતણું. સાચું૦ ૨
જોને આ હરિવર દેહ ધરીને, કોણ આપે આ મનુષ્ય અવતાર;
પશુ પક્ષી જન્મ ફેરીને આપ્યો, તને છે ભજનતણો અધિકાર;
ભજે તેને આપેરે, પદ અક્ષરધામતણું. સાચું૦ ૩
અણું આસક્તિ કયાં ન રાખીશ, માયાથી મન છોડ;
નિઃશંક થઇ સહુ શોક તજી દે, પ્રીત પ્રભુથી રે જોડ;
દેવાનંદ કહે છે રે, રટન કર શ્યામતણું. સાચું૦ ૪

પદ ૩

કાયા માયા કુડી રે, રાખી તારી રહેશે નહિ;
જોને તું વિચારી રે, ઘેલા કેમ અક્કલ ગઈ. કાયા૦ ટેક૦
નંદરાજાને અનગણ નાણું, ભરી સંગી ભંડાર;
કોડી અંતે કામ ન આવી, જાતાં ન લાગી વાર;
ન ખાધી ન ખરચી રે, વેઠે મુવો ભાર વહી. કાયા૦ ૧
રાવણ રિદ્ધિ સિદ્ધિ પૂરણ પામ્યો, ઇન્દ્ર અધિક અભિમાન;
અજ્ઞાને અવટાણું અંતર, ભૂલી ગયો પ્રભુભાન;
વાદળની છાયા રે, જોતાં જોતાં છેટે ગઈ. કાયા૦ ૨
ભજ ભગવાન માન તન મેલી, બેલી કર બળવીર;
લાલચ રાખો લક્ષ્મીવરની, ધરજે મનમાં ધીર;
અધમ ઓધારણ રે, અભય પદ આપે સહી. કાયા૦ ૩
મૃગજળ ભરવા મૂરખ માણસ, દોડે સહુ સંસાર;
વાત વિચારી પાછો વળજે, પામ્યા નથી કોઈ પાર;
દેવાનંદ કહે દેખી રે, વિવેકની વાત કહી. કાયા૦ ૪

પદ ૪

કાળ તારી કેડે રે, આયુષ્યને ઓછી કરે;
મમતામાં મૂરખ રે, ખોતો તોય ખબર ન પડે. કાળ૦ ટેક૦
બાળપણું જોબન ગયું, ઘરડો થયો તું ગમાર;

આજ કાલ આવ્યો તારો વાયદો, માથે છે જમનો માર;
વાર નથી ઝાઝી રે, દીલમાં હજી ન ડરે. કાળ૦ ૧
લવ નિમેષ ધરી મોરત માપે, પહોર દિવસ પરમાણ;
બાર માસે કરી વર્ષ કહાવે, સૈકે યુગ સુજાણ;
માથે તારે મોટું રે, ફરતું એવું ચક્ર ફરે. કાળ૦ ૨
ચાર યુગની એક ચોકડી, એકોતેર અલપાય;
ઈન્દ્ર પડે અધિકારથી, ત્યારે તું કોણ માત્ર કહેવાય;
ચોરાશીનું લગડું રે, માગી શીદ માથે ધરે. કાળ૦ ૩
કર સંત સમાગમ સાચો, અવસર આવ્યો અમુલ્ય;
દેવાનંદ કહે દેખ વિચારી, અંતઃકરણ અંકુલ;
ભજયા વિના પ્રભુને રે, જીવ બહુ જન્મ ધરે. કાળ૦ ૪

પદ ૫

પ્રભુ ભજને પ્રાણી રે, કે કીધી નરદેહ દયા;
શ્રીહરિ હિતકારી રે, તારે સારૂ પ્રગટ થયા. પ્રભુ૦ ટેક૦
કલ્પતરૂ કરૂણા નિધિ કેશવ, મનવાંછિત ફળ દેત;
સે મૂરતિ હૃદયમાં ધરતાં, લાભ અલૌકિક લેત;
અગણિત આગે રે, જેને જગ જીતી ગયા. પ્રભુ૦ ૧
ભક્તાધિન નિગમ 'નેતિ' ગાવત, આવત અવનિમાંય;
અકળરૂપ ઓળખજે પછી, કરવું રહે નહિં કાંય;
ભજયા વિના જગમાં રે, વહેતે પૂરે જાશે વહ્યા. પ્રભુ૦ ૨
રાખો ધર્મ રમાપતિ રીઝે, કીજે સુકૃતિ કાજ;
માન બડાઇ મોટપ મેલી, ફોકટ ફેલ તજ આજ;
નિર્ભયની નોબત રે, વાગી પછી કુશળ કાયા. પ્રભુ૦ ૩
નાખ ખજાને નીરખી નાણું, કર ગોવિંદ ગુણગાન;
દેવાનંદ કહે દોષનિવારણ, ભવતારણ ભગવાન;
કરૂણાના સાગર રે, વ્હાલાજીને વેદે કહ્યા. પ્રભુ૦ ૪

પદ ૬

અંતે સંતને તેડાવે રે, પ્રભુનું ભજન કરવા;
કરમાં માળા ઝાલી રે, મૂરખ જ્યારે સુતો મરવા. અંતે ટેક૦
નાનપણે ઘર ધંધામાં ધાયો, વૃદ્ધપણે હરિગુણ ગાય;
ઘર લાગ્યું ત્યારે કુવો ખોદાવે, એ અગ્નિ કેમ ઓલવાય;
જીતી બાજી હાર્યો રે, પત્થરને નાવે બેઠો તરવા. અંતે૦ ૧
અંતસમે છાપતિલક બનાવે, ભૂલી ગયો જ્યારે ભાન;
એરણની ચોરી સોયનું દાન, એમ કેમ આવે વિમાન;
સંતજ્ઞાન નાવ્યું રે, બુદ્ધિ તારી ગઈ ફરવા. અંતે૦ ૨
યુવતી નારીને જેવી પુત્રની આશા, એમ હરિ ભજે ફળ થાય;
વૃદ્ધ નારીને નહિ પુત્રની આશા, એતો એળે જન્મ વહી જાય;
હરિને બેઠો ઠગવા રે, એંસી વર્ષે વર વરવા. અંતે૦ ૩
વીસ વર્ષે વિશ્વંભર મળે, ભક્તિ કરે ભૂખ જાય;
હરિશું ધાયા તે બહુ ફસાયા, તેને મળીયા પુરૂષોત્તમરાય;
દેવાનંદ કહેછે રે, મટયા ચોરાશી ફરવા. અંતે૦ ૪

રાગ ગરબી—પદ ૧

ભજ્યો નહિ ભગવાનને રે, મળ્યો માણસનો દેહ;
પ્રીત કરી પરનારમાં, હારે નીચ સોબત સનેહ. ભજ્યો૦ ૧
મિથ્યા માયાના જોરમાં રે, થયો અંધ અજાણ;
લાજે વીંટાણો લોકની, હાંરે કરે આપ વખાણ. ભજ્યો૦ ૨
ચિંતા ઘણી ચિત્તમાં ભરી રે, હાલ ભુંડા હેરાન;
ફુલેલ હૈયું ને ફેલ આવડે, મિથ્યા મોટપનું માન. ભજ્યો૦ ૩
જાુઠાબોલો નથી જાણતો રે, માથે મરવાની ઘાત;
દેવાનંદ કહે જમ આવશે, હાંરે માર મૂરખ ખાય. ભજ્યો૦ ૪

પદ ૨

અંતે જાવું છે એકલા રે, સંગે આવે નહિ કોઇ;
માત પિતાને ભાઈ દીકરા, હાંરે નારી કુટશે રોઇ. અંતે૦ ૧
ભુખે મરીને ભેળી કરી રે, માયા લાખ કરોડ;
દાટી રહેશે દરબારમાં, હાંરે જોને આંખ્યું કાં ફોડ. અંતે૦ ૨
જીવ સંઘાથે જાય છે રે, પુણ્ય પોતાનાં પાપ;
સુખદુઃખ ફળ તેનાં ભોગવે, હાંરે જમપુરીમાં આપ. અંતે૦ ૩
રાજા ધર્મની આગળે રે, ખાશો મુરખ માર;
દેવાનંદ કહે દેહ ધારશો, હાંરે લક્ષ ચોરાશી વાર. અંતે૦ ૪

પદ ૩

ભુલી ગયો ભગવાનને રે, ગયું જોબન બાળ;
આવ્યું બુઢાપણુ અંગમાં, હાંરે કેડે આવે છે કાળ. ભુલી૦ ૧
ઘરના માણસ જાણે ઘેલડો રે, કોઈ માને નહિ વાત;
અક્કલ ઘટી ને વધી આપદા, હાંરે કેદી મરશે કુજાત. ભુલી૦ ૨
મનમાં અતિ ધન ધાખડી રે, વ્હાલા વિષય વિકાર;
આડાબોલો અફીણીઓ, હાંરે દુઃખ પામે અપાર. ભુલી૦ ૩
શરીરનું ચામડું સુકાઈ ગયું રે, થયો અંધ અધીર;
દેવાનંદ કહે હરિ ન ભજ્યો, હાંરે બહુનામી બળવીર. ભુલી૦ ૪

પદ ૪

પ્રભુ ભજી લેને પ્રાણીયા રે, ધન દોલત ને નાર;
અંતે જાવું તજી એકલા, હાંરે સગાં કુટુંબ સંસાર. પ્રભુ૦ ૧
જેણે ભજ્યા જગદીશને રે, ભવ પામ્યા તે પાર;
એને વિસારીને આથડે, હાંરે ગોથાં ખાશે ગમાર. પ્રભુ૦ ૨
લક્ષ ચોરાશી જાતના રે, આવે દેહ અપાર,
જન્મ મરણ ગર્ભવાસનું, હાંરે દુઃખ વારંવાર. પ્રભુ૦ ૩
વૈદ કોટી વસિ ફરે રે, કરે ઔષધ અનેક;
રંચ ન ટાળે રોગને, હાંરે દેવાનંદ કહે વિવેક. પ્રભુ૦ ૪

રાગ ગરબી—પદ ૧

હૈયાના ફુટયા હરિસંગ હેત ન કીધું, ટેક૦
લખચોરાશી કેરૂં લગડું, તાણી માથે લીધું રે. હૈયાના૦ ૧
પેટને અર્થે પાપ કરંતાં, પાછું ફરી નવ જોયું;
ચાર દિવસના જીવતર સારૂ, મન માયામાં મોહ્યું રે. હૈયાના૦ ૨
જન્મ મરણ દુઃખ ગર્ભવાસનું, તે નવ શકીયો ટાળી;
માત પિતા યુવતી સુત સંગે, વિસાર્યા વનમાળી રે. હૈયાના૦ ૩
આળશ ને અજ્ઞાન અતિશે, કામ બગાડયું તારૂં;
દેવાનંદ કહે દેખ વિચારી, માન કહ્યું તું મારૂં રે. હૈયાના૦ ૪

પદ ૨

દુનીયામાં ડાહ્યો ડહાપણમાં દુઃખ પામ્યો, ટેક૦
ભવતારણ ભગવાન વિસારી, ચડીયો ઠાલે ભામે રે. દુનીયા૦ ૧
મનુષ્યદેહ મળ્યો અતિ મોટો, ખોટો જાણી ખોયો;
ચોરે ચૌટે જુઠું બોલ્યો, નાહક નીર વલોયો રે. દુનીયા૦ ૨
હરિ હરિજન સંગે હેત ન કીધું, પીધું વિખનું પાણી;
સુખ સંસારી પામ્યા સારૂ, મુવા લગી ધર તાણીરે. દુનીયા૦ ૩
હર્ષ શોકની નદીઓ મોટી, તેમાં જાય તણાયો;
દેવાનંદ કહે હરિ ભજ્યા નહિ, ઘણે દુઃખે ઘેરાણો રે. દુનીયા૦ ૪

પદ ૩

અજ્ઞાની તારા અંતરમાં દેખ વિચારી, ટેક૦
અંતસમે કોઈ કામ ન આવે, સગાં કુટુંબ સુત નારી રે. અજ્ઞાની૦ ૧
જોબન ધનનું જોર જણાવે, ફાટી આંખે ફરતો,
કાળ કરાળ કઠણ શિર વેરી, દિલમાં કેમ નથી ડરતો રે. અજ્ઞાની૦ ૨
માલ ખજીના મંદિર મેલી, મુવા ભૂપ મદમાતા,
શ્વાન શૂકરના દેહ ધરીને, ઘરઘર ગોથાં ખાતા રે. અજ્ઞાની૦ ૩

આજ અમુલખ અવસર આવ્યો, હરિ ભજવાનું ટાણું,
દેવાનંદ કહે દેહ મનુષ્યનો, ન મળે ખરચે નાણું રે. અજ્ઞાની૦ ૪

પદ ૪

પામર તેં પ્રાણી વિસાર્યા વનમાળી, ટેક૦
મિથ્યા સુખ માયામાં મોહ્યો, મૃગતૃષ્ણા જળ ભાળી રે. પામર૦ ૧
આઠ પહોર અંતરમાં બળીઓ, ઘણા ઘણાને ધાયો;
રળી ખપી ધન ભેગું કીધું, ના ખરચ્યો ના ખાયો રે. પામર૦ ૨
નારી આગળ નિર્લજ થઇને, બીતો બીતો બોલે;
હડકલાવે હસી બોલાવે, કરે તૃણને તોલે રે. પામર૦ ૩
સાસુ સસરો સગાં સંબંધી, તેની સેવા કીધી;
દેવાનંદ કહે સાધુજનની, તેં સેવા તજી દીધી. પામર૦ ૪

રાગ ગરબી—પદ ૧

કરય પ્રભુ સંધાથે દ્રઢ પ્રીતડી રે, મરી જાવું મેલીને ધન માલ;
અંતકાળે સગું નહિ કોઈનું રે. ટેક૦
સંસ્કારે સંબંધી સર્વે મળ્યાં રે, એ છે જુઠી માયા કેરી જાળ. અંત૦ ૧
મારૂં મારૂં કરી ધન મેળવ્યું રે, તેમાં તારૂં નથી તલભાર. અંત૦ ૨
સુખ સ્વપ્ના જેવું છે સંસારનું રે, જેને જાતાં ન લાગે વાર. અંત૦ ૩
માટે સેવે તું સાચા સંતને રે, તારા ટળશે ત્રિવિધના તાપ. અંત૦ ૪
અતિ મોટા પુરુષને આશરે રે, બળે પૂર્વ જન્મનાં પાપ. અંત૦ ૫
એવું સમજીને ભજ ભગવાનને રે, સુખકારી સદા ઘનશ્યામ. અંત૦ ૬
દેવાનંદનો વ્હાલો દુઃખ ટાળશે રે, મનવાંછિત પૂરણ કામ. અંત૦ ૭

પદ ૨

મળ્યો મનુષ્યનો દેહ ચિંતામણિ રે, તારા અંગમાં છે રોગ અસાધ્ય;
નથી લેતો નારાયણ નામને રે. ટેક૦
માથે જન્મ મરણ મોટું દુઃખ છે રે, તારા અંતરમાં હરિને આરાધ્ય. નથી૦ ૧

ઘણું સુઝેછે કામ સંસારનું રે, કરે સગાંનું બહુ સન્માન. નથી૦ ૨
હેત કરતો નથી હરિદાસમાં રે, હૈયાફુટયા તું ગુણહરામ. નથી૦ ૩
પરનારી સંઘાથે કરી પ્રીતડી રે, તારો એળે ગયો અવતાર. નથી૦ ૪
બહુનામિની બીક નથી રાખતો રે, ખરે ખાત મળીશ તેમાં ખુવાર. નથી૦ ૫
અતિ કઠણ વેળા છે અંતકાળની રે, પછી થાશે તને પસ્તાવ. નથી૦ ૬
દેવાનંદની શીખામણ માનજે રે, તારા અંતરમાં કરીને ઉત્સાવ. નથી૦ ૭

પદ ૩

તારા મનમાં જાણે છે મરવું નથી રે, એવો નિશ્ચે કર્યો નિરધાર;
તેમાં ભુલી ગયો ભગવાનને રે. ટેક૦
ધન દોલત નારી ને ઘણા દીકરા રે, ખેતીવાડી ઘોડી ને ઘરબાર. તેમાં૦ ૧
મેડી મંદિર જરૂખા ને માળીયા રે, સુખદાયક સોનેરી સેજ તેમાં૦ ૨
ગાદી તકીયા ને ગાલમસુરીયાં રે, અતિ આડ કરે છે એજ. તેમાં૦ ૩
નીચું કાંધ કરીને નમતો નથી રે, એવું સાધુ સંઘાથે અભિમાન. તેમાં૦ ૪
મરમાળી મોહનજીની મૂરતિ રે, તેની સાથે ન લાગેલ તાન. તેમાં૦ ૫
પાપ અનેક જન્મનાં આવી મળ્યા રે, તારી મતિ મલીન થઇ મંદ. તેમાં૦ ૬
દેવાનંદના વ્હાલાને વિસરી ગયો રે, તારે પડયો ગળે જમફંદ. તેમાં૦ ૭

પદ ૪

તારે માથે નગારાં વાગે મોતનાં રે, નથી એક ઘડીનો નિરધાર;
તોય જાણ્યા નહિ જગદીશને રે. ટેક૦
મોટા મેલીને રાજ મરી ગયા રે, જોને જાતાં ન લાગે વાર. તોય૦ ૧
તારૂં જોબન ગયું જખ મારતું રે, માથે કાળા મટી ગયા કેશ. તોય૦ ૨
અંતકાળે લેવાને જમ આવીયા રે, તેનો ભારી ભયંકર વેશ. તોય૦ ૩
રોમ કોટી વીંછીતણી વેદના રે, દુઃખ પામ્યો તું દૈવના ચોર. તોય૦ ૪
સગાં સ્વાર્થી મળ્યાં સહુ લુંટવા રે, કેનું જરા ન ચાલે જોર. તોય૦ ૫
જીભ ટુંકી પડીને ત્રુટી નાડીઓ રે, થયું દેહ તજ્યાનું તત્કાળ. તોય૦ ૬
દેવાનંદ કહે ન જાણ્યા મારા નાથને રે, મળ્યો માણસનો દેહ વિશાળ. તોય૦ ૭

રાગ ગરબી—પદ ૧

કાળનાં ગડે નગારાં કાળનાં ગડે,
અગડ ધેંધેંધેંધેં નગારાં કાળનાં ગડે, ટેક.
ઢોલને રણતુર વાજે ઝાંઝ ખડેડે,
નેજાને નિશાન દીસે ફોજું બહુ ફરે. અગડ૦ ૧
નાણુને જંજાળું સર્વે કડે ને ઘડે,
આંખ્યો મીચી બેઠો અંધો મનસુબા ઘડે. અગડ૦ ૨
કઠણ વેગે કાળ આવી ઓચીંતો અડે,
જળ થોડામાં જીવ જેમ પૂરો તરફડે. અગડ૦ ૩
ચેતવું હોય તો ચેતી લેજો બીજું ,રહ્યું નડે,
દેવાનંદનો નાથ ભજ્યા વિના નરકે જઈ પડે. અગડ૦ ૪

પદ ૨

પછી નહિ મળે રે તુંને પછી નહિ મળે,
કાંઈક લેલે લેલે ને લ્હાવ પછી નહિ મળે. ટેક.
મોતી સરખો કણ લઇ સુરખ ઘંટીમાં દળે,
આવળીયાનું બી બોઈ આંબો કેમ ફળે. કાંઈ૦ ૧
કસ્તુરી ને કેવડો લઈ તેલમાં તળે,
મનુષ્યદેહ દુર્લભ પામી વિષયમાં મળે. કાંઈ૦ ૨
ખેલ અખેલા ખેલતા અંતે જોજે જે મળે,
એકડા વિનાનાં મીંડાં તેમાં તારૂં નહિ વળે. કાંઈ૦ ૩
અનેક જન્મના પાપ તેતો સત્સંગે બળે,
દેવાનંદ કહે ગધો કુત્તો થાવું તે ટળે. કાંઈ૦ ૪

પદ ૩

પાપનો ભરે રે માથે પાપનો ભરે.
પાપી કેકે કેકે ને કેમ પાપનો ભરે. ટેક.
જુવાનીમાં આગ લાગી પરત્રિયા હરે.

દેવ સાધુ ને બ્રાહ્મણ તેની નિંદા બહુ કરે. પાપી૦ ૧
ચોરી ને અવેરી કરે મરડાતો ફરે,
માંસ ને મદિરા પીએ નવ ઠરે. પાપી૦ ૨
ભાડ ભવાઈ ને હાંસી બાજી કરતો નવ ડરે,
વસુ પશુ વાહન હરે અગ્નિ તે ધરે. પાપી૦ ૩
એ પાપે કરી રવિકિંકર ઝાલ્યા તે ન રે,
દેવાનંદ કહે માર તડાતડ વણમોતે મરે. પાપી૦ ૪

પદ ૪

નિમમાં રહે ને તું તો નિમમાં રહે.
પ્રાણી રેરે રેરે ને તું તો નિમમાં રહે. ટેક૦
ચારે નિયમ પાળી નિત્ય નામને લેને,
સ્વામિનારાયણ નામ તારા મુખથી કહેને. પ્રાણી૦ ૧
સાધુસેવા વચન માની જે કાચે તેને,
અજામેલ અંધ છુટો નારદ એ બેને. પ્રાણી૦ ૨
કાયા માયા કુડ છે નિત્ય દાનને દેને,
અમુલખ દેહ આવ્યો સુતો કેમ ઘેને. પ્રાણી૦ ૩
લખચોરાશી: ફેરા ટળે સત્સંગી તેને,
દેવાનંદ કહે કાળો કળેબાટ જમ મારે જેને. પ્રાણી૦ ૪

પદ ૫

વિષને પીધું રે તેં તો વિષને પીધું,
ઘેલા જોજો જોજો ને તેં તો વિષને પીધું. ટેક૦
કામી ક્રોધી લોભી લંપટ શરણ જઈ લીધું,
રળી ખપી ધન ભેળું કરી તેને તેં દીધું. ઘેલા૦ ૧
અંધ ગુરૂએ કાન ફુંક્યા બહેરા શું લીધું,
દામ વામના ચોર સેવી તેં તો શું કીધું. ઘેલા૦ ૨
પંચ વિષય ઝેર તેં તો હળાહળ પીધું,

વીંછણ કેરા વેતર પાળી કારિજ ન સીધું. ઘેલા૦ ૩
ઉરવી ઉપર તણુવીર દેખે પ્રકાશે વીધું,
દેવાનંદ કહે જમાન આવ્યા જમ ખરા ખેધું. ઘેલા૦ ૪

પદ ૬

તીર્થે જાનેરે તું તો તીર્થે જાને,
મૂઢ (સૂઢ) જાજા જાજા રે તું તો તીર્થે જાને. ટેક૦
કપટ માન મેલી દાસ પ્રભુનો થાને,
ભાંગ્ય હોકો ને અફીણ તજી હરિગુણ ગાને. મૂઢ૦ ૧
સંત સાચાની વાત કથા સાંભળને કાને,
નારાયણનું નામ લેતો ગંગાજી ન્હાને. મૂઢ૦ ૨
બાળપણું ને જોબન ગયું વૃદ્ધ થયો વાને,
પ્રગટ ભજી પાર પામ્યો ભટકે છે શાને. મૂઢ૦ ૩
પદ આઠે શીખામણ દીધી સુખ લેવા ધાને,
દેવાનંદ કહે ઝેર તજી અમૃત ખાને. મૂઢ૦ ૪

રાગ ધોળ—પદ ૧

કીધો ગર્ભમાં કોલ કરાર, ભુલ્યો ભગવાનને;
પામ્યો ઉંચે કુળ અવતાર, ભુલ્યો ભગવાનને. ટેક૦
તિમિર અવસ્થા બાળની રે, પરવશ દેહ ગમાર;
રૂદન કરે બહુ રાત્યમાં રે, માતા ધવરાવે કરી મનવાર. ભુલ્યો૦ ૧
રમ્યા જમ્યામાં રૂચિ ઘણી રે, વીત્યા વર્ષ ને માસ;
સ્વપ્ન અવસ્થા પ્રધાન થઈ રે, રસમાં વિકળ ઈંદ્રીનો દાસ. ભુલ્યો૦ ૨
બાર વર્ષનો બાળકો રે, ભણ્યો ગણ્યો બહુ ભેદ;
ચૌદ વિદ્યા ને ચોસઠ કળા રે, શીખ્યો રાજ સાજ સુખ તેહ. ભુલ્યો૦ ૩
સારા કુળમાં સગપણ કર્યું રે, પરણ્યો નાતસ નાર;
દેવાનંદકે દુઃખ વધ્યું રે, ચિંતા ઘણી સાંજ સવાર. ભુલ્યો૦ ૪

પદ ૨

પામ્યો ધન જોબનનું જોર, નારાયણ ન ભજ્યો;
કરવા શીખ્યો કુસંગનો તોર, નારાયણ ન ભજ્યો. ટેક૦
પંચ વિષયના પુરમાં રે, જીવ તણાણો જાય;
કેક કરે રે જુદી જાતના રે, છેલો છકેલો મનમાંય. નારા૦ ૧
પરનારીમાં પ્રીતડી રે, ચિત્ત મળવા લલચાય;
ભાળે રૂપાળી ભામિની રે, ધન દઈ ભેટે ભ્રષ્ટ થાય. નારા૦ ૨
કરે ફજેતી કુળની રે, લાજ નહિ લવલેશ;
માતપિતાને ધિક્કાર છે રે, એવા પુત્રને કાઢો પરદેશ. નારા૦ ૩
અનર્થની અગાર છે રે, ધન ત્રિય જાણ્ય જરૂર;
દેવાનંદ કહે હરિદાસને રે, તેથી ડરતું રહેવું તજી દૂર; નારા૦ ૪

પદ ૩

બુઢાપણમાં થયો બેહાલ, વિસાર્યા વ્રજરાજને;
ચાર દિવસમાં લઈ જાશે કાળ, વિસાર્યા વ્રજરાજને. ટેક૦
પવન ચાલે પંચથી રે, થરથર ધ્રુજે દેહ;
અતિ કરે અપમાનને રે, તોય સુત દારામાં સ્નેહ. વિસાર્યા૦ ૧
અતિ ગંધાતી ગોદડી રે, પાથરતાં પસ્તાય;
જુ માંકડ ને જંતુ ઘણા રે, કરે દેહ દુઃખી પીડા થાય. વિસાર્યા૦ ૨
મનમાં અતિ ધનધાખડી રે, કરતો નિત્ય કોટી ઉપાય,
મમતા મોટી સાંકણી રે, તેનું પેટ કેદીયે ન ભરાય. વિસાર્યા૦ ૩
ખાવા ઇચ્છે ખીરને રે, ભોજન કોમળ ભાત;
દેવાનંદ કહે રાબડી રે, એંઠું જુઠું મળે અડધી રાત. વિસાર્યા૦ ૪

પદ ૪

બુઢો બેઠો ઘરબાર, વિમુખ ભગવાનથી,
નિર્લજ નાગો દેખે સુત નાર, વિમુખ ભગવાનથી. વિમુખ૦ ૧
ઘરના માણસ કાંઈ ગયા રે, હાટરડાની કરી ટેલ;

દીકરા દીકરી સહુ દુર રહ્યા રે, ફોગટ દેખાડો શાના ફેલ. વિમુખ૦ ૨
આખા તે ગામમાં એકલો રે, પ્રથમ કહેવાતો પટેલ;
જાણીને રે મરાવતો જીવને રે, લાંચુ લેતો છાની કરી જેલ. વિમુખ૦ ૩
ગ્રામ્યકથા વિવા ખરચનું રે, કરે અતિશે જ્ઞાન;
દેવાનંદ કહે હરિકથા રે, પામર કેદીયે સુણે નહિ કાન. વિમુખ૦ ૪

રાગ ધોળ—પદ ૧

પામર નર ભજો ભગવાન, મરણ આવ્યું ઢુંકડું;
કેડે આવેછે કાળ અજાણ, મરણ આવ્યું ઢુંકડું. ટેક૦
અણસમજ્યો ઓષડ કરે રે, રતિએ રોગ ન જાય;
સોકવાણી ઉરમાં ધરી રે, ગોળી જળમાં ધોળી ધોળી પાય. મરણ૦ ૧
અન્ન ગળે નવ ઉતરે રે, ખાતાં ઉલટી થાય;
અતિ વ્યાધિ દુઃખ દેહમાં રે, ખાંસી શળ આવે ન ખમાય. મરણ૦ ૨
સગાં સંબંધી સહુ સળી રે, બેઠા ઘરને બહાર;
અઢાર દિવસ થયા અન્ન મેલ્યું રે, ડોસો તન તજવા થયો તૈયાર. મરણ૦ ૩
ઇંદ્રિયના દેવતા ઉઠી ગયા રે, વૈખરી વાણી બોલાય;
દેવાનંદ કહે હરિ વિમુખનો રે, તોય પાપી પ્રાણ ન જાય. મરણ૦ ૪

પદ ૨

ગાફલ નર તેં વિસાર્યો ગોપાળ, ઉગારે કોણ આ સમે; ટેક૦
ભરવું મેલી તે જુઠો જંજાળ, ઉગારે કોણ આ સમે. ઉગારે૦ ૧
મુખના દાંત કાળા થયા રે, આંખો ગઈ ઠરડાઈ;
નાકની દાંડી નમી ગઈ રે, દુઃખ પામ્યો પૂર્વની કમાઈ. ઉગારે૦ ૨
વાત પિત્ત કફ મોર્ય કરી રે, ભાઈ ત્રણે ભેળા થાય;
શ્વાસમધ્યે સહુ દેખતા રે, તનની નાડીઓ સર્વે ત્રુટી જાય. ઉગારે૦ ૩
બેઠા જમ એક પેટમાં રે, બીજો રહ્યો છે બહાર;
દેવાનંદ કહે હરિ વિમુખને રે, માથે પડશે મુદગળના માર. ઉગારે૦ ૪

પદ ૩

કરે પાપી અતિશે પોકાર, પરવશ થયો પ્રાણીઓ;
દુઃખી દેખી રૂવે નરનાર, પરવશ થયો પ્રાણીઓ. ટેક૦
પેટ ચઢે બંધ છુટી ગયા રે, જીવ અતિશે અકળાય;
સ્વપ્ન અવસ્થા પ્રધાન થઈ રે, ભાંગ્યું વેણુ બોલે બકવાય. પર૦ ૧
ડોઢે વાગે ડાકલાં રે, ભુવો ધુણે ભરવાડ;
નિર્લજ નકટી દેવીની રે, બાધા રાખો કરશે માતા વ્હાર. પર૦ ૨
વાગે બાવન વીરનો રે, જંત્ર મંત્ર બહુ જાણુ;
મુઠ નાખી કામણુ કર્યાં રે, દોરો બાંધો તો થાય સુવાણુ. પર૦ ૩
જોશી કહે પીડે ગ્રહે પનોતી રે, શાંતિ કરે સુખ થાય.
દેવાનંદ કહે મૃત્યુ રે, જાપ જપીએ દરદ મટી જાય. પર૦ ૪

પદ ૪

મૂરખ નર કરે કોટી ઉપાય, મૃત્યુ પાછું નહિ વળે;
ત્રુટી આયુષ્ય તે ન સંધાય, મૃત્યુ પાછું નહિ વળે. ટેક૦
અફીણુ તો ઉગે નહિ રે, પાપી દારૂ પાય;
આઠબંધ મળી ભુંડું કર્યું રે, નાખ્યો નરક પડયો પસ્તાય. મૃત્યુ૦ ૧
કોટી કરે ગૌદાનને રે, સોના રૂપાના શણગાર;
પામે ફળ પરલોકમાં રે, માથે મરણુ જન્મ બહુવાર. મૃત્યુ૦ ૨
કાશી જઈને કરવત મેલાવે, ને ગાળે હિમાળે દેહ;
ભક્તિ વિના ભવ ન તરે રે, પામે રાજ સાજ સુખ તેહ. મૃત્યુ૦ ૩
બુઢા જોબન બાળને રે, જમડા પકડી જાય;
દેવાનંદ કહે મરી ગયા રે, વાંસે વ્હાર કોઈથી ન થાય. મૃત્યુ૦ ૪

રાગ ધોળ—પદ ૧

શીલવંતા સાધુ સંભાળજો કરી પ્રીતિ; ટેક૦
અષ્ટ પ્રકારે અબળા તજવી, મન ઈંદ્રિયને જીતી રે. શીલ૦ ૧

નારીકથા શ્રવણુ ન ધરવી, તે વિષવેલી કહાવે;
તેની કીર્તિ તે નવ કરવી, ભુલે મન ભરમાવે રે. શીલ૦ ૨
વનિતા હાસ્ય વિનોદ કરીને, રાત દિવસ જ્યાં રહે વે;
તે ઠેકાણે સાચા મુનિવર, જાણી પાવ ન દેવે રે. શીલ૦ ૩
અબળા અંગે કાળી ગોરી, નેણુ ભરી નહિ દેખે;
બાળ વૃદ્ધ નવ જોબનવાળી, તે માદક સમ લેખે રે. શીલ૦ ૪
છેટે રહીને છાની વાતો, કામિનીયોને કહાવે;
દેવાનંદ કહે તે પોતાનું, હાથે નાક વઢાવે રે. શીલ૦ ૫

પદ ૨

નિષ્કામી નરને વનિતાની વાત ન કરવી; ટેક૦
માયાની મુરતી જાણીને, નાગણુ જેવી પરહરવી રે. નિષ્કામી૦ ૧
માનિનીયોને મળવા મનમાં, કુડો ઘાટ ન કરવો;
મનસાપાતક મોટું લાગે, એ અધર્મથી ડરવું રે. નિષ્કામી૦ ૨
ભામિનીયોને મળવા મનમાં, કુડો ઘાટ ન કરવો;
શૌચવિધિ કરવાને સારૂ, હરિજન ત્યાં નહિ આવે રે. નિષ્કામી૦ ૩
આઠ પ્રકારે અબળા કેરો, ત્યાગ કરે તે ત્યાગી;
વિષયથકી વૈરાગ્ય જે પામ્યા, તે સાચા વૈરાગી રે નિષ્કામી૦ ૪
ભેખ ધરીને કામિની ભેળા, બેસે ઉઠે ગાવે;
દેવાનંદ કહે એ જેવા સાધુ, નિશ્ચે નરકમાં જાવે રે. નિષ્કામી૦ ૫

પદ ૩

વિવેકી નરને એમ વિચારીને જોવું; ટેક૦
કુપાત્રને દાન દેવું તે, બીજ ખારમાં બોવું રે. વિવેકી૦ ૧
કામી ક્રોધી લોભી લંપટ, કુડાબોલા કહાવે;
અન્ન વસ્ત્ર ધન તેને આપે, તે શોકીને બી વાવે રે. વિવેકી૦ ૨
ઇંદ્રિય પાંચ છઠ્ઠું મન જીતે, તે હરિદાસ કહાવે;
વ્હાલી વસ્તુ એને આપે, અનંત ઘણી થઇ આવે રે. વિવેકી૦ ૩

દુર્બળ સુદામે આણી દીધા, મુષ્ટી તાંદુળ મેવા;
કંચનમહોલ કર્યાં સુખકારી, સત્પુરૂષની સેવા રે. વિવેકી૦ ૪
દ્રૌપદીએ નિજ ચીર વધેરી, બાંધ્યું હરિને હાથે;
દેવાનંદ કહે ભરી સભામાં આપ્યાં દીનાનાથે રે. વિવેકી૦ ૫

પદ ૪

ગાફલ બેમરજી આ તન એળે ગુમાવ્યો. ટેક૦
ધર્મ વિસારી ધંધે વળગ્યો, કુડે ધુળ કમાયો રે. ગાફ૦ ૧
કામિનીયોમાં કરતો ડોલે, વિષયભરેલી વાતું;
પાપ કરીને પુરૂં બાંધ્યું, ભવસાગરનું ભાતું રે. ગાફ૦ ૨
દેવમંદિરમાં દર્શન કરવા, ભુલ્યો ભટકયો આવે;
માનિનીઓનાં મુખ જોવાને, આંખડીયો અટકાવે રે. ગાફ૦ ૩
આરત્ય રાખી ન ઉચ્ચારે, રામ કૃષ્ણ મુખ વાણી;
ગ્રામ્યકથાના દીએ ગપોડાં, જુઠે જુઠાં જાણી રે. ગાફ૦ ૪
ગાંજો ભાંગ લીલાગર મફર, હોકા પીવે ચાવે;
દેવાનંદ કહે દેખ વિચારી, દુઃખનો અંત ન આવે રે. ગાફ૦ ૫

રાગ ધોળ—સાત વારનાં પદ. પદ ૧

આદિત વારે ઉદય થયા, સૂરજ સહજાનંદ;
મારગ બતાવ્યો મોક્ષનો, મળ્યાં મુનિનાં વૃંદ;
અવસર અમુલખ આવીયો. અવ૦ ૧
ભાગ્યે પામ્યો ભરતખંડમાં, મોંઘો મનુષ્યઅવતાર;
સમજી રહેવું સતસંગમાં, સ્વપ્ના જેવો સંસાર અવ૦ ૨
શિતલ સોમે સરીખડા, ભુતલ પ્રગટયા ભગવાન;
અધર્મ મૂળ ઉખાડવા, દીધાં દર્શન દાન. અવ૦ ૩
પામર ભટકયો ભવપંથમાં, જાણ્યા વિના જગદીશ;
દેવાનંદ કહે દુઃખ આવશે, જ્યાં ત્યાં જનમ ધરીશ. અવ૦ ૪

પદ ૨

મંગળકારી હરિમુરતી, ભેટયે ભવદુઃખ જાય;
સમરણ કર શ્રીગોવિંદનું, ફોગટ ફેરો ન થાય. અંતે જાવું છે એકલા. ૧
બાહ્લ સગાની ગોઠડી, મોટી માયાની જાળ;
વળગ્યો મિથ્યા વ્યવહારમાં, કેડે આવે છે કાળ. અંતે૦ ૨
બુધે સમજાવી બહુ કહ્યું, મને મૂરખના જામ;
કાયા માયા ને કામિની, નથી ઠરવાનું ઠામ. અંતે૦ ૩
લાલચ લાગી ઉર લોભની, ઇચ્છા મનમાં અપાર;
દેવાનંદ કહે હરિ ના ભજ્યા, એળે ખોયો અવતાર. અંતે૦ ૪

પદ ૩

બૃહસ્પતિ જેવાને ભોળવ્યા, માયા મનમાં મગરૂર;
કાળા પીળાયા ડાઢમાં, ચાવી કીધા ચકચુર, સેવો સાચા હરિ. સંતને. ૧
દુષ્કૃત દુગ્ધામાં ડુબીયો, અનર્થ કીધા અપાર;
દુર્મતિ ડહાપણ ડોળતો, નથી વનનો નીરધાર. સેવો૦ ૨
શૂકર શ્વાનના દેહમાં, નિર્લજ થાશો નરનાર;
કટકા અન્ન કેરે કારણે, એઠું જોશે ઘરબાર. સેવો૦ ૩
ભવદુઃખ તરવાના ભેદમાં, સદ્દગુરુ મળતાં સમજાય;
દેવાનંદનો પ્રભુ દેખશો, જન્મ મરણ મટી જાય. સેવો૦ ૪

પદ ૪

મુનીશ્વરવારે સહુને કહ્યું, રાખો હરિસંગે હેત;
જાત જોવા ભેળું થયું, કુડુંબકુડો સંકેત. ભાવે ભજી લ્યો ભગવાનને૦ ૧
આરત રાખીને ઓળખો, ગિરિધર ગોપીના શ્યામ;
સર્વે દેવોના દેવ છે, અંત્યે એનું છે કામ. ભાવે૦ ૨
સેવક થાને ઘનશ્યામનો, ટળશે તનડાના તાપ;
જીવન મુક્તના જોગમાં, વધશે મોટેરું માપ. ભાવે૦ ૩
બ્રહ્મવિદ્યાના ભોમીયા, સાચા સંત સુજાણ;
દેવાનંદ કહે હરિદાસમાં, પીવા અમૃતરસપાન. ભાવે૦ ૪

રાગ ખમાચ—પદ ૧

ભજ્યો નહિ ભગવાન મૂરખ જીવતો મર્યો, ટેક૦
પેટને અર્થે પાપ કરંતાં દીલમાં ન ડર્યો;
પુણ્ય કર્યાનું પાડેશીને ત્યાં આડો ફર્યો. ભજ્યો૦ ૧
દુઃખ વેઠીને દામ કીધો ખજાનો ભર્યો;
જમ જોરાવર લઈને ચાલ્યા વાપરવા ન રહ્યો. ભજ્યો૦ ૨
કુડની માળા કોટમાં પહેરી કુડ ગુરુ કર્યો;
આહાર મૈથુન કરવા લાગ્યો કોઈ ન તર્યો. ભજ્યો૦ ૩
સહજાનંદજી ઓળખ્યા વિના અંતર ન ઠર્યો;
દેવાનંદ કહે દિલમાં વસ્યા વીણ કારજ શું સર્યો. ભજ્યો૦ ૪

પદ ૨

હરિ વિના હિતકારી બીજું કોઈ તારૂં નથી, ટેક૦
પ્રભુ ભજ્યાનું વેદ પુરાણે કહ્યું છે કથી;
અક્કલહીણા આળશી બેઠો પામર તું પથી. હરિ૦ ૧
માતા પિતા સુત નારી બંધવ, નહી તારાં સાથી;
અંત સમયે તો એકલા જાવું કયાં મરે મથી. હરિ૦ ૨
સ્વાર્થીઓ સંસાર તેમાં રહ્યો લથબથી;
સંતપુરુષની સોબત વિના શી થાશે ગતિ. હરિ૦ ૩
અકકલવંતા રાજ કરંતા મુવા મહારથી;
દેવાનંદ કહે આપણે જાવું કહું ઠેઠથી. હરિ૦ ૪

પદ ૩

માણુસનો અવતાર મોંઘો નહિ મળે ફરી, ટેક૦
માન મરડાઈ મોટપ મેલી ભજી લે હરી;
નહિતો જાશો ચોરાશીમાં જન્મ બહુ ધરી. માણુસ૦ ૧
દુઃખતણો દરિયાવ મોટો નહિ શકે તરી;
સ્યામળીયાને શરણે જાતાં જાશે ઉગરી. માણુસ૦ ૨

નિર્લજ તું નવરો ન રહ્યો ધરધંધો કરી;
માયા માયા કરતો મૂરખ ન બેઠો ઠરી. માણસ૦ ૩
ચેતી લે ચિત્તમાં વિચારી ચાલજે ડરી;
દેવાનંદના નાથ ભજો પ્રેમમાં ભરી. માણસ૦ ૪

પદ ૪

ભજી લે ભગવાનને સાચા સંતને મળી, ટેક૦
વચનમાં વિશ્વાસ રાખે ભજનમાં ભળી;
પૂર્વ કેરાં પાપ તારાં તો જાશે ટળી. ભજી૦ ૧
ઓળખી લે અવિનાશી રહેજે જ્ઞાનમાં ગળી;
રીઝશે રંગરેલ વ્હાલો અઢળક ઢળી. ભજી૦ ૨
કાળ તો વિકરાળ વેરી વિખસે વળી;
કામિની કુટુંબ તુંને નાખશે ઘંટીમાં દળી. ભજી૦ ૩
સત્ય ત્યાં સુખ ધર્મ રહે કુડ ત્યાં કળી;
દેવાનંદ કહે દુનીઆ કેરી અક્કલ આંધળી. ભજી૦ ૪

રાગ ઠુમરી—પદ ૧

જુઠી જુઠી જગતકી આશ રે, નર નાશ પલકમેં પાવે; જુઠી૦ ટેક૦
કાળ ચવીના મુખમેં લીના; વાંકા નહિ વિશ્વાસ રે. નર૦ ૧
માનત મેરી નહિ કોઈ તેરી; કાળ કઠીન શિર ત્રાસ રે. નર૦ ૨
સુત વિત્ત દારા જગ વ્યવહારા; સર્વે સ્વપ્નવિલાસ રે. નર૦ ૩
દેવાનંદ દેખી ભવભય લેખી; ધનસેં ભયે ઉદાસ રે. નર૦ ૪

પદ ૨

ગાયે ગાયે ન ગિરિધરલાલ રે, નર પલ ગયે પીછતાઈ. ગાયે૦ ટેક૦
અતિ મદમાતા દેશમેં બાતા; હો ભયે હાલ બેહાલ રે. નર૦ ૧
કુકર્મ કરતા દિલ નહિ ડરતા; ધરે રહે ધન માલ રે. નર૦ ૨

પ્રભુપદ પ્રીતિ કબહુ ન કીની; કુબુદ્ધિ ચલત કુચાલ રે. નર૦ ૩
દેવાનંદ પ્યારે હરિ ઉર ધારે; તૂટે દીનો જગજંજાલ રે. નર૦ ૪

પદ ૩

મેરી મેરી કરત મતિમંદ રે, ભજ્યં દ દીયે વીસરાઇ; મેરી૦ ટેક૦
નરતન પાયો કછુ ના કમાયો; ફેર પર્યો ભવફંદ રે. પ્રભ૦ ૧
જીવ અભાગી વિષય અનુરાગી; સમર્યો નહિ સુખકંદ રે. પ્રભ૦ ૨
ત્રિવિધ તાપમેં જરતહે મનમે; ગાફલ ગબરૂ ગંદ રે. પ્રભ૦ ૩
દેવાનંદ ભારી કહત વિચારી; જાહી જપત સુરવૃંદ રે. પ્રભ૦ ૪

પદ ૪

આયો આયો મનુષ્ય અવતાર રે, નર ચાર દિવસ મીજમાના; આયો૦
કુટુંબ કબીલા સ્વારથ મીલા; વાંકું ચલત નહિ વાર રે. નર૦ ૧
જમકે દુતા મારત જુતા; પાપી કરત પોકાર રે. નર૦ ૨
ભવદુ:ખ ભારી દેખ વિચારી; મરને ધરત અવતાર રે. નર૦ ૩
દેવાનંદ ભારી ચરને મુરારી; સહેજ તરે સંસાર રે. નર૦ ૪

રાગ સોરઠ—પદ ૧

જડબુદ્ધિ જીવ, પહોંચ્યાના પરમાણા અવિચળ આવીયા;
જે મુક્ત થયા, વ્યાસ મુનિએ વિસ્તારી ભેદ બતાવીયા. ટેક૦
ધ્રુવ પામ્યા પ્રભુના ધામને, તે તજ્યા કપટ છળ કામને;
પામ્યા વૈકુંઠમાં વિશ્રામને. જડ૦ ૧
જોને ઉદ્ધવ લોમશ અમર રહ્યા, મુનિ માર્કંડેય કાગભુષંડી કહ્યા;
ભજી કૃષ્ણ કલ્પ બહુ વીતી ગયા. જડ૦ ૨
સનકાદિક નારદ સરસમતિ, પ્રહલાદ વિભીષણ જોગી યતિ;
જેણે પુરૂષોત્તમને કીધા પતિ. જડ૦ ૩
એતો ઇશ્વરકોટીમાં બળિયા, ભજીને પ્રગટ પ્રભુ થયા બળીયા;
જેને દેવાનંદનો સ્વામી મળીયા. જડ૦ ૪

પદ ૨

હરિભજન કરી, સુખસંપત્તિ પામ્યા તે સર્વે જાણે;
તેને કુડ કહે, તે પામરનું બોલ્યું કુણ પ્રમાણે. ટેક૦
વ્હાલે કંચનનાં મંદિર કીધાં, જાણી દુર્બળ સુદામાને લઈ દીધાં;
પ્રભુ સમર્થથી કારજ સીધાં. હરિ૦ ૧
નરસૈંએ નીતમ ટેક ધરી, જેને મામેરૂં હાર હુંડી ભરી;
પ્રભુપદ પામ્યા સંસાર તરી. હરિ૦ ૨
જુઓ મીરાં રાજાની રાણી, જેને પાપીએ પાયું વિષપાણી.
રાખ્યું પુરુષોત્તમે સુખનું પાણી. હરિ૦ ૩
એવા કોટિક જનને ન્યાલ કર્યા, તેના જન્મ મરણ સંતાપ હર્યા;
જેને દેવાનંદનો વ્હાલો વર્યા. હરિ૦ ૪

પદ ૩

જોરે જાગીને માયાનું અંધારૂં મૂરખ મોટું;
તુંને ખબર નથી, શાસ્ત્ર વિના બોલે તે સર્વે ખોટું. ટેક૦
તું સવળાને અવળું જાણે, સ્વપ્ના જેવા સુખને માણે;
ઘણો માર ખાશે મૃત્યુ ટાણે. જોરે૦ ૧
બહુ સમજ્યો શાસ્ત્રથકી બહારે, ભરે પેટ પામર પશુ હારે.
તુંને નિત્ય બગાડયો પરનારે. જોરે૦ ૨
તેં સાચા સંત નથી સેવ્યા, તારા સંગી સર્વે શઠ જેવા;
તેમાં જરૂર આવશે જમ લેવા. જોરે૦ ૩
તું તો મૂરખના મતમાં મોટો, રહ્યો ગાફલ મનમાં માયા ગોટો;
દેવાનંદ કહે મનનો મત ખોટો. જોરે૦ ૪

પદ ૪

નરદેહ ધરી, કુબુદ્ધિ કલિમળ કીધી કૂડ કમાઈ; ટેક૦
સમર્યા ન હરિ, અણુસમજે આથડતાં આયુષ્ય ગુમાઈ.
પરનારી સાથે પ્રીત ઘણી, વિષયસુખ તૃષ્ણા તુચ્છતણી;
અંતકાળે તારો કોણ ધણી. નર૦ ૧

મોટપમાં બુડયો મૂઢમતિ, અહંકારે પામ્યો અસદ્‌ગતિ;
તારે અધમ સાથે હેત અતિ. નર૦ ૨
કરે ગ્રામ્યકથા બહુ દિવસ ગયા, વણસમજે કુડા વાદ કર્યા;
ઉર દુષ્ટપણું નહિ લેશ દયા. નર૦ ૩
લેખું રતિ રતિનું જમડા લેશે, કર્યાં પાપ પ્રમાણે દુઃખ દેશે;
દેવાનંદ કહે માથે સહું જોશે. નર૦ ૪

રાગ વેરાડી—પદ ૧

સગાં કોઈ સાથે ના'વે રે મરવાને ટાણે, ટેક૦
માત પિતા સુત નારી, સ્વારથી આ સંસારી ભારી;
અંતકાળે ઉઠી જાવે રે. મરવાને૦ ૧
જીવને જમ લેવા આવે, પાપ કર્યાં તે પીડા પાવે;
પામર નર બહુ પસ્તાવે રે. મરવાને૦ ૨
મિથ્યા બોલી માયા મેલી, તે દાટી રે નાવે ભેળી;
વણસમજ્યો વીંઝખાવે રે. મરવાને૦ ૩
દેવાનંદ કહે સુખકારી, ભજ્યા નહિ ગિરિધારી;
સંત વિના કોણ સમજાવે રે. મરવાને૦ ૪

પદ ૨

જીતી બાજી ગયો હારી રે, મનુષ્યતન પામી, ટેક૦
રાજ સાજ સુખ દીધું, તેનું કહ્યું નવ કીધું;
પરદારા કીધી પ્યારી રે. મનુષ્ય૦ ૧
વિષય મનમાં કીધા વ્હાલા, એ સુખમાં અથડાવા ઠાલા;
નિર્લજ એવા નરનારી રે. મનુષ્ય૦ ૨
પાપી ન ગયો સાધુ પાસે. બેઠો ખળમાં બારે માસે;
વિકલમતિઓ વ્યભિચારી રે. મનુષ્ય૦ ૩

જેને આ નરદેહ દીધો. તેનો શરણો નહિ લીધો;
દેવાનંદ કહે ભુલ્યો ભારી રે. મનુષ્ય૦ ૪

પદ ૩

મોહ્યા નહિ ગિરિધારી પ્રીતે રે, નંદજીનો લાલો, ટેક૦
કહ્યું તે નારીનું કીધું, રળીને ધન તેને દીધું;
હસીને બોલાવે હેતે રે. નંદ૦ ૧
આ સંસારી સુખવિષે, ઝાંઝવાનાં પાણી દીસે;
તેમાં ન્હાવા ઇચ્છે નિત્યે રે. નંદ૦ ૨
રાત દિવસ તત્પર થઈ રળીયો, ત્રિવિધ તાપે અંતર બળીઓ;
ચિંતા વાધી બહુ ચિત્તે રે. નંદ૦ ૩
દેવાનંદ કહે મિથ્યા માયા, તેમાં લોભી લલચાયા;
વશ કરી રાખ્યા વિત્ત રે. નંદ૦ ૪

પદ ૪

કાળ તારી કેડે આવે રે, વિચારી જોને. ટેક૦
જુઠું આ જીવતર તારૂં, હારી ગયા હજારૂં વારૂં;
કુડી માયા કામ ન આવે રે. વિચારી૦ ૧
મોટા મોટા મરી જાવે, રાજા રાંક ન રહને પાવે;
આયુષ્ય તારૂં ઓછું થાવે રે. વિચારી૦ ૨
પ્રભુને વિસાર્યા પ્રાણી, મિથ્યા બોલ્યો મુખે વાણી;
ધનહીન ચહુ દીશે ધાવે રે. વિચારી૦ ૩
દેવાનંદ કહે માન કહ્યું, જોબન તારૂં એળે ગયું;
વ્રજદાણી કયાં વિસાર્યાં રે. વિચારી૦ ૪

પદ ૫

સગું તારૂં કોણ સાચું રે, સંસારીયામાં. ટેક૦
કુડું કુડું હેત કીધું, તેને સાચું માની લીધું;
અંતકાળે દુઃખ દીધું રે. સંસારીયામાં૦ ૧

વિષયને તેં વ્હાલા કીધા, પ્યાલા તેં ઝેરના પીધા;
ગોવિંદને વિસારી દીધા રે. સંસારીયામાં૦ ૨
ધન દોલત પુત્ર નારી, તેમાં તું થયો ખુવારી;
ગાયા નહિ ગિરિધારી રે. સંસારીયામાં૦ ૩
ધરધંધે ઘેરી લીધો, કામિનીએ વશ કીધો;
દેવાનંદ કહે દગો દીધો રે. સંસારીયામાં૦ ૪

રાગ રાજીયો—પદ ૧

જોને વિચારી તારા જીવમાં હો પ્રાણીયા,
ભુલી ગયો ભગવાન રે ધરધંધે ઘેર્યો;
કેડે આવે છે તારે કાળ અતિકોપતો.
ખાવા ખેલ્યામાં ખોયું બાળપણું હો૦ જોબન આવ્યું થયો જુવાન રે.
રોબ્યો ફરે છે દિન રાતમાં હો૦ પાપ કર્યામાં અતિ પ્રીત રે. ધર૦ ૨
અંગે બુઢાપણું આવ્યું હો૦ નિર્લજ થઇને ફરે નિત્ય રે. ધર૦ ૩
સંગત કરે ન કેદી સંતની હો૦ હરિ ભજ્યામાં નહિ હેત રે. ધર૦ ૪
અંતે લેવાને જમ આવશે હો૦ દેવાનંદ કહે હજી ચેન રે. ધર૦ ૫

પદ ૨

અંતે જાવું છે ઉઠી એકલા હો જાણજે,
સગાં ન આવે કોઇ સાથ રે મરવાને ટાણે;
પ્રભુ વિના કોણ મુકાવે જમમારથી.
કંઠ રૂંધાશે કફજાળથી હો૦ કાળા જમકિંકર દેખાય રે. મર૦ ૧
નવસેં નવાણું ત્રુટે નાડીયો હો૦ બહોતેર કોઠામાં લાગે લાય રે. મર૦ ૨
રોમકોટિ વીંછીની વેદના હો૦ હૈડું હાલકલોલ થાય રે. મર૦ ૩
આંખ્યો ઉઘાડે અતિ વેદના હો૦ શેષ કોટિથી ન કહેવાય રે. મર૦ ૪
દુઃખ પામીને તજે દેહને હો૦ દેવાનંદ કરે કોણ સ્હાય રે. મર૦ ૫

પદ ૩

સૌતા કુટુંબી રહ્યા રાતમાં હો પાપીયા,
ધામ ધરા ને ધન માલ રે કોઈ સાથે નાવે;
મેલીને પાળા જમપુરની વાટે જાય છે.
કર્મ કર્યાં તે આડાં આવશે હો૦ હરિ ભજ્યા વિના બેહાલ રે. કોઈ૦ ૧
ભેળું તુ લીધું ભાતું પુણ્યનું હો૦ ભુખ તરસની પીડા થાય રે. કોઈ૦ ૨
જીવ માર્યાં તે આડા આવશે હો૦ તારૂં કાપીને તન ખાય રે. કોઈ૦ ૩
લોઢાની નારી ઉની લાલ કરી હો૦ બાથ ભરાવી દેવે માર રે. કોઈ૦ ૪
આંખ્યોમાં ઉના ગજ નાખશે હો૦ નીરખી દેવાનંદ કહે છે પરનાર રે. કોઈ૦ ૫

પદ ૪

મેલ્યા વિસારી ઘનશ્યામને હો મૂરખા,
દુઃખનો ન આવે હવે પાર રે, સંતોના દ્રોહી;
પડવાનું પાપે કરી તારે કુંભીપાકમાં.
આગળ વૈતરણી નદી આવશે હો૦-માથે મુદ્દગળના લાગે માર રે. સંતો૦ ૧
દીધાં નથી તેં ગૌદાનને હો૦ કોણ ઉતારે સામે તીર રે. સંતો૦ ૨
કાંઠે કોલુમાં કાયા પીલશે હો૦ છોયા સરીખું થાય શરીર રે. સંતો૦ ૩
ઉભો ધર્મની આગળ રાખશે હો૦ માગે રતિ રતિના જવાબ રે. સંતો૦ ૪
કુટુંબ સારૂં કર્યાં પુણ્યપાપને હો૦ એકલો દેવાનંદ કહે ભોગવ્ય આપરે. સંતો૦ ૫

રાગ સોરઠ—પદ ૧

નર અજ્ઞાની, સાંભળને શીખામણ મૂરખ મારી;
કહું હેત કરી, સત્ય માની અંતરમાં લેજે ધારી.
પ્રભુ નવ ભજ્યા નરદેહ ધરી, આણી ખોટામાં પ્રતીત ખરી;
તું મહાદુઃખ પામીશ મૂઢ મરી. નર૦ ૧
સુત નારી કુટુંબી જે કાવે, તે તારા ભેળા નહિ આવે;
તોય મૂરખ તારે મન ભાવે. નર૦ ૨

તું ઘર દોલત સાચા જાણી, તેમાં બંધાણો અતિશે પ્રાણી;
માટે નવ ઓળખ્યા શારંગપાણી. નર૦ ૩
તારૂં ધન જોબન સર્વે કાચું, જમ લઈ જાશે કરડી કાચું;
કહે મંજુકેશાનંદ સાચું. નર૦ ૪

પદ ૨

શું સમજીને, મુખથી વેણ બોલે ચાવી ચાવી;
વળી જ્ઞાન કરે, ભોળા જનને ખોટી શાખ બતાવી,
તું ખોટા ગુરુને સાચા જાણે, તેના દોષ હૈયામાં નવ આણે;
તને પડશે ખબર મરવા ટાણે. શું૦ ૧
આવળમાં આંબાબુદ્ધિ લાવે, તેને કેરી કદીએ નવ આવે;
તેની શૂળ્ય વાગે પીડા પાવે. શું૦ ૨
વળી નપુંસકની નારી કાવે, તેને પુત્રતણું સુખ નવ આવે;
તેના રાત દિવસ દુઃખમાં જાવે. શું૦ ૩
તેમ ખોટા ગુરુને શરણે જાયે, તેનું કલ્યાણ ક્યારે નવ થાયે;
મંજુકેશાનંદ એ સત્ય ગાયે. શું૦ ૪

પદ ૩

જોને જાગીને, અંતરમાં અંધારૂં મૂરખ તારે;
સાચા સંત હરિ, ઓળખીને તું હૈડામાં નવ ધારે.
તું દેહમાંહે પ્રભુને શોધે, તે કપટી ગુરુ કેરે બોધે;
તેમાં તારૂ મનડું નવ રોધે. જોને૦ ૧
વળી નાગપાંચમ આવે જ્યારે, કરી સર્પલીટા પૂજે ત્યારે;
સાચા નાગને લાકડીએ મારે. જોને૦ ૨
જેમ ઘુડ રવિને નવ દેખે, તેમ અજ્ઞાની પ્રભુ નવ પેખે;
તેનો મનુષ્યદેહ જાય અલેખે. જોને૦ ૩
તેને જમડા લઇ જાશે તાણી, ત્યારે મુખથી નહિ બોલાય વાણી;
મંજુકેશાનંદ કહે સત્ય વાણી, જોને૦ ૪

પદ ૪

નરતન પામી, હાર્યો જીતી બાજી મૂઢ અજ્ઞાની;
ખોટા સંતતણી, શીખામણ તેં અંતરમાં સત્ય માની.
કામી ક્રોધી ગુરૂ તને એમ કહે છે, તારા દેહમાંહીજ પ્રભુ રહે છે;
તું બહાર તે શું શોધે છે. નર૦ ૧
એમ કહી પરનારી સંગ કરે, કરી ચેલા તેનું દ્રવ્ય હરે;
તેનું પાપ હૈયામાં નવ ધરે. નર૦ ૨
કોઇ કહે છે મને મારો ભાઈ, કોણ છે ભગિની પુત્રી માઈ;
તેનો સંગ કરે મહાત્મ્ય ગાઇ. નર૦ ૩
એમ દૈત્ય ગુરૂ શિક્ષા દેછે, તેને મૂરખ સત્ય માની લેછે;
મંજુકેશાનંદ સાચું કહે છે. નર૦ ૪

રાગ જંગલો—પદ ૧

સ્વપ્નું સમજો રે આ સંસારને, દુઃખ દરિયો વિશાળ જી;
પડ્યા પાછા નવ નિસરે, કોટિવાર ગળે કાળ જી. સ્વપ્નું૦ ૧
માત તાત સુત જુવતી, સહુ સ્વારથીઓ સાથ જી;
કામ સાધી કોરે રહે, હેવે જમડાને હાથ જી. સ્વપ્નું૦ ૨
સગાં સંબંધી સહુ મળી, મોટો કીધો આપી માન જી;
વેગે ચડયો વહેવારને, ભુલ્યો ભક્તિનું ભાન જી. સ્વપ્નું૦ ૩
અશ્વ વહેલ્યું પલંગ પાલખી, હાથી હિંડોળાખાટ જી;
મેલી જાવું જીવને એકલા, મારૂં માનો શા માટ જી. સ્વપ્નું૦ ૪
મહેલ જરૂખા માળીયાં, રૂડી રંગીત મેડી જી;
તેને મેલાવી જમ મારતા, તુરત લઈ જાશે તેડી જી. સ્વપ્નું૦ ૫
ખાનપાન સુખસેજમાં, રહેતા હૈયે હુલાસ જી;
દયાનંદ કહે હર ન ભજ્યા, થશે નરક નિવાસ જી. સ્વપ્નું૦ ૬

પદ ૨

વિષય વિકાર જેણે કીધલા, તેને દુઃખ અપાર જી;
ત્રિવિધ તાપની ઝાળમાં, બળે ગરજુ ગમાર જી. વિષય૦ ૧
ધન નારીની ઘણી ધાખડી, રાતદિવસ હૃદે ધારી જી;
શ્વાન શૂકર પેરે બોલતા, ગયા નરતન હારી જી. વિષય૦ ૨
દીપક દેખી પતંગીઆ, પડી તન જાળે જેમ જી;
રૂપવંતી નારીઓ નીરખી, નર નાશ પામે તેમ જી. વિષય૦ ૩
દેશ વિદેશે ડોલીને, ધને ભર્યાં ભંડાર જી;
તો ય તૃષ્ણા જેની નવ ટળે, ઉલટી વાધે અપાર જી. વિષય૦ ૪
ભોગ સંસારી ભોગવી, કોઇ તૃપ્ત ન થાય જી;
ઈંદ્રિયો ઉંડી અપાર છે, વિષયથીરે ન ભરાય જી. વિષય૦ ૫
ખોટામાં મન ખોઢીયું, વૈરાગ્યવાત ન વિચારી જી;
દયાનંદ કહે એવા નર, ચાલ્યા અવસર હારી જી. વિષય૦ ૬

પદ ૩

વૈરાગ્ય વસે રે જેના ઉરમાં, બળતો લાગે સંસાર જી;
અરુચિ રહે સદા અંતરે, મિથ્યા માયિક વિચાર જી. વૈરાગ્ય૦ ૧
નારીને ગણે રે નિશ્ચે નાગણી, સગા શત્રુસમાન જી;
વ્યવહાર વિષસમ ત્રેવડે, પ્રભુ ભજવામાં તાન જી. વૈરાગ્ય૦ ૨
રમણીય પદાર્થે રાજી નહિ, કરે દેહ નિર્વાહ જી;
ચૌદ લોકમાં ચિત્ત નહિ, હરિચરણની ચાહ જી. વૈરાગ્ય૦ ૩
માયિક ભોગ મિથ્યા ગણે, કોઈને ચિંતવે ન ચિત્ત જી;
હરિમૂર્તિમાં એક મન રહે, વૈરાગ્યવંતની એ રીત જી. વૈરાગ્ય૦ ૪
અષ્ટ સિદ્ધિ નવ નીધિને, અંતર ઇચ્છે ન લેશ જી;
મુક્તિ ચતુર્ધા મેલીને, હરિ સેવે હંમેશ જી. વૈરાગ્ય૦ ૫
જ્ઞાને યુક્ત વૈરાગ્યની, વાત લેજે વિચારી જી;
દયાનંદ કહે જેને ઉપજે, તેને થાય સુખ ભારી જી. વૈરાગ્ય૦ ૬

પદ ૪

પ્રીતે ભજો રે પરબ્રહ્મને, સ્વામિ સહજાનંદ જી;
નિજ આત્મારૂપ માનતાં, થાય અતિ આનંદ જી. પ્રીતે૦ ૧
કાળનું ભક્ષ સર્વે જાણીને, કીટ બ્રહ્માપર્યંત જી;
હરિજન હરિપ્રતાપથી, રહે નિર્ભય નિશ્ચિંત જી. પ્રીતે૦ ૨
નિજ નજર કટાક્ષથી, જીવ ઉપજે અનંત જી;
પાળે હરિ તેને પલકમાં, એવા મોટા ભગવંત જી. પ્રીતે૦ ૩
પરાત્પર જેને કહે, વેદવાણી પોકારી જી;
તે અક્ષરવાસી બ્રહ્મમો, વિચરે નરતનું ધારી જી. પ્રીતે૦ ૪
સમર્થનું શરણ ગ્રહી, નબળા થાય બળવંત જી;
કામાદિક શત્રુ જીતીને, બને શૂરવીર સંત જી. પ્રીતે૦ ૫
કોટિ સાધન કરે સામટાં, તોય મળે ન શ્યામ જી;
દયાનંદ કહે ભેટી ભક્તને, લઈ જાવે નિજ ધામ જી. પ્રીતે૦ ૬

રાગ ઠુમરી—પદ ૧

દુસરો કોન સુખદાઇ શ્યામ બીન, દુસરો કોન સુખદાઈ રે. ટેક.
ધીરજતા ધ્રુવકી ઉર ધારી, અચળ પદ દીઓ આઈ રે;
ઝુંડે જબહી પકર્યો ગજકું, છીનમેં લીઓ છોડાઈ રે. દુસરો૦ ૧
પ્રહલાદકી અતિ પીડા પીછાની, પ્રગટ ભએ સ્થંભમાંઈ રે;
હિરણ્યકશિપુકો માર્યો હરિએ, નૃસિંહ વેશ બનાઈ રે. દુસરો૦ ૨
પાંડવકું લાક્ષાગૃહ જ્યારે, તાસું લીને બચાઈ રે;
પંચાલીકે ચીર પુરનકું, ધીર તજી આએ ધાઈ રે. દુસરો૦ ૩
જ્યાં જ્યાં ભીડ પડત ભક્તનકું, ત્યાં ત્યાં હોત સહાઈ રે;
દયાનંદકો નાથ દયાળુ, ભજો ભાવ ઉર લાઈ રે. દુસરો૦ ૪

પદ ૨

વિપત્તિ કોન નિવારે નાથ બીન, વિપત્તિ કોન નિવારે રે. ટેક.
ઉદરમેં અકળાયો પ્રાણી, ત્રાહિ ત્રાહિ પોકારે રે;

દુઃખીઓ જાની દયા આની, વ્હાલમ આયે વ્હારે રે. વિપત્તિ૦ ૧
ગર્ભ છોડાયો જન્મ ધરાયો, અંતરે અગ્નિ જારે રે;
તૃષા બુજાઈ ક્ષુધા સમાઈ, અમૃતકેરે આરે રે. વિપત્તિ૦ ૨
એસે હરિ ઉપકારી બિસારી, ચલીયો સંસાર લારે રે;
હેત જનાઈ સર્વ સગાઈ, નિશ્ચે નરકમેં ડારે રે. વિપત્તિ૦ ૩
જુઠ સગાઈ અતિ દુઃખદાઈ, ધણી મોહન શીર ધારે રે;
દયાનંદકો શ્યામ સહાઈ, તુરત પાર ઉતારે રે. વિપત્તિ૦ ૪

ભૂમાનંદમુનિકૃત પદો—

કકા કળિમાં એ છે સાર, હરિકીર્તન કરી હોય ઉદ્ધાર;
વિષયવાસના ત્યાગ કરે, તો હરિકીર્તનથી કારજ સરે;
ભવસાગરનો આવે પાર. કકા૦ ૧

ખખા ખાલી હાથે જાય, દેવદર્શનનું ફળ નહિ થાય;
દર્શન કરતાં દારા જુવે, તે પણ દર્શનનું ફળ ખુવે;
દશું દેવતણી જે ખાય. ખખા૦ ૨

ગગા ગણતી તારી નથી, મરી ગયા મોટા મહારથી;
તે માટે સવેળે ચેત, કરી લે એક હરિસંગ હેત;
કુટુંબ સારૂં કાં મર્ય મથી. ગગા૦ ૩

ઘઘા ઘોર કળિ છે આજ, જો કર્યું સત્સંગ તો રહે લાજ;
જાવું ન પડે જમને દ્વાર, ચોરાશીનો આવે પાર;
સરવે તારૂં સરસે કાજ. ઘઘા૦ ૪

ઙઙા—ઙદી વસ્તુ જેહ, નરત્રિયાના તનુમાં તેહ,
કાળાં ગોરાં ઉપર ચામ, જેને જોતાં ઉપજે કામ;
જુઠું જાણી ન કરો નેહ. ઙઙા૦ ૫

ચચા ચેતો આવ્યો કાળ, જેમ મછલીને ઝાલે જાળ;
ચૌદ લોક આવે મુખમાંય, સુડી વચ્ચે સોપારી ન્સાય;
જેમ ઉંદરને ઝાલે વ્યાળ. ચચા૦ ૬
છછા છુટયાનો ઉપાય, એક જ છે જો સત્સંગ થાય;
સત્સંગે થાય કિશોર વય, ત્યારે ટળે કાળનો ભય;
જીવનપર્યંત હરિજશ ગાય. છછા૦ ૭
જજા જપ જીવનનો જાપ, ટળે ત્રિવિધ તેણે તાપ;
પંચ વિષય સુખ દે પરહરી, નરકચોરાશી નાવે ફરી;
સત્સંગમાં સમરપિ આપ. જજા૦ ૮
ઝઝા ઝાંજવાનાં જળ જેમ, નિરાકાર બ્રહ્મ જાણો તેમ;
તે જળથી જો તૃષ જાય, તો તે ભજતે કલ્યાણ થાય;
શુન્યવાદીની સમઝણ એમ. ઝઝા૦ ૯
ઞઞા ઇશ્વર અક્ષરમાંઈ, સાકારમૂર્તિ છે સુખદાઈ;
જ્યારે એ અવનિ અવતરે, જેને જોગે જીવ ઉદ્ધરે;
પુરુષોત્તમને ભજી લે ભાઈ. ઞઞા૦ ૧૦
ટટા ટેક અંતરમાં ધરી, શીરસાટે સમરી લે હરિ;
અન્ય દેવને જે આશ્રરે, હરિભક્તિમાં વિઘ્ન કરે;
પતિવ્રતા થઇને લે વરી. ટટા૦ ૧૧
ઠઠા જાસો ઠાલે હાથ, એક દમડી નહિ આવે સાથ;
ઇશ્વરને આરાધો ઉર, નહિ તણાવો તૃષ્ણાને પુર;
મેલી દે માયાની બાથ. ઠઠા૦ ૧૨
ડડા ડહાપણ ડોળું ઘણું, જગમાં ચાવો થાવાતણું,
લેવા ઇચ્છયો મોટપ્ય માન, વિસારી મેલ્યા ભગવાન;
અંતે કામ ન આવે અણું. ડડા૦ ૧૩
ઢઢા ઢોરની રાખી રીત, પંચવિષય ભોગવ્યા કરી પ્રીત;
સન્માન સંબંધિનું કર્યું, ઉજડ ગામનું પોતુ ભર્યું;

મહાજનને નહિ કીધા મિત. ઢઢા૦ ૧૪
ણુણા લે નારાયણ નામ; કઠણ વેળા એ આવે કામ;
નામી વિના નામ ઉચ્ચરે, તેનું તો કારજ નહિ સરે;
એ મૂર્તિનું અક્ષરધામ. ણુણા૦ ૧૫
તતા તજી દે તન અભિમાન, જીવ આત્માને નિજરૂપ જાન;
તે બ્રહ્મ હું પરબ્રહ્મનો દાસ, એમ સમજી હરિને ઉપાસ;
એમ વિચારી આત્મજ્ઞાન. તતા૦ ૧૬
થથા થોડા જીવ્યા કાજ, અધર્મ નહિ આરંભે આજ;
નરદેહે નિજઇચ્છિત થાય, કર્મ ખપ્યાનો કર્ય ઉપાય;
સત્સંગ પાલી બાંધો પાજ. થથા૦ ૧૭
દદા દિવસ જે જે જાય, આવરદામાં ઓછો થાય;
માબાપ જાણે મોટો થયો, મૂળગામાંથી પણ તે ગયો;
તે સુશે શમશાને કાય. દદા૦ ૧૮
ધધા ધૂમની ભર્ય માં બાથ, એ નહિ આવે તારે સાથ;
શોધી સદ્‌ગુરૂ શરણે જાઓ, અજર અમર અવિનાશી થાઓ;
કહું છું તારે કાજ ગાથ. ધધા૦ ૧૯
નના નરતનુ નાવે ફરી, દેવને દુર્લભ તેં તો ધરી;
હવે હરિનો નહિ કાંઇ વાંક, મળ્યો ચિંતામણી રહે માં રાંક;
ઇષ્ટદેવને રહે અનુસરી. નના૦ ૨૦
પપા પામર એનું જ નામ, વિષય ભોગવે ભુલી રામ;
ઉદર અરથે ઉદ્યમ કરે, શ્વાન સૂકર સમ થઇને ફરે;
જેને લાગે વહાલી વામ. પપા૦ ૨૧
ફફા ફુટી હાંડી જેમ, તુંને અંત્યે દેશે તેહ;
બીજી જે સામગ્રી સહુ, વહેંચી લેશે છૈયાં વહુ,
કાંઇ ન માણ્યો કહેશે એહ. ફફા૦ ૨૨
બબા બાજી જીતી ગયા, જે જગમાં સત્સંગી થયા;

જેણે કીધો કુસંગ ત્યાગ, તે મનુષ્યનાં મોટાં ભાગ્ય;
પ્રગટ પ્રભુને શરણે રહ્યા. બબા૦ ૨૩

ભભા ભેર વાગતે જાય, નરકે ન ભજી ત્રિભુવનરાય;
હરિના જનસંગે જે વેર, અમૃત ઢોળી પીવું ઝેર,
પરનારી સંગ જે નર ચ્હાય. ભભા૦ ૨૪

મમા મેલો મનનો મેલ, પ્રભુ પામવા તે છે સહેલ;
સુખદુઃખનું દેનારું એહ, જન્મ મરણનું કારણ તેહ;
એને આધીન સર્વે ફેલ. મમા૦ ૨૫

યયા યુવતી નરઆકાર, માયાનાં છે મોરાં ધાર;
તેમાં જે રહેનારા જીવ, તે નહિ માયા વસ્તુ દિવ;
સર્વેને હરિ ફળદાતાર. યયા૦ ૨૬

રરા જે છે રમતારામ, તે જાણો જીવોનાં નામ;
લખ ચોરાશી ધારે વેશ, માયાનો નહિ લાગે લેશ;
મુળ માયા તો તેનું ધામ. રરા૦ ૨૭

લલા લેવાં છે હરિનામ, દેવા લાયક તો અન્ન દામ;
અન્નદાને સહુ તૃપત થાય, હરિનામથી પાપ પલાય;
પણ જો રાખે વ્રત નિષ્કામ. લલા૦ ૨૮

વવા વચનનો જે છે લોપ, તેજ પ્રભુનો જાણો કોપ;
લક્ષ્મણ ને સીતાજી જેહ, વચન લોપથી ત્યાગ્યાં તેહ;
વચને વરત્યાં ગોપી ગોપ. વવા૦ ૨૯

શશા શલેલ જે કહેવાય, તેની તો શુભ ગતિ નહિ થાય;
કામી ક્રોધી લોભી બહુ, ત્યાગી તરતા દેખ્યા સહુ;
સર્વે ભેળા ભળવા ચ્હાય. શશા૦ ૩૦

ષષા શોધી લે તું હરિ, દેહ મનુષ્યનો નાવે ફરી;
જો મળી જાય પ્રગટ રામ, તો તે આપે અક્ષરધામ;
અવનિ ઉપર નરતનુ ધરે. ષષા૦ ૩૧

સસા સૂર્ય દરશે જેમ, સ્વચ્છ વસ્તુ સર્વેમાં તેમ;
એણે જો અંધારૂં ટળે, તો પ્રગટ વિન કારજ સરે;
વ્યાપક હરિપણ જાણો એમ. સસા૦ ૩૨
હહા હેરા માં પરનાર, તેમાં વીરજ તે નરકનો દ્વાર;
ભોગવવા જેટલા પગ ભરે, તેટલી બ્રહ્મહત્યા શિર ઠરે;
જાળે જપ તપ પુજા જાર. હહા૦ ૩૩
ક્ષક્ષા ક્ષેત્ર અન્યનું પાપ, તીરથમાં તે થઈ જાય શાપ;
તીરથ ક્ષેત્રમાં જો કરે, વજ્રલેપ થઈ શિરે ઠરે;
મન વશ કરી જપો હરિ જાપ. ક્ષક્ષા૦ ૩૪
ત્રત્રા ત્રિલોકિમાં દેહ, પંચભુતના પડશે તેહ;
જે પામે છે અક્ષરધામ, ભાગવતી તેનું છે તે નામ;
અક્ષરપુરૂષ કહાવે એહ. ત્રત્રા૦ ૩૫
જ્ઞજ્ઞા નવીન મુક્તિ નામ, નથી થાતી ભજતાં રામ;
જીવ ઈશ્વર માયાનું રૂપ, જાણવું તે છે જ્ઞાન અનુપ;
પુરૂષોત્તમ ને અક્ષરધામ; જ્ઞજ્ઞા૦ ૩૬
અઆ આનંદ આઠે જામ, વરતે તો જો થા નિષ્કામ;
વાસનાનો જો થાય વિયોગ, તો ટળે જન્મમરણ રૂપ રોગ;
ઉરમાં વાસ કહી રહે રામ. અઆ૦ ૩૭
ઇઈ ઈ અધર્મનું મૂળ, કહું છું કાપી નાખો સ્થુળ;
માંસ મદિરા ચોરી જેહ, અવેરી છે ચોથું તેહ;
રાખો હૃદયમાં ધર્મનું કુળ. ઇઈ૦ ૩૮
ઉઊ ઉદ્વેગનું અગાર, કુસંગ છે કહું છું નિર્ધાર;
કરી સત્સંગ સાધી લે કાજ, ભવજળ તરવાનું એ ઝાઝ;
નહિ તો જાશો જમને દ્વાર; ઉઊ૦ ૩૯
ઋ રુષિ નારાયણ જેહ, અક્ષરધામી આપે એહ;
કૃષ્ણરૂપ થયા સ્વચ્છંદ, તે છે સ્વામી સહજાનંદ.
પ્રગટ્યા પૂર્વ છપૈયા તેહ. ઋઋ૦ ૪૦

ઓઓ પહોચ્યો આવી કાળ, વિષયથી મન પાછું વાળ;
ચેત સવેળે સત્સંગ કરી, શ્વાસોત્સ્વાસ સ્મરી લે હરિ;
નરદેહ વિન નહિ આવે તાળ. ઓઓ૦ ૪૧
અક્ષરનો તો લીધો લેશ, આત્માને દીધો ઉપદેશ;
મિથ્યા કરવા માયા ફંદ, કક્કો કહે છે ભુમાનંદ;
હરિ હરને ભજવા હમેશ, અક્ષરનો તો લીધો લેશ. ૪૨

રાગ ગરબી—પદ ૧

સૌ સત્સંગ કરો રે, કર્યા કર્મ સર્વે જળે રે;
સૌ સત્સંગ કરો રે, દુરિજન છો દાઝે બળે રે. ૧
સૌ સત્સંગ કરો રે, નરક ચોરાશી છુટશે રે;
સૌ સત્સંગ કરો રે, કર્મના કોઠાર ખુટશે રે. ૨
સૌ સત્સંગ કરો રે, સુરાપી જમપુર જાય છે રે;
સૌ સત્સંગ કરો રે, શિશાં ઉનાં તેને પાય છે રે. ૩
સૌ સત્સંગ કરો રે, ખોયલા દિનના ખંગ વળે રે;
સૌ સત્સંગ કરો રે, વા'લો ભૂમાનંદનો મળે રે. ૪

પદ ૨

કો કુસંગ કરો રે, કેવળ કલંક રૂપ છે રે;
કો કુસંગ કરો રે, વિષયવિકારનો કૂપ છે રે. ૧
કો કુસંગ કરો રે, વિષયાનંદી હોય તે કરે રે;
કો કુસંગ કરો રે, બ્રહ્માનંદી છેટે ફરે રે. ૨
કો કુસંગ કરો રે, બ્રહ્મવેત્તાને નથી ભાવતો રે;
કો કુસંગ કરો રે, ફેલીને આવે છે ફાવતો રે. ૩
કો કુસંગ કરો રે, પરનારી સાથે પ્રીતડી રે;
કો કુસંગ કરો રે, પ્રભુ પામ્યાની નથી રીતડી રે. ૪
કો કુસંગ કરો રે, સમઝી વિચારીને તજો રે;
કો કુસંગ કરો રે, વા'લો ભૂમાનંદનો ભજો રે. ૫

પદ ૩

જે સતના સંગી રે, ચોરી અવેરી નહિ કરે રે;
જે સતના સંગી રે, માંસ મદિરા પરહરે રે. ૧
જે સતના સંગી રે, ગાંજા તમાકું ભાંગ્ય ન પીયે રે;
જે સતના સંગી રે, કોયદી કાલિયુ ન લીયે રે. ૨
જે સતના સંગી રે, ભુવા ભવાઈ ભાંડ ન જુવે રે;
જે સતના સંગી રે, જુગટામાં જીવિતન ખોવે રે. ૩
જે સતના સંગી રે, દેવની નિંદાથી ડરે રે;
જે સતના સંગી રે, હાંસી મશ્કરી ન કરે રે. ૪
જે સતના સંગી રે, વિશ્વાસઘાત કરે નહિ રે;
જે સતના સંગી રે, ભૂમાનંદ કહે સહિ રે. ૫

પદ ૪

તે કહીએ કુસંગી રે, વિમુખનો પક્ષ લીયે રે;
તે કહીએ કુસંગી રે, હરિજનને દગો દીયે રે. ૧
તે કહીએ કુસંગી રે સત્સંગ કરતાં વારશે રે;
તે કહીએ કુસંગી રે, જરૂર જમ એને મારશે રે; ૨
તે કહીએ કુસંગી રે, પ્રભુ ભજે તેને નડે રે;
તે કહીએ કુસંગી રે, નર નરકના કુંડમાં પડે રે. ૩
તે કહીએ કુસંગી રે, અવતારને ખોટા કરે રે,
તે કહીએ કુસંગી રે, ભૂમાનંદ એવાથી ડરે રે. ૪

રાગ ગરબી—પદ ૧

જીવ જોને તપાસી તારું કુણ છે રે, હેતું હરિ વિના જગમાંઈ;
જેને અર્થે જીવત ખોઈ જાય છે રે.
જેનું પોષણ કરછ પ્રભુ વિસરી રે, દગા ધાતુ ઘણી ઉર લાઈ. જેને૦ ૧
ભાઈ ભગિની ભાણેજ દાર દીકરા રે, માત સાસી મામો ને મિત જેને૦

તે સર્વે મારાં માયાતણાં રે, પુણ્ય હરશે તારૂં કરી પ્રીત. જેને૦ ૨
કુળ કુટુંબ માનીને માયરું રે, સદા કરછ જેનું સનમાન. જેને૦
અંતકાળે આવી એ જ લુંટશે રે, દેશે ફુટી દોણી તુને દાન. જેને૦ ૩
ગજ ઘોડા મેના વેલ એડિયું રે, મેલી જાવું ધરા ધન ધામ. જેને૦
ભૂમાનંદ કે ભર્યો ભંડારમાં રે, સંગે આવે ન એક બદામ. જેને૦ ૪

પદ ૨

હેત કરી હરિના જનમાં રે, રૂદે રટો નારાયણ નામ;
અંતકાળે કઠણ વેળા આવશે રે.
જદરાના જમાન જમ દેખશ્યો રે, ક્રૂર કાજળ સરખા શ્યામ. અંત૦ ૧
વદન વાંકાં આંખ્યો અતિ લાલ છે રે, દાંત મોટા દિસે વિકરાળ. અંત૦
તાલ સરખાં ઉંચાં અંગ એહનાં રે, તીર સરખા તીક્ષણ વાળ. અંત૦ ૨
એવા આવી કાયાગઢ ઘેરશે રે, તરત રૂંધી લેશે દશ દ્વાર. અંત૦
પાશ બાંધીને મુદગર મારશે રે, તાણી લેશે જંતર જેમ તાર. અંત૦ ૩
કોટિ કોટિ વિછીની વેદના રે, એક એક રૂંવાડે થાય. અંત૦
ભૂમાનંદનો વાલો ભજ્યા વિના રે, બીજા કોઈ ન કરે સાય. અંત૦ ૪

પદ ૩

જમ જોઈને આંખ્યો ફરી જાય છે રે, પેટ ચડે ને નાક હરડાય;
માટે ભજી લે શ્રીભગવાનને રે. માટે૦ ૧
જીભ ટુંકી પડે ને તુટે નાડીયો રે, મળ મુત્ર અસાધ્યે જાય. માટે૦ ૨
શ્વાસ છાતી થકી પાછા ફરે રે, વે'વા લાગે નેણમાં નીર. માટે૦ ૩
ગળું ગાજે ને દાંત કાળા પડે રે, થઇ જાય શીતળ શરીર. માટે૦ ૪
મારો મારો બોલીને મુખથી રે, જમ જોરાવરી લઇ જાય. માટે૦ ૫
સગાં સર્વે મળી કુટે છાતિયોરે, કોઈ કરી ન શકે સહાય. માટે૦ ૬
જમપુરમાં લઇ જાય છે જીવને રે, બહુ પ્રકારે દેતા માર. માટે૦ ૭
ભૂમાનંદ કે ભોગવીશ કુંડ નરકના રે, છ લાખ ચોરાશી હજાર. માટે૦ ૮

પદ ૪

સુરા પીનારને સિસું પાય છે રે, ઉનું કરીને વારમવાર;
તે માટે તું ચેતને પ્રાણિયા રે. તે માટે૦ ૧
સાતસો વીશ કુકર ધાઈને રે, માંસ ભક્ષકનો કરે આહાર. તે માટે૦ ૨
પરત્રિયાના સંગ કરનારને રે, મળી જમ કિંકરનો સાથ. તે માટે૦ ૩
સ્તંભ લાલ કરીને લોહના રે, બળે કરી ભરાવે બાથ. તે માટે૦ ૪
જીવ હિંસા કરે હરખે કરી રે, માની મનમાં પોતાનો ધર્મ. તે માટે૦ ૫
તે પુરૂષ તામિસ્ર અંધમાં રે, પડી ભોગવે કરેલાં કર્મ. તે માટે૦ ૬
સુખ ચાયે તો કર સતસંગને રે, જેણે જમપુરનાં દુઃખ જાય; તે માટે૦ ૭
ભૂમાનંદ કે ભવસાગરથી રે, તેનો તરત છુટકો થાય. તે માટે૦ ૮

રાગ ગરબી—પદ ૧

સતસંગ કરને પ્રાણી, જોખો શિર જમનો જાણી;
કુસંગમાં કાજ ન સરે, સયાના શીદને કરે. ૧
ફુલ્યો બહુ ફેલે ચડી, નારાયણ ન ભજ્યા ઘડી;
મોંઘો મનુષ્ય તન પામી, હવે થામાં લુણ હરામી ૨
ડાહ્યો થઈ ડાયરે મહાલ્યો, ધર્મને રાહ ન ચાલ્યો;
વર્ણાંગિયો થઈ વિહારી, આવ્યો દાવ જાય છે હારી. ૩
નારીસંગ નેહ કરી, વિસારી મેલ્યા હરિ;
ચિંતામણી હાથમાં આવ્યો, ગાફેલ તે વ્યરથ ગમાવ્યો. ૪
સાધુનો સંગ ત્યાગી, સગામાં રહ્યો તું રાગી;
ભૂમાનંદ કે દુઃખ ભારી, ભોગવીશ જમને દ્વારી. ૫

પદ ૨

સવેળે ચેત તો સારૂં, મટી જાય જમનું લારૂં;
સ્વારથી મળ્યાં સહુ, બંધુ દાર દીકરા વહુ. ૧

પોખ્યા એને રાતદી રળી, વેઠે જેમ વેળુ દળી;
સુધાસિંધુ શ્યામ વછોઇ, છાલી કંઠ આંચળ દોઈ. ૨
તેનું પય ન પામે કોઈ, ઘૃત જેમ નીર વલોઈ;
વિષય સુખ ઝાંઝવા જેવા, અજ્ઞાની ઇચ્છે લેવા. ૩
સ્વપ્નમાં સાયબી પાવે, જાગે જેમ રાંક રહાવે;
માવઠામાં બીજ ખોઈ, કોઠાર ન ભરે કોઈ. ૪
તેવાં છે સગાં તારાં, માયાનાં સર્વે મોરાં;
ભૂમાનંદ કહે વિચારી, દ્વાર છે નરકનાં નારી. ૫

પદ ૩

વહાલાં થઈ તુજને વાઈ, વિત્ત તારૂં સર્વે ખાઈ;
પછી જમજૂથમાં દઈ, કુટે કાંઈ માણ્યો ન કઈ. ૧
વસ્ત્ર વાળી લુંછી લઈ, કાઢે દોણી ખોખરી દઈ;
ઘોડા ગજ ઉંટ ને વેલી, મેના રથ પાલખી મેલી. ૨
તળાઈ ઢોલીયા ત્યાગી, સુતા સમશાન અભાગી;
સગાં કોઈ સંગ ન આવે, જમપુરે એકલો જાવે. ૩
ખજીના કોઇક ખાય, કર્યાં કર્મ સંગ લઈ જાય;
મુકી જાય મહેલ હવેલી, શરીરની ઉડે શેલી. ૪
જીવને જમરા મારે, મારો મારો કરી પોકારે;
ભૂમાનંદ કહે છે ભાઈ, દયાનો લેશ ન જાઈ. ૫

પદ ૪

ઉંધે શિર ટાંગી એહુ, મીંડુભરી આંખ્યમાં તેહ;
મુદગર મારે જ્યારે, વમાશણુ થાય છે ત્યારે. ૧
સંતોની શીખ ન ધારી, કહેતા હતા બહુ પોકારી;
હવે તો હાલ છે બુરા, નજ્યાં મદ્ય માંસ ને સુરા. ૨
સતસંગ કરવો જેહુ, ગોઠયો નહિ ઘડિએ તેહુ;
કુસંગને સંગે કરી, આવ્યો આ નરકમાં મરી. ૩

બાળાપણુ ખેલમાં ખોઈ, જુવાનીમાં જુવતી જોઈ;
વૃદ્ધપણે ચિંતા ભારી, તેમાં મેલ્યા નાથ વિસારી. ૪
ગતિ શી થાશે મારી, કરે હાય વોય પોકારી;
ભૂમાનંદ કહે એમ જાણી, ભજ્યા મેં શારંગપાણી. ૫

રાગ સારંગ—પદ ૧

સમરો શ્રી ઘનશ્યામને, પ્રાણી, સમરો શ્રી ઘનશ્યામને;
અળગો અર્થ નહિ સરે તમારો, રાજી રાખે એક રામને. પ્રાણી૦ ૧
આકના તુળની પેઠે ઉડી જાશો, નહિ જાણે કોઇ નામને. પ્રાણી૦ ૨
સુત દારા સાથે નહિ આવે, મેલી જાવું ધન ધામને. પ્રાણી૦ ૩
દુર્લભ દેહ મનુષ્યનો ખોયો, ભોગવી કેવળ કામને. પ્રાણી૦ ૪
માલ ખજાના મુકીને જાશો, નહિ પામો એક બદામને. પ્રાણી૦ ૫
ભૂમાનંદ કહે જમ કિંકર, લેઈ જાશે મારી લગામને. પ્રાણી૦ ૬

પદ ૨

જો નહિ સમરો શ્રીહરિ, જીવ જો નહિ સમરો શ્રીહરિ;
મનુષ્ય દેહ અકારજ ખોઈ, જમપુરીમાં જાશો મરી. જીવ૦ ૧
સો જોજન વૈતરણી આડી, વિટ મુતર રૂધિરે ભરી. જીવ૦ ૨
તપેલ તાંબા વરણી ભૂમિ, વજ્ર કંટક પાથરી. જીવ૦ ૩
લોહના સ્તંભને બાથ ભરાવશે, અતિશે ઉના કરી. જીવ૦ ૪
ઉંધે શિર ટાંગી જમ મારશે, આંખ્યોમાં મીઠું ભરી. જીવ૦ ૫
ભૂમાનંદનો નાથ મળ્યા વિના, કોઈ નહિ બેસો ઠરી. જીવ૦ ૬

પદ ૩

સર્વે જમપુર જાય છે, જીવ સર્વે જમપુર જાય છે;
યમરાજની આગે લેખાં, રાઇ રાઇનાં લેવાય છે. જીવ૦ ૧
દારૂ પિનાર પ્રાણીને, સિસાં ઉનાં કરી પાય છે. જીવ૦ ૨

જે કોઇ માંસ ખાય તેનો માંસ, જમ કાપી કાપી ખાય છે. જીવ૦ ૩
પરનારી કુદષ્ટિ જુવે તેની, આંખ્યોમાં ગજ પ્રોવાય છે. જીવ૦ ૪
સાતસોને વીશ શ્વાન ચોરે તેનાં, તન તોડવા ધાય છે. જીવ૦ ૫
ભૂમાનંદનો નાથ ભજ્યા વિના, દારૂણ દુઃખિયાં થાય છે. જીવ૦ ૬

પદ ૪

પાને પડયો, ઠગ સાથને. પ્રાણી પાને પડયો ઠગસાથને;
સુત દારા ઠગે છે સર્વને, કરી મીઠી મીઠી ગાથને. પ્રાણી૦ ૧
બેરૂ બળદ કરીને ખેડશે, નવી ઘાલે એક નાથને. પ્રાણી૦ ૨
એને અર્થે તરેલાં તાણો છો, જાશો ખંખેરી હાથને. પ્રાણી૦ ૩
સગાં કુટુંબી કોઈ નથી તારાં, વૃથા ભરી રહ્યો બાથને. પ્રાણી૦ ૪
જો એને વિશ્વાસે રહેશો તો, ભટકી મરશો ભવપાથને. પ્રાણી૦ ૫
એનો સંગ મુકો સમજીને, ભજો ભૂમાનંદના નાથને. પ્રાણી૦ ૬

રાગ ખમાચ—પદ ૧

નહિ મળે ફરી મોંઘો નહિ મળે ફરી,
મનુષ્યનો દેહ મોંઘો નહિ મળે ફરી;
તે માટે હું કહું છું તને ભજી લે હરિ,
સાચા સાધુ ઓળખી એની સોબત કરી: મનુ૦ ૧
જીતિ બાજી જાય છે હારી કુસંગમાં ગરી,
જાવું પડશે જમપુરીમાં જરૂર મરી. મનુ૦ ૨
દેવતાને છે દુર્લભ તનુ તે તો તેં ધરી,
ભૂમાનંદ કહે ભવસિંધુને જાને તું તરી. મનુ૦ ૩

પદ ૨

તારૂં શું સર્યું રે કારજ તારૂં શું સર્યું,
જાણ્યા નહિ જગદીશ કારજ તારૂં શું સર્યું.

કરવાનું જે હતું તે તો કાંયે ન કર્યું,
ઉજડ ગામનું પોતું પામર પ્રાણી તેં ભર્યું. જાણ્યા૦ ૧
નાતિલાને નોરે ચાલ્યો બોલે છે ફર્યું,
પ્રગટ પ્રભુ કેરૂં નામ મને ન ધર્યું. જાણ્યા૦ ૨
માનને ઘોડે ચડ્યો મૂરખ અંતર નહિ ઠર્યું,
ભૂમાનંદ કહે ભુંડા સારૂં જીવત જર્યું. જાણ્યા૦ ૩

પદ ૩

તારી શી ગતિ રે થાશે તારી શી ગતિ,
નહિ ભજ્યા નારાયણ થાશે તારી શી ગતિ;
પ્રગટ પ્રભુમાં તેં પ્રાણી નહિ કરી રતિ,
જખ મારવા થયા જાણો જોગીને જતિ. નહિ૦ ૧
જગમાં મોટો થાવા ચાલ્યો કાઢીને અતિ,
તેં તો મોટપ દીવાની જેમ બુઝેલિં બતિ. નહિ૦ ૨
ભૂમાનંદ કહે કામ ન આવી મૂર્ખની મતિ,
લાડીલો વર નહિ લડાવ્યા લક્ષ્મીનો પતિ. નહિ૦ ૩

પદ ૪

કોઈ કેનું નથી રે પ્રાણી કોઈ કેનું નથી,
હરિ વિના હેતુ બીજું કોઇ કેનું નથી;
આગમનિગમ સર્વે સાધુ કહી ગયા કથી,
કુટુંબીને કાજે મૂરખ મરો કાં મથી. હરિ૦ ૧
સ્વારથી સગાં મળ્યાં જેમ પરબે પથિ,
ઉઠી ચાલે એકલાં નહિ કોઈ કેનાં સથિ. હરિ૦ ૨
ભૂમાનંદ કહે ભૂપ સર્વે મોટા મહારથી,
મેના માફા મુકી ગયા ઘોડા ને હાથી. હરિ૦ ૩

રાગ પરજ—પદ ૧

રે હરિ વિના હેતુ નથી તારૂં, સમર સદા માન્ય વચન મારૂં રે; હરિ૦ ૧
રે સગાં સર્વે છે સ્વારથ કેરાં, કઠણ કાળે નહિ આવે નેરાં રે. હરિ૦ ૧
રે દેખાશે જમની ફોજો જ્યારે, તે દહાડે તો આવશે એ વારે રે. હરિ૦ ૩
રે પ્રભુ સંગે પ્રીત કરે પ્રાણી, ભૂમાનંદ કહે છે સત્ય વાણી રે. હરિ૦ ૪

પદ ૨

રે મોંઘો દેહ મનુષ્યનો આવ્યો, ગાફલ તે તો વૃથા ગમાવ્યો રે. મોંઘો૦ ૧
રે હયામાં હરખ ઘણો લાવી, લીલા નંદલાલની નહિ ગાવી રે. મોંઘો૦ ૨
રે ઉત્સાહ અંતરમાં આણી, સંભાર્યો નહિ તે શારંગપાણી રે. મોંઘો૦ ૩
રે ભૂમાનંદ કહે તને ટેરી, અવસર આવ્યો નાવે ફેરી રે. મોંઘો૦ ૪

પદ ૩

રે સંસાર સુખ સ્વપ્નાનો મેવો, મળે તોય રહે જેમ હોય તેવો રે. સંસાર૦ ૧
રે વિષય ઝાંઝવા જેવા કહાવે, ભોગવી કોઈ તૃપતિ નહિ પાવે રે. સંસાર૦ ૨
રે નારી સુત સ્વપ્ન થઈ જાશે, કર્યાં કર્મ તે તો રહેશે પાસે રે. સંસાર૦ ૩
રે ભૂમાનંદ કહે ઉર વિચારી, મોંઘા કરી રાખો મુરારી રે, સંસાર૦ ૪

પદ ૪

રે પ્રભુ સંગે પ્રીત કરો પ્રાણી, સાચા સગા જીવનને જાણી રે. પ્રભુ૦ ૧
રે તેથી કાજ સરે તમારૂં, મટી જાય માયાનું લારૂં રે. પ્રભુ૦ ૨
રે માથે મોટો છે જમનો જોખો, અંતકાળે થાશે અતિ ધોખો રે. પ્રભુ૦ ૩
રે આવ્યો દાવ જાશો માં હારી, ભૂમાનંદનો વા'લો વિસારી રે' પ્રભુ૦ ૪

રાગ કલ્યાણ–પદ ૧

રટ રટ રાજીવનેણકું, હોવે કલ્યાણ તેરો; રટ૦ ટેક.
માબાપ બેટા રૂપેં હે માયા, જીવ જુદો સુખસેણકું. હોવે૦ ૧
ધન રાજ આવે તૃપતિ ન પાવે, જેસે જમી દુધફીણકું. હોવે૦ ૨

ધામ ધરા ધન દોલત દારા, તજી સબે દુઃખ દેણકું. હોવે૦ ૩
ભૂમાનંદકો વાલો મુખસેં, બોલી મનોહર વેણકું. હોવે૦ ૪

પદ ૨

જપ જપ જીવન પ્રાણુ, હે એક સો શુભદાતા; જપ૦
બોત કાળ ભયે ભટકત ભવમેં, અબ ભઈ મોય ઓળખાણ હે. એક૦ ૧
દુર્લભ દેહ મિલે મનુષ્યકો, ભવજળ તરવેકો વાણુ હે. એક૦ ૨
જો જન્મે સો જાવે મરી રે, સત્ય બતીયાં તે જાણુ હે. એક૦ ૩
ભૂમાનંદ કહે દેખ વિચારી, આજ ઉદય થયો ભાણુ હે. એક૦ ૪

પદ ૩

થર થર કંપે કાય રે, અવધિ રહી આવી; થર૦
દાટ્યું દુબોયું રે ધરણીમેં, તેરે પિછે કુન ખાય રે. અવધિ૦ ૧
ચેત સવેળા લે તું સાધી, અવસર વીતિ જાય રે. અવધિ૦ ૨
જરૂર જાના હે જમપુરમેં, વામેં સંકટ બહુ થાય રે. અવધિ૦ ૩
ભૂમાનંદ કહે ભજી ભૂધરકું, સુખ અરૂ સંપત્તિ પાય રે. અવધિ૦ ૪

નિષ્કુળાનંદ કાવ્યમાંથી—

સ્નેહ વિષે—પદ રાગ આરું.

સ્નેહને રે સમાન, નાવે કોઈ સ્નેહને રે સમાન;
રાગી ત્યાગી ને તપસી રે, વળી ધરે વન જઈ ધ્યાન. નાવે૦ ૧
જોગ જગન બહુ જજતાં રે, તજતાં તેનું મને માન;
તજી ઘરવાસ ઉદાસ ફરે કોઈ, કરે તીરથ વ્રત દાન. નાવે૦ ૨
માળા તિલક ધરે ફરે ફક્ત, નખ શિખા વધારી નિદાન;
કરે અટન રટન નિરંતર, વળી કરે ગંગાજળ પાન. નાવે૦ ૩
સ્નેહ નહિ જેને નાથશું રે, શું થયું તે કરતાં જ્ઞાન;
નિષ્કુળાનંદ સ્નેહી જનને, વશ સદા ભગવાન. નાવે૦ ૪

રાગ કેદારો.

તપ જેવું વહાલું છે વાલમને, તેવું વહાલું નથી બીજું કાંઈ;
વચનમાં રહી તને જે તપ કરે રે, તે તો સુખ પામશે સદાઈ. તપ૦ ૧
નારાયણવચનથી વિધિએ, આદરિયું તે તપ અનુપ;
તેણે કરી રમાપતિ રીઝીયા રે, આપ્યો વર સારો સુખરુપ. તપ૦ ૨
શ્વેતદ્વીપમાંહિ મુનિ રહે, નિરન્નમુક્ત છે જેહનું નામ;
અન્ન પાન વિના કરે તપ આકરૂં રે, રાજી કરવા ઘણું ઘનશ્યામ. તપ૦ ૩
બદ્રિકાશ્રમે બહુ મુનિ રહે, દમે છે કોઈ દેહ ઇન્દ્રિય પ્રાણ;
સુખ સર્વે તજી શરીરનાં, થઈ રહ્યા વાલાના વેચાણ. તપ૦ ૪
એને ન સમજો કોઇ અણસમજુ, તજ્યાં જેણે શરીરનાં સુખ;
પામરને પ્રવીણ ન પ્રિછવા, જે કોઈ રહ્યા હરિથી વિમુખ. તપ૦ ૫
વચન વિમુખથી જેહ સુખ મળે, તેહ સુખ સર્વે જાણજ્યો સમૂળ;
નિષ્કુળાનંદ એવું નવ કરો રે, જેમાં આવે દુઃખ અતૂળ. તપ૦ ૬

રાગ આશાવરી.

પાપ પૂર્વનાં પ્રગટે પ્રાણીને, ત્યારે સુઝે તે અવળો ઉપાય રે;
કરવાનું જે હોય તે ન કરે, ન કર્યાનું કામ કરાય રે. પાપ૦ ૧
સુખમાંહિ તે સુખ ન સુઝે, દુઃખમાંહિ દુઃખ ન દેખાય રે;
ખોટાને પછી ખરૂં કરી માને, સાચામાં સાચું ન લેખાય રે. પાપ૦ ૨
જે વચનથી વિપત્તિ વિરમે, તે વચન વિષસમ લાગે રે;
જેહ વચનથી જાય જમપુરમાં, તેહ વચનને અનુરાગે રે. પાપ૦ ૩
એમ કુબુદ્ધિને ઉંધું સુઝે અતિ, વળી મોટા રાખે ત્યાં ન રહેવાય રે;
નિષ્કુળાનંદ એ નરનું ઠેકાણું, આ લોકે પરલોકે ન કહેવાય રે. પાપ૦ ૪

રાગ જકડી.

નહિ પામે પામર નર સુખ રે, રહી હરિ વચનથી વિમુખ રે. નહિ૦ ટેક.
સુખ પામશે સંત સુજાણ રે, જે કોઈ વર્તે છે વચન પ્રમાણ રે;

થઈ રહી વાલાના વેચાણ રે. નહિ૦ ૧
કહ્યું ધ્વજ પટ ઘટ મન રે, વળે જેમ વાળે છે પવન રે;
એમ માને વહાલાનું વચન રે. નહિ૦ ૨
જેમ નરમ તૃણ નદી તટ રે, વારિ વેગે વળિ જાય ઝટ રે;
તેને શીદને આવે સંકટ રે. નહિ૦ ૩
એમ વચન વશ થઈ રહે રે, તેતો મોટા સુખને લહે રે;
નિશ્ચે નિષ્કુળાનંદ એમ કહે રે. નહિ૦ ૪

રાગ જકડી.

વચન લોપી જાણે સુખ લેશું રે, તેતો કહેશું કહેવાને જો રહેશું રે. ટેક.
જ્યારે પશ્ચિમે પ્રગટશે રવિ રે, થાશે બીજ રહિત પૃથવી રે;
તોયે નહિ થાય રીત એ નવી રે. વચન૦ ૧
જ્યારે શૂન્ય સુમનની સેજ થાશે રે, ઝાંઝુ જળ પાને જન ધાશે રે;
વંઢથી તોયે એ વાત કાંઇ મનાશે રે. વચન૦ ૨
સુત વંઢથી પામશે નારી રે, મળશે માખણ વલોવતાં વારી રે;
તોયે વિમુખ સુખ રહેશે હારી રે. વચન૦ ૩
એહ વાત પ્રમાણ છે પકી રે, તેતો ખોટી ન થાય કોઈ થકી રે;
કહે નિષ્કુળાનંદ એમ નક્કી રે. વચન૦ ૪

પદ રાગ–રામગરી.

નિર્ભય ચરણ છે નાથનાં, સેવો શ્રદ્ધાએ સંત;
અવર ઉપાય અળગા કરી, સમજો સાર સિદ્ધાંત. નિર્ભય૦ ૧
સુણી સુખ લોકાલોકનાં, શીદ કરો છો શોચ;
એ તો ઉદુંબરે ફૂળ વળગ્યાં, થડ થકી તે ટોચ. નિર્ભય૦ ૨
એમ વળગ્યાં વિષય પંચમાં, નર સુર અજ ઈશ;
અધિક ન્યૂન એમાં નથી, રવિ શશિ સુરેશ. નિર્ભય૦ ૩

માટે ઊંડું વિચારી અંતરે, ખરી કરવી ખોળ;
નિષ્કુળાનંદ પ્રભુ પદ પેખી, જ્યાં જ્યાં જાય ત્યાં રોળ. નિર્ભય૦ ૪

રાગ રામગરી

શુદ્ધ વૈરાગ્યે કરી સેવિએ, પ્રેમે પ્રભુના પાય;
માયિક સુખ ન માગિએ, મોહે કરી મનસાય. શુદ્ધ૦ ૧
નિષ્કામી જનની નાથને, સારી લાગે છે સેવ;
જે મોક્ષ આદિ નથી માગતા, નથી તજતા તે ટેવ. શુદ્ધ૦ ૨
સકામ ભક્તની શ્રીહરિ, પૂજા પરહરે દુર;
જાણે માયિક સુખ માગશે, જડબુદ્ધિ જરૂર. શુદ્ધ૦ ૩
શુદ્ધ વૈરાગ્ય વિના સમજો, નર ન હોય નિરાશ;
નિષ્કુળાનંદ નિષ્કામથી, રીઝે શ્રી અવિનાશ. શુદ્ધ૦ ૪

રાગ રામગરી.

તીવ્ર વૈરાગ્ય તુલ્યવડયે, નાવે સો સો સાધન;
જપ તપ તીર્થ જોગ જે, કરે કોઇ જન જગન. તીવ્ર૦ ૧
દાન પુણ્ય પાળે કોઇ ધર્મને, ગાળે હિમાળે તન;
પ્રભુ પ્રસન્ન કર્યા કારણે, જગમાં કરે છે જન. તીવ્ર૦ ૨
પણ બૃહદ્ વૈરાગ્ય વિના વાયદા, પ્રભુ પામવા કાજ;
અવર બીજા ઉપાયથી, રાજી ન હોયે મહારાજ. તીવ્ર૦ ૩
બૃહદ્ વૈરાગ્યથી નથી વેગળા, અલબેલો અવશ્ય;
નિષ્કુળાનંદ નજીક છે, બૃહદ્ વૈરાગ્યને વશ્ય. તીવ્ર૦ ૪

પદ રાગ ગરબી.

પરોક્ષ ભક્ત રે પામે નહિ પ્રાપાત રે, જીવની જરાય જંપે નહિ ઝાળ રે.
પૂરણ થયાની રે પ્રતીતિ નવ પડે રે, સંશયવત રહે સદાકાળ રે. પરોક્ષ૦ ૧

મુખોમુખરે મળ્યા નથી માવજી રે, કેવા હરિ જાણી કરશે ધ્યાન રે;
રુપ અનુપમરે કેવું હદયે રાખશે રે, જેને અણદિઠે છે અનુમાન રે. પરોક્ષ ૨
અણમળ્યાનીરે અંતરે આગન્યા રે, પાળશે કઇ પેરે કરી પ્રીત રે;
ધર્મ ને નિમરે કેમ દૃઢ ધારશે રે, જે નથી જાણતા હરિની રીત રે. પરોક્ષ૦ ૩
વણદીઠે વાતરે વદને શું વદશે રે, નથી આવ્યા દયાળુ દીઠા માંય રે;
નિષ્કુળાનંદ રે ન મળેલ નાથના રે, તેણે ધર્મ નિમ ન રહે કાંયરે. પરોક્ષ૦ ૪

રાગ ગરબી.

ધર્મ છે ધામ રે સર્વે સુખનું રે, રાખજો જન કરી જતન રે;
ધર્મ ધારીને રે સંત સુખી થયા રે, વાલપે વરત્યા હરિને વચન રે. ધર્મ૦ ૧
વચન વીના રે ધોખે નથી ધારતા રે, માનતા નથી ધર્મમાંહિ માલ રે;
બીજા જે ધર્મ રે જેવાં બોર અગામણાં રે, લાગે જંબુકને મન લાલ રે. ધર્મ૦ ૨
એવા ધર્મ અન્ય રે જાણીને ઉરથીરે, મેલી છે મનથી ઉતારી વાત રે;
રાજા રૂષિનું રે શ્રવણે સાંભળ્યું રે, સુખ સારું દુઃખ પામ્યા સાક્ષાત રે. ધર્મ૦ ૩
શુધ્ધ સાચો ધર્મ રે શ્રીમુખે સાંભળી રે, વળગી રહ્યા છે વચન માંઇ રે;
નિષ્કુળાનંદ રે જ્ઞાની તેને ગણવા રે; કરવું ન રહ્યું તેને કાંઇ રે; ધર્મ૦ ૪

રાગ ધોળ.

સંત વિના સાચી કોણ કહે, સારા સુખની વાત;
દયા રહી છે જેના દિલમાં, નથી ઘટમાં ઘાત. સંત૦ ૧
જેમ જનનીને હૈયે હેત છે, સદા સુતની સાથ;
અરોગી કરવા અર્ભકને, પાયે કડવેરા ક્વાથ, સંત૦ ૨
જેમ ભ્રમરી ભરે ભારે ચટકો, પલટાવા એળનું અંગ;
તેમ સંત વચન કટુ કહે, આપવા આપણો રંગ. સંત૦ ૩
જાણો સંત સગા છે સહુના, જીવ જરૂર જાણ;
નિષ્કુળાનંદ નિર્ભય કરે, આપે પદ નિરવાણ. સંત૦ ૪

અનુપ સંતને આપુ ઉપમા, એવું નથી જો એક;
જોઇ જોઈ જોયું મેં જીવમાં, કરી ઉંડો વિવેક. અનુપ૦ ૧
સ્વર્ગ મૃત્યુ પાતાળમાં, શોધે નાવે સંતને તોલ;
દીઠાં સુણ્યાં તેતો દોષે ભર્યા, સંત અતિ અમળ અમોલ. અનુપ૦ ૨
સાતે દૃષ્ટાંતે સહુ સૂચવી, કહે કવિ જન કોય;
સરે સાર તેમાં શોધતાં, સંત સમ નહિ સોય. અનુપ૦ ૩
જેવા સંત એ કહિએ શિરોમણિ રે, તેવા હરિ સહુ શિર મોડ;
નિષ્કુળાનંદ નિહાળતાં, ન જડે એ એની જોડ. અનુપ૦ ૪

રાગ બીહાગડો.

ભક્તિનિધિનો ભંડાર રે સંતો ભક્તિ, તેને શું કહું હું વારમવારરે; સંતો૦ ટેક.
ભક્તિ કરીને કંઈ સુખ પામ્યા, નર અમર અપાર;
સુરનર મુનિજન સૌ કોઈ મનમાં, સમજ્યા ભક્તિમાં સાર રે. સંતો૦ ૧
ઋષિ તપસી વનવાસી ઉદાસી, ભાળે ભક્તિમાં ભાર;
જાણે સેવા કેમ મળે હરિની, અંતરે એવો વિચાર રે. સંતો૦ ૨
આદિ અંતે મધ્યે મોટપ્ય પામ્યા, તે તો ભક્તિથકી નિરધાર;
ભક્તિ વિના ભટકણ ન ટળે, ભમવાનું ભવ મોઝાર રે. સંતો૦ ૩
તેહ ભક્તિ પ્રગટની પ્રીછજો, અતિ અનુપ ઉદાર;
નિષ્કુળાનંદ નકી એ વારતા, તેમાં નહિ ફેરફાર રે. સંતો૦ ૪

રાગ ધોળ.

ભીંતર ભરોંસો ભગવાનનો રે, જોઇએ ભક્તને ભરપુર;
બીજી વાત છે બાહ્લી રે, તમે જાણી લેજો જરૂર. ભીંતર૦ ૧
જેમ એક એકડો ટાળિયેરે, વળી વાળિયે સોયેક શૂન્ય;
બુદ્ધિવાનને એરજ બાંધવી રે, તે તો સમઝણમાં ન્યૂન. ભીંતર૦ ૨
તેમ મેલી બળ મહારાજનું રે, સાધનની માનવી સહાય;

ભરી ગોળી વારિ વલોવતાંરે, ઉતરે નહિ માખણ કાંય. ભીતર૦ ૩
માટે મનમાં મોટો માનવો રે, પ્રગટ પ્રભુનો પ્રતાપ;
નિષ્કુળાનંદ તેહ નરના રે, ટળી જાયે અંતર તાપ. ભીતર૦ ૪

રાગ–રામગરી.

અચળ ભરોસો ભગવાનનો, જોઇએ જનને જાણો;
એહ વિના બીજી વારતા, પાંપળાં પરમાણો. અચળ૦ ૧
હરિ પ્રતાપ હૈયાથી, ન મટાડવો માનો;
સમર્થ સમઝવા સ્વામિને, જોવો દોષ પોતાનો. અચળ૦ ૨
સરસ ન થાવું સંતથી, રહેવું દાસના દાસ;
દીન જાણી દયા કરે, હરે તનમન ત્રાસ. અચળ૦ ૩
એહ વાર્તા અનુપમ છે, નિરવિઘન નિહાળો;
નિષ્કુળાનંદ બીજી વારતા, ભરી વિઘને ભાળો. અચળ૦ ૪

રાગ રામગ્રી

ભકત થાવું રે ભગવાનનું, છે જો કઠણ કામ;
સુખ સર્વે સંસારનાં રે, કરવાં જોઇએ હરામ. ભકત૦ ૧
દેહ ગેહ દારા દામનું, મેલવું મમતા ને માન;
એહમાંથી સુખ આવે એવું રે, ભૂલ્યે ન પડે ભાન. ભકત૦ ૨
વિપત આવે વણ વાંકથી, તે તો સહેજો શરીરે;
ઉપહાસ કરે આવી કોય રે, તેમાં રહે દઢ ધીરે. ભકત૦ ૩
ખુની ન થાય ખમે ઘણું, એવો સહજ સ્વભાવે;
નિષ્કુળાનંદ એવા ભકતનો, જશ જુગોજુગ કહાવે. ભકત૦ ૪
ભકત સાચા ભગવાનના, ઝાઝા જડતા નથી;
લક્ષણ જોઈ લેવાં લખી રે, શું કહિએ ઘણું કથી. ભકત૦ ૧
અતિ દયાળુ દિલના, પડચે કષ્ટે ન કાય;

પ્રાણધારીને પીડે નહિ રે, પર પીડયે પીડાય. ભકત૦ ૨
પોતાને સુખ જો પામવા, બીજાનું ન બગાડે;
દુષ્ટ આવે કોઈ દમવા, તેને શાંતિ પમાડે. ભકત૦ ૩
ક્ષમા ધણી ક્ષોભે નહિ, સુખદુઃખને સહે;
નિષ્કુળાનંદ એવા ભકતથી, હરિ દુર ન રહે. ભકત૦ ૪

રાગ સિંધુડો—પદ ૧

મેલને માન અભિમાનજ અંગનું, જોને વિચારીને વ્રતમાન તારૂં;
તન મન ધન તો તેદિજ આપિયું, હવે શું કહછ જે મારૂંજ મારૂ. મેલ૦ ૧
જે કાંયે આપિયું તે આપણુ નહિ નિશ્ચે, અને મોરથી જેહનું મુલ્ય લીધું;
જેહનો પાર તે કોયે પામે નહિ, તે દયા કરી સુખ તુજનેજ દીધું. મેલ૦ ૨
માથા સાટે માલ સહુ કહે સંસારમાં, જનમન એમ સત્ય જાણે;
શિશને રાખતાં છતાં કાજ કેનું સર્યું, હે મન મંદમતિ તું કહાંજ તાણે. મેલ૦ ૩
હવે ડગમગ પરહરી સમરને શ્રીહરી, મેલને ઉત્થાન તે સર્વે મનનું;
નિષ્કુળાનંદ એમ આનંદમાં જે વરતશે, ધન્યધન્ય જીવિતવ્ય તેહજ જનનું મેલ૦૪

પદ ૨

ભાઇ આદ્ય ને અંત્યે વાતવિચારિએ, તો ભક્તિતણો તે ભેદ લાધે,
સંશય સર્વે ટળે માન મનનું ગળે, અનભે થઇ મન આનંદ વાધે. ભાઇ૦ ૧
ભાઇ ભક્તિ કરતાં પ્રહ્લાદને પીડિયા, જોને જયદેવના કર કાપ્યા;
હરિશ્ચન્દ્ર મોરધ્વજ મીરાંને દમી, પાંચાળી સહિત પાંડવ સંતાપ્યા. ભાઈ૦ ૨
એહ આદિ અનંત સંત તે સહિ, દેહે કરી કહો કોણ બેઠાજ ઠરી;
ભકતનેજકતનીવાત તે જુજવી, એમ આદ્યને અંત્યની એ રીત ખરી. ભાઈ૦ ૩
સત ત્રેતા દ્વાપર ને કલિ જે કૈયે, એ ચાર યુગમાં હરિ એ આપે;
નિષ્કુળાનંદ એ નિશ્ચે તું જાણજે, દેહતણું સુખ તે નહિજ આપે. ભાઇ૦ ૪

પદ ૩

દાસના દુશ્મન તે હરિ હોયે નહિ, ભાઈ જે કાંઇ કરશે તે સુખ થાશે;
અણસમજે અટપટું એ લાગે ખરૂં, પણ સમઝીને જુવે તો સત્ય ભાસે. દાસ૦ ૧

ભાઇ સુખમાં હરિ કહો કેને સાંભર્યા, જો ધન રાજ ને પરિવાર પામે;
રાજના સાજમાં રામજી વિસરે, વળી માલના મદના મદમાં મત્ત વામે. ૨
ભાઈ સંસારનાં સુખ તે દુઃખ છે દાસને, તેહ હરિ વિચારીને નહિજ આપે;
પણ જક્તના જીવ તે જુક્તિ જાણે નહિ, અણછતાં દાસના દોષ સ્થાપે. ૩
ભાઇ દેહતણું દુઃખ તેહ સુખ છે સંતને, જો અખંડ વરતિ વળી એમ રહે;
નિષ્કુળાનંદ એ દયા નાથની જાણજે, જે સમઝ્યા તેતો એમજ કહે. ૪

પદ ૪

ભાઇ જગતના જીવ પણ એમ જાણે ખરા. જે જેમ લખ્યું તે તેમજ થાસે;
ભાગ્ય વિના તે ભોગને ઇચ્છે નહિ, અણસમઝે પણ વળી એમ ભાસે. ૧
ભાઇ સતસંગ કરીને કહે શું સમઝ્યો, જો તુટે નહિ આશા તનની;
ભોગ ને રોગ એતો આવશે અણચિંતવ્યા, મેલ તું મેલ તું નર તાણ્ય મનની. ૨
ભાઈ સગરરાયે સહસ્ર સુત માગતાં, સુત પામીયો તે સહસ્ર સાઠે;
અધિક તે ન્યૂન જે નીપજે નરથકી. તો કષ્ટ રાખે કોણ અંગ આઠે. ૩
ભાઈ જે ગમે હરિ ગુરુદેવને તે ખરૂં, દાસને એમ આનંદ રહેવું;
નિષ્કુળાનંદ એહ નર મંદમતિ, જે હરિ ઇચ્છામાં શુભ અશુભ કહેવું. ૪

પદ ૫

દિશોદિશ દાવાનળ પરજળ્યો, અને સુખ નહિ સંસાર માંયે;
મિતરૂં શોધતાં જીવને નવ મળે, તમ વિના કોણ હરિ ગ્રહે બાંયે. દિશો૦ ૧
આભ ને અવનિ વચ્ચ તો એવું થયું, કહો શરણ હવે જાયેજ કેની;
રાખો આશરે રીત છે એ રાવલી, બિરૂદ પાળવું ગ્રહો ટેક તેની. દિશો૦ ૨
અમ કારણે હરિ તમે આવિયા, ભૂતળે ભૂધર દેહ ધારી;
અધમ ઉધ્ધાર તમ વિના ત્રિલોકમાં. કોણ ખબર હરિ લિયેજ મારી. દિશો૦ ૩
તમતણા ગુણને હું કઈ પેરે વર્ણવું, કહેતાં પાર કહો કેમ આવે;
નિષ્કુળાનંદને નાથ નિસ્તારિયો, એતો વાત આશ્ચર્ય કાવે. દિશો૦ ૪

પદ ૬

અધમના ઉદ્ધાર સંત કહેતા સાઈ, પણ મુજને તો ભરોંસોજ નહોતો;
આહેરી સાર કરી તમે માવજી, હવે આજ મુજને વિશ્વાસ પહોત્યો. અધ૦ ૧

તમતણું દર્શન તે મુજને કયાંથકી, જે પામર થઈને પેટ ભરતો;
જનમમરણની ધાણીએ જોતર્યો થકો. લખ ચોરાશી વળી ફેરા ફરતો. ૨
દંડ દેતાં દિનકર સુત હારિયા હરિ, પણ હું ન હાર્યો હેરાણ કીધો;
તેહને શરણ આપિયું તમે શ્રીહરિ, એતો જશ અપારજ લીધો. ૩
મારી કરણી સામું ન જોયું તમે નાથજી, તમે તમારો હરિ બિરૂદ પાળ્યો;
નિષ્કુળાનંદને રાખીયો શરણે, એતો આડો આજ આંક વાળ્યો. ૪

પદ ૭

ધન્ય ધન્ય અધમના ઉધ્ધાર તમને, ભલી સાર કરી હરિજ મારી;
કાગ બગ ટળી હંસ થયો હરિ, તે સ્પર્શતાં પદરજ તમારી; ધન્ય૦ ૧
અનંત જીવ ભરિયા આ બ્રહ્માંડમાં, ગણતાં તે શું પાર લેશે;
તેહથકી જે મુજને ગોતી લીધો, એનો જશ તેતો જન કહેશે. ધન્ય૦ ૨
હરિ તુજ શરણ પ્રતાપ એવો ખરો, શરણ જે કોયે જન પામે;
જનમને મરણનું જોખમ તે ઉતરે, અને ત્રિવિધ તાપ વળી દૂર વામે. ધન્ય૦ ૩
અનંત અવતાર આગે તમતણા હરિ, તે માહેરે શું વળી અર્થ આવે;
નિષ્કુળાનંદની નાથ બાંય ગ્રહી, તેહ સમાન કહો કોણ કાવે. ધન્ય૦ ૪

પદ ૮

આજ અઢળક ઢળીયા અમ ઉપરે, અધમને વળી અભયદાન દેવા;
સોળ કળા સહિત પધારિયા શ્રી હરિ, સર્વ જીવની વળી સાર લેવા. આ૦
આ અવસર જે નર અમથો રહ્યો, તેહજ મૂરખ નર મંદમતિ;
દુઃખમાં સુખ તે માનિયું શઠપણે સહિ, તેજ અભાગિયો નર આત્મઘાતી. આ૦
સાધન સહિત શિષ્ય સદ્‌ગુરૂ શરણ ગ્રહે, તેહનેજ મોક્ષ આપેજ હરિ;
પણ પામર જીવ તે પરમ પદ પામીયા, એતો આજ આશ્ચર્ય વાત ખરી. આ૦
માહેરૂં જોતાં મેં સર્વનું જાણીયું, મન કર્મ વચને કહો કોણ ચોખો;
નિષ્કુળાનંદને નાથ નિસ્તારિયો, એતો ધર્મને મન વળી રે થાયે ધોખો. આ૦

રાગ ગરબી—પદ ૧

"જનમ સુધાર્યો રે મારો" એ ઢાળ છે.

હરિગુણ ગાયે રે ગાજી, લોકની લાજે ન રહે લાજી; ૧
લોકની લાજે રે લેવાશે, તેનો અવસર એળે જાશે. ૨
જુઠી બાજી રે જાણી, હેતે હરિને ભજીયે પ્રાણી. ૩
હિરલો આવ્યો રે હાથે, તેતો ખોયે નહિ ખળ સાથે. ૪
જુઠી સોબત રે જગની, મળી મંડળી ઠાલી ઠગની. ૫
સગપણ તારે રે તે શું, હરિગુણ ગાવા હૈયું નવ હિસું. ૬
કુબુધ્ધિ એ કયાંથી રે આવી, હરિની ભક્તિ ભુંડા નવ ભાવી. ૭
ધન જોબનની રે ધાંખ્યે, નિષ્કુળાનંદ કે' ન જોયું આંખ્યે. ૮

પદ ૨

હરિરસ પીજે રે હેતે, નાવે અવસર સો શિર દેતે. ૧
અમૂલખ અવસર રે પામી, અંતર ભજીયે અંતરજામી. ૨
રોકયાં કેનાં રે ન રહીયે, શિરને સાટે સતસંગ લઈયે. ૩
સનમુખ ચાલે રે સાચા, શૂરા પગ ન ભરે પાછા. ૪
સતી તે પતીને રે પ્રીતે, તન મન ભવન ન આણે ચિત્તે. ૫
એમ કોઈ હરિને રે ભજશે, તે પણ તન મન આશા તજશે. ૬
મેણું બેસારી રે માથે, લાજ નહિ પાડે પોતાને હાથે. ૭
પ્રીત જે પ્રભુ શું રે જોડે, નિષ્કુળાનંદ કહે નહિ ત્રોડે. ૮

પદ ૩

હરિરસ પીજે રે હરખી, પામ્યો દેહ પિવા રસ સરખી. ૧
નરતન ન મળે રે નાણે, સમઝવું હોય તો સમઝો ટાણે. ૨
કાચી કાયા રે કેવાયે, રાખી નહિ રહે જરૂર જાયે. ૩
આ પંડ પડશે રે પ્રાણી, જન મન જુવો આવી એંધાણી. ૪
પળે પળે પલટે રે પોત, જેમ થાયે ઝાંખી દીપક જોત. ૫
અંત્યે આંહિથી રે જાવું, સમઝી લે સુખ નહિ રહે આવું. ૬

આંખ્ય ઉઘાડી રે જોયે, ખાટયું મહાધન તે નવ ખોયે. ૭
અવસર જાયે છે વીતી, નિષ્કુળાનંદ કહે લિયો ચેતી. ૮

પદ ૪

રામરસ પીતાં રે શેકે, તે તો જાશે જમને લોકે. ૧
જમની ચોટે રે ચઢશે, નિંદક નર નરકમાં પડશે. ૨
માથે બહુ પડશે રે માર, ત્યારે વળતો થાશે વિચાર. ૩
ઘણા દિન દુઃખડાં રે સહેશે, વળતિ લખચોરાશી લેશે. ૪
પશુ ને પંખી રે થાશે, ભૂત પિશાચ થઈ નર્ક ખાશે. ૫
નર તન તેને રે ન આપે, નિંદે હરિજનને તે પાપે. ૬
નિંદા એવું જાણી રે ન કરજો, પાપિયો પરમેશ્વરથી ડરજો. ૭
પાપ ભોગવશો રે પાછું, નિષ્કુળાનંદ કહે તે સાચું. ૮

રાગ કુમરી–પદ ૧

સોબત એ સબ જુઠ બની હે, રામ વિના તેરા કોન ધની હે, સો૦
માત રૂ તાત ભયા ભગિની હે, તેરે પ્રતીત તો તેહતની હે. સો૦ ૧
તાહિમે નારયશું પ્યાર ઘની હે, જયાન જાનવા ઔર કની હે. સો૦ ૨
હે અરિ એહિ સનેહિ ગની હે. ફુલે કયા ફોક એ નાગ ફની હે. સો૦ ૩
પ્યાર અસારસે બુધ્ધિ હની હે. નિષ્કુળાનંદ તો સાચ ભની હે. સો૦ ૪

પદ ૨

જુઠકી મુઠ તેં જોર ભરી હે, કોયકી બાત ન કાન ધરી હે, જુઠ૦
ન્યાયકી રહાય તેં નાયે કરી હે, અંધ અશુધ્ધમેં બુધ્ધ ફરી હે. જુઠ૦ ૧
માલ મેરી મળી મત હરી હે, ચેત અચેત એ કાળ છરી હે. જુઠ૦ ૨
ડારત માર તું નાયે ડરી હે, વાહિસેં ભાવસો બુધ્ય પરી હે. જુઠ૦ ૩
આજ કે કાલ જીત મરી હે, નિષ્કુળાનંદ તો કેતે ખરી હે. જુઠ૦ ૪

પદ ૩

સંતકી શિખ માની મન મેરા, તેહિ સુધારલે કારજ તેરા, સંત૦

જનમ મરનકા કરલે નિવેરા, ચલના હે તેરે સાંજ સવેરા. સંત૦ ૧
અન્ન ધન સંપત્તિ સુખ ઘનેરા, સબ છોડ દેના જંગલમેં ડેરા. સંત૦ ૨
મોહકી જાળ હે કાળ આહિરા, જોત કરતહે જીવકા હેરા. સંત૦ ૩
આજ કે કાલ સો આવત તેરા, નિષ્કુળાનંદ નહિ તાહિ વેરા. સંત૦ ૪

પદ ૪

હરિ હરિ હરિ રામ રામ રામ, નિત્ય ભજીયે નારાયણ નામ, હરિ૦
કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ પૂરણ કામ; જપરે જીયે એહ આઠુ જામ. હરિ૦ ૧
ગોવિંદ ગોવિંદ ગા ગુન ગ્રામ, તાપ ત્રયે મેં ઠરવેકો ઠામ. હરિ૦ ૨
કેશવ કહી જસું લૈયે વિશ્રામ, યાઇસે અંતર હોત આરામ. હરિ૦ ૩
સહજાનંદ સહજાનંદ શ્યામ, નિષ્કુળાનંદ સોયે સુખધામ. હરિ૦ ૪

દોહા

દેશોદેશથી આવે દરશને, નિંમધારી સહુ નરનાર;
આવીને નિરખે નાથને, તેણે લીયે સુખ અપાર. ૧
સમૈયે સમૈયે સુખ દેવા. ઉત્સવ કરવા અનેક;
દયા કરી દીનબંધુએ, જીવ નિર્ભય કરવા નેક, ૨
તેહજ અરથે તાન છે, જીવ મોકલવા નિજધામ;
આવ્યા કારજ એ કરવા, ઘણે હેતે કરી ઘનસ્યામ. ૩
એટલા માટે અનેક રીતે, કરે ઉપાય આઠું જામ;
જ્યાં જ્યાં ઉત્સવ સમૈયા કર્યા, કહું તે તે ગામનાં નામ. ૪

ચોપાઇ

સહુથી મોર્યે ઉત્સવ માંગરોલ રે, થયા જન ત્યાં ભેળા અતોલ રે;
પછી લોજે કરી બહુ લીલા રે, ત્યાં પણ થયા તા જન બહુ ભેળા રે. ૫
અગત્રાયે આઠમ ઉત્સવ રે, કરી તાર્યાં જીવ કૈંક ભવ રે,
ભલી ભાડેરે આઠમ ભજાવી રે, કરી લીલા માણાવદ્ર આવી રે. ૬

મેઘપુરના ઉત્સવ માંઇરે, દ્વિજ જમાડી કરી ભલાઈ રે;
પંચાળાનો સમૈયો પ્રસિધ્ધ રે; આપ્યાં સુખ સહુને બહુવિધ રે. ૭
જુનાગઢ જઈ મહારાજ રે, કરી ઉત્સવ કર્યાં બહુ કાજ રે;
ધોરાજીની લીળા ધન્ય ધન્ય રે, જોઇ જન થયા છે મગન રે. ૮
કરિયાણામાં ઉત્સવ કીધો રે, બહુ જનને આનંદ દીધો રે;
ગઢડાની તો નહિ આવે ગણતી રે, યાં તો ઉત્સવ કર્યા છે અતિ રે. ૯
કારીયાણીના કેટલાક કહું રે, યાં તો લીલા કરી બહુ બહુ રે;
સારંગપુર છે સારૂં ગામ રે, કરી ઉત્સવ સાર્યું સૌનું કામ રે. ૧૦
બોટાદમાં લીલા બહુ બની રે, ભલી ભજાવી છે હુતાશની રે;
લોયે લીધો સહુ જને લાવ રે, પુરા કર્યા છે ભકતના ભાવ રે. ૧૧
નાગડકાની લીલા જન જાણે રે, સારો સામૈયો સુંદરિયાણે રે;
કરમડની વાત શું કહું રે, નાથ નિરખી સુખી થયાં સહુ રે; ૧૨
કાળુતલાવ માંડવી તેરા રે, કર્યાં ભુજે ઉત્સવ કઈ વેરા રે;
મછિયાવ્યમાં મહારાજ આવી રે, ભલી હુતાશની ત્યાં ભજાવી રે. ૧૩
જેતલપુરમાં જગન કીધા રે, કંઇ જનને શરણે લીધા રે;
અમદાવાદની ચોરાશી કીધી રે; કર્યું ખોખરે કામ પરસિધિ રે, ૧૪
આદરોજનો અન્નકુટ કીધો રે, કરજીસણે જને લાવો લીધો રે,
સિધ્ધપુરનો સમૈયો સુંદર રે, કર્યો અલબેલે આનંદભર રે. ૧૫
વડથલ પિપળી તવરા કાવ્યા રે, થયા સમૈયા પોતે ન આવ્યા રે;
ડભાણની લીલા કહી દાખું રે. જીયાં જન મળ્યાં હતાં લાખું રે. ૧૬
વડતાલની લીલા વખાણી રે, લખે લખતાં મેં ન લખાણી રે;
વડોદરામાં વાલમ જઇ રે. તાર્યાં જન દરશન દઈ રે. ૧૭
સુરત પધારિ શ્યામસુંદર રે, તાર્યાં દરશને કંઈ નારી નર રે;
ધર્મપુરમાં ધરીયો મુગટ રે, કર્યો વાંસદે ઉત્સવ અમટ રે, ૧૮
એહરીત્યે બીજે ઘણે ગામ રે. સંગે સંત લઈ ફર્યાં શ્યામ રે;
એમ પવિત્ર કરી પૃથિવી રે, તાર્યાં જીવ કાઢી રીત નવી રે. ૧૯

અતિ આનંદ જનને પમાડયું રે. બ્રહ્મ મોલનું દ્વાર ઉઘાડયું રે;
સહુ જાઓ ધામમાં આ સમે રે, સ્વામી સહજાનંદને હુકમે રે. ૨૦
ઈતિ નિષ્કુળાનંદમુનિવિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે ૧૩ પ્રકાર.

રાગ કાફી પદ—૧

સાર ને અસાર રે, વિવેક જે કોઈ ન કરે;
એવા અજ્ઞાની રે, લખ ચોર્યાસી ફરે; ટેક.
બાનું બતાવે ભોળા જનનું; ધર્મ ન પાળે લેશ;
ધર્મથકી ભ્રષ્ટ કરે મનુષ્યને, આપી અસત્ય ઉપદેશ;
એવાને અસત્યે રે જનમે ને મરે; સાર ને અસાર રે. ૧
જે નર ધન ત્રિયાના ત્યાગી, તેને સગે રાખે રોષ;
નારીથી ભાગે તો કયાંથકી આવ્યા, એવો દેખાડી દોષ;
પોતે પરનારી રે સંગે ફરે હરે, સાર ને અસાર રે. ૨
કાચા હોય તે નારીથી ભાગે, પાકા ન ભાગે એવું જ્ઞાન;
બતાવે જનને નિશ્ચે કરે મનમાં, કરે કુકર્મ અપાર,
એવા ખળ અજ્ઞાની રે, ભવજળ નહીં તરે; સાર ને અસાર રે. ૩
અગ્નિ પાસે બેસે ને તાપ ન લાગે, જળમાં શિતળ ન હોય;
મંજુકેશાનંદ કે નારી પાસે, કદી વિકાર ન થાય;
એ તો વાત ખોટી રે, જે જન ઊર ધરે; સાર ને અસાર રે. ૪

પદ ૨

નામ તો બતાવે રે, રામને નવ જાણે;
દેહ અભિમાની રે, ઉર તૃષ્ણા આણે; ટેક.
દશરથ કેરા પુત્ર રામને, નવ માને મતિમંદ;
ભેખ ધરીને જગ ભરમાવે, તેને સેવે સઉ જન;
બહુ દુઃખ સેવે રે, જીવ મરવા ટાણે, નામ તો બતાવે રે. ૧
પ્રગટ રામનું ભજન કરીને, તર્યા જીવ અનેક;

ર ને મ બે અક્ષર જપિને, તર્યો ન દીઠો એક;
પ્રગટ રામ મુકી રે, ન તરે રામ બાને; નામ તો બતાવે રે. ૨
વાલ્મિક સવરી વાનર આદિક, ભજી પ્રગટ શ્રીરામ;
વૈકુંઠમાં નિવાસ જઈ પામ્યા, તે વિભીષણ લૈ નામ;
રામને ઉચારી રે, પડિયા ઠેકાણે; નામ તો બતાવે રે. ૩
તેમજ પ્રગટ શ્રી કૃષ્ણ ભજીને, ગોપી ગોવાળ સુજાણ;
પાંડવ ઉદ્ધવ ઋષીપત્નિ, એ આદિક ભકત અપાર;
મંજુકેશાનંદકે રે, ગોલોક જઈ સુખ માણે; નામ તો બતાવે રે. ૪

પદ ૩

મુખે બ્રહ્મ ભાખે રે, જીવ સમ વર્તે છે; ટેક.
વિષયને ચાખે રે, મોટાની ઓથ લે છે;
બ્રહ્મરૂપ પોતાને માની, નારીને કહે તું બ્રહ્મ;
પાપ કીર્યાં છે, જમપૂરી કર્યાં છે; કર્યાં છે ધર્મ ને કર્મ;
એવા આસુર રે, ભવમાં ભટકે છે; મુખે૦ ૧
શુક નારદ નવ યોગી પોતે, વર્ત્યા બ્રહ્મ સમાન;
ચરાચરમાં બોલ્યા શુકજી, તોયે ભજ્યા ભગવાન;
અધુની અજ્ઞાની રે, એવાને પણ લજવે છે; મુખે૦ ૨
વેદ પુરાણને કલ્પિત કહીને, ધર્મ ન પાળે એક;
હરિ અવતારને ખોટા કરે છે, એજ અચળ ઉર ટેક;
બીજાને પણ એવોરે, નિત્ય ઉપદેશ દે છે; મુખે૦ ૩
સતપુરૂષ સતશાસ્ત્ર પ્રમાણે વરતે વરતાવે આપ;
મંજુકેશાનંદ એવાને શરણે, જૈયે તો મીટે સૌ સંતાપ,
એવા સંત મુકી રે, અસંત પાસે શીદ રહે છે; મુખે૦ ૪

પદ ૪

કાયાથી જીવ ન્યારો રે, તેને આત્મા કૈયે; ટેક.
એને બ્રહ્મ માની રે, હરિને શરણે જૈયે;

ચિદાકાશમાં તેજપુર મધ્યે, રહે સદા ભગવાન;
એજ પ્રભુએ કરી કૃપા પધાર્યા, ભૂમીપર સુખધામ;
એવાતો શ્રીહરિના રે ભજનમાં ઝુંકી દૈયે; કાયાથી૦ ૧
અનંત બ્રહ્માંડમાં વ્યાપક થૈને, ન્યારા રહે પ્રભુ આપ;
એવા નિરંજન શ્રીકૃષ્ણ ભજીએ તો, મીટે સૌ સંતાપ;
માટે નારાયણનું રે નામ તો લૈયે; કાયાથી૦ ૨
બ્રહ્મરૂપને જાણ્યા વીના, કહે જગતને બ્રહ્મ;
જીવ ઇશ્વર ને પુરુષોત્તમનો, મુઢ ન જાણે મર્મ;
માટે તો ઉપમા રે, પામરની દીયે; કાયાથી૦ ૩
અનંત બ્રહ્માંડને સરજાવે, પ્રલય નાશ કરે પ્રભુ એક;
મંજુકેશાનંદકે માટે, કરવો સંત વિવેક;
પ્રભુ ભજીને રે, પરમ આનંદ પામે; કાયાથી૦ ૪

પદ ૧

જનમ સંગાતી વિસાર્યા જગદીશને રે,
એળે ખોયો માણસનો અવતાર રે;
સગું નથી કોઈ જાણે તારા જીવતું રે,
સ્વપના જેવો જુઠો આ સંસાર રે. જનમ૦ ટેક. ૧
ડાયો થૈને ડોલે નિર્લજ નાતમાં રે,
મરમ કરીને બોલે મિથ્યા વેણ રે;
શેરીમાં મરડાતો ચાલે માનમાં રે,
રાતાં દિશે રોષ ભરેલાં નેણ રે. જનમ૦ ૨
નારી આગળ એક રતી ન ઉપજે રે,
ડાપણ મેલી જ્યાં દોરે ત્યાં જાય રે;
નિર્લજ થૈને નાચે કુબુદ્ધિ કેણમાં રે,
વિષય ભરેલો ગરજું ગોથાં ખાય રે. જનમ૦ ૩

અંતરમાં કપટી ને ઊંડી ઇરષા રે,
સાધુ જનનો લેશ ન કીધો સંગ રે;
દેવાનંદ કે જમ જોરાવર આવશે રે,
ભાંગી કરશે ભુકો તારૂં અંગ રે. જનમ૦ ૪

પદ ૨

ભવસાગરનો પાર ન આવે પ્રભુ વિના રે,
તપ તીરથ વ્રત કરીયે કોટિ ઉપાય રે;
પુણ્ય કરી અમરાપુરનું સુખ પામીએ રે,
અંતે પાછો ફોકટ ફેરો થાય રે. ભવસાગર૦ ટેક. ૧
માયાની મોટપ તે મિથ્યા જાણજો રે,
નદીએ આવ્યું જેમ પાણીનું પૂર રે;
તેની પેઠે ધન જોબન ને જીવવું રે,
આકતણાં જેમ ઉડી જાએ તૂર રે. ભવસાગર૦ ૨
સગાં કુટુંબ મેલીને મરવું એકલું રે,
લખ ચોરાશી ફરવું વારમવાર રે;
પાપતણાં ફળ આગળ તારે આવશે રે,
કરમ કરીને ભરિયા તેં કોઠાર રે. ભવસાગર૦ ૩
આજ અમુલખ માણસનું તન આવિયું રે,
ભજવા સારૂં ભાવ કરી ભગવાન રે;
દેવાનંદ કહે માન તજીને માનજે રે,
વાત વિચારી સારી ચતુર સુજાણ રે. ભવસાગર૦ ૪

પદ ૩

સગપણ સાચું જાણે શ્રીઘનસ્યામનું રે,
કેવળ બીજું માને કુડા કુડ રે;
સગાં સંબંધી સ્વારથ કેરાં સોબતી રે,
મેલી જાશે મુખમાં નાખી ધૂળ રે. સગપણ૦ ટેક. ૧

દેશ વિદેશે દોડે ધનને કારણે રે,
પ્રભુ વિસારી લાલચમાં લપટાય રે;
ભાગ્ય વિનાનો ભટકે પામર પ્રાણીયો રે,
જોને તારૂં જોબન એળે જાય રે. સગપણ૦ ૨
કાળ અચાનક ફોજું આવે કારમી રે,
ઘેરી લેશે ધાટે ધરનું બાર રે;
નાડી તુટી આંખ્યો બારે નિસરી રે,
તે ટાણે શ્યામળિયો કરતલ સાર રે. સગપણ૦ ૩
એટલા સારૂં કરજે એનો આશરો રે,
માથે પડતા મટશે જમના માર રે;
દેવાનંદ કે દાસપણામાં લાભ છે રે,
પ્રેમ કરીને રાખો મનમાં પ્યાર રે. સગપણ૦ ૪

પદ ૪

દેખ વિચારી દિલમાં તારા દેહને રે,
નથી રહ્યાનો એક ઘડી નિરધાર રે;
મમતા મોટી ખોટી બાજી ખેલ છે રે,
ભુંડપ કેરો માથે લે માં ભાર રે; દેખ૦ ટેક. ૧
વરણાગીમાં વડ પેપાંની હારનો રે,
ઉપર રાતો માતો રંગનો છેલ રે;
ભિતર કાળો ભેખ ધરીને ભોળવે રે,
ફોકટ ફરતો કરતો કુડાં ફેલ રે. દેખ૦ ૨
આતમસાધન કાંઈ ન કીધું આળસુ રે,
વિષયમાં વિંટાણો બારે માસ રે;
હરિજન સાથે હેત ન કરતાં આવડયું રે,
કપટી તારો કોણ કરે વિશવાસ રે. દેખ૦ ૩
સુમ થયો ધન સંચીને ભેળું કર્યું રે,

મરતાં સુધી ન ખરચ્યું ન ખાય રે;
દેવાનંદ કે મધમાખી લૂટાય છે રે,
હાથ ઘસીને પામર તું પસ્તાય રે. દેખ૦ ૪

ઉપદેશકો અંગ

ઝુલણા છંદ

પાયિ જીંદગી બંદગી નાહી કીઈ, નિત્ય ખ્યાલ કિયા ઠગ બાજીયાંકા,
મદ મોહમેં તેં મગરૂર ફિર્યા, તન તાકતા નારીયાં તાજીયાંકા;
સદ્દગુરુ સાહેબકા રંગ ચઢયા નાહિ, સંગ કીયા નર પાજીયાંકા,
બ્રહ્માનંદ કહે કેસેં બાત માને, તેં તો ગ્રાગહે જૂતીયાં ઝાઝીયાંકા. ૧

તોકું દેખ કંપે પરિવાર સારા, ડારા દેત લે હાથમેં ધોકલીકું,
કછુ શીખકી બાત ન કાન ધરે, ડાહ્યા હોત હલાવત ડોકલીકું;
ખરે મોક્ષકે પંથસેં ખુટ બેઠા, હીયાફૂટ છોડે નહીં હોકલીકું,
બ્રહ્માનંદ કહે ચલ ચલ ગિદી, મર બૂડ દેખાત કયા મોકલીકું. ૨

રામ નામકી કોર તો સોઈ રહ્યા, કામ ક્રોધ રૂ લોભમેં જાગતાહે,
ભરપૂર રહે બાત ભૂંડીયાંમે, લુચ્ચા લુંડીયાંમેં મન લાગતાહે;
રહે દાસ ભયા ભગતાનિયાંકા, હરિજનકે સંગસે ભાગતાહે,
બ્રહ્માનંદ કહે નખશીખ સુધાં, તેરા મુખ તો જુતિયાં માગતાહે. ૩

તેરા ભાઈયામેં સબ ઘટ ભર્યાં, નટખટ બોલે ઠગ હુંસડીકું,
ખેત વાડિયામેં નિત્ય ખ્વાર મીલે, હીયે ધાર બડી બડી હુંસડીકું;
ખુશી હોય જેસેં મન ખેલતાહે, નહીં મેલતા હે લાજ પુંછડીકું,
બ્રહ્માનંદ કહે દાસ રાંડહુકા, મર બૂડ કયા તાનત મૂછડીકું. ૪

જગમાંહિ ફજેત બેહાલ ફિરે, કામકિંકર છૂટલ કાછડેકા,
ખોઈ ઉમર સોગટે જૂગટેમેં, મન લક્ષ રહ્યા રાંડ રાસડેકા;

લીયે હોકલી હાથમેં ડોલતાહે, ખોટા બોલત યાર ખવાસડેકા,
બ્રહ્માનંદ કહે ભજે રામ કેસેં, અધિકાર તોકું નર ખાસડેકા. ૫

કોઈ ઘાત મહા ઉતપાત કરે, તામે જોગ્ય અજોગ્ય ન જોવતાહે;
નિત્ય કેડ દોડે ઉઠ દાસિયાંકે, ખરી બાપકી લાજકું ખોવતાહે;
માંડ માંડહિ રાંડ રીઝાવનેકું, ગાંડ છોકરેકી નિત્ય ધોવતાહે,
બ્રહ્માનંદ કહે નહિ લાજ તેરે, હસે કોત સુખે કયું ન રોવતાહે. ૬

પનઘટ બેઠે પન ખોવતાહે, મુખ જોવતાહે પનિયારિયાંકા,
દિન રેન માયા બિચ ભુલ ગયા, ખુશી ખ્યાલ કિયા નિત્ય ખ્વારિયાંકા;
ચિત્ત ફાટ ગયા બદફેલ ચલે, બાર ઠેલતાહે ઘરબારિયાંકા,
બ્રહ્માનંદ કહે તોકું દુઃખ લગે, પણ સુખ તો ગ્રાગ પેંજારિયાંકા. ૭

કિરતાર બિસાર ભર્યો કુમતિ રહે, યાર ભયા નિત્ય ઠાનિયાંકા,
હીયા ફુટ હેરે ફાટિ અંખિયાસેં, જાય ઘાટ ઘેરે બેઠ પાનિયાંકા;
દેખ પારકી નારીકે કેડ દોડે, અરૂ માલ ચોરે જાય બાનિયાંકા,
બ્રહ્માનંદ કહે તોકું ગ્યાન કેસો, તેરા ધ્યાન લગ્યા ભગતાનિયાંકા. ૮

નરદેહ અમૂલખ પાયકેંજી, ખોઈ ઉમર લુંડ લબાડિયાંમેં,
હરિજનકે સંગસેં રંગ ચઢયા, નહીં બેઠતા હે ચોર ચાડિયામેં,
ધન મેલકેં ધુલકે બીચ ધર્યા, તેરા ઘટ ભરીયા સબ ધાડિયાંમેં,
બ્રહ્માનંદ કહે તેં ફજેત ભયા, તેરા ચિત્ત ફરે ખેતવાડીયાંમેં. ૯

વારવાર દેવે ફિટકાર હોકા, તાપેં રીસકા લેશ ન લાવતાહે,
કોઇ સંત કહે બાત શીખહુકી, તાસેં ઉલટા બાદ અડાવતાહે;
રામનામહુસેં હોકા બોત પ્યારા, સારા દિન ચુસે ગુન ગાવતાહે,
બ્રહ્માનંદ કહે નહિ લાજ તેરે, કહા લોકમેં મુખ દેખાવતાહે. ૧૦

ધિકતાહિ સતીનકે સાજહુમેં, વહ્નિ દેખિ ડોલિ પડે જાયકેંજી,
ધિક શૂર હડયા સંગ રામહુસેં, કહા જીવતા હે ઘર આયકેંજી;

સંત ભેખ ધરીયા ચહે લોકહુકે, સુખ દેહસેં ચિત્ત લગાયકેંજી,
બ્રહ્માનંદ કહે તિનું ખ્વાર ભયે, જગમાંહિ બડો જશ પાયકેંજી. ૧૧

કુન ગામ ગઇ નર બુદ્ધિ તેરી, વિખ પીત અમીરસ ઢોલતાહે,
કોઇ પેટકે કાજ અકાજ કરે, દીલ હોય ડાહ્યા અરૂ ડોલતાહે;
કહો કોન સગા કહાં જાઉંગી મેં, એસી બાત હદે નહીં તોલતાહે,
બ્રહ્માનંદ કહે ધિક જીવનમેં, બક બક કયા મુખ લે બોલતાહે. ૧૨

બહુ હોય પ્રવીન જ્યું બોલતાહે, ચિત્ત લોલતાહે દામ ચામકીવે,
અતિ બાહિર ભેખ બનાવત સુંદર, ભીંતર ચાલ હરામકીવે;
મદ મોહ ટરીયા નહિ મનહુસેં, કહો ચાતુરતા કોન કામકીવે
બ્રહ્માનંદ કહે સબ બાત જુઠી, જોલુ સુધ નહીં સિયારામકીવે. ૧૩

દિન કે ગયે ખેલને દોડનેમેં. બહુ બાલલીલા અરૂ બીવનેમેં,
જુવા હોય રચ્યો રંગ જુવતિસેં, દિન કે ગયે ખાવને પીવનેમેં;
વૃદ્ધ હોય વધી અંગ ઓર બ્યાધિ, દિન કે ગયે સાંધને સીવનેમેં,
બ્રહ્માનંદ કહે કીરતાર ભજ્યા બિન, ધૂર તેરે નર જીવનેમેં. ૧૪

રાજ બાજહુકે કામ કાજમેં તેં, નવરા ન રહ્યા દિન રાતમેંજી,
જગમાંહિ બડો જશ હોય મેરો, જાને હોઉં બડો નાત જાતમેંજી;
રાગ રંગ વિલાસ અવાસહુમેં, અરૂ લોભસેં ઉરકી ધાતમેંજી,
બ્રહ્માનંદ કહે જમ આય લગ્યા, ખોઇ ઉમર બાતકી બાતમેંજી. ૧૫

નખ શીખ બન્યા પિંડ પાપહુકા, ફિર પાપકે પેડ પસારતાહે,
નિત્ય કેર કરે કછુ મ્હેર નહિ, મગરૂર હો જીવકું મારતાહે;
બિન શંક ભયા બદફેલ ચલે, મન શંક ન કોઇકી ધારતાહે,
બ્રહ્માનંદ કહે નર દેહકુ પાયકેં, કર્મકા બ્યાજ બધારતાહે. ૧૬

ધન માલ રહે ઘરમાંહી ધરીયા, પરિવાર મેડી ગજ પાયગા વે,
કોઈ જોધ ખડા ખગ ઢાલ લિયે, રન જીત કિયે રહેવાયગા વે;

સબ સાહેબિ રંગ પતંગ જેસી, થિર કોઇ સેંના ઠહરાયગા વે,
બ્રહ્માનંદ કહે ચઢી ચોટ ચપેટ, ઝપેટકે કાલ લે જાયગા વે. ૧૭

કડાં વેઢ વિંટી મોતિ પેર કાને, મહા જોરસેં મુંછ મરોડતાહે,
ચલે દેખતા અપનિ છાંયડિકું, ટેડિ પાગ બાંધી તાન તોડતાહે;
તન અત્તર તેલ ફુલેલ લગાવત, નેહ ત્રિયા સંગ જોડતાહે,
બ્રહ્માનંદ કહે ખબરદાર બંદે, દેખ કાલ કિસેં નહી છોડતાહે. ૧૮

તેરા કોન ગજા કેતે જીવનેપે, એતે જોર જુલૂમ જણાવતાહે,
કછુ ધર્મકી બાતમેં પાવ ધરે નહિ, પાપ સદા મન ભાવતાહે;
પિંડ પાલનેકું રાંક પીડતાહે, તાકી ત્રાસ નહિ ઉર લાવતાહે,
બ્રહ્માનંદ કહે દિન દોઇ પિછે, દેખ કાલ અચાનક આવતાહે. ૧૯

અંધ ધંધ રહે મદ આપનેમેં, મન બાતેં ન કોઇકી માનતાહે;
ધન ધામ ધરા સુત દાર મિલે, એહિ જીવનેકા ફલ જાનતાહે.
મદ્ય માંસ ભખે નહિ શંક રખે, કિયે પાપકું આપ બખાનતાહે,
બ્રહ્માનંદ કહે કછુ વાર નહી, જમ કાલ ઉધે શિર તાનતાહે. ૨૦

ચહુ દેશમેં આણુ ચલાવતાહે, ધરૂ દાણુ આવે વાટ ધાટકાહે,
અરૂ બાગ કિલ્લા મહલાત બનાવત, ખેલ ત્રિયાસંગ ખાટકાહે,
ભાત ભાતકે ભોજન થાલહુમેં, તામેં બીશ પચીશક વાટકાહે,
બ્રહ્માનંદ કહે દેખ બિચાર પ્યારે, સબે કાલકી એક થપાટકાહે. ૨૧

નહિ ધામ ધરા તહાં કોટ કિલ્લા, રંગમોલ કચેરી ન રાવનાંહે,
સુખ સેજ નહીં તહાં સોવનેકી, રંગરાગ ન ગાયક ગાવનાંહે;
સબ આપકે કર્મકે પાપહુસેં, તહાં માર બહુ બિધિ ખાવનાંહે,
બ્રહ્માનંદ કે' દેખ બિચાર પ્યારે, જમદ્વાર તો એકિલે જાવનાંહે. ૨૨

પિતુ માત ઠગ્યો પ્રતિપાલનાસેં, હેત ખાનપાન લિયો હાથમેંજી,
સગે આય ઠગ્યો કહે બાત સારી, અરૂ નારી ઠગ્યો લીયો બાથમેંજી;

સુત ભ્રાત કુટુંબિ મિલે સબહી, કહે હોયગે ભીર ભારાથમેંજી,
બ્રહ્માનંદ કહે ચેત ચેત પ્યારે, તેં તો આઈ પર્યો ઠગ સાથમેંજી. ૨૩

કછુ ધર્મકી બાત ન કાન ધરે, સદા પાપકી બાત સોહાવતિહે,
તેરે ઉરમેં પ્રૌઢ બધી તૃષના, ધનકાજ દિશોદિશ ધાવતિહે;
જમ શીશ ખડે દિન નિશ અરી, તોય નીંદ કેસે સુખ આવતિહે,
બ્રહ્માનંદ ખટાપટ ખેલહુમેં, તેરી આયુ ઝટાપટ જાવતીહે. ૨૪

દુર્લભ્ય એહિ દેહ દેવતાકું, તેહિ પાઈ બિચાર ન જોવતાહે,
અમરીતકે પેડ ઉખેરત તાહિમેં, બિખકા બીજ લે બોવતાહે;
સબ દિનમેં રાંડેકી વેઠ કરી, ભરી પેટ સમીસાંજ સોવતાહે,
બ્રહ્માનંદ કે' લાભકી બાત ગઇ, ખરિ ગાંઠ મુડી સોબિ ખોવતાહે. ૨૫

હરિનામકી કેર તો હાર બેઠા, કુડ કર્મકી કેર ન થાકતાહે;
ધન માલહુકિ મન ધાંખનાહે, નિત્ય પારકી નારકું તાકતાહે,
નિજ પાપકી ગાંઠડી કંધ ધરે, અંધ ધંધમેં રાત દી હાંકતાહે,
બ્રહ્માનંદ કહે સાંજ સવારહિમેં, આય કાલ અચાનક ફાકતાહે. ૨૬

પરનારિકું દેખકે પાપ ધરે, પાજી આંખિયાંસેં નહિ પાલતાહે,
ઠગ બાજીયાંમેં સબ આયુ ગઈ, ચિત્ત ચાલ હરામકી ચાલતાહે;
મદ્ય માંસ ચોરી અરૂ જૂગટેમેં, મન રીઝ પડે ત્યુંહિ માલતાહે,
બ્રહ્માનંદ કહે આજ કાલહુમેં, ઝટ કાલ અચાનક ઝાલતાહે. ૨૭

સત્ય વાતમેં તો બડા પોગતીહે, અરૂ જૂઠમેં શૂર હો ઝુલતાહે,
કામ ક્રોધ રૂ લોભકી સાંગ લગી, તાતે અંતર ધાવ ન રૂઝતાહે;
પેટ કાજ અકાજ હમેશ કરે, કલિયાનકી બાત ન બૂઝતાહે,
બ્રહ્માનંદ વિવેકકી આંખ બીના, તોકું સંત અસંત ન સૂજતાહે. ૨૮

મહાનિધિ તોકું નરદેહ મિલી. એહિ મોજ નહિ બારબારકિજી,
તેરે હાથ કછૂ નહિ આવતાહે, પર ધન અરૂ ત્રિય પારકિજી;

જગમાંહિ બિહાલ ફજેત ફિરે, જ્યું નિદાન યાહિમેંસેં નારકિજી,
તાતેં આપકા આપ તપાસ કિજો, બ્રહ્માનંદ કે' બાત બિચારકિજી. ૨૯

હુશિયાર રહો દિલ હાથ કરો, એસિ દેહ અમૂલક પાયકેંજી,
શુધ્ધ ભાવસેં સંત મહંતહુકી, ઉઠ કિજીયે ચાકરી ધાયકેંજી;
સોઈ સંત કહે સત્ય બારતાકું, નિત્ય ધારિયે ચિત્ત લગાયકેંજી,
બ્રહ્માનંદ કહે બુરા મત કીજો, સત્ય કે'તહુ હાથ બજાયકેંજી. ૩૦

સવૈયા

રાજ ભયો કહા કાજ સર્યૌ, મહારાજ ભયો કહા લાજ બઢાઈ;
સાહ ભયો કહા વાત બડી, પતસાહ પઢયો કહા આન ફીરાઈ.
દેવ ભયો તોઉ કાહ ભયો, અહંમેવ બઢો તૃષ્ણા ન અધિકાઈ;
બ્રહ્મમુનિ સતસંગ વિના, સબ ઔર ભયો તો કહા ભયો ભાઈ. ૧

ગૌરવ રૌરવ તુલ્ય ગને, પ્રભુતાઈ સો પાપસમાન ગહે હે;
કાલસમા સતકારકું જાનત, કંચન ગારસમાન રહે હે.
નારી સો નાગની કારી સમાન હે, યારી સો તો જમદ્વારિ બહે હે;
કોમલ અંતર બ્રહ્મમુનિ કહે, સો સતશાસ્ત્રમેં સંત કહે હે. ૨

ક્રોધ ન કામ ન લોભ નહી મદ, દ્રોહ નહી મદ મોહ હટાવે;
શીતલ શુદ્ધ વિચાર સુલછન, જાહિ મિલે ભવરોગ મિટાવે.
સાર ગ્રહે ધન દારસેં દૂર હે, જક્તવિકાર અસાર બહાવે;
બ્રહ્મમુનિ સુવિચાર કહત હે, સંત સોઈ ભગવંતકુ ભાવે. ૩

દેત ઇંદ્રિ મન પ્રાનકું દંડ, પ્રચંડિત પ્રીત હરિપદ લાગી;
ઉજ્વલ ગ્યાન વિગ્યાન વિરાજત, મત્સર માન અહં મમ ત્યાગી.

પ્રેમ પ્રવાહ અથાહ મતા રહે, રામ રતા સમતા અનુરાગી;
બ્રહ્મમુનિ નરદેહકું પાયકે, સંતકુ સેવત સો બડભાગી. ૪

માનક લાલ પના મુક્તાફલ, પારસ ચિંતમાની કુરબાના;
ભોમી કઠોર હિ ખોરત હે જલ, પાવકમેં ગુન દાહ પ્રમાના.
પોંનહુમેં ભય શોષનતા ગુન, વ્યોમમેં શૂન્ય કછુ નહિ જાના;
બ્રહ્મમુનિ કહે તીનહિ લોકમેં, વસ્તુ નહિ કહું સંતસમાના. ૫

સવૈયા

વાર હિ વાર પોકાર કહું શઠ, કયું મમતા શિર મોટ ધરે હે;
મેરો હિ ધામ ધરા ધન સંપતિ, મેરો હિ ગ્રામ પશુ અપરે હે.
તેં તો ભયો બહુરો બુદ્ધિહીન હિ, પ્રેત જ્યુંહી વિલલાત ફિરે હે;
બ્રહ્મમુનિ કહે દેખ વિચારકેં, કાજકું છાંડ અકાજ કરે હે. ૧

રેતિહુતેં કોઉ તેલ ન પાવત, પાની મથે ઘત કોન લયો હે;
કુકસ કુટત કેસેં મિલે કન, શૂન્ય મુઠી ભરિ કાહ આયો હે.
પ્રૌઢ વૃષા પથરા નહિ ભિજત; ખાર બોઈ અન્ન કોન લિયો હે;
ઔષધ બોધ ન બ્રહ્મ મુનિ કહે, જ્યાહિકું રોગ અસાધ્ય ભયો હે. ૨

તેરે અરિ ગ્રહમાંઈ વસે નિત, તું અતિ જાનત મિત્ર હમારે;
જોર હિ જોર નિશિ અરૂ ભોર હી, પુત્ર ત્રિયા ધન લૂટનહારે.
ઓર કુટુંબિ લુટે પ્રિય બોલકે, કષ્ટ પરે તબ હોવત ન્યારે;
બ્રહ્મ મુનિ કહે જીઠ પ્રપંચ હે, સુપ્ન સમાન વિલાત હે સારે. ૩

રેતિકે મંદિરમેં સ્થિર હોયકેં, બેઠી રહ્યો અતિ આયુષ્યધારી;
જાત ઘટયો ઘટિકા ઘટિકા પ્રતિ, સૂજત નાંહિ ન સાંજ સવારી.

કૈર ઉપાય સુવા જ્યુંહિ ઠાનત, બાહર તાકિ રહિ જું બિલારી;
બ્રહ્મ મુનિ કહે ભૂલ ભ્રમે સઠ, બુદ્ધિ વિકાય ગઈ જું તિહારી. ૪

કાનન નાદકો પાસ ધરયો ગલ, નેનન રૂપકો પાસ ધરયો હે;
નાક સુગંધિ ત્વચા ત્રિય સંગહિ, જીભ હી સ્વાદતેં ચિત્ત હરયો હે.
કામ રૂ ક્રોધ રૂ લોભ સબે ઠગ, યા ઠગ નગ્રમેં જીવ પરયો હે;
જોર મહા ઠગની અવિદ્યા કરિ, બ્રહ્મ મુનિ કોઉ સંત ડરયો હે. ૫

યા નર દેહ અમૂલક પાયકેં, એસો સમો ફિરકે નહિ આવે;
ભૂલત હે અબ તો હોય જાગ્રત, હાથ મસી લહિ કાહ ઠગાવે.
તું ઠગની સંગ છાંડ દે મૂરખ, સંત ગ્રહી કર સત્ય બતાવે.
બ્રહ્મ મુનિ કહે લોક લજ્જા તજી, ગાય હરિહર ધામમેં જાવે. ૬

છીજત હે છનહી છનમેં તન, પાર નહીં ગૃહ અંધ કુવાકો;
તુ સુખ કાજ અકાજ ભ્રમે નર, હાથ ન આવત પુંજ ધુવાકો.
હો હુસિયાર નરાકૃતિ પાયકેં, જીવન જુઠ હે સાચ સુવાકો;
હાર કે જીત વિચાર લે અંતર, બ્રહ્મ મુનિ કહે ખેલ જુવાકો. ૭

જોબન જોર ભગ્યો સુનતેં, અપની સબ અંગન આન ફિરાઈ;
નેનન ઢાલ લહિ લકુટિ કર, શ્વેત ભયો શિર ચંદની છાઈ.
દંતનસેં દરવાન ઉઠાયકે, કાનન દ્વાર કમાર લગાઈ;
બ્રહ્મ મુનિ કહે ચેત શકયો નહિ, દેખત દેખ જરા ચઢી આઈ. ૮

છપય.

ભિન્ન ભિન્ન બહુત પ્રકાર, કહતહે જગમેહિ બાની;
આવત અપને અરથ, સોઈ લીજે પહિચાની.
જેસે કરત મરાલ, નીર અરૂ ખીર નિવેરો;
દધિ મથ ઘૃતકું લેત, ત્યાગિયે સર્વ અનેરો.

હરિ નામ વિના બાની સબે, જાન અસાર બહાઇયે;
કહે બ્રહ્મમુનિ અંકિત કૃષ્ણ, પુનિ પુનિ કંઠ લગાઇયે.

વચન કરત મેલાપ, વચન તેં દૂર બેઠાવે;
વચન કરત નિરવૈર, વચનતે વૈર બઢાવે.
વચન કરત ઉર દાહ, વચન શીતળતા આને;
વચન દ્વેષી અનત, મિત્ર વચનકું કરી માને.

સુનિ વચન પ્રબલ અતિ સંતકે, જીવ બ્રહ્મ સમતા લહે;
બ્રહ્મમુનિ મર્મ યહ વચનમેં, શ્રુતિ પુરાન સ્મૃતિ કહે.

એક વચન કરી જીવ, ભૂત ભૈરવ આરાધે;
એક વચન કરી મનુષ, જંત્ર મંત્રકું સાધે
એક વચન સુનિ જવન, બાંગ દેવત નિશ ભોરી;
એક વચન સુનિ હોત, અતિ નાસ્તિક અઘોરી.

બડ ભાગ્ય વચન સુનિ સંતકે, કર લીનો નિજ કાજકું;
બ્રહ્મમુનિ વચન સુનિ સેવહિ, શ્વેતદ્વીપ અધિરાજકું.

ઉપાસનાકો અંગ.

સવૈયા

કોઉક ભૂત ભવાની ઉપાસત, કોઉક પ્રેત પિશાચ અધ્યાસી;
કોઉક ચંદ સુરિંદ ઉપાસત, કોઉક ફનિંદ હુસેં મનવાસી.
કોઉક શંકર દેવ દિનંકર, અંતર ધ્યાસત શ્વાસ ઉચ્છવાસી;
એકહિ ટેક લિયે નિશ વાસર, બ્રહ્મમુનિ ઉર કૃષ્ણ ઉપાસી. ૧

કૃષ્ણ હુકો ઉર ધ્યાન નિરંતર, બારરહી સુખ કૃષ્ણ કહે હે;
કૃષ્ણ કૃપાલ સદા સર્વોપરિ, વેદ પુરાનકી સાખ લયે હે.
કૃષ્ણ હુતે સબ તાપ ગયે ઉર, કૃષ્ણહુતે નિષ્પાપ ભયે હે;
કૃષ્ણ હુંકે હમ દાસ નિરંતર, બ્રહ્મમુનિ ઉર કૃષ્ણ રહે હે. ૨

રાજનકે મહારાજ વિરાજત, દેવનકે પુનિ દેવ હે ઓઇ;
ઇશનકે મહા ઇશ અખંડિત, યા સમ ઇશ નહિ જગ કોઇ.
ધીરકે ધીર અધીર દયા વશ, મીરકે મીર અમીર હે જોઇ;
પ્રાનકો પ્રાન પ્રમાન પુરાતન, બ્રહ્મમુનિ ઉર ઇષ્ટ હે સોઇ. ૩

દેવી રુ દેવસેં નાંહિ ખુશી દિલ, નાંહિ ઉપાસન સૂર શશીકો;
શેષ મહેશ વિરંચિ ગનેશ હિ, ઓર કછુ સબ લાગત ફીકો.
માયિક લોક રુ લોકનપાલહું, કાલહુ નાશ કરે સબ હીકો;
જાહિકું મુક્ત અનંત ઉપાસત, કૃષ્ણ સો જીવન બ્રહ્મમુનિકો. ૪

યા ભવમેં ભ્રમતે ચહુ ખાનમેં, જાન દયા મનુષાતન દીના;
ગર્ભહૂમેં સુધ ભૂલ ગયે નહિ, જાઠર ઝાલતે રાખકે લીના.
આજહુ સાંજ સવાર નિરંતર, દેત અહાર અનુગ્રહ કીના;
બ્રહ્મમુનિ કહે સો હરિ છાંડકે, અન્ય ઉપાસત હે મતિહીના. ૫

ભોમ રુ આપ હુતાશ રુ મારુત, વ્યોમ અહં મહત્તત્વસે ન્યારા;
પાર પ્રધાન પુરુષ હુતે પ્રકૃતિ, અજ આદિ પુરુષકે પારા.
અક્ષરધામકે શ્યામ અખંડિત, પ્રાનપતિ પુરુષોત્તમ પ્યારા;
એકહિ કૃષ્ણ અનુપ અલોકિક, બ્રહ્મમુનિ કહે ઇષ્ટ હમારા. ૬

હરિલીલામૃતગ્રન્થના દશ કળશના સંક્ષેપાર્થ

મંગલ શ્લોકો—

જન્મ્યા કૌશલ દેશ વેષ બટુનો લૈ તીર્થમાંહી ફર્યા,
રામાનન્દ મળ્યા સ્વધર્મ ચલવ્યો ને યજ્ઞ મોટા કર્યા।
મોટાં ધામ રચ્યાં રહ્યા ગઢપુરે એ દેશ ગાદી કરી,
અન્તર્ધાન થયા લીલા હરીતણી સંક્ષેપ એ ઉચ્ચરી ॥ ૧ ॥

વન્દૂ શ્રીહરિકૃષ્ણ ધર્મસદને જૈ જન્મ જેણે ધર્યો,
કૃત્યાનો વળિ કાળિદત્ત ખળનો જેણે પરાજૈ કર્યો।
કીધાં બાળચરિત્ર અદ્ભુત અતી અને અયોધ્યા પ્રતી,
માતાને પછી તાતને પણ દિધી દુર્લભ્ય દિવ્યા ગતી ॥ ૨ ॥

વન્દૂ શ્રીવરણીન્દ્ર વેષ ધરીને જે તીર્થમાં જઇ ફર્યા.
દેવીને નિજજ્ઞાન દાન દઈને દુષ્ટો વિનષ્ટો કર્યા।
હીમાદ્રી પુરુષોત્તમાખ્ય પુરી જઈ શ્રીસેતુબન્ધે ગયા,
કાંચીથી ગુજરાત પ્રાંત થઈ ને જે લોજમાં જઇ રહ્યા ॥ ૩ ॥

વન્દૂ જે હરિ લોજમાંહિ શિખવી અષ્ટાંગયોગી કળા,
રામાનન્દ પ્રતી સુપત્ર લખિયો તે પીપળાણે મળ્યા।
દેખાડયો ગુરુને પ્રતાપ નિજનો ને ત્યાંજ દીક્ષા લીધી,
સ્વામીએ ધુર સંપ્રદાયતણી તો જૈ જેતપૂરે દીધી ॥ ૪ ॥

વન્દૂ જે હરિયે પ્રતાપ નિજનો સૌરાષ્ટ્ર દેશે ઘણો,
દેખાડયો કરિ મગ્નિરામ જનને આશ્રીત પોતાતણો।
ધામો શુધ્ધ સમાધિમાં સુજનને દેખાડિયાં દૃષ્ટિએ,
લાખો વિપ્ર જમાડિયા જન સુખી કીધા કૃપાદૃષ્ટિએ ॥ ૫ ॥

વન્દૂ જે હરિ દુર્ગપતન રહી ત્યાં ભૂપના ધામમાં,
સ્થાપી ઉત્તમ વાસુદેવપ્રતિમા રંગે રૂડા શ્યામમાં ।
સૌરાષ્ટ્રાદિ વિશેષ દેશ ફરિને દુર્ગાખ્ય પૂરે રહ્યા,
જેને આ જગમાંહિ દુર્ગપુરના વાસી વિશેષે કહ્યા ॥ ૬ ।

જેણે જેતલપત્તને મખ કર્યો ભાચાર લોલંગરો,
કીધો યજ્ઞ ડભાણમાં વળિ ભલો વૌઠે સમૈયો કર્યો ।
જઈને ધર્મપુરે સ્વધર્મ ચલવ્યો વૃત્તાલયે આવિને,
કીધા ઉત્સવ શ્રેષ્ઠ તેહ હરિને વંદુ દિલે લાવિને ॥ ૭ ॥

જેણે સુંદર શ્રેષ્ઠ ધામ રચિયાં આચારજો સ્થાપિયા,
શિક્ષાપત્રી રચી સ્વધર્મ સહુના જૂદા કહી આપિયા ।
કીધો સૂરતમાં વિજૈ વળિ કર્યો વીવાહ રાજાતણો,
વન્દૂ તે પ્રભુને અખંડ ઉરમાં ઉત્સાહ આણી ઘણો ॥ ૮ ॥

વૃત્તાલે કરિ પુષ્પદોળ વિચર્યા ભાવાખ્ય પુરે હરી,
ચૈત્રેથી ગઢડે રહ્યા વૃતપુરે જૈ કાર્તિકી ત્યાં કરી ।
મુંબૈના પતિને મળ્યા નૃપગઢે આચાર્ય હસ્તે વળી,
સ્થાપ્યા શ્રીરણછોડજી વૃતપુરે તેને નમું છું લળી ॥ ૯ ॥

આવ્યા અક્ષરમુક્ત ત્યાં સ્તવન તો કીધું હરિનું ઘણું,
ત્યારે ધામ વિષે સ્વયં વિચરવા લીધું ઉદાસીપણું ।
દેહોત્સર્ગ કર્યો જણાય ન કર્યો પ્રત્યક્ષ દીઠા તદા,
લીલા અદ્ભૂતકારી કૃષ્ણ હરિને વંદૂ સદા સર્વદા ॥ ૧૦ ॥

સંપૂર્ણ.

શુદ્ધિપત્રમ્

અશુદ્ધ	શુદ્ધ	પૃષ્ઠ	પંક્તિ
લભી	લખી	૨૩	૧૫
પ્રેમદની	પ્રેમવતી	૨૭	૨૩
કંનચકી	કંચનકી	૨૯	૧૬
બધાવો	બધાયો	૩૦	૧૪
દૃખી	દૃખી	૩૫	૫
રૂ૫	રૂપ	૪૧	૧૬
પરેમ	પરમ	૬૯	૧
બદસત	બરસત	૮૬	૧૦
સુભ	શુભ	૯૨	૫
નવસિધિ	નવનિધિ	૧૦૪	૧૦
વિધતરાજ	વિધનરાજ	૧૩૧	૧૩
ભાસન	ભાસત	૧૩૭	૩
ગોવરધંત	ગોવર્ધન	૧૯૮	૫
ડચરમેં	ડગરમેં	૨૪૯	૯
ઠેનાના	ઠેકાના	૨૭૧	૧૧
મનુષ્યત તનકે	મનુષ્ય તન	૨૯૮	૧૫
વીર	ધીર	૩૦૫	૧
રાહુને	સહુને	૩૦૫	૧૯
અજામેભ	અજામેલ	૩૦૮	૫
જણે	જેણે	૩૧૨	૧
મત	મન	૩૨૨	૬
યે	રે	૩૨૮	૨૦
કસકે	કિસકે	૩૭૫	૨૩
સૂઢ	મૂઢ	૪૧૬	૫
વાનંદ	દેવાનંદ	૪૨૫	૧૨
	ચોથું પદ રહી ગયું છે.	૪૪૯	૧૨
વંઢથી	પંઢથી	૪૫૧	૧૩